# સ્થૂલિભદ્ર



SHRI JAIN PRACHIN SAHITYODDHAR GRANTHAVALI NO. 16
શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ : પુષ્પ : ૧૬ મું.

કા મ વિ જે તા

# શ્રી સ્થૂલિભદ્ર

: લેખક :
જયભિખ્ખુ

: પ્રકાશક :
સારાભાઈ મણિલાલ નવાબ
નાગજીભૂદરની પોળ : અમદાવાદ

પ્રકાશક :
સારાભાઈ મણિલાલ નવાબ : સંચાલક : શ્રી જૈન પ્રાચીન સાહિત્યો
ગ્રંથાવલિ, નાગજીભૂદરની પોળ : અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન :—
મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, પહેલે દાદરે
પાયધુની, મુંબઈ ૩

દ્વિતીયાવૃત્તિ
વી. સં. ૨૪૭૩ } મૂલ્ય સાડાચાર રૂપીયા { વિ. સં. ૨૦
ઈ. સ. ૧૯

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ : શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવન



શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ, જે. પી

અમદાવાદ

: સમર્પણ :

દાનવીર

શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ જે. પી. ને

: પ્રકાશક :

# કાશકનું નિવેદન.

શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિના સોળમા પુષ્પ તરીકે માણેકલાલ ચુનીલાલ શાહ જે. પી.ની સિરીઝના પ્રથમ મણકા તરીકે ાઃસ્મરણીય શ્રી સ્થૂલિભદ્રજીનું જીવનચરિત્ર “ કામવિજેતા શ્રી સ્થૂલિ- ”ના નામથી નવલકથાના સ્વરૂપમાં જનતા સમક્ષ મૂકતાં મને જે ાંદ થઈ રહ્યો છે, તે વર્ણનાતીત છે.

મારી ગ્રન્થાવલિનાં આજ સુધીનાં પ્રકાશનોમાં પ્રાચીન કૃતિઓ જ સિદ્ધ કરવાનું ધોરણ સાચવવામાં આવ્યું છે, પરંતુ જનતાની અભિ- ચે કાલ્પનિક નવલકથાઓ તરફ અને બીજી ભાષાઓમાંથી ગુજરાતી પાંતર કરેલાં પુસ્તકો તરફ વળેલી જોઈ અને પ્રાચીન જીવનચરિત્રો ફ વિમુખતા જોઈ, જૈનાચાર્યોએ તથા જૈનેતરોએ રચેલા પ્રાસંગિક ગ્રોનો આધાર લઈ, પૂર્વપુરુષોનાં જીવનચરિત્રો જનતા સમક્ષ મૂક- થી સમાજને વધુ લાભ થશે, તેમ ધારી આ પ્રવૃત્તિ તરફ મારું લક્ષ ાવાથી આ સાહસ કરવા હું પ્રેરાયો છું, અને જનતા જો મને સાથ ાપશે, તો મારી ગ્રંથાવલિમાં બીજાં પણ મહાપુરુષોના ચરિત્રો નવલ- ાના સ્વરૂપમાં મૂકવા હું ઉદ્યુક્ત થઈશ. આશા રાખું છું કે જાહેર નતા મારા આ પ્રયાસને અપનાવી લેશે.

આ પુસ્તક દયાવારિધિ શેઠ માણેકલાલ ચુનીલાલ
પી.ને તેટલા જ માટે અર્પણ કરવામાં આવ્યું છે, કે તેઓશ્રી
મારી સાહિત્યપ્રવૃત્તિને ઉત્તરોત્તર ઉત્તેજન ન મળી શક્યું હોત,
સાહિત્યપ્રવૃત્તિ લગભગ બંધ જ પડી ગઈ હોત. હવે પછી પ
થનાર મારાં પ્રકાશનોમાં પણ તેઓશ્રી તે જ પ્રમાણે ઉત્તેજન
તેમ ઇચ્છું છું,

આ ગ્રંથને સર્વાંગ સુંદર રીતે લખી આપવા માટે શ્રીયુત
વીરચંદ દેસાઈ( શ્રી જયભિખ્ખુ )નો, સમયસર છાપ કામ કરી
માટે મુદ્રકનો, જેકેટની સુંદર અને આકર્ષક ડીઝાઈન બનાવી
માટે મારા સદાના મુરબ્બી શ્રી રવિશંકર રાવળનો અને જેકે
આપવા માટે કુમાર પ્રિન્ટરીના મેનેજર મુદ્રણકલાવિદ્ શ્રીયુત
રાવતનો પણ અત્રે આભાર માનવાની તક લઉં છું

નાગજીભૂદરની પોળ
અમદાવાદ.
વિ. સંવત ૨૦૦૩
વસંત પંચમી.

સારાભાઇ મણિલાલ ના

એ વેળા જૈનધર્મની ઇતિશ્રી કોઈ પણ જાતિ કે સમૂહમાં નહિ થતી હોય. ગગનવિહારી ગરુડરાજની પાંખો શો જૈનધર્મ સર્વ વર્ણ-ધર્મો પર પોતાની શીતળ સુખદ છાયા ઢોળતો હશે. એને મન કોઈ બ્રાહ્મણ નહિ હોય, કોઇ ક્ષત્રિય નહિ હોય, કોઇ વૈશ્ય કે શૂદ્ર નહિ હોય, ઇતિહાસસિદ્ધ પ્રમાણો છે કે જન્મજાત વર્ણશ્રેષ્ઠતા તરફ એને બહુમાન નહોતું, અને એનું જ કારણ છે, કે એના તરણ તારણહારો ક્ષત્રિય હતા, એના ગણધરો બ્રાહ્મણશ્રેષ્ઠો હતા,વૈશ્યપુત્ર જમ્બૂસ્વામી જેવા એના અન્તિમ કેવળી હતા ને શૂદ્રમુનિ મેતારજ મુક્તિને વરનાર મહા-મુનિ હતા.

વર્ણથી એને નિસ્બત જ નહોતી. એક બ્રાહ્મણ રહીને પણ જૈન બની શકતો. અહિંસા, સત્ય ને તપમાં શ્રદ્ધા ધરાવનાર, જીવ માત્રને સમાન કલ્પનાર; દર્શન જ્ઞાન ને ચારિત્રનો પિપાસુ, આત્માના પુરુષાર્થથી જ આત્માના ઉદ્ધારમાં શ્રદ્ધા ધરાવનાર, કોઈ પણ રાય કે રંક, નીચ કે ઊંચ: ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર આ પતિતપાવન ધર્મનો ઉપાસક બની શકતો. એને કોઈ અંતરાય ન નડતો. આનું જ કારણ છે કે જૈનધર્મના આ મર્મને નહિ પિછાણનાર ઇતિહાસકારો, જૈન ચંદ્રગુપ્ત ને શૈવ ચંદ્રગુપ્ત, જૈન ચાણુક્ય ને શૈવ ચાણુક્ય, જૈન સિદ્ધરાજ ને શૈવ સિદ્ધરાજ, આર્હત્ધર્મોપાસક કુમારપાળ અને શૈવધર્મોપાસક કુમારપાળ: જોઈ મૂંઝાઇ જાય છે. એની મતિ કામ કરતી નથી. કોને ખોટા કહેવા? મારા નમ્ર મત મુજબ તેઓએ જૈનધર્મના મર્મ સમી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની નીચેની પંક્તિઓ અવશ્ય યાદ રાખવી જોઇએ.

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

આ નવલકથાનો કાળ ભારતના ભાગ્યોદયનો કાળ છે. એની સંસ્કૃતિ( શસ્ત્રની નહિ )ની શેહથી મહાન સિકંદર જેવાને પણ ભારત

પચાવવું દુષ્કર બન્યું હતું. એ કાળ ખરેખર ઉન્નત હશે. માનવીનું જીવન-સ્વાતંત્ર્ય પણ અજબ હશે. વિદ્યાનો વિશદ અર્થ, જીવન જીવવાની કુનેહ, અન્તિમ લક્ષ તરફની આકાંક્ષા ખરેખર ઔરજ હશે. જે ભૂમિકાએ અત્યારે સમર્થ માનવી વ્યાકુળ બને, એ ભૂમિકા એ વેળા સાધારણ હશે. અને એ જ કારણ હશે કે મહામાત્ય શકટાળ જેવાનો પુત્ર, પિતાની અનિચ્છાએ પણ વેશ્યાને ત્યાં વર્ષો સુધી પડ્યો રહે અને સત્તાનો અગ્નિ બેમાંથી એકેને ન પ્રજાળે! એક વેળાનો પતિત જુવાન થોડી ક્ષણોમાં સર્પની કાંચળીની જેમ બધું ફગાવી મુનિઓમાં મહાન બની શકે. અને સર્વ શાસ્ત્રવેત્તા ગુરુદેવ પુનઃ એને વેશ્યાને મંદિરે જવાની રજા આપે. સામર્થ્ય હોવા છતાં શકટાળ ઐકેશ્વર્ય (એક જ માલિક) ભાવના જાળવી કુરબાની કરે. એક તરફ યુગપ્રધાન પદવી પામે. બીજી તરફ સામાન્ય શ્રાવકના ઘેર જઇ રૂઢ વિચારોની વિરૂદ્ધ વર્તી એનો ઉદ્ધાર કરે, એવું એવું ઘણું ઘણું આ નવલકથામાં મળી આવે છે, જે જોઇને એમ લાગ્યા વિના રહેતું નથી કે માનવીએ આજે નવું શોધવું કે જૂનાને જાણવું?

આ નવલકથાના પાત્રો એક જ વાત કહે છે; અને એને જ કથાનો મર્મભાવ કલ્પી શકાય. પૂર્ણ તો એક સિદ્ધાત્મા કે પરમાત્મા છે. એ સિવાય અપાપી હોવાનો દાવો કોઈ મનુષ્ય કરી ન શકે. માનવ જ ભૂલનો ભંડાર છે. એટલે એવો એક માનવી બીજા માનવીની ટીકાનો અધિકારી નહિ, પણ સહાનુભૂતિ ને સમવેદના (મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ ભાવના)નો અધિકારી છે.

ઘણીવાર સાદી નજરે દેખાતા પતનમાં ય જીવનનો અદ્‌ભુત સ્રોત્ત વહેતો હોય છે, અને જેને પાપી ગણીને તિરસ્કારી કાઢ્યાં હોય છે એમના જ જીવનમાં અનેક વાદળછાયાં સુવર્ણરશ્મિઓ ચમકતાં હોય છે. આ માટે માનવીએ દેખાતા દોષી, દુર્ગુણી કે પતિત તરફ નમ્ર બનવું ઘટે છે. પાપને બદલે પાપીની ઘૃણા એ પણ એટલું જ પાપ છે,

એટલે જીવનના વિકાસનું બીજ અહંતાના ત્યાગમાં અને નમ્ર બનવામાં છે. આ આખી નવલકથા આટલું જ કહે છે, ને વાચક એટલું વાંચી શકે તો મારો પ્રયાસ સફળ લેખીશ. આ ગ્રંથમાં ઠેર ઠેર મૂકેલ ગીતો જૈનમુનિઓનાં રચેલાં છે. આવાં નમૂનેદાર ભાવવાહી ગીતો ખરેખર એ મુનિઓની મહાનુભાવતા ને વિદ્યાની વ્યાપકતા માટે માન ઉપજાવે તેવાં છે.

જૈનોના કથારત્નસાગરમાં અનેક અમુલખ મોતી ભર્યાં છે. એને કોઈ પૂર્વ ગ્રહ રહિત અભ્યાસીની સંજીવની કલમનો સ્પર્શ થવાની રાહ છે. એવો અભ્યાસી મળે ત્યારે, પણ શ્રીયુત સારાભાઈ નવાબે આ જાતના મારા નમ્ર પ્રયાસને પ્રકાશિત કરવા આવા મોંઘવારીના વખતમાં યત્ન સેવ્યો; માટે તેમનો આભારી છું. ઉપરાંત આ લખવામાં પ્રેરણાભૂત થનાર બંધુદ્વય શ્રી શંભુભાઈ તથા શ્રી ગોવિંદભાઇ ( માલિકઃ ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય )નો પણ હું ઓશીંગણ છું.

ગુણ–દોષની ચર્ચા માટે વાચક તથા વિવેચકોને હાથ, મારી આ નમ્ર કૃતિ ધરી હું નિવૃત્ત થાઉં છું.

માદલપુર
પટેલનો માઢ, એલિસબ્રીજ
અમદાવાદ.
ભાઈબીજ, ૧૯૯૭

જયભિખ્ખુ

તા. ક. આ નવલ લખતી વખતે મેં અનેક જૈન તેમજ જૈનેતર ગ્રંથોનો આધાર લીધો છે. એ સર્વનો હું આભારી છું.

# અનુક્રમણિકા.


૧ નમો વદ્ધમાણસ્સ ૩
૨ બે પતંગિયાં ૧૩
૩ મંત્રીમુદ્રા ૧૯
૪ મગધના નાથ ૨૫
૫ દૃષ્ટિરાગ ૩૨
૬ ત્રિપુટી ૪૦
૭ ગાંધાર પર વિજય ૫૦
૮ અનંગવિજય ૬૧
૯ હું અને મારો ભદ્ર ૭૬
૧૦ વરરુચિ ૮૪
૧૧ કાજળની કોટડીમાં ૯૪
૧૨ પહેલો તણખો ૧૦૬
૧૩ બડભાગી ૧૧૪
૧૪ રંગશાળા ૧૨૯
૧૫ ભૂલાયેલી વાતની યાદ ૧૪૧
૧૬ સહુને ભૂલાયેલી યાદ સતાવે છે ૧૫૩
૧૭ વિષ્ણુગુપ્તનો મગધ–ત્યાગ ૧૬૫
૧૮ બેન છંછેડવો નહોતો ૧૭૫
૧૯ અષ્ટનાયિકા ૧૭૮
૨૦ શસ્ત્રભેટનો ભેદ ૧૮૭
૨૧ રહસ્ય–ભેદ ૧૯૩
૨૨ શત્રુ કે મિત્ર ૨૦૧
૨૩ પ્રગટશે ખાખથી પોયણાં ૨૦૯
૨૪ પિતૃહત્યા ૨૨૦
૨૫ અધૂરી રમત ૨૨૫
૨૬ મને સંસારશેરી વિસરી રે લોલ ૨૩૪
૨૭ વીરભોગ્યા વસુંધરા ૨૪૦
૨૮ પુનઃ કોશાને મંદિરિયે ૨૪૮
૨૯ દિલનાં સંગી ૨૫૨
૩૦ કામવિજેતા ૨૬૪
૩૧ એક દર્દનાં દરદી ૨૭૫
૩૨ અનુકૂળ ઉપસર્ગ ૨૮૧
૩૩ શોક કોનો કરવો ? ૨૯૨
૩૪ અજબ અનુભવો ૩૦૦
૩૫ સર્વોત્તમ કળા કઈ ? ૩૦૮
૩૬ મગધ–વાચના ૩૧૫
૩૭ પાંચસોમાં પરમ ૩૨૧
૩૮ ભાઇ–બેન ૩૨૫
૩૯ પુરુષ નહિ–પુરુષસિંહ ૩૩૧
૪૦ યુગપ્રધાન ૩૩૫
૪૧ અમર ગાથા ૩૪૨

मङ्गलं भगवान् वीरो
मङ्गलं गौतमः प्रभुः ।
मङ्गलं स्थूलभद्राद्या
जैनो धर्मोऽस्तु मङ्गलम् ॥



કામવિજેતા

# શ્રી સ્થૂલિભદ્ર

卐

# ' નમો વદ્ધમાણસ્સં '

## [ ૧ ]

**સાંજ** પડતી જતી હતી.

દૂર દૂર ગંગાની ટેકરીઓ પાછળ સૂર્ય અદૃશ્ય થતો જતો હતો. પાટલીપુત્રના વનપ્રદેશ પર ગ્રીષ્મની સાંજનો વાયુ વ્યાકુળ બનીને આમ્રવૃક્ષોમાં થઈને વા'તો હતો. ગંગા અને શોનના સંગમતીર પર ધેનુ ચારતા ગોવાળીઆઓએ હવે બંસીઓ બંધ કરી હતી. ગૌધણ નગર તરફ ધસતું હતું.

સાંજ પડતી જતી હતી. નગરના ઊંચા કિનારા અને બુરજો પાછળ સંધ્યાના ઘેરા રંગો આછા થતા હતા. દેવમંદિરોની સોનેરી ઝાલરો રણઝણી ઊઠવાની તૈયારીમાં હતી. ગ્રીષ્મનો અતિ કંટાળા-ભરેલો દિવસ પૂરો થયેલો જોઈ નર–નારીઓ ઉત્સાહમાં આવતાં હતાં. પાણીના છંટકાવ ને ચંદનના લેપ ધીરે ધીરે ધોવાતા હતા.

ગોરજ જેમ આકાશને ઘેરી બનાવતી રહી, તેમ તેમ નગર-વાસીઓનો હર્ષોન્માદ વધતો ચાલ્યો. ગ્રીષ્મના ભૂંડાભૂખ દિવસનો કસ રાત્રીની શાન્તિમાં કાઢવા જાણે સહુ ઘેલાં બન્યાં હતાં. પ્રાતઃકાલે નાહેલી નવોઢાઓ ફરીથી સ્નાન–શૃંગાર કરતી હતી. રસિકજનો પ્રમોદ–ભુવનો તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા.

પાષાણની ઊંચી અભેદ્ય દીવાલો હવે સ્પષ્ટ થવા લાગી. થોડીવારમાં કિચૂડ કિચૂડના ભારે અવાજ સાથે એ કિલ્લાનો તોતીંગ દરવાજો ખૂલ્યો. ખૂલ્યો એવો બંધ થઈ ગયો ને કંઈ ભરૂભરૂ ધ્વનિ સંભળાવા લાગ્યો. એકદમ વનવગડાનું દશ્ય આવી ઊભું રહ્યું. દૂર દૂર ગંગા ને શોન નદીનાં સંગમતીર ઉતાવળે વહેતાં દેખાયાં.

ચંદ્ર ફરતું ય એક વાદળ વીંટાયું. અરેરે! હવે તો અંધારું ઘબ! પણ ત્યાં તો રંગભૂમિ પર વાદળાં ગડગડવા લાગ્યાં. વીજળી સળવળાટ કરવા લાગી. વીજળીના પ્રકાશના આધારે પ્રેક્ષકોએ જોયું કે બે નવ-યૌવના સ્ત્રીઓ બે હાથમાં કશુંક ઊચકીને ચાલતી હતી. વીજળીના ક્ષણજીવી પ્રકાશમાં ય એ રમણીઓનાં રૂપાળાં મોં અછતાં નહોતાં રહેતાં. અર્ધવિકસિત કમળનાં જેવાં એ મુખ ને પરવાળાના જેવા એમના અધરસંપૂટ પ્રેક્ષકોને એમના રૂપની ખાતરી આપતાં હતાં.

નાટયયોજકે દશ્યવિધાન ખરેખર અદ્ભુત કર્યું હતું. ઉપર વાદળના ગોટ, વીજળીના કડાકા ને પવનનાં તોફાન! ને નીચે આ નારીઓના હૃદયમાં પણ જાણે એવું જ કોઈ તોફાન મચી રહ્યું હોય તેવા મુખભાવ!

ધીરે ધીરે આગળ ચાલતી નવોઢાઓનાં મોં ઘણાં રળિયામણાં લાગતાં હતાં, પણ એ મુખ પરની સુરખી જાણે યમનો કોઈ દૂત પોતાની ભયંકર જિહ્વાથી ચાટી ગયો હોય એમ લાગતું હતું.

પાછળ બે કદાવર સૈનિકો હતા. આ બે નવયૌવનાઓ, આવી અંધારી રાતે, આ નિર્જન નદીકિનારેથી બંડ જગાવી નાસી ન છૂટે, એ ડરથી ભારે ભારે વજનનાં શસ્ત્રો તેમણે શરીર પર લાદ્યાં હતાં. આ જોઇ પ્રેક્ષકોના ગમગીન ચહેરાઓ પર પણ એક હાસ્ય ફરકી ગયું.

રાતનો પહોર, નિર્જન નદીકિનારો, અને વારે વારે ઊભા થતા વનવગડાના ઠંડાહિમ વા'વંટોળ. દૂર દૂર પાટલીપુત્રના રાજમહેલોના ગુમ્બજો ઉપર લટકતા આકાશદીપકો ય આકાશતારક જેવા દેખાવા

લાગ્યા. નદીકિનારા પરનું શ્મશાન દેખાયું. શ્મશાનમાં ઘોરખોદિયાં લપાતાં–છૂપાતાં ફરતાં હતાં, અને એમની હડફેટે ચઢતી માનવીની ખોપરીઓ ને હાડકાં ચિત્રવિચિત્ર અવાજ કરતાં હતાં.

શ્મશાનમાં આવીને આ ટોળું ઊભું રહી ગયું. અને આકાશમાં, કોઈ ફણીધરના સળવળાટ જેવો વિજળીનો ચમકારો થયો. બંને સ્ત્રીઓએ પોતાના હાથમાં રહેલી વસ્તુને જાળવીને જમીન પર મૂકી. અરે, આ તો બે નવજાત બાળકોનાં શબ હતાં ! હાથમાં જાળવીને અહીં સુધી ઉત્તરસંસ્કાર માટે લઈ આવનારી સૌભાગ્યવતી સુંદરીઓના દંપતીજીવનનું એ પહેલું દાન હતું. આકાશમાં વળી એકાદ વીજળીનો લિસોટો પડ્યો. અરે, આ શું જોવાય છે ? બે માતાઓના મોં પર આંસુનો એક રેલો કેમ નથી ? પણછ ચડાવેલા ધનુષ્યની જેમ કેમ મોં તણાઇ રહ્યાં છે ? ધીરેથી એ બે સુકોમળ હાથોએ નાની ચિતા ખડકી, સૈનિકોએ અગ્નિ ચાંપ્યો. કોઇ દેવતાની ગોદમાં ભક્ત પુષ્પ ચઢાવે, એવા પ્રેમથી ને ભક્તિથી બંને બાળકોને ભડભડતા હુતાશનને હાથ સોંપી બંને માતાઓ એવી જ એક અવ્યક્ત જલતી મનોવેદના સાથે પાછી ફરી.

ફરીથી એ તોતીંગ દરવાજો ખૂલ્યો. બે યુવતીઓ અંદર ચાલી ગઇ. વળી પટાક્ષેપ થયો. કિલ્લાના અંદરનું વિસ્તૃત મેદાન, એમાં એક ઊંચો અંધારો કૂવો ને માથે પાંજરા જેવી ટોપલીઓ દેખાઇ. એક ગરગડી ચાલવાનો અવાજ સંભળાયો: અને એ ટોપલા જેવી બે પેટીઓમાં બેસીને બંને સ્ત્રીઓ કારાગૃહના અંધારકૂપમાં ઊતરી પડી.

અચાનક અંદરથી–અંધારકૂપની ભયંકર નિર્જનતાને ભેદતો એક અવાજ પડઘો પાડતો સંભળાયો :

" બેટા, નમો વદ્ધમાણસ્સ ! "

" તાત, નમો વદ્ધમાણસ્સ ! "

" દીકરીઓ, વર્ધમાનનું જ, અરિહંતનું જ શરણ યાચ્યું હતું ને ? માતાની મમતા વચ્ચે તો નહોતી પડીને ? "

"તો અમારું શિક્ષણ વ્યર્થ જાયને ? અમે કોની પુત્રીઓ ? મહામંત્રી કલ્પકની સંતતિ એવી નમાલી હોય કે ?"

"ના બેટા !" અને એ આધેડ પુરુષ પુત્રીઓના આવા જવાબથી સહેજ ગળગળો થઈ ગયો. થોડીવારે ભરાયેલું ગળું ખૂંખારીને તે બોલ્યો: "વખત વધુ બારીક ચાલ્યો આવે છે. કલ્પકના મંત્રીપદાના ઇનામ તરીકે એને અને એના કુટુમ્બને આ અંધારકૂપ તો મળ્યો. આવતી કાલથી એક શેર કોદરા વીસ માણસના કુટુમ્બને ખાવા મળશે. દીકરીઓ, માનવીઓ શયતાનના વાઘા પહેરી માનવીના દિલનાં મૂલ્યાંકન કરવા નીકળ્યા છે. એ મૂલ્યાંકન કેવાં હશે !"

"ગમે તેવાં હોય ! એથી શું આદર્શ બ્રાહ્મણ મહામંત્રી કલ્પકનું કુટુમ્બ શ્રાવકધર્મ છોડશે ? એક એક કણ ખાઇને જીવશું." મહામંત્રીના વૃદ્ધ બંધુએ કહ્યું.

"ના, એક એક કણની વહેંચણી નહીં કરવા દઉં. જે જીવવા તૈયાર હોય–જીવીને મહામંત્રી કલ્પકના કુટુમ્બ પર ગુજરેલા અમાનુષી જુલમનો બદલો લઇ શકે તેમ હોય એવા હિંમતવાનને એ ધાન્ય મળશે. બીજા નિરાંતે હાથેહાથ મિલાવી મરીશું. મોત વખતે આવો કુટુમ્બમેળો ક્યાંથી ? બોલો, જીવવાનું સામર્થ્ય કોનામાં છે ?"

"અમે મરવા તૈયાર છીએ. જીવવાનું એવું સામાર્થ્ય અમારામાં નથી." બધા બોલી ઊઠ્યા.

"માથું ઊતારી આપવું તો સહેલ છે. અનન્ત વેદનાભર્યા જીવનનો એ તાત્કાલિક સુખદ અંત છે. પણ ક્ષણે ક્ષણે અનન્ત મૃત્યુની વેદનાવાળા જીવનને કર્તવ્ય અર્થે જીવી જાણવું એ તો કોઇ મરજીવાનું કામ છે."

"એ કામ અમારાથી અશક્ય છે. એ કામ તમારું છે." બધાએ લગભગ એક સરખો મત આપ્યો.

પટાક્ષેપ થયો, અને અંધારકૂપનું તળિયું દેખાયું. વાવંટોળ, વીજળી ને મેઘાડમ્બર અદશ્ય થયાં હતાં. ઉષાની આછી લાલી કેદખાનાની

ભીષણ ને ગગનચુમ્બી દીવાલો ભેદીને અંદર આવવા મથતી હતી. પણ અંધારકૂપનું તળિયું હજીય મેલા પ્રકાશથી વ્યાપ્ત હતું.

અંધારકૂપમાં લગભગ વીશેક માણસો બેઠાં હતાં. પાંચેક સ્ત્રીઓ હતી, સાતેક નાનાં–મોટાં બાળકો હતાં; ને બીજા પુરુષ હતા. સહુથી મધ્યમાં કદાવર ને પ્રતિભાશાળી ચહેરાવાળો એક પુરુષ વાત કરતો હતો. સહુનાં મુખ પર એક અજબ દુઃખભરી તેજસ્વિતા પથરાયેલી હતી. પેલા કદાવર પુરુષે ધીરે ધીરે બોલવા માંડ્યું :

“માન્યું હતું કે જીવવાનું દુઃખ હવે મારે નસીબે વધારે નહિ રહ્યું હોય. પણ કરેલાં કર્મથી કોણ છૂટ્યું છે, કે હું છૂટું ? અને વળી જ્યારે મારે કારણે જ આખા કુટુમ્બને માથે આ આફત ઊતરી, ત્યારે ભલે એ દુઃખ ને દર્દ મારું જ બને. વીરનો ધર્મ વિરલા જ બૂઝી શકે. આજે એ વીરધર્મ બજાવવાની હું પ્રતિજ્ઞા લઉં છું. વૃદ્ધાવસ્થા મારા જીવનના ઉંબર ઉપર છે, નસોમાં જુવાનીનું લોહી શાન્ત પડતું જાય છે; પણ કોઇ મૂંઝાશો મા ! અમર યૌવન મારો આદર્શ થશે. અમર આશા ને અખૂટ ઉત્સાહ મારો સાથ પૂરશે. અને તમે......”

એ કદાવર પુરુષે એક વાર સ્નેહ ને કરુણાભરી દૃષ્ટિ બધા તરફ ફેંકી. આહ, એ નજર કેવી અસહ્ય હતી ! પેલું શ્મશાન; વીજળી કે બાળકોની ચિંતા જોઇને ન ડરેલા પ્રેક્ષકોનું દિલ પણ એ બે આંખો જોઇ ધ્રૂજી ગયું. શકડાલના નિર્ણયનો એમાં અગ્નિ હતો, કોઇ મહાન તપસ્યાનો એમાં આશાવાદ હતો.

“અને તમે?......” વૃદ્ધ મંત્રીએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી એક સ્થળે સ્થિર કરતાં કહ્યું: “તમે મહાવીરના ઉપાસક છો, કલ્પકના કુટુમ્બીઓ છો, એ રખે ભૂલતા ! જેઓનો આત્મા અમર યૌવન છે ને જેમનો દેહ ક્ષણભંગુર છે; એવા ધર્મનો પાલક કોઈ પોતાના મરણને અભડાવશો મા ! ” અને વૃદ્ધ પુરુષની જબાનમાં કોઇ ધર્મઘોષણાના શંખ ગાજતા હોય એવા સૂરો ઊઠવા લાગ્યા. વૃદ્ધે ટટ્ટાર થઇ બોલવા માંડ્યું. એ બોલના પડઘા પડવા લાગ્યા.

"વર્ધમાન તમારા ઉપાસ્ય હજો !

"અરિહંત તમારા આધાર હજો !

"અનશન તમારું શરણુ હજો !

"સમાધિ તમારું મરણુ હજો !

"ફરીથી સહુ એક વાર બોલો કે નમો વદ્ધમાણુસ્સ"

એકી સાથે સહુ બૂમ પાડી ઊઠ્યાં: "નમો વદ્ધમાણુસ્સ"

આ અવાજના પડછંદા મહામાત્યના આખા ઉદ્યાનને ઘેરી વળ્યા. પાસે રહેલા પ્રાસાદની દીવાલો પણ જાણે અનુકરણુ કરવા લાગી. પ્રેક્ષકો વાસ્તવિકતામાં જીવતા હોય એમ તેમના મુખભાવ દેખાતા હતા.

પડઘાઓ શમ્યા કે તરત પટાક્ષેપ થયો. બધું ય અદૃશ્ય ને કેવળ કિલ્લાનો ચોકીદાર અને એનાં સમયનાં ઘડિયાળાં વાગતાં દેખાયાં. ટન, ટન, ટન, સમયનાં ઘડિયાળાં વાગવા લાગ્યાં. થોડીવારમાં ઘોર અંધારપછેડો પથરાવા લાગ્યો.

પ્રેક્ષકો સમજ્યા કે આ બનાવ પર રાત્રિ અને દિવસ વહ્યે જતાં હતાં. રાત્રિ–દિવસની એવી તો કેટલીય ઊઘાડ–મીંચ થઈ ગઈ. સમયનાં કેટલાંક ઘડિયાળાં વાગી ગયાં. ત્યાં ફરીથી પેલો અંધારકૂપ દેખાયો. આ વખતનું દૃશ્ય અત્યંત કરુણાજનક હતું. ભૂખમરો ને પાણીની તૃષાથી અર્ધમૃત જેવાં બધાં પડ્યાં હતાં. કોઈના છેલ્લા શ્વાસ હતા, તો કોઈ અન્તિમ વિદાય યાચતું હતું.

સ્ત્રીઓ હવે જોઈ શકતી નહોતી. એમણે આંખે હાથ દીધા. અંધારકૂપમાં એકદમ ગરગડી ઊતરી આવી. રાતે મરી ગયેલા એક બાળકના શબને ઉપાડી પાછી ઉપર ચઢી ગઈ. અને પછી રોજ અંધાર–કૂપ પર ઉષા ઊગે કે ગરગડીનો અવાજ સંભળાય, ને એકાદ મડદું બહાર ચાલ્યું આવે.

અરે પણ મજા તો જુઓ ! પેલા બિચારા લાંબી લાંબી દાઢી-

મૂછવાળા સૈનિકો અજબ રીતે હેરાન થતા હતા. વરસાદ વરસતો હોય, ઘટાટોપ જામ્યો હોય ને મડદાં લઇ પ્રભાતકાલે શ્મશાને જવાનું. તેઓ રોજ વિચારતા કે હવે આ બધાં અનિષ્ઠોનો અંત આવે તો સારું ! મરનારાં એક ભેગાં કાં મરી લેતાં નથીઃ કે જેથી એક ચિતા ને એક વારમાં બધો ફેંસલો ! પણ મરવું ય ભલા મરનારાના હાથમાં થોડું હતું ! અને મરનાર કરતાં ય મરતાં મરતાં જીવી રહેલો પેલો માનવી તો જુઓ ! કેવો વરવો લાગતો હતો ?

લાંબા ને ભૂંડાભૂખ એના કેશ ! શ્મશાનની કોઈ જોગણી જેવો એનો ચહેરો ! આંખોમાંથી તો જાણે નૂર જ ચાલ્યું ગયું છે. કાન આડે જાણે કાળમીંઢના પહાડ લાગી ગયા છે. બોલતો ય નથી ને ચાલતો ય નથી. કેવળ એના આ કૂપનો કોઇ સાથી જ્યારે આ દુઃખી દુનિયા છોડી સુખદ જિંદગીની શરણે જવાની તૈયારી કરતો અને એ પ્રેત-માનવીના બે પગ પકડી રજા માંગતો ત્યારે દૃઢતાથી બિડાયેલા એ હોઠ એટલું જ બબડતા.

"ભાઇ, નમો વદ્ધમાણુસ્સ !"

સામેથી ક્ષીણસ્વરે જવાબ મળતો : "નમો વદ્ધમાણુસ્સ !"

અને થોડીવારમાં ઉપરથી એક લોખંડી ટોપલી ઊતરી આવતી. જોતજોતામાં પોતાનો સાથીદાર બીજી દુનિયામાં જવા આ અંધારકૂપ-માંથી ઉચકાઇ જતો.

સ્ત્રીઓએ આંખે હાથ દાબી જ રાખ્યા હતા. હવે જો આ નાટકમાં બીજો રસ ન પ્રવેશે તો પ્રેક્ષકો ચાલ્યા જાય તેવી સ્થિતિ હતી. કરુણા હોય પણ આટલી બધી !

પણ અણીને પળે જ પટાક્ષેપ થયો. એકદમ ખરો મધ્યાન્હ તપતો હોય એટલું દીવાનું અજવાળું બધે પથરાઈ રહ્યું. નેપથ્યમાંથી રણવાદ્ય ગગડવા લાગ્યાં. યુદ્ધ ચાલુ થયું હોય તેમ તીરોનો વરસાદ વરસવા લાગ્યો, ને કિલ્લા પાસે દુશ્મન-દળ વિજય મેળવવા ધસી આવતું જણાયું.

મારો, કાપોના અવાજ સંભળાવા લાગ્યા. પેલા અંધારકૂપના દૃશ્ય કરતાં આ દૃશ્યે પ્રેક્ષકોમાં નવચેતન રેડયું.

એવામાં નગરના છૂપા રસ્તેથી અંગે અંગે ઘાયલ થયેલ રાજાજી પેલા કારાગૃહ તરફ આવતા જોવાયા. પાછળ મંત્રી દોડતો આવતો હતો. બિચારો મંત્રી ! જરાક ગડગડાટ થાય કે ડરી ઊઠે ને કાં તો એની પાઘડી પડી જાય કે કાં તો એનું ઉત્તરીય સરી પડે. પ્રેક્ષકોને એ દૃશ્યે મજા આવી.

અને રાજાજી અને મંત્રી બંને ધસમસતા આવી પેલા વૃદ્ધ કેદીના પગમાં પડ્યા. એને પ્રાર્થના કરવા લાગ્યા કે નગરનું શત્રુથી રક્ષણ કરો. તમારા સિવાય મગધને બીજું કોઈ નહીં બચાવી શકે ! પેલો વૃદ્ધ સ્થિર ચિત્તે બેઠો હતો. વજ્રની શિલા પર પાણીના રેલાની જેમ પેલા એની આજીજીઓ કંઈ કામ કરતી નહોતી.

રાજાજી વધુ ગળગળા બને છે. મંત્રી બિચારો ગુનાની ક્ષમા માગતો પગમાં આળોટે છે. ગરીબ રાંક પ્રજાને માટે ફરીથી રણમેદાન જીતવા પ્રાર્થના કરે છે. અને વજ્રની દીવાલ જેવા મંત્રીની આંખોના રંગ પલટાય છે. એ ધીરેથી બોલે છે.

“ચાલો રાજાજી, આવું છું. પ્રજાને માટે, રાજને માટે, મારા મગધને માટે ! ” અને તરત પટાક્ષેપ થાય છે.

રણમેદાન પર પેલો વૃદ્ધ પુરુષ રણયોદ્ધાના રૂપમાં ઊભો દેખાય છે. આભને અડવા સ્પર્ધા કરતું એનું ઉન્નત મસ્તક, એક પણ કરચલી વિનાનું કદાવર–પડછંદ શરીર અને હાથીની સૂંઢ સરીખા લટકતા એ આજાનબાહુ !

ખભે ધનુષબાણ છે.

ભેટે કટારી છે.

હાથમાં ખડગ છે.

પ્રેક્ષકો ગેલમાં આવી ગયા, ખૂદ મહામાત્ય શકટાલે હર્ષનો ધ્વનિ કર્યો. બધી સભાએ એનું અનુકરણ કર્યું. તરત બીજો પટાક્ષેપ થયો. વિજય મેળવીને પેલો વૃદ્ધ પુરુષ હાથીની અંબાડીમાં પાછો ફરતો હતો. લોકો પાછળ જયજયકાર વર્તાવતાં બોલતાં હતાં : " મહામાત્ય કલ્પકનો જય હો ! "

રાજાજી પણ ધીરે સાદે બોલી રહ્યા હતા : " કલ્પકનો જય હો ! "

નાટક સમાપ્ત થયું. દૂર દૂર રાજમહેલમાં તૂરીઘોષ સંભળાયો. તૂરીઘોષ એટલે રાજાજીનું પ્રજાને વિશ્રાંતિ લેવાનું ફરમાન. કોઇથી પછી રાજઆજ્ઞા વગર હરી–ફરી ન શકાય. સહુ નાટકના રચનારનાં ને ભજવનારનાં વખાણ કરતાં વિદાય થયાં.

# બે પતંગિયાં

## [ ૨ ]

**આ**ખોય ઉદ્યાન લગભગ ખાલી થઇ ગયો હતો. ચાલી જતી સ્ત્રીઓના નૂપુરઝંકાર હવે સંભળાતા બંધ થયા હતા, ને આટલી માનવ-ભીડાભીડમાં ચંપાઇને બેઠેલી કોયલે હવે ટહુકવા માંડ્યું હતું. પાસેના હોજનું સારસ-બેલડું પણ હવે નિર્દ્વંદ્વ બનતું હતું.

ચબૂતરા પરના રંગમંચ પર પણ નિર્જનતા છવાતી હતી. અભિનય કરનારાઓએ મોં પર કરેલા કાજળ-માટીના થપેડા લૂછી નાખ્યા હતા. દાઢી-મૂછ સંભાળીને પેટીમાં મૂકી દીધાં હતાં. છેલ્લા ત્રણ ચાર સમવયસ્ક મિત્રો રંગમંચ પરથી ઉતર્યા. એ બધા પણ પોતપોતાને સ્થાને જવા જુદા પડ્યા.

રાત વધતી જતી હતી.

એક અઢારેક વર્ષનો કુમાર ચંપાની વૃક્ષઘટા પાસેથી પસાર થતો હતો, કે અચાનક કોઇકે એનું ઉત્તરીય ખેંચ્યું. કુમારે પાછા વળીને જોયું તો કોઈ ન દેખાયું. ઉત્તરીય વૃક્ષ સાથે ભરાઇને ખેંચાયું હશે, એમ સમજી એ આગળ વધ્યો. ત્યાં એક કર્ણમધુર સ્વર સંભળાયો, જાણે કોઇ માનવકોકિલા ટહૂકી !

" ભદ્ર ! "

કુમાર પોતાનું નામ સાંભળી ઊભો રહી ગયો. પાછળ જોયું તો ચંપાની વૃક્ષ-ઘટાની પાછળથી ચૌદેક વર્ષની કુમારિકા ચાલી આવતી હતી. એનો ઘેરદાર ચણિયો ને આછું-ઝીણું ઉત્તરીય હવામાં ઊડતાં હતાં. એ ચાલવા લાગી ને જાણે સાક્ષાત નૃત્યદેવી નાચવા લાગી. એનો

મધુર ને તાલબદ્ધ નૂપુરઝંકાર, ગરદનનો મરોડ ને ચાલવાનો ઠસ્સો આવી રીતે વનદેવીનો આભાસ આપતાં હતાં.

પવનની ધીમી લહરીઓ એની પાસેથી પેલા કુમારને આવીને ભેટતી હતી. એ પવનમાં ય મસ્તી હતી, સુગંધ હતી, કંઇક નશો ચઢાવે તેવું તત્ત્વ હતું. ઊંચો ગૂંથેલો કાળો કેશકલાપ શંકરના ભવ્ય કપાળ પર ઝૂમી રહેલા ફણીરાજ જેવો લાગતો હતો. કોઇ સ્વપ્નસુંદરી સ્વર્ગગંગાને આરેથી વિહાર કરતી ભૂલીને ભેટવા આવતી હોય : એમ કુમારને લાગ્યું. પણ એણે તરત પિછાણી લીધી.

"કોણ કોશા !"

"હા કુમાર, હું કોશા ! ધન્યવાદ આપવા આવી છું." પાસે આવીને ઊભી રહેતાં કોશા એક અજબ ભ્રૂભંગ સાથે બોલી: "મહા-માત્ય તો તમારા કલ્પક તરીકેના અભિનયથી હર્ષઘેલા થઇ ગયા છે. કેવી વસ્ત્રકલા ને કેવો અભિનય ! અઢાર વર્ષના કુમારના બદલે જાણે ૬૨ વર્ષનો બુઢ્ઢો ! તેઓ કાલે પ્રાતઃકાલે તમને પુરસ્કાર આપશે. કુમાર; પણ હું તો તે પહેલાં આપવા આવી છું. સ્વીકારશો ને ?" કોશા બોલતી નહોતી, જાણે કોઇ સુશ્રાવ્ય બીનના સ્વરો છેડી રહી હતી. એની ખંજન પક્ષીની જેમ ચકળવકળ થતી આંખો હજાર હીરાઓનું તેજ વેરી રહી હતી : ને વારે ઘડીએ ઊઘડતા કોમળ કિસલય જેવા ઓષ્ઠ અમીઝરણાં વહાવી રહ્યા હતા. કોશા જોનારને પહેલી તકે રૂપવતી તો લાગતી પણ એથી ય વધુ જાદુગરણી લાગતી.

"કોશા, તારા શબ્દો જ મારે મન આજ્ઞા સમાન છે, પછી સ્વીકાર–અસ્વીકારનો પ્રશ્ન જ ક્યાંથી ? તારું કહેલું મેં કયે દિવસે નથી માન્યું; અને ન માનેલું તું કરાવ્યા વગર કે'દી રહી છે." કુમારની લાંબી અણિયાળી આંખો એ કુમારિકાના દેહ–ડોલન પર સ્થંભી ગઇ હતી. કુમારિકાનું રૂપ એના પર જાદુ વરસાવતું. થોડોક આંતરો રાખીને ઊભેલી કુમારિકા ધીરે ધીરે નજીક આવી રહી હતી. એ બરાબર પાસે

આવીને કુમાર સાથે ખભેખભા મિલાવીને ઊભી રહી. એના સ્પર્શમાં ય વશીકરણુ હતું. સંયમ અને શીલની મૂર્તિસમા મહામાત્ય શકટાલના જ્યેષ્ઠ પુત્ર ભદ્રને પણુ લાગ્યું કે આ કુમારિકા એની શુદ્ધબુધ વિસરાવી રહી છે. એ સહેજ દૂર ખસી ધીરેથી બોલ્યો :

"કોશા, પિતાજીનો આદેશ યાદ આવે છે, ને એમ લાગે છે કે એ વાત તો ત્યારે જ બને કે જ્યારે મારી આ આંખો તેજદાર છરીથી ખોતરી નાખું અથવા તારું રૂપ કોઇ ચેપીરોગથી કાળું બની દુર્ગંધ ને પરુ–પાસથી ખદબદી ઊઠે ! આ આંખો ને આ દેહ : એ આજ સ્વરૂપમાં સલામત હશે તો પિતાજીની સંયમ ને શીલની વાતો વ્યર્થ થયે જ જવાની."

અંતરમાં લાગણીઓનું કોઇ મહાવલોણું ઘૂમતું હોય ને જેવો અવાજ આવે, એવા અવાજે અઢાર વર્ષનો આ કુમાર બોલતો હતો. પણ કુમારિકા એવાં લાગણીનાં તોફાનોથી ડરી જાય તેવી નહોતી.' દૂર દૂર ખસતા જતા–એના વીજળીક સ્પર્શથી ડરતા કુમારની વધુ ને વધુ નિકટ જતી કુમારિકાએ આ વાત સાંભળી કુમારનો હાથ ઝાલી લીધો. આંખના પોપચાંને વેગમાં એક વાર ઊઘાડી–ખેંચી, કોહીનૂર જેવા બે મોટા ડોળા ક્ષણવાર આમતેમ ગગડાવી, એ બોલી :

"કુમાર, શું પિતાજીનું ફરમાન છે, કે આપણે ન હળવું–મળવું, જુદા રહેવું ?"

"હા." હોઠ ઉઘાડ્યા વગર ગળાની ખરખરીથી કુમારે જવાબ આપ્યો.

"શા માટે ?"

"આપણા સમાગમમાં અનિષ્ઠ છુપાયેલું છે. પિતાજી પાપ કલ્પે છે."

"પાપ કલ્પે છે ? કુમાર, શાનું પાપ આપણે કર્યું ?"

"પાપ કર્યાની વાત નથી, પાપની સંભાવના કલ્પીને તેઓ કહે છે."

"કુમાર, કવિસ્વભાવ લાગણીઘેલા થવાનો છે. લાગણીઘેલો કેટલીક વાર સત્ય જોઇ શકતો નથી. એક કુમાર અને એક કુમારિકા : શુદ્ધ સ્નેહનાં પ્રેર્યાં હળે-મળે, આનંદ-કિલ્લોલ કરે એમાં પાપ શાનું ? પ્રકૃતિએ જ સ્ત્રી અને પુરુષને એકબીજાનાં સાથી નિર્મ્યાં છે." ઉઘડતી જુવાની અને દુનિયાના વ્યવહારોથી અપરિચિત કોશામાં આટલું ડહાપણ ક્યાંથી આવ્યું તે કુમારને ન સમજાયું.

"આપણે સાથી બની શકીએ તેવી શકયતા નથી." કુમારે છુપાવેલું રહસ્ય પ્રગટ કર્યું.

નાગણની પૂંછડી પર કોઇ ભારે પગ પડે ને એ કરાલકાલની ભયંકરતાથી ફુંફાડો મારી ઊઠે એવો ફૂંફાડો મારતી કોશા બોલી :

"શા માટે ?"

"તારી માતા રાજ-વારાંગના છે. તારું કુળ હીણું છે."

"હીણું કુળ ? પરમશ્રાવકનાં બણગાં ફૂંકનાર મહામાત્ય આવી વાતો કરે છે, કુમાર ! અને કોણ કહે છે, કે મારું કુળ હીણું ? જે રાજમાં સન્માન પામે, પ્રજામાં માન પામે, એનું કુળ હીણું ?" કોશા અત્યારે મગરૂબીમાં મસ્ત કબૂતરની જેમ ડોક ફૂલાવીને બોલી રહી હતી. આવેગ, શોક કે ક્ષોભની દરેક રેખાઓ કોશાના મોં પર આવીને રમણીય બની જતી હતી. રૂપાળા ધોળા દૂધ જેવા ચકમકના પત્થરમાં અગ્નિભર્યો હોય છેઃ એની ખાતરી કોશાની મુખમુદ્રા આપતી હતી. કુમાર કંઇ જવાબ આપે એ પહેલાં એણે પોતાનું વકતવ્ય પાછું શરૂ કર્યું:

"કુમાર, ઘરડેરાંઓના સ્વભાવ વિચિત્ર હોય છે. જુવાની વટાવી એટલે જુવાનીના દિદાર જ વિસરી ગયા લાગે છે. હીણાકુળની વાતો કરનાર મહામાત્ય હીણાકુળની સ્ત્રીઓને વરનાર નંદરાજાઓની સેવા

શા માટે આચરે છે? હું કોની પુત્રી છું, એ જાણે છે? કુમાર, પુરુષોમાં બુદ્ધિ જલદી પકવ થતી નથી; એવું શાસ્ત્રવચન છે. સ્ત્રીઓમાં બુદ્ધિ જલદી ખીલી ઊઠે છે. મારા કુમાર, કોઇના ફેરામાં ન પડીશ. કુળ ને આબરૂની વાતો વળી કો'ક દિવસ કરીશું; પણ જરા આમ તો જો! તારી અને મારી જોડી કેવી થશે? આપણે બે સાથે નીકળીશું ત્યારે ઇંદ્ર–ઇંદ્રાણીને પણ પોતાની શોભા ઝાંખી લાગશે. તારો દેહ તો જો કુમાર! તારી બંકી ગરદન પર ઝૂમતાં આ કાળાં ઝૂલફાં! તારી આ લાંબી અણિયાળી આંખો! આ પડછંદ ને માંસલ દેહ! કામદેવને પણ શરસંધાન કરવાનું દિલ થાય તેવું તારું લલાટ! તારો આ અવાજ અને આ અભિનય મગધના કયા રાજકુમારોમાં જોયો? એવા રૂપાળા કુમાર સાથે આ કોશા જોડાય! કેવો સુંદર યોગ! કેવી સુંદર ઘટના! આપણે પાપને દૂર હાંકી કાઢશું." કોશા કોઈ સ્વપ્નસૃષ્ટિમાં રમતી હોય તેમ બોલતી હતી. ભણેલો–ગણેલો વિદ્વાન કુમાર શુદ્ધબુધ ખોઈ બેઠો હતો. કોશાના રૂપમાં જ એવી અધિકારિતા હતી કે માનવી કાચા તાંતણે બંધાયેલો રહે!

અને કોશા ધીરે સાદે ગણગણવા લાગી:

"હું તો ગરબે રમું ને, હરિ સાંભરે'રે લોલ!"

"મારો હરિ, મારો ભદ્ર!"

કુમાર આ સ્વરના પ્રવાહપૂરમાં અકલ્પ્ય રીતે વશ થઇને વહ્યે જતો હતો. એ પ્રવાહ પૂરમાંથી કિનારે નીકળવા મથતો હોય તેમ બોલ્યો:

"કોશા, તારો સહચાર મને તો ગમે, પણ પિતાજી કહેતા હતા કે તારે તો રાજાજીની દાસી થવાનું, રાજગણિકા થવાનું. રાજનીતિજ્ઞોને તો આવા રૂપને, આવા ગુણને કોઇને આધીન બનાવવાનું ગમતું નથી. તને તો ગુપ્તચર બનાવવાની વાતો ચાલે છે. તું ગુપ્તચર બનીશ. તારા રૂપના બળે તું ભલભલા અમલદારો અને રાજાઓને વશ કરી માહિતી મેળવીશ. એ માહિતી પર તો મગધનો અડધો વિજય રચાવાનો."

"હું ગુપ્તચર બનવાની!" કોશા ભદ્રના આ જવાબથી કંઇક શાન્ત પડી. એને મગધના વિજયમાં પોતાનો હિસ્સો હોય એ વાત ગમી, પણ કુમારનો સાથ છોડાય? એ ધીરેથી, થોડીવાર ચૂપ રહીને બોલી: "કુમાર, એ ગમે તેમ હોય પણ હું તારી બનવાની. શુદ્ધ પ્રેમની દીવાની કોશાને પણ તું નહીં સ્વીકારે?" કોશાએ કુમારનો હાથ છોડી એના કંઠને એ હાથથી વીંટી લીધો.

"સ્વીકારીશ, કોશા...મારા મનની રાણી..." અને કુમાર એક મનોરમ સ્વર્ગપ્રદેશમાં ઊતરી પડ્યો. કુમારનાં કલ્પનાચક્ષુ જોઇ રહ્યાં હતાં, કે મગધના રાજમાર્ગ પર સુંદર રથમાં પોતે કોશા સાથે બેઠો જઈ રહ્યો હતો. આખું નગર આ વિદ્યા ને રૂપથી ભરેલ જોડી તરફ ઇર્ષ્યાની આંખે તાકી રહ્યું હતું.

અને કુમાર ને કુમારિકા વૃક્ષ ને વેલીની જેમ નજીક નજીક ઊભાં રહ્યાં. એવામાં સાદ આવ્યો:

"સ્થૂલિભદ્ર!"

પિતાજીનો આ અવાજ હતો. ઊંઘમાંથી જાગતો હોય તેમ કુમાર કોશાને એકદમ દૂર હડસેલી ફલાંગો મારતો અદૃશ્ય થઈ ગયો.

કોશા પાછી ફરી ત્યારે, કોયલ પૂરબહારમાં હતી. રૂપનાં આ બે પતંગિયાં જુદા જુદા રાહ પર ગયાં હતાં: પણ એમનાં દિલ તો એક સાથે જ હતાં.



અંકિત પગ વિરામખંડની ધરતીને દાબવા મથતા હોય તેમ અવિશ્રાન્ત ફરતા હતા.

એકેક ક્ષણ વીતી. દૂર ઉદ્યાનમાં ગાતું ગાતું એક બુલબુલ પક્ષી શિકારી બાજના ભયથી ચિત્કાર કરીને ઊડી ગયું. મહામંત્રીની વિચાર-નિદ્રા તૂટી. વિચાર–નિદ્રા તૂટવાની સાથે એમણે ખંડના ચારે ખૂણા જોઇ લીધા. રાજપ્રપંચપટુ પુરુષો હવાનો પણ વિશ્વાસ કરતા નથી. સામે અદબ ભીડીને સ્થૂલિભદ્ર ખડો હતો.

મહામંત્રીએ ઇશારો કરી સ્થૂલિભદ્રને પાસે બોલાવ્યો. પાસે બોલાવી એના ખભા પર હાથ મૂકી આખા દેહનો ભાર એના પર ઢાળી દેતા હોય તેમ બોલ્યા : " ભદ્ર, અભિનયમાં તો ખૂબ કુશળ છે. બેટા, કોશા ગઇ ? બહુ ચપળ ને ભલી છોકરી છે હો ! પણ અગ્નિ અને ઘીનું દૃષ્ટાંત જાણે છે ને ! "

સ્થૂલિભદ્ર સમજી ગયો કે પોતાની ધીમી ધીમી વાતો પણ પિતાજીના કાનમાં પ્રવેશ કરી ચૂકી છે. એ શરમાઇને નીચું મોં કરી ઊભો રહ્યો. સ્થૂલિભદ્રની વિશાલ ઢાલ જેવી પીઠ પર હાથ પસારતાં મંત્રીરાજે ધીરેથી કહ્યું : " બેટા, શ્રીયકને પણ તેડી લાવ ! "

પિતાની આજ્ઞાને ઈશ્વર આજ્ઞા સમજી ચાલનાર સ્થૂલિભદ્રને આજે એમ લાગ્યું કે શ્રીયકને ન બોલાવતાં પોતે જ ક્યાંક ભરાઈ જાય ! કોશા સાથેની વાતો પિતાજી જેવા ત્યાગમૂર્તિ ને પવિત્રપુરુષે સાંભળી લીધી. ઔજસ અને ઔદાર્યની એ પ્રતિમા ભલે ઠપકો ન આપે, પણ એની મૌન ગંભીર બનેલી આંખો જ સહસ્ર વીંછીના ડંખની વેદના જન્માવતી હતી. પિતૃઆજ્ઞા સામે મને બળવો કર્યો, છતાં ય ધર્મભીરુ હૃદય બે ઘડીના વિચારમાં હિંમત ગુમાવી બેઠું.

એક મોટા પર્યંકાસન પર સૂતેલા શ્રીયકને જગાડતાં સ્થૂલિભદ્રને વાર ન લાગી. થોડીવારમાં બંને પિતાજી પાસે હાજર થઇ ગયા. મંત્રીરાજ અત્યારે પથારીમાં મોટા તકિયાને અઢેલી લાંબા પગ કરીને

બેઠા હતા. એમના ઑડ સુધી પહોંચતા ધોળા પૂણી જેવા વાળ બારી વાટે આવી રહેલ હવાની લહેરો સાથે રમત રમી રહ્યા હતા, ને વારે ઘડીએ વિશાળ લલાટ પર આવી નૃત્ય કરતા હતા. તદ્દન શાન્ત ને વિચારમગ્ન બેઠેલ મંત્રીરાજ થોડી થોડી વારે લલાટ પર વિખરાયેલા વાળને હઠાવવા હાથ ઊંચો કરતા હતા. રત્નજડિત મુદ્રિકાઓથી અંકિત હાથીની સૂંઢ સરખો એ હાથ! સુંવાળો, કોમળ છતાંય જાણે વજ્રનો ઘડેલો!

ઝાંખા ઝાંખા દીપકમાં પણ મંત્રીરાજની આવી મૂર્તિ ભવ્ય ને રમ્ય લાગતી હતી. સ્થૂલિભદ્ર ને શ્રીયક બન્ને જ્યારે ત્યાં આવીને મંત્રીરાજની સામે બેઠા, ત્યારે તેમને પણ એક વાર કલ્પના થઇ આવી કે સાક્ષાત દેહસ્વરૂપી દેવતાઓનાં રૂપ આવાં જ હશે.

"આવી ગયા કે? શ્રીયક તારી ઊંઘ બગડી?" મંત્રીરાજે સહેજ પડખે ફરતાં વાત્સલ્યથી કહ્યું.

"ના, પિતાજી!" પિતાજીએ પોતાના તરફ બતાવેલી લાગણીના ભારથી અડધો અડધો થતો શ્રીયક આટલા ટૂંકા શબ્દો જ બોલી શક્યો. પણ એના મોં ઉપર વાચાવિહોણી શરમની જે લાલી ફૂટી આવી: એ મંત્રીરાજ બરાબર નિહાળી રહ્યા હતા.

"બેટા સ્થૂલિભદ્ર, કાલે સાંજે કલિંગ–જિનનાં દર્શને ગયા હતા; એ યાદ છે ને? એ વેળાથી કેટલાક વિચારો મારા મનમાં ઘોળાતા હતા. રાત્રે તારું નાટક જોયું. જો કે નાટક મેં લખ્યું હતું, પણ તારા અભિનય પછી એની જેટલી તાજી અસર થઇ, એ કદી વિસરાય તેવી નથી. સ્થૂલિભદ્ર, તું કુશળ છે. મારા સંસારનું પહેલું સંતાન છે, એટલે મેં અને તારી સર્વકલાકુશલ માતાએ તને બધી કળાઓ શિખવવામાં ને તમામ જાતનાં લાડ લડાવવામાં પાછી પાની કરી નથી. અને શ્રીયક તો રાજકાજના પ્રપંચોમાં રચ્યા–પચ્યા પછીનું સંતાન છે, એટલે એને તો આજ્ઞાવશ રહેવા સિવાય મેં કશું શિખવ્યું નથી. પણ બેટા, મોરનાં ઈંડાં કંઇ ચિતરવાં પડે!" મંત્રીરાજ બોલતા બોલતા થંભી ગયા. મોટી પાષાણની વજ્રમય દીવાલો ખડી કરીને

બાંધેલા સાગરના જળબંધમાંથી ભલે થોડું થોડું પાણી નિર્ઝર્યા કરે, પણ પાછળ ઉમટતા અદશ્ય એવા એ પાણીનો કેવો ગંભીર ઘોષ સંભળાયા કરે છે! મંત્રીરાજના શબ્દોનો એવો ઘોષ કાને પડતો હતો.

"હા, મારી વાત કદાચ તમો નહિ સમજી શકો. આજ સુધી તમો સમજો, એમ મેં ઇચ્છયું પણ નથી. પણ બેટા, આકાશમાં વાદળ ઘેરાવા માંડે ત્યારે છાપરાને છાવાની વાત કરવા જેવો મૂર્ખ પણ હું નથી. સ્થૂલિભદ્ર યોગ્ય ઉંમરનો થયો છે. શ્રીયક, તું પણ કંઇ હવે નાનો નથી: અને વળી સાવજ–બાળનાં શરીર કે વય સામું જોવાનું કોણે કહ્યું?" વિદ્યાના આગાર અને ધર્મના વેત્તા મંત્રીરાજ ફરીથી કવિત્વના પ્રવાહમાં સરી ગયાં. સ્થૂલિભદ્ર જેવો અભિનય ને આર્ષકવિ જેવાં ઘણાં કાવ્યો જુવાનીમાં એમણે રચ્યાં હતાં.

"રાજકાજ તો જ્વાલામુખીનું શિખર છે. એ શિખર પર આરૂઢ થવું બહુ સુંદર લાગે, પુરુષાર્થીને પોતાની હિંમતને જેબ આપતું પણ ભાસે, કદાચિત્ જીવનની સુખસીમાનો અંતિમ છેડો પણ લાગે છતાં જ્વાલામુખી એ આખરે જ્વાલામુખી જ છે. એ જ્વાલામુખી લાવા ઉગળવા માંડે ત્યારે? ત્યારે એ પુરુષાર્થનો વિનાશ રચાય, એ જીવન રસાતાળ જાય ને જાણે એ દુનિયા જ નહિ એવો ભાવ રચાય. સ્થૂલિભદ્ર, પુણ્યશ્લોક પ્રપિતામહ કલ્પકનું પાત્ર ભજવતાં આવા ભાવ જન્મ્યા હતા કે? શ્રીયક, તને એમ લાગ્યું હતું કે રાજસેવા બૂરી છે?"

"હા, પિતાજી!"

"પણ એવી રાજસેવાને આપણે જીવનધર્મ લેખ્યો છે. નિવૃત્તિ નહિ પણ પ્રવૃત્તિને આપણો પ્રાણ બનાવી છે. તટસ્થતા નહિ, પણ સારાનો પક્ષ ને તે માટે ધર્મસંગ્રામની હામ ભીડી છે. કપિલ નામના સામાન્ય દરિદ્રી છતાં ચપળ ને વિલક્ષણ બ્રાહ્મણને ત્યાં જન્મેલ પૂજ્યવર્ય કલ્પક મંત્રીએ વર્ષો પહેલાં મગધની મંત્રીમુદ્રા ધારણ કરી છે. એ મંત્રીમુદ્રાએ મગધને સ્થિર ને અજેય બનાવ્યું છે. એ

મુદ્રા આપણા કુલનો ધર્મ બની છે. એ મુદ્રા પાસે કોણે કોણે મસ્તક ઊતારી આપતાં પાછી પાની કરી છે? કલ્પક મહામંત્રીનો યશ કેવળ મગધ ગાતું નથી, ફક્ત એના ખંડિયા રાજાઓ જ ગાતા નથી, પણ ઇરાન ને ચીનના બાદશાહો પણ એનાં સન્માન કરે છે. શ્રીયક, તમારો પિતા કંઇ રાજપદનો લોભી નહોતો. એ જુવાન હતો ત્યારે કવિ હતો, રસિક હતો, વિદ્વાન હતો. એ ગંગાની ટેકરીઓમાં જઇ કવિતાઓ કરતો ને મગધના મહાલયોમાં રાજકુંવરીઓનો લાડીલો બની અભિનય આદરતો.”

જુવાનીનાં સ્વપ્ન જોતા હોય એમ મંત્રીરાજ ક્ષણભર સ્તબ્ધ બની ગયા. થોડીવારે સ્વપ્નભંગનું દર્દ થતું હોય તેમ સચેત થતા બોલ્યા:

“મહામંત્રી કલ્પક પછી મંત્રીમુદ્રા બહુ ઓછાએ જાળવી હતી: પણ આઠમા નંદરાજા બૃહસ્પતિમિત્રે એક દહાડો મારી જુવાનીને હાકલ કરી. મારી ભેટમાંથી કવિતાઓનાં બંડલ કાઢી–ફેંકી દઇ કૃપાણ બંધાવી અને માથેથી મોરમુગટ અળગો કરી મંત્રીનો તાજ પહેરાવ્યો. મારી વિશાળ છાતીને એ બાથમાં લઇને ખભે ધનુષ–બાણ ભેરવ્યાં ને મને પાનો ચઢાવ્યો કે ચાલ, કલિંગનો વિજય સાધીએ. કલિંગની મહાચમત્કારી જિનમૂર્તિને ઊઠાવી પાટલીપુત્રના રાજમહેલને શોભાવીએ.” મંત્રીરાજ જરા થોભ્યા, પણ હવે એમની જિહ્વાને જાણે થોભવાનું દિલ નહોતું.

“જિનમૂર્તિનું નામ સાંભળી મારા દિલમાં સૂતેલો પુરુષાર્થનો જીવડો સળવળ્યો. મેં તીર–તરકસ બાંધ્યાં. ઘોડે ચઢ્યો ને એક દહાડો રણવાટ લીધી. પણ સ્થૂલિભદ્ર, એ દિવસ મને હજી સાંભરે છે! પરમ આર્યા તારી માતાએ મને વિદાય આપતાં કહેલું: “મંત્રી બન્યા તો મંત્રીપદ શોભાવજો! પણ જોજો, શ્રાવકધર્મ વિસારશો મા! શ્રાવકનું કામ સંહારવાનું નહિ, સર્જવાનું.” સ્થૂલિભદ્ર, તારી માતાનો એ ચહેરો બરાબર યાદ છે. અસલ તારા જેવું જ નમણું નાક ને તારા જેવી જ મોટી ભાવવાહી આંખો! અને જે દહાડે કલિંગનો વિજય

ફરી પાછો ફર્યો ત્યારે આખા મગધે અમારો સત્કાર કર્યો. કલિંગની જિનમૂર્તિ જોઇ સમસ્ત પ્રજા ધન્ય ધન્ય થઇ ગઇ. સહુ હર્ષથી થનગની રહ્યાં. કેવલ તારી માતાએ એ વેળા હિંમત ધરીને અમને સંભળાવ્યું: "નાથ, વિજય તો રૂડો વર્યા, પણ આ પ્રભુને વનવગડે નહોતા દોરવા. હવે કલિંગનો સિતારો ઝંખાશે, પણ એમાંથી મગધને જફા પહોંચાડનાર વિભૂતિ ઝબકી જાગશે. આ તો ધર્મનું અપમાન! સંસ્કૃતિનાં ધાવણ ધાવેલાં શિરના સાટે પણ એ સાંખે નહિ!" મંત્રીરાજ ખૂબ ભાવાવેશમાં હતા. એક જ ક્ષણ વિરામ લઇ, એકદમ બેઠા થઈ પુનઃ બોલવા લાગ્યા.

"કાલે સાંજે પ્રભુદર્શન પછી એ શબ્દો-એ ભવિષ્યવાણી ફરી પડછંદા પાડવા લાગી. રાત્રે નાટક જોયું. ને ફરીથી વિચારોમાં ગર્ક થઈ ગયો. બેટાઓ, આજે તો મગધની સીમાને સ્વર્ગના દેવતા પણ સ્પર્શી શકે તેમ નથી, પણ કાળ સદા સરખો રહ્યો છે? કાળના ઝંઝાવાતો બધે ફરી વળે છે, તો રાજા અને મંત્રી કોણ માત્ર? અને ભાઇઓ નંદરાજાઓએ તો વળી દુશ્મન અને મિત્રો બંને સાથે બાકરી બાંધી છે!" મંત્રીરાજ જરા રાજરમતના ઊંડાણમાં ઊતરતા હોય તેમ લાગ્યું.

"નંદરાજાઓએ કેમ દુશ્મન અને મિત્રો સામે બાકરી બાંધી છે? આ વાત ન સમજાણી, પિતાજી." શ્રીયકે પ્રશ્ન કર્યો.

"એ માટે મારે તમને ઇતિહાસ સમજાવવો પડશે." મંત્રીરાજે પલંગના છેડે આવતાં કહ્યું. એમણે મૂછોના છેડા સંકોર્યા ને દીપશિખાઓને સતેજ કરવા પુત્રોને સૂચન કર્યું.

છઠ્ઠો પહોર પૂરો થતો હતો ને ચોકીપહેરો ઊઠ્યાનો બીજો તુરીઘોષ પાટલીપુત્રની નિર્જન શેરીઓ વચ્ચે ગૂંજતો હતો.

# મગધના નાથ

## [૪]

“ હજાર હજાર વડવાઇઓથી વિંટળાયેલ મહા વડવૃક્ષનો જન્મ જેમ એક નાના સરખા બીજમાંથી થયો હોય છે, તેમ મગધનો જન્મ પણ એવી ચમત્કારિક રીતે થયેલ છે. આર્યોથી ભિન્ન એક એવી શાખા કાશી–કોશલના મેદાનોમાં ભમે છે, અને વેળા–કવેળાએ લૂંટફાટ આદરી પેટ ભરે છે. લાંબા ને લાલબૂંદ દેહ, ઊંચા પાણીદાર ઘોડા અને સાદા પોશાક પર થોડાં શસ્ત્ર ! ઇતિહાસકારો આ પુરુષો તરફ જરા ટેડી નજર નાખી કહે છે, અંહ, આ તે રાજકુળનાં બીજ હોય ? ” મંત્રીરાજે એક કથાકારની ઢબથી મગધનો ઇતિહાસ વર્ણવવો શરૂ કર્યો. સ્થૂલિભદ્ર ને શ્રીયક આતુર વિદ્યાર્થીની જેમ શાન્તિથી સામે બેઠા હતા.

“ મેદાનોમાં ભમતા આ ટોળાંએ ધીરે ધીરે બધે ખાનદાની ને અમીરાતની છાપ પાડવી શરૂ કરી, અને એમાંથી એક દહાડો શિશુનાગ નામનો બળીઓ રાજા આપબળે કાશીપતિ બની બેઠો. એક સામાન્ય સરદારની ટોળીનો જુવાન કાશીના સિંહાસને બેસે ? કોશલના વયોવૃદ્ધ રાજાનો કોપ ભભૂકી ઊઠ્યો. કાશી અને કોશલનાં ઘોડાં રણભૂમિમાં ભેટ્યાં, પણ શિશુનાગનો સિતારો બુલંદ હતો. ઊલટા મગધના લોકોએ પણ રાજા બનવા આમંત્રણ આપ્યું. શિશુનાગ બહુ બળિયો રાજા બન્યો. એણે જોતજોતામાં બધે પોતાની આણ વર્તાવી.

“ શિશુનાગ પછી એના ચાર વંશજો : કાકવર્ણ, ક્ષેમવર્ધન, ક્ષેમજિત ને પ્રસેનજિત અનુક્રમે ગાદી ભોગવી ગયા. પ્રસેનજિત પરાક્રમી રાજા હતો, પણ એથી ય વધુ પરાક્રમી એનો પુત્ર સેણિય ( શ્રેણિક ) બિંબિસાર નીવડ્યો. ઇતિહાસકારોની વક્ર દૃષ્ટિના ભોગ બનેલ મગધને

આ ધર્મવિજયી ને લોકવિજયી રાજવીએ સંસ્કારના ને સમૃદ્ધિના ફૂલડે નવાજ્યું. શ્રેણિકની રાજધાની રાજગૃહી એ કાળના ધર્મોનું આશ્રયસ્થાન બન્યું. બૌદ્ધ અને જૈન સંસ્કૃતિના બે મહાન પુરુષો એ ભૂમિ પર પધાર્યા. શ્રેણિક ભાગ્યશાળી હતો. એને બંનેનાં ચરણ સેવતાં આવડયું. બબ્બે સંસ્કૃતિનાં ધર્મતરુ પ્રજામાં વાવ્યાં. એવામાં રાજા શ્રેણિક રાણી ચેલ્લણાને પરણ્યા. ચેલ્લણા તો જૈનધર્મની ચુસ્ત અનુયાયી. એણે દીર્ઘ તપસ્વી, પ્રભુ મહાવીરને વિશેષ સત્કાર્યા. મગધરાજ શ્રેણિક ઉત્તરાવસ્થામાં એ મહાપ્રભુના પરમ શ્રાવક બની રહ્યા. મગધરાજે ચડાઈ કરી અંગ દેશ જીતી લીધો. મગધ બળવાન બન્યું. આર્યાવર્તમાં એનો ઝંડો ઊડવા લાગ્યો." મંત્રીરાજે સાક્ષાત સરસ્વતીની જેમ વાણીના પ્રવાહને વહેતો મૂક્યો હતો.

"આર્યાવર્તના એ સુંદર દિવસો હતા. એ વેળા મિથિલા, કપિલવસ્તુ ને વૈશાલી પ્રજાતંત્ર–ગણતંત્ર રાજ્યો તરીકે મશહૂર હતાં. આ ગણતંત્ર રાજ્યોમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા રાજ્ય ચાલતું. પ્રજા એ જ રાજ્યનો પ્રાણ લેખાતી. આ ગણતંત્ર બહુ પરાક્રમી હતાં. સ્થૂલિભદ્ર, કોશાના પૂર્વજો પણ એ ગણતંત્રનાં હતાં. ગણતંત્રની પરમ રમણીય સુંદરીઓ રાજની મિલકત લેખાતી. એ નૃત્ય, વાદ્ય ને બીજી અનેક કળાઓ શીખતી ને આજીવન કુમારી રહેતી. કોશાની પૂર્વજ માતા પણ એક એવી રમણી હતી. મહારાજા નંદીવર્ધને વૈશાલીની જીતમાં એને પાટલીપુત્રની મહેમાન બનાવેલી." શીલ અને સંયમના અવતાર પિતાની સામે બેસીને સાધુતાની પરમમૂર્તિ બનનાર સ્થૂલિભદ્રને પિતાના મુખે કોશાનું અને તેના પૂર્વજોનું નામ સાંભળી અકલ્પ્ય રોમાંચ થઇ ગયો–એક ક્ષણ અસ્વસ્થ થઇ ગયો, પણ રાગદ્વેષથી ભરેલો ભક્ત કોઇ દેવમંદિરનાં દર્શન થતાંની સાથે શુદ્ધભાવ અનુભવવા લાગે, એમ પિતાજીની મુખમુદ્રા સામે પુનઃ મીટ માંડતાં ક્ષણવારમાં એ સ્વસ્થ થઈ ગયો.

"અહિંસાના પરમ સંદેશને આર્યાવર્તમાં પ્રસરાવવાનું પહેલું

માન ખાટી જનાર મગધરાજ શ્રેણિક જૈન સંસ્કૃતિને ઊજળી કરી બતાવી. મગધરાજ ગયા, અને થોડા વખતમાં જૈન સંસ્કૃતિ સામે મોરચા મંડાયા. અજાતશત્રુએ બન્યો તેટલો તેનો વિનાશ કર્યો. પણ એ રાજા દુર્ભાગી નીવડ્યો. એનો રાજ્યકાળ અલ્પ રહ્યો. થોડા વખતમાં એ મૃત્યુ પામ્યો ને જૈન તથા બૌદ્ધ સંસ્કૃતિને દાટી દેવાનો તેનો પ્રયત્ન અંગારા ઉપર રાખ બિછાવવા જેટલો જ સફળ નિવડ્યો. શ્રેણિકપુત્ર અજાતશત્રુના મૃત્યુ પછી પ્રભાતતારકો જેવા ઉદયન, અનિરુદ્ધ ને મુંદ થોડા ઝબકીને અદૃશ્ય થઈ ગયા. અને એ પછી આવ્યો નંદવંશ.”

નંદવંશનો પ્રસંગ આવતાં મંત્રીરાજ કંઈક ટટ્ટાર થઈ ગયા. એમણે મૂછ પર હાથ ફેરવ્યો, ઊડતા કેશને સમાર્યા અને ગળું ખૂંખારી આગળ ચલાવ્યું.

“સ્થૂલિભદ્ર ! શ્રીયક ! તમે હજી નાના છો, અને મગધ બહાર ગયા નથી. જરા કોઈ શ્રોતિય કે વેદધર્માનુયાયીને તો નંદવંશ વિષે પૂછજો ! એનું મોં મચકોડાઈ જશે. એના મોંની સરસ્વતી કોપિત બની બેસશે. ડરતો ડરતો નંદના કોઈ ગુપ્તચરો એટલામાં સંતાયા તો નથી ને એની ખાતરી કરશે ને પછી ગાળો દેવા બેસી જશે. નંદવંશ આટલો અપ્રિય શા માટે ? એનાં કારણો જાણ્યા પહેલાં નંદવંશના આદિ પુરુષની પિછાન આપવી યોગ્ય થશે. નંદીવર્ધન એ નંદવંશનો આદિ પુરુષ. ઘણો જ પરાક્રમી અને રાજનીતિજ્ઞ ! શિશુનાગ વંશના રાજાઓના વખતમાં એ મગધનો સેનાપતિ હતો. એણે પોતાની રણકુશળતાથી રાજા ઉદયનને સિંહલદ્વીપ સુધી વિજય અપાવ્યો હતો. પણ નંદીવર્ધનનું કુળ ક્ષત્રિયથી ઊતરતું હતું. પ્રભુ મહાવીરે નષ્ટ કરેલી વર્ણવ્યવસ્થાનો એ પણ વિરોધી હતો. એના કુળના પુરુષો રમણીય ને વિદુષી છતાં ઉતરતા કુળની કન્યાઓ સાથે પણ લગ્ન સંબંધે બંધાતા. નંદીવર્ધનની માતા ક્ષત્રિય કુળની નહોતી: એટલે ગમે તેવા રણકુશળ પણ હલકી સ્ત્રીના પેટે જન્મેલા રાજાની સામે પ્રજા વિરોધ કરે તે સ્વાભાવિક હતું.

"પુત્રો, નંદીવર્ધનને ગાદીએ આવતાં જ એનો સામનો કરવો પડ્યો. કેટલાંય રાજ્યોએ એના વિરુદ્ધ છૂપો પ્રચાર શરૂ કર્યો, પણ નંદીવર્ધન એમ શિકસ્ત ખાય તેવો ન હતો. બરાબર એ જ ક્ષણે રાજા કોઇ યોગ્ય મંત્રીની શોધમાં હતા. એમને પોતના વિચારના અને એકેશ્વર–એક માલિકમાં આસ્થા ધરાવનાર મંત્રી જોઇતા હતા. આપણા પૂર્વપુરુષ કલ્પક એ વેળા તરુણાવસ્થામાં હતા. રાજાએ પોતાને યોગ્ય રત્ન પરખી લીધું ને કલ્પક મહામંત્રી બન્યા. નંદીવર્ધને હવે વિજય પર વિજય શરૂ કર્યા. ઉત્તર હિંદના પ્રાન્તો કે જે અજેય મનાતા હતા, એના પર પણ ચઢાઇ કરી પોતાની આણ વર્તાવી. નંદીવર્ધને જોતજોતામાં પોતાની સત્તા જમાવી દીધી. પણ એનો રાજકાળ ટૂંકો નીવડ્યો. સોળ વર્ષ રાજ કરી એ અનન્તના ગર્ભમાં સમાયો." મંત્રીરાજ શ્વાસ લેવા થોભ્યા. પાછલી રાતનો મીઠો વાયુ હવે શરીરને આહ્લાદ આપતો હતો. પ્રાસાદનો ભૃત્યવર્ગ જાગવાની તૈયારીમાં હતો, છતાં આજે જાણે આ ત્રિપુટીમાંથી કોઇની આંખમાં નિદ્રા નહોતી.

"નંદીવર્ધન ગયા ને બીજા નંદરાજા તરીકે મહાપદ્મ આવ્યા. ખીલતી જુવાની, અપાર ધનસંપત્તિ ને વિશાળ રાજ્ય! હિતશત્રુઓએ એમને અવળે માર્ગે દોરવ્યા. પૂજ્યવર્ય કલ્પકને એમણે બનાવટી તહોમત મૂકી ગુનેગાર ઠેરવ્યા ને એમને માથે વિપદની ઝડીઓ વરસી. સ્થૂલિભદ્ર, ચાર પહોર પહેલાં જ તેં એ દુઃખની ગાથાઓને તાદૃશ કરી છે. રાજસેવા કરવી અને જ્વાલામુખીના શિખર પર બેસવું, બંને સરખું એ વાત તે દહાડે સમજાઈ. નીતિવાન કલ્પક દેશદ્રોહ પ્રજાદ્રોહ કરે? એક દહાડો હિતશત્રુ રાજાઓનાં રણવાદ્ય રાજનગરીને દરવાજે ગગડ્યાં ને રાજા પોતાની ભૂલ સમજ્યો. સામે પગલે જઇ, મોતની માળા જપતા, અનેક સ્નેહી–સગાંનાં મૃત્યુથી બેચેન બનેલ રાજા મંત્રીરાજ કલ્પકના પગે પડ્યો ને મગધ બચાવવા પ્રાર્થના કરી." મહામાત્ય અહીં થોભ્યા ને જરા ગળું ખંખાળી જોરથી બોલવા લાગ્યા.

"મગધનો બચાવ! મગધ પર શત્રુ વિજય મેળવે? મગધની રાંકડી

પ્રજા પર યુદ્ધની વિનાશક આફત ઊતરી પડે! મંત્રીરાજ કલ્પકના દેહમાં શ્વાસોશ્વાસ ચાલતા હોય ત્યાંસુધી એ કેમ બને? મોત સામે ખડું હોય તો ય મંત્રીરાજ મગધને માટે થોભાવે. સ્વામીભક્તિ એમના જીવનનું સર્વસ્વ હતું. એમણે જોયું કે નંદવંશવિરોધી સત્તાઓ આમાં એકઠી મળી નથી; પણ સૈન્યનાં આ ધાડાં મગધે, મહારાજા શ્રેણિકે અપનાવેલી સંસ્કૃતિને ઉખેડી ફેંકી દેવા માગે છે. એમને બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ગની સર્વોપરિતા સ્થાપવી છે. બ્રાહ્મણ પૂજ્ય અને ક્ષત્રિય રાજા, આ સિવાય કોઇ રાજા કે પૂજ્ય ન થઇ શકે એવી સીમાને જડબેસલાખ કરવી છે. મહામંત્રી કલ્પક ને મહારાજા મહાપદ્મ જોતજોતામાં રાજાઓનાં એ ધાડાંને પાછાં વાળે છે.

“પણ આ પછી મહારાજા મહાપદ્મને ચેન પડતું નથી. એ એક મહાસૈન્ય ખડું કરે છે. યુદ્ધકલાના નિષ્ણાતો પાસે યુદ્ધના નવા વ્યૂહ રચાવે છે. નવી ઢબની જળ અને સ્થળ પર લઢનારી, હાથી ને અશ્વ પર ખેલનારી સેના તૈયાર કરે છે. એ દ્વિતીય પરશુરામ બને છે. નક્ષત્રિય પૃથ્વી કરવાના કોડ ધરીને મેદાને પડે છે. વૈશ્ય અને શૂદ્રદ્વેષી સંસ્કૃતિ હાથજીભ કાઢી આ નંદની નિંદક બને છે. આ પહેલાં ચાલતા યુધિષ્ઠિર સંવતને બ્રાહ્મણસત્તા કલિયુગ સંવત બનાવી નંદોને બદનામ બનાવવા પ્રયત્ન કરે છે. “શૂદ્રાગર્ભોદ્‌ભવ” કહીને હાંસીને પાત્ર બનાવી જનતાના દિલને આકર્ષવા મથે છે; પણ મહાપદ્મ એક ભયંકર વાવં-ટોળની જેમ આર્યાવર્તના મેદાનોમાં આવે છે. એની ‘પદ્મસેના’ પાસે ભલભલા ભૂપતિઓ હાર ખાય છે. મહાપદ્મ પણ નિઃશંક બની એક પછી એક ક્ષત્રિય રાજ્યોને ગળી જાય છે. એ કાશીને જીતે છે. કોશલને જીતે છે. અવન્તીને પદદલિત કરે છે. લિચ્છવીઓના ગણતંત્રને એ છેલ્લી વિદાય આપી નામશેષ બનાવે છે. મહાબલી પરશુરામની જેમ એ ક્ષત્રિય રાજવંશનો ઉચ્છેદ કરવા મથે છે. એ આર્યાવર્તનો ચક્રવર્તી બને છે.” મહામાત્યે છેલ્લા શબ્દોને બેવડાવ્યા. એ ચક્રવર્તીપદ પાછળ રહેલા પોતાના વંશગત ગૌરવનું જાણે પુનરુચ્ચારણ કરતા હોય તેવો તેમના મોં પર

સંતોષ હતો. શ્રીયક અને સ્થૂલિભદ્રના મોં પણ અત્યારે ઉન્નતાકાંક્ષી બન્યાં હતાં. પોતાના પૂર્વજોનું પુણ્યસ્મરણ એમને અમરપ્રેરણા પાતું હતું.

"આ પછી ચક્રવર્તી મહાપદ્મ પણ જાય છે, ને મહામંત્રીરાજ કલ્પક પણ જાય છે. કાળનું ચક્ર વેગીલું બને છે, અને કેવળ બાર વર્ષના ગાળામાં ત્રીજો નંદરાજા અશ્વઘોષ ને તે પછી જ્યેષ્ઠમિત્ર, સુદેવ, ધનદેવ ને બૃહદ્રથ રાજા બની જાય છે. બૃહદ્રથનું બીજું નામ બૃહસ્પતિમિત્ર. એમની હયાતીમાં મેં મંત્રીમુદ્રા પુનઃ સ્વીકારી અને અમે કલિંગવિજય કર્યો. આજે મગધની ગાદી પર મહાનંદનું શાસન છે, અને બેટા એ શાસનને જયવંતુ રાખવા આપણે મંત્રીમુદ્રા સ્વીકારી છે." મંત્રીરાજે આટલી વાત પૂરી કરી પુત્રોને જરા નજીક આવવા ઈશારો કર્યો.

"પુત્રો, આખી રાત તમને કહેલી કથનીના સારાંશમાં મારે જે કહેવાનું છે, તે હવે આવે છે. મગધ આજે બળવાન છે. એનાં હયદળ ને અશ્વદળથી શત્રુઓ કંપે છે. પણ સંસ્કૃતિદ્વેષ પ્રજામાંથી નથી ગયો. જરા નબળો નંદરાજા આવશે કે શત્રુઓ ઘર જોવા દોડી આવશે. એ વેળા શાસ્ત્રમાં કહ્યા મુજબ મરવાનો પહેલો ધર્મ મંત્રીનો ! કુશળ પુરુષો કહે છે કે રાજા એ હાથી છે, મંત્રી એ ઊંટ છે, કિલ્લાને તોડવા માટે, કિલ્લાના દ્વાર પર ખડા કરેલા લોઢાના ખીલા હાથીના ગંડસ્થળને ભેદી ન નાખે તે માટે વચ્ચે આડું ઊંટ ધરવામાં આવે છે. કિલ્લાના દરવાજાને માથું મારીને હાથી તોડી નાખે છે, ને વિજય મેળવે છે; પણ બિચારા ઊંટને તો જાન ખોવો પડે છે.

"ઊંટના ધર્મવાળા આપણે. તે રાજસેવાના જ્વાળામુખી ઉપર ઊભા ઊભા જે ઘડીએ જે કરી લીધું તે ખરું. બીજું બધું ગમે તેમ પણ એક જ વાત યાદ રાખજો કે ગમે તેવી કપરી વેળાએ સ્વામીભક્તિ અને સ્વધર્મ ભૂલશો મા ! નંદરાજાઓને માથાના વાળ જેટલા દુશ્મનો છે. બ્રાહ્મણ ને ક્ષત્રિયો એમના અંતરંગ શત્રુ બની બેઠા છે. પણ તેથી ડરતા રહેવાનું નથી, ચેતતા રહેવાનું છે. અને ચેતવાનું એટલું જ કે

કોઇ કાળે મહામંત્રી કલ્પકનો વંશજ સ્વધર્મ અને સ્વામીભક્તિ ન ચૂકે ! એ વેળા મસ્તકની કે માયાની એને પરવા નથી. જીવન કે મૃત્યુનો એને મનભેદ નથી. ”

“ મહામંત્રી કલ્પકના વંશજોમાં સ્વામીભક્તિ ને સ્વધર્મ પ્રત્યેનો પ્રેમ જન્મસિદ્ધ હોય છે; એ વાતે પિતાજી, નિશ્ચિંત રહેજો ! ”

ઉષાએ અરુણનો દરવાજો ખોલ્યો હતો ને રાજદરવાજે મધુર ચોઘડિયાં બજી રહ્યાં હતા. મહામંત્રીએ પુત્રોને આરામ લેવા માટે વિદાય આપી ને પોતે નિત્યકર્મથી પરવારવા નીચે ઊતર્યા.



# દ ષ્ટિ રા ગ

## [ ૫ ]

**સ્થૂલિભદ્રના** નસીબમાં જંપ લખ્યો જ નહોતો. ચાર દહાડાથી એ કોઈને મળ્યો નહોતો, અને આખો દહાડો ઘોડે ચડીને ઉદ્યાન કે દૂરનાં જંગલોમાં ફર્યા કરતો. એને એક જ રાત્રિમાં એકસામટા થયેલા અનુભવોનો ખ્યાલ સતાવતો હતો.

એક તરફ પોતાના કુળની ખાનદાની અને બીજી તરફ ગણતંત્રની સૌંદર્યસુંદરી કોશાનું આકર્ષણ. એક તરફ પૂજ્ય પિતાજીએ આપેલ સ્વામિભક્તિ ને સ્વધર્મપાલનના સંદેશ, બીજી તરફ મનોહારિણી કોશાએ કહેલ દાંપત્ય ને પ્રેમનો કૉલ. સ્થૂલિભદ્ર વિદ્વાન હતો, રસિક હતો, કવિ અને કુશલ રણયોદ્ધો હતો. પાટલીપુત્રના યુવાનો વચ્ચે એ કામદેવ જેવો દીપતો. એનું લાંબુ, સીધું ને સુરેખ નાક, વિશાળ ભવાં, ઝગઝગાટ કરતું લલાટ, શંખાકાર અણિયાળાં નેત્રો ને માંસલ સ્નાયુઓ; જોનારને એની પ્રતિભાનું સ્પષ્ટ ભાન કરાવતાં. એવો એ સ્થૂલિભદ્ર આજે વિષમ સ્થિતિમાં મૂકાયો હતો.

સુકાન અને સઢ વગરની નૌકા બન્ને બાજુ ખેંચાયા કરે એમ સ્થૂલિભદ્ર ચાર દિવસથી ઘડીકમાં આ વિચારમાં તો ઘડીકમાં બીજા વિચારમાં ડૂબી જતો. ચિંતન અને ઉદ્વેગભરી ચાર રાત્રિઓ વિતાવ્યા પછી આજની પાંચમી રાતે, ઠેઠ પાંચમા પહોર સુધી જાગતા રહેલ સ્થૂલિભદ્રની આંખો થાક ને શ્રમથી હમણાં જ મિંચાઈ હતી.

ભાગ્યે જ શાન્ત ને સ્વસ્થ નિદ્રા માણવી શરૂ કરી હશે, કે અચાનક એના ખંડમાં કોઈ સૈનિક ધસી આવ્યો. આ પ્રાસાદના અધિકારી-

ઓને જાણે એ પૂરા પિછાનતો હોય, અર્હોના કોઇ સેવકની જાણે તેને પરવા ન હોય; અરે, ખૂદ સ્થૂલિભદ્રની શાન્તિની પણ જાણે તેને દરકાર ન હોય તેમ આવતાંવેંત એણે; સ્થૂલિભદ્ર જે કીમતી શાલ ઓઢીને સૂતો હતો, તે ખેંચી લીધી.

જગતના સંતાપથી નાસી છૂટેલ કોઇ ઉદાસીનને શાન્તિના પરમધામ સમા ગિરિગહ્વરમાં પ્રવેશતો જ કોઇ ખેંચી લે; અને જે ઝાટકો એ અનુભવે, એવો ભાવ ઉદ્વિગ્ન હૃદયના સ્થૂલિભદ્રને થયો : એ સફાળો બેઠો થઇ ગયો. પોતાની શાન્તિના ભંગ કરનારની સામે ડોળા ગડગડાવા લાગ્યો ને વારેવારે નિદ્રાભારથી મીચાતી આંખે આવનારનું નામઠામ પૂછવા લાગ્યો.

આવનાર પુશ્તુ ભાષામાં કંઇક બબડ્યો. સ્થૂલિભદ્ર આ ભાષા શીખ્યો હતો, પણ અનભ્યાસને કારણે બધી વિસરી ગયો હતો. પુશ્તુ ભાષાના શબ્દો એને કાને આવતાં એ ચમક્યો. કોઇ અજાણ્યો ભેદી પુરુષ પોતાના ખંડમાં ઘૂસી આવ્યો તો નથી ને ! એ એકદમ બે હાથે આંખો ચોળીને પુશ્તુ ભાષા બોલનારની સામે જોઈ રહ્યો.

×ગાંધારનો કોઇ સૈનિક સામે ઊભો હતો. ગાંધારના લોકો જેવા રૂપાળા હોય તેવો આ સૈનિક રૂપાળો હતો. એણે ખૂલતો રેશમનો મોટો ચોરણો પહેર્યો હતો, ને માથે ઊંચી હવામાં ઊડતી ફૂમકાવાળી શિરસ્ત્રાણ સાથેની પાઘ પહેરી હતી. શરીર પર નાનાં–મોટાં શસ્ત્રો હતાં. સ્થૂલિભદ્ર પરોઢના ઝાંખા પ્રકાશમાં આગન્તુકને એકાએક પિછાણી ન શક્યો. એણે બેઠાબેઠા સાહજિક પ્રશ્ન કર્યો :

"તારે કોનું કામ છે ?" આ પ્રશ્નમાં મહામાત્યના જ્યેષ્ઠ પુત્રને ઓપે એવું અભિમાન ગૂંજતું હતું.

પણ આ સૈનિક બડો વિચિત્ર નીકળ્યો. શરૂઆતમાં બડબડાટ

---

× પંજાબ

કરતાં ન થાકતો, અત્યારે એવો શાન્ત ઊભો હતો કે જાણે સ્થૂલિભદ્રની ભાષામાં કંઇ સમજતો જ નહોતો ! સ્થૂલિભદ્રે સહેજ ગરમ થઇને ફરી વાર પ્રશ્ન કર્યો. પણ સૈનિક એનું એ જ મૌન ધારણ કરીને સ્વસ્થ ઊભો.

" અત્યારે પરોઢમાં, વગર આજ્ઞાએ મારા ખંડમાં ધસી આવવાનું તને શું પ્રયોજન છે ? " દૂર દૂર આકાશની કોર પર ઉષાની આછી લાલાશ ઘૂંટાતી હતી. હજી ય પરોઢનો ધૂંધળો અંધકાર બધે ફેલાયેલો હતો.

આ પ્રશ્નનો પણ જવાબ નહિ ! માત્ર સામે ઊભેલો સૈનિક બેપરવાઈથી હોઠમાં હસી રહ્યો હતો. સ્થૂલિભદ્રનું દિલ એકદમ રાજકીય મનોભૂમિકા પર પહોંચી ગયું. એને આ સૈનિકના આગમનમાં ભેદ ભાસ્યો. મહામાત્યના દુર્ગમ પ્રાસાદના આકાશદીપક સામે પણ જ્યારે મીટ માંડતાં દુશ્મનો ધ્રુજે, ત્યારે એ જ મહામાત્યના સુરક્ષિત પ્રાસાદના ખંડમાં ધસી આવનાર આ પંજાબી સૈનિક નક્કી કોઇ દગાખોર હોય. એણે જરા રુઆબથી પૂછ્યું.

" મિત્ર કે શત્રુ ? "

પણ જવાબ જ નહિ ! સ્થૂલિભદ્રની શંકા મજબૂત બની. પોતાના પલંગની પાસે જ દીવાલ પર બે કૃપાણ ને એક ઢાલ લટકતાં હતાં. મૃગની ચપળતાથી એણે પલંગમાંથી છલાંગ મારી. સામેની દીવાલ પરથી જેવો કૃપાણ લેવા જાય છે કે પેલો સૈનિક વચમાં આવી ઊભો રહ્યો.

નક્કી દગો રમાતો લાગે છે. સ્થૂલિભદ્રનો વહેમ પુખ્ત બન્યો અને એણે વચ્ચે આવેલા દગાખોર સૈનિકને દ્વંદ્વથી પરાસ્ત કરવા બાથ ભીડી. પણ જ્યારે પેલો સૈનિક કંઈપણ સામનો કર્યા વગર બાથમાં પકડાઈ ગયો ને કંઈ પણ સામનો કર્યા વિના શાન્ત ઊભો રહ્યો ત્યારે તો સ્થૂલિભદ્રના આશ્ચર્યનો પાર ન રહ્યો. એને લાગ્યું કે કોઈ પ્રપંચપટુ ટોળીનો આ સાથીદાર હશે; અને પોતે એની સાથે લડવામાં

ગૂંથાય એટલે એ તકનો લાભ લઈ એની ટોળી બીજે હુમલો કરી શકે એ જાતનો સંકેત હશે.

સ્થૂલિભદ્રને એ જ વખતે વીજળીની ઝડપથી બીજો વિચાર સ્ફૂરી આવ્યો. કદાચ પિતાજી સામે આ કાવતરું યોજાયું હોય? અને પોતાને રોકી રાખવા માટે આ સૈનિક અત્રે મોકલાયો હોય. હવે શું! ખૂબ ત્વરાથી કાર્ય પતાવવાની જરૂર હતી. કદાવર દેહના સ્થૂલિભદ્રે રમત માત્રમાં એ સૈનિકને આખો ને આખો ઊંચકી લીધો ને જેવો જમીન પર પટકવા જાય છે, તેવો જ પેલો બૂમ પાડી ઉઠ્યો:

"કુમાર!"

કુમારને કોણ બોલાવે છે? સ્થૂલિભદ્રને કોશા સિવાય કોઈ આ રીતે બોલાવતું નહિ. એણે ઊંચા કરેલા હાથમાં સૈનિકને તણખલાની જેમ ઊંચો તોળી લીધો. અરે આ શું? સૈનિકના માથાનો શિરસ્ત્રાણવાળો પાઘ મસ્તક પરથી છૂટીને જમીન પર પડ્યો હતો, ને લાંબા કાળા સુગંધભર્યા વાળ સ્થૂલિભદ્રના મોં પર પથરાઈ ગયા.

"કુમાર, એ તો હું. તમારી વિદાય લેવા આવી હતી."

"કોણ કોશા?" ક્ષાત્રત્વના આવેગથી ભયંકર બનેલ સ્થૂલિભદ્ર કોશાના નામથી ઠંડોગાર થઈ ગયો. કોઈ અસ્પૃશ્ય વસ્તુનો સ્પર્શ થયો હોય, એવા ભાવથી એણે કોશાને વેગથી નીચે તરછોડી નાખી.

છૂટા કેશકલાપથી સુશોભિત સુંદરી કોશાએ એકદમ સાવધ બની પોતાની જાતને પડતી બચાવી લીધી. એક ક્ષણમાં વસ્ત્ર ઠીકઠાક કરી એ હસતી હસતી ઊભી રહી. હાસ્યમાં ને આ 'નવા વિચિત્ર પોશાકમાં એનું સૌંદર્ય ભડકો બની બેઠું હતું.

કોઈએ પરિસ્થિતિનો ખુલાસો ન કર્યો. એ કરવાની જરૂર પણ ન જણાઈ. બંને ખડખડાટ હસી પડ્યાં.

"કોણ ચંદ્રાનના, કોશા! મનોહારિણી! મનમોદદાયિની! ચંચલા! ચપળા! ચતુરા!" યોદ્ધો બનેલો સ્થૂલિભદ્ર કોશાનું સ્વર્ગીય લાવણ્ય

જોઈ ગરીબડો ઊર્મિઘેલો કવિ બની ગયો. એની આંખો કોશાના દેહ પર મંડાઈ કોઈ તૃષાતુરની આતુરતાથી કંઈ પી રહી હતી. કુદરતે કોશાનું અંગેઅંગ લાવણ્ય, સુકુમારતા ને સૌંદર્યથી ઘડ્યું હતું.

વિહ્વલ બનેલા સ્થૂલિભદ્રને અચાનક પિતાજીના શબ્દો યાદ આવ્યા. એ શબ્દ એના મગજમાં વિજળીના કડાકા કરવા લાગ્યા. સ્થૂલિભદ્ર કંઈક સ્તોત્ર રટવા લાગ્યો ને મહામહેનતે આંખોને બંધ કરી શક્યો. આંખો બંધ જ રાખીને એણે કહ્યું:

"કોશા, શું પરદેશ જાય છે? વિદાય લેવા આવી છે? જા, ઓ સુંદરી, તને વિદાય આપું છું, ને ઇચ્છું છું કે એવી પરભોમમાં સીધાવ કે ફરી તારા દિદાર નજરે ન પડે, તારું નામ કાને ન આવે! કોશા, તું ક્યાંથી જાણે? મારા હૃદયમાં એક સામટાં આંધીને ઉલ્કાપાત જન્મ્યાં છે."

"કુમાર, કોશાથી આટલી ઘૃણા શા માટે? કોઈ એક સ્ત્રી તમારી પાસે આવીને ઊભી રહે, તમને સામાન્ય સ્પર્શ કરે એમાં તોફાન ક્યાં ને આંધી–ઉલ્કાપાત ક્યાં? અને એમ થાય તો તમારું પુરુષત્વ ક્યાં? વર્ષો સુધી આપણે સાથે જ રમ્યાં છીએ, તો અત્યારે કોશામાં શું ખરાબ ભાળ્યું છે?" કોશા આંખો બંધ કરીને ઊભેલા સ્થૂલિભદ્રની પાસે જઇ તેના સ્કંધ પર હાથ દઇને બોલી.

સ્થૂલિભદ્ર વિમાસણમાં પડી ગયો. ઊભા રહેવું કે નાસી જવું, તેની પણ તેને સૂઝ ન પડી. થોડીવારે એ બોલ્યો: "કોશા, દુનિયામાં રૂપ હોય ને દિલ ન હોય તો જ મજા આવે! દિલ અને રૂપ બે સાથે શા માટે હશે? જો જગતમાં કોશાઓ જન્મતી હોય તો સ્થૂલિભદ્રો ન જન્મે એ જ સારું. સ્થૂલિભદ્રો હોય તો કોશાઓ ન જન્મે એ જ વધુ સુયોગ્ય ગણાય!"

"કુમાર, ખોટી ફિલસૂફી છેડશો મા! સ્થૂલિભદ્રો અને કોશાએ. ન હોય તો દુનિયામાં કેવલ તલવાર ને યુદ્ધ જ રહે!"

"પણ જાણે છે કે સ્થૂલિભદ્ર અને કોશા પૂર્વ ને પશ્ચિમ છે. પૂર્વ ને પશ્ચિમ ભેગાં થયાં જાણ્યાં?"

"સાચા પ્રેમ પાસે કશું ય અશક્ય નથી. પૂર્વ ને પશ્ચિમ શું? દશે દિશાઓ ત્યાં એક થઈ જાય છે."

"પ્રેમ? પિતાજી કહે છે, કે પ્રેમ એ પાપ છે."

"પ્રેમ એ પાપ છે, એમ કોણે કહ્યું? માતૃ-પ્રેમ શું પાપ છે? દેશપ્રેમ ને ધર્મપ્રેમ શું પાપ છે? કુમાર, જો એ પ્રેમ પાપ ન હોય તો એક સ્ત્રીપુરુષનો પ્રેમ એ પાપ; એમ શાથી કહેવાય?" કોશા અત્યારે કોઇ વાદનિપુણ પંડિતની છટાથી બોલી રહી હતી. મસ્ત કબૂતરની જેમ એની અડધી ઊંચી ડોક સ્વયં સૌંદર્યનું કાવ્ય બની બેઠી હતી.

"આપણો પ્રેમ અધર્મ્ય છે. એથી માણસ ભાન ભૂલે છે. એનો સંસાર એમાં જ સમાપ્ત થાય છે."

"કુમાર, તમો ભોળા છો, તમારી બુદ્ધિ જલદી ઠગાઇ જાય તેવી છે. જે દેશપ્રેમની પાછળ હજારો કત્લો રચાતી હોય, જે પ્રેમની પાછળ અનેક વિધવાઓ અને અનેક અનાથો નિસાસા નાખતા હોય એ દેશ-પ્રેમ ધર્મ્ય! જે દેશપ્રેમથી તમે પાડોશીના દેશને દુશ્મન માનો, દુશ્મનોને તમે જેર કરો, દુશ્મનો તમને જેર કરે! કત્લ, ખુનામરકી, દગોફટકો, અવિશ્વાસ ને લોભ જેમાં ફૂટી ફૂટીને ભર્યાં છે, એ દેશપ્રેમ ધર્મ્ય—આચરવા યોગ્ય ગણાય. અને નિર્દોષ પંખીડાં જેવાં એક સ્ત્રી-પુરુષનો પ્રેમ એ પાપ! ભોળા કુમાર, આજનું નીતિશાસ્ત્ર જ કાચી દીવાલો પર રચાયું છે."

સ્થૂલિભદ્રને લાગ્યું કે આ કથનનો કંઇ જવાબ આપી શકાય તેમ નથી. તેણે વ્યગ્ર ચિત્તથી કહ્યું:

"કોશા, નીતિશાસ્ત્ર ગમે તેવું હોય, ગમે તે કહેતું હોય; મારે મન પિતાની આજ્ઞા એ જ પરમ ધર્મ છે. એ આજ્ઞા આપણા વચ્ચે દીવાલ બનીને ખડી રહેશે. તું જાણે છે, કે એ દીવાલ એવી મક્કમ

હશે કે તું ને હું બન્ને અનન્ત કાળ સુધી માથાં પછાંડીને મરશું તોય એની એક કાંકરી પણ નહિ ખસે !"

"બસ, પિતૃઆજ્ઞાની દીવાલ છે ને ? અરે ! પ્રેમે કયે દિવસે દીવાલ, કિલ્લો કે મહાસાગર પારખ્યો છે ? પેલાં ચક્રવાક ને ચક્રવાકીને પિછાણો છો કે ? રોજ વિયોગની રાતે એમાંથી એકે ક્રંદન કરતું થાકે છે ? કોશાનો પ્રેમ અચલ છે, અવિચલ છે, અફર છે, અમિટ છે. કોશા ગણિકાની પુત્રી છે, એ ભલે જગત જાણે, પણ એ ગણિકાના કુળે આ રાજમહાલયો ને મહારાજ્યોના પાયા નાખવામાં પોતાનું શીલ, પોતાનું રૂપ, પોતાનું યૌવન ધરબ્યું છે, એ તો કોઈ તટસ્થ ઇતિહાસકાર કહેશે. સ્ત્રી સદા અપયશભાગી બનતી આવી છે. પણ જો કોઈ સમજી શકે તો સ્ત્રી સંજીવની છે, અને એ વાત જ્યારે સમજાશે ત્યારે મોતના મુખમાંથી છૂટવા વલખાં મારતું જગત નવ-જીવન પામશે. કુમાર, તમને પૂછું છું કે કોશાના લાવણ્યનો રાજકાજમાં ઉપયોગ કરનાર, કોશાને અને કોશાનાં સ્વજનોને ગુપ્તચર બનાવી વિજયો પર વિજયો મેળવી વિજયધન્વા બનનાર રાજપુરુષો કયી જબાનથી અમારી નિંદા કરે છે ? કુમાર, આજે જ તારી કોશા ગુપ્તચર બની ગાંધાર જાય છે. મંત્રીરાજને મહારાજ ધનનંદનો પ્રભાવ ભારતમાં પ્રસરાવવો છે. અને તે કારણે ગાંધારને જીતવું છે. એ જીતનું એક હથિયાર બનીને આજે હું વિદાય લઉં છું. થોડા સમયમાં યુદ્ધ ફાટશે. મહારાજ નંદનો વિજય થશે ને જીવતાં હઈશું તો જરૂર મળશું. મરશું તો આવતે ભવે પણ મળશું. એમાં આપણને કોઈ શક્તિ રોકી શકશે નહિ !"

કોશાએ કદલીદલ જેવા કોમળ હાથથી લાંબા કેશકલાપને ફરીથી શિરસ્ત્રાણ નીચે છૂપાવી દીધો, એણે ફરીથી પંજાબી પાઘ ચઢાવી લીધી.

સ્થૂલિભદ્ર વિદ્વાન હતો, શાસ્ત્રજ્ઞ હતો, ષટ્દર્શન અને વાદવિવાદોનો જાણ-કાર હતો, પણ આ સુંદરી પાસે આજે એનું બધું વિદ્યાભિમાન ઓસરી ગયું.

"કુમાર, ઘણો કાળક્ષેપ કર્યો. હવે વિદાય યાચું છું. આશીર્વાદ આપશો કે ?"

" આશીર્વાદ ! "

"કેવલ આશીર્વાદ નહિ ! હૈયું ખોલીને એ પણ કહી દો કે સુખે પાછા ફરવાના કે શાન્તિથી મૃત્યુ માણવાના આશીર્વાદ આપો છો. "

"કોશા, તું કોઇ અજબ સ્ત્રી છે. સુખે પાછા ફરવાના આશીર્વાદ સિવાય હું બીજા આશીર્વાદ ન આપું. સ્થૂલિભદ્ર અને કોશા એ બે તત્ત્વો સંસારમાં હજી રહેવા લાયક છે. "

" અને રહેશે જ. કોઈ તોફાન, કોઇ આંધી, કોઈ દુર્ગ કે કોઇ દીવાલો એને નહિ રોકી શકે ! બસ વિદાય ! "

પાણીના રેલાની જેમ કોશા ખંડની બહાર સરી ગઇ. જોતજોતામાં એ ઘોડેસવાર બની રાજમાર્ગ પરથી પસાર થતી દેખાઈ. નીચે મહારાજ નંદના બીજા સૈનિકો ખડા હતા. સહુ સૈનિકોની આગળ એણે ઘોડો હાંકયો.

સ્થૂલિભદ્ર પ્રાસાદની બારી વાટે એને જતી જોઇ રહ્યો. રાજમાર્ગ વીંધી એ પાટલીપુત્રનાં મેદાનો પર આગળ વધવા લાગી. ધીરેધીરે આખી ટુકડી દૂર દૂર ક્ષિતિજમાં ભળી ગઇ. કંઇ જ દેખાવું અશકય બન્યું ત્યારે સ્થૂલિભદ્ર ત્યાં જ ઊભો ઊભો વિચારમગ્ન બની ગયો.

થોડીવાર પછી અચાનક એની વિચારમગ્નતા તૂટી ને તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા.

" જીવન્ત સૌંદર્ય "

પણ સ્થૂલિભદ્ર નિત્યક્રમ આટોપવા માટે પાછો ફર્યો કે તેણે પિતાજીને સામે જ ઊભેલા જોયા.

" સ્થૂલિભદ્ર, **दृष्टिरागस्तु पापियान् ।** " કોઇ મહાન્ ધીરોદાત્ત મહર્ષિની જેમ ઉપરનું વાકય ઉચ્ચારતાં મંત્રીરાજે સ્થૂલિભદ્રને ખભે હાથ નાખ્યો.

સ્થૂલિભદ્રના સંતાપનો કોઇ અન્ત નહોતો.

# ત્રિપુટી

## [ ૬ ]

ઊંડી, ઉતાવળી, વેગવંતી સતલજ સરિતાનાં કાળાં ભમ્મર પાણી પૂર્વ-દક્ષિણ વહે જતાં હતાં; અને ઘોરગંભીર મહાન નદી સિંધુનાં વાંભ વાંભ ઊંડા જળ કંબોજ અને ગાંધારની ઉત્તર-દક્ષિણ દિશાની ચોકી કરતાં દોડ્યાં જતાં હતાં. રોજ આ સિંધુ અને સતલજ પારથી આવતા નાની નાની યજ્ઞોપવિતો પહેરેલા અને નાની નાની શિખાઓ હવામાં મંદ મંદ ડોલાવતા બટુકો, તક્ષશિલાનો માર્ગ પૂછતા આગળ વધતા. ગઇ કાલે જ જાણે ઉપવિત સંસ્કાર થયો હોય; એવો અબિલગુલાલ હજી આ બટુકોના શરીર પર ચોટી રહ્યો હતો. મા બાપ, ભાઇભાંડું ને મિત્ર તથા મા જેવી જન્મભૂમિની હુંફાળી સોડ છોડીને ભણવા જતાં આ બાળકો, પાછા ફરતા નાવિકોને પોતાનાં પ્રિયજનોને દર્દભર્યો વિદાયસંદેશો પાઠવતા હતા.

આ બટુકોમાં કોઇ ગરીબ હતા, કોઇ મધ્યમ કુટુંબના હતા; તો કોઇ રાજપુત્રો પણ હતા. સહુ કોય નિષ્કિંચન જેવા દેખાતા હતા; કેવળ રાજપુત્રોને મૂકવા આવેલ ભૃત્યો પાસે ગુરુદક્ષિણામાં આપવા માટે એક હજાર દ્રમનું જોખમ હતું, ને રાજપુત્રોને પગે એક તળિયા-વાળા ચંપલ અને માથે ઓઢવા પાંદડાની મામુલી છત્રી હતી. આ બટુકો પણ જુદા જુદા નગરના અને પ્રાંતના હતા. કોઈ મિથિલાથી આવતા હતા, તો કોઇ રાજગૃહિ, વારાણસીથી ચાલ્યા આવતા હતા. ઊજ્જયિની, કોશલ, મધ્યપ્રાંતના પણ કેટલાક બટુકો હતા.

આ બટુકો અને તેમના સાથીદારોનું મંડળ સિંધુનો પશ્ચિમવિભાગ

કે જે કંબોજ કહેવાતો હતો; તેને છોડીને દક્ષિણાપથ ઉપર આગળ વધે જતા હતા. દક્ષિણાપથ ગાંધારને નામે ઓળખાતો હતો. ને જેમ જેમ બટુકો એ દેશની રાજધાની તક્ષશિલા નજીક આવતા ગયા, તેમ તેમ વિચિત્ર ભાષા બોલનારા માણસોનો તેમને સમાગમ થતો ગયો.

આ બટુકો જિજ્ઞાસુ હતા. તેઓએ જાણી લીધું કે બ્રાહ્મી અને ખરોષ્ટિ ભાષામાં આ લોકો વાત કરતા હતા. આ ચાલાક બટુકો રસ્તે જતા આવતા પ્રવાસીઓને કંઈ કંઇ કાલાઘેલા પ્રશ્નો પૂછી તે ભાષાનો થોડો થોડો અભ્યાસ પણ કરવા લાગી ગયા.

જિજ્ઞાસુ બટુકો માર્ગ ખુટાડવા માટે તેમજ પોતે જે સ્થળે જઇ રહ્યા છે; તે વિષે ભાતભાતના પ્રશ્નો પૂછી રહ્યા હતા; અને અનેક વાર રાજકુમારો સાથે આવેલા રાજભૃત્યો તેના જવાબો આપતા હતા. જુંહ નામના કાશીના એક રાજકુમારને પહેલાં મૂકવા આવેલો મરીચ નામનો રાજભૃત્ય સહુથી વિશેષ જાણકાર હતો. એ તક્ષશિલા વિદ્યાપીઠ વિષે સહુથી વધુ કહેતો.

મધ્યાહ્ન તપવા આવ્યો. સૂર્યનારાયણનાં કિરણો પૃથ્વીને શેકી નાખવા લાગ્યાં, ત્યારે આ બટુક-મંડળીએ એક નાની વૃક્ષઘટામાં વિશ્રામ કર્યો. વહેલી સવારમાં નાહેલા બટુકો તાપથી જરા કંટાળ્યા હતા, ને પરસેવાથી રેબઝેબ થયા હતા, એટલે તેઓએ ફરીથી સ્નાન કર્યું. પછી ગોત્રાનુસાર મંડળીઓ યોજી ખભે રાખવામાં આવતી યષ્ટિઓના છેડે બાંધેલી પોટકીઓ છોડી.

એ પોટકીઓમાં વિધવિધ જાતની વાનીઓ હતી. કોઇમાં જાર-બાજરાની નાની એવી ભાખરીઓ તો કોઇ પાસે સથૂવો તો કોઇ પાસે શેકેલા ચોખા હતા. કોઇની પાસે તાંદુલ અને ચણા હતા. શ્રમ અને ક્ષુધાએ પેટ ને જિહ્વા એવાં બનાવ્યા હતાં, કે રાજપુત્રોને પણ એ ભોજનમાં અત્યાનંદ આવ્યો.

ક્ષુધાતૃપ્તિ કરીને બટુકો થોડીવાર વૃક્ષઘટામાં આરામ લેવા આમ

તેમ પડી રહ્યા. કોઇએ નાની એવી બંસીઓ કાઢી, કોઇએ નાની એવી તીરકામઠીઓ ચઢાવી, અને કોઇએ વૃક્ષ પર ચઢી સુંદર સરોદે સૂત્રો લલકારવા માંડ્યાં. ઝાડવે ઝાડવે ને ઘટાએ ઘટાએ માનવપંખીઓએ કિલકિલાટ મચાવી મૂક્યો.

મધ્યાહ્ન ઉતરતો થયો અને ફરીથી બટુકોએ ખભે નાની લાકડીઓ ને તેને છેડે ભેરવેલી નાની સાજસરંજામવાળી પોટલીઓ સાથે પ્રવાસ શરૂ કર્યો. કેટલાક જિજ્ઞાસુ બટુકો જુહુ નામના રાજકુમારને મૂકવા આવેલ રાજભૃત્યને વિંટળાઈ વળ્યા ને કહેવા લાગ્યા : "તાત, અમને તક્ષશિલા વિષે કંઇ કહો ! ત્યાં અમને કોણ ભણાવશે ? અમારા ગુરુપાદ કોણ હશે ? ત્યાં અમારે કેમ રહેવું પડશે ? આ ભૂમિની પણ કંઇ ઇતિહાસવાર્તા કે રાજવાર્તા હોય તો સંભળાવો !"

રાજભૃત્ય મરીચ દેશેદેશમાં ફરેલો હતો. એ ઇતિહાસ અને રાજ-કાજનો પૂરો વાકેફ હતો. એણે કેટલાય રાજકુમારોને નીતિવાર્તાઓને બહાને શિક્ષણ આપ્યું હતું. આ બટુકોને જ્ઞાન મળે અને પંથ જલદી ખેડાય એ ઇચ્છાએ એણે ધીરે ધીરે વાત શરૂ કરી. વાતની શરૂઆત થતાં જ બધા બટુકો એની નજીક ને આજુબાજુ ચાલવા લાગ્યા. શિક્ષ-કની અદાથી મરીચે વાત શરૂ કરી.

"કુમારો, તમોએ સાક્ષાત્ સરસ્વતીના અવતાર વેદવ્યાસ ઋષિનો રચેલો 'જય'× નામનો ગ્રંથ તો વાંચ્યો હશે. એ જય ગ્રંથમાં સો કૌરવોની માતા ગાંધારીને જાણતા હશો !"

"હા, હા, અમને એ સારી રીતે વિદિત છે. માતા ગાંધારી ધૃતરાષ્ટ્રનાં પત્ની. અમારી માતાએ અમને રોજ રાતે જયગ્રંથની કથાએ કહી છે. કહેવાય છે કે, સતી–મા ગાંધારી જબરાં પતિવ્રતા હતાં. પોતાના પતિ રાજા ધૃતરાષ્ટ્ર અંધ હતા; એટલે પોતે પણ સારા પ્રસંગે આંખે પાટા બાંધી રાખતા." બારેક વર્ષના એક બટુકે વચ્ચે કહ્યું.

---

×મહાભારતનું મૂળ નામ.

" એ જ સતી–મા ગાંધારી આ ભૂમિનાં પુત્રી. ગાંધારનાં એ રાજકુમારી. ગાંધાર તો ધર્મ અને વિદ્યા, સંસ્કાર અને સંસ્કૃતિની ભૂમિ છે. એ જ સતી–મા ગાંધારીએ જ જ્યારે દુર્યોધને રણક્ષેત્રમાં જવા માટે રજા માગી ત્યારે કહેલું: ' દીકરા, **यतो धर्मस्ततो जयः** ' જ્યાં ધર્મ હશે ત્યાં જ જય હશે. મહાભારતને અંતે સો સો પુત્રોનાં મૃત્યુથી વ્યાકુળ એ ડાહ્યાં સતી–માના દિલમાં કારમી વેદના જાગી. તેમણે પ્રખર યોગી અને આ રણક્ષેત્રના મહાન પ્રેરક શ્રીકૃષ્ણને શાપ આપ્યો કે અમારા ભરતકુળની નિરપરાધ સ્ત્રીઓની જેમ એક દહાડો કૌરવકુળની સ્ત્રીઓ પણ નિરાધાર થઇ રોશે, કકળશે ને લુંટાશે. એ વેળા કર્મવીર શ્રીકૃષ્ણે એટલું જ કહ્યું કે " સતીમા, તમારી જીભમાં હું તો ભવિતવ્યતાને જ ભાળું છું. "

" શ્રીકૃષ્ણ એ જ શ્રી નેમિનાથ–ઘોર આંગિરસના જ્યેષ્ટ બંધુને ! " એક બટુક વચ્ચે બોલી ઊઠયો. અને એણે આગળ ચલાવ્યું: " નેમિનાથ તો અખંડ બ્રહ્મચારી ! અહિંસાના પરમ પ્રચારક ! રાજુલ જેવી સુંદર કુમારીને એમણે એ ખાતર છોડી દીધેલી ! મહેમાનોની મિજબાની માટે આણેલા પશુડાંઓનાં પોકાર સાંભળીને નગરદ્વાર પર ગયેલી જાન પાછી વાળેલી ! આસોપાલવના તોરણો ને હીરામોતીના સાથિયા એમ ને એમ પડ્યા રહ્યા. નાથ પાછા ન વળ્યા તે ન વળ્યા. "

" અમને એ વાત કહો ! " બીજા બટુકોએ શ્રી નેમિનાથ વિષે જાણવા ઇંતેજારી દર્શાવી.

" ના, એ વાત લાંબી છે, વળી બીજી કોઇ વાર એનું પારાયણ કરીશું. અત્યારે આ દેશ ને આ પ્રદેશની જ વાતો કરીએ. કુમારો એ સતી–મા ગાંધારીની રજથી પવિત્ર થયેલ આ ગાંધાર દેશ. સતલજ અને સિંધુ એના પ્રદેશને હરિયાળો બનાવે છે. ગાંધારની ખીણો ને ટેકરીઓ રમણીય છે. એથી ય રમણીય છે એના પુરુષો ને સ્ત્રીઓ. પુરુષો લાંબા, પડછંદ ને રૂપાળા છે. આ દેશની સ્ત્રીઓ તો લાવણ્યની મૂર્તિઓ છે. સાક્ષાત્ સરસ્વતીનો અવતાર. રાજા પુલુસાકી ગાંધારનો

એક જગપ્રસિદ્ધ રાજા થઇ ગયો. ઘણો જ ન્યાયપ્રિય ને ઘણો જ દયાળુ !

“ તક્ષશિલા એની રાજધાની. પણ તક્ષશિલા તો રાજધાની કરતાં વિદ્યાધામ તરીકે સુવિખ્યાત છે. તક્ષશિલાની સુંદર ખીણો ને ટેકરીઓ વચ્ચે આવેલ વિદ્યાપીઠ નાનું શું સ્વર્ગ છે. ઋષિધેનુઓ ત્યાં નિર્ભયપણે ચર્યા કરે છે. આશ્રમમૃગો નિર્દ્વંદ્વ વિહરે છે. મોટાં મોટાં વટવૃક્ષો નીચે અને પર્ણકુટિઓમાં સદાકાળ વેદધ્વનિ ગુંજ્યા કરે છે. પશ્ચિમમાંથી ઇરાન સુધીના, ઉત્તરમાંથી બેકટ્રીયા સુધીના, પૂર્વમાં મગધ ને પ્રાચ્ય સુધી આ વેદધ્વનિનો ઘોષ સંભળાય છે. ને અનેક વિદ્વાનો ને વિદ્યાર્થીઓ ફૂલ પર ભ્રમર ગુંજારવ કરવા આવી પહોંચે તેમ આવી વસે છે.

“ રાજા પુલુસાકી મગધપતિ મહારાજા શ્રેણિકના ખાસ મિત્ર હતા અને એ મિત્રતાના બળે મહાત્મા બુદ્ધ અને ભગવાન મહાવીરનાં દર્શન કરવા એક વાર એ મગધમાં પણ આવેલ. પણ એ રાજાના નસીબમાં બે બે ધર્માવતારોનાં ને મગધને મહામૂલું ને મહિમાવન્તુ બનાવનાર મહારાજાનાં દર્શન નહિ લખ્યાં હોય ! દુર્ભાગ્યથી રાજા અચાનક બિમાર પડ્યો ને ત્યાં જ મૃત્યુ પામ્યો. એકદા બુદ્ધદેવને જબરી વ્યાધિ થઇ હતી, રોગ કેમે મટે જ નહિ, ત્યારે આ જ તક્ષશિલા વિદ્યાપીઠના એક મહાન વિદ્વાન જીવક વૈદ્યે એ વ્યાધિનું શમન કરેલું.

“ કુમારો, રાજા પુલુસાકી પછી કેટલેક વર્ષે ઇરાનના બાદશાહ દારા ગુસ્તાશ્પે× અફઘાનિસ્તાન જીત્યું અને ગાંધાર તાબે કર્યો. અહીંથી ગાંધાર સ્વતંત્ર રાજ્ય તરીકે ગયું. ગાંધાર ઇરાન દેશના ઉદરમાં ગળી ગયું, ને ઇરાનના વીસમા પ્રાન્ત તરીકે એ લેખાયું. આ રાજકાળ પૂરો પોણોસો વર્ષ પણ ન ચાલ્યો. આ વચ્ચે મેસીડોનનો યૂનાનવંશીય

---

× કેટલાકના મતે ડેરીઅસ

રાજા સિંકદર ચઢી આવ્યો. એણે સિન્ધુ પાર કરી તક્ષશિલાને જીત્યું. જય અને પરાજય તો રાજકીય બાબતો થઇ, પણ આ રીતે ઇરાની, ગ્રીક અને હિંદુ સંસ્કૃતિના સંસ્કારો તક્ષશિલાને મળ્યા. તક્ષશિલા વિદ્યાપીઠમાં પણ જીવન રેડાયું. તક્ષશિલાની સંસ્કૃતિ અને સંસ્કાર એ તો આર્યાવર્તના સંસ્કૃતિ અને સંસ્કાર. આજે તો આ વિદ્યાપીઠની એક જ ત્રિપુટી એની મહત્તા માટે પૂરતી છે." મરીચ શ્વાસ લેવા થોભ્યો,

"કઇ ત્રિપુટી ? અમે જેઓની પાસે જઇ રહ્યા છીએ, એમની વાત સાંભળવા ખૂબ ઈંતેજાર છીએ." કેટલાક બટુકો વચ્ચે બોલી ઊઠ્યા.

"કુમારો, એમ તો તક્ષશિલા વિદ્યાપીઠનો વિદ્યાર્થી સર્વકલા વિશારદ બને છે. એની પ્રતિભા સૂર્યની જેમ ઝળકી રહે છે, એનું જ્ઞાન પુષ્પની જેમ સુવાસ પ્રસરાવે છે; છતાં ય આ બધામાં આ ત્રણ વિદ્વાન વિદ્યાર્થીઓ અજબ છે. એકનું નામ ભગવાન પાણિનિ, બીજાનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય, ત્રીજાનું નામ વરરુચિ. આ ત્રિપુટી કેવલ ગાંધારની જ નહિ, આર્યાવર્તની શોભા છે. દૂર દૂરથી અનેક છાત્રો એમની પાસે શીખવા આવે છે."

"ભગવાન પાણિનિ કયા વિષયમાં પારંગત છે ?" એક બટુકે પ્રશ્ન કર્યો.

"એમ તો સર્વ વિષયોમાં : પણ વિશિષ્ઠ રીતે વ્યાકરણ શાસ્ત્રમાં. તેઓ સ્વયં એનું નિર્માણ કરી રહ્યા છે."

"અને વિષ્ણુગુપ્ત ચાણક્ય ?"

"કોણ વિષ્ણુગુપ્ત ! આ મહર્ષિ તો ધર્મ, અર્થ ને કામ ત્રણે શાસ્ત્રોમાં પારંગત છે. શસ્ત્રવિદ્યા, અસ્ત્રવિદ્યા ને શાસ્ત્રવિદ્યા : બધી વિદ્યાઓમાં કુશલ છે. પણ છે જરા સ્વમાની ! સામા મળે તો ન છંછેડવા જેવા ! બને ત્યાં સુધી કોઇના મિત્ર બનતા નથી. એમને

મિત્ર બનાવનારને ખૂબ કસોટીમાં પસાર થવું પડે છે.” મરીચ પોતાનો લાંબો અનુભવ કહી રહ્યો હતો.

સાંજના શીતળ પડછાયા પૂર્વ તરફ વળતા હતા. હવે તો બધા તક્ષશિલા નજીક આવી પહોંચ્યા હતા. પણ બટુકો પોતાના વિદ્યાધામ વિષે જાણવા ખૂબ ઇંતેજાર હતા.

“મરીચદેવ! મહા વિદ્વાન વરરુચિનો આપે ખાસ પરિચય ન જ આપ્યો?” એક જિજ્ઞાસુ કુમારે અધૂરી રહેલી વાતને પુનઃ શરૂ કરવાના ઇરાદાથી કહ્યું.

“વિદ્વદ્વર વરરુચિ મહાન ટીકાકાર છે. ભગવાન પાણિનિના ગ્રંથો ઉપર સ્વયં ટીકા લખે છે. શિક્ષણ આપવાના વિષયમાં અત્યંત કુશળ છે. તેઓ નિપુણ વાર્તાકાર પણ છે.”

“વારુ, મરીચદેવ! અમને એમ લાગે છે, કે ત્યાં સર્વ વિષયો શિખવવામાં આવતા હશે.”

“બધી ય વિદ્યાઓ ને વિષયોના પંડિતો અહીં નિવાસ કરે છે. આ વિદ્યાપીઠની એક એક પર્ણકુટિમાં ને એક એક આશ્રમમાં અનેક પારંગતો વસે છે. અહીં વેદત્રયી તો શિખવાય જ છે, એ ઉપરાંત અઢાર કલાઓ, શિલ્પકળા, સંગીતકળા, ચિત્રકળા ને હાથકસબનો પણ અભ્યાસ કરાવાય છે. રાજકુમારોને માટે ધનુર્વિદ્યા, હસ્તવિદ્યા ને મૃગયાનું પણ જ્ઞાન અપાય છે. આયુર્વેદનું તો આ ધામ છે. જાદુ-મંત્ર પણ અહીં જ શિખવાય છે.”

“ઓહો, ત્યારે આપણાં જીવન ધન્ય બનશે. આપણે અનેક વિદ્યાગુરુના ચરણની સેવા સાધી શકીશું. અનેક કળાઓ અને બહુવિધ વિદ્યાઓ પ્રાપ્ત કરી ઘેર પાછા ફરીશું. મરીચદેવ, અમે બધા તમારા આભારી છીએ, તમે અમને વિદ્યાપીઠ અને નગર વિષે સુંદર બોધ આપ્યો છે.” બટુકોએ આભાર માન્યો.

"આ વિદ્વાનો તક્ષશિલા કરતાં પાટલીપુત્ર પસંદ કરે ખરા કે? રાજ્યાશ્રય વિના વિદ્યાની કદર ક્યાંથી?"

છેડે ચાલતા એક પંદરેક વર્ષના કુમારે આ પ્રશ્ન કર્યો. આ પ્રશ્ન વિદ્યાને માટે જતા કોઈ છાત્રને યોગ્ય નહોતો. આમાં રાજકારણની ગંધ હતી. પણ આ ભોળા ને પ્રાકૃતજનોને સહેજ આશ્ચર્ય સિવાય વિશેષ કંઇ ન લાગ્યું, છતાંય નિરક્ષર મરીચે પોતાની વ્યવહારિક બુદ્ધિને ઉપયોગમાં લઇ કહ્યું:

"કુમાર, તમારી વાત સાચી છે. રાજ્યાશ્રય વિના વિદ્યાનો વિકાસ ક્યાંથી સંભવે? પણ ભગવાન પાણિનિ તો પોતાના વિષય સિવાય અન્ય બાબતોમાં સર્વથા ઉદાસીન છે. હા, વિદ્વદ્વર વરરૂચિ ને મહર્ષિ વિષ્ણુગુપ્ત કદાચ રાજ્યાશ્રય પસંદ કરે!"

"પણ કુમાર, તમે ક્યાંથી આવો છો?" એક બાળક સ્વભાવના બટુકે આ આકર્ષક કુમારને જોઇ પ્રશ્ન કર્યો.

"પાટલીપુત્રથી."

"શા માટે?"

"અધ્યયનાર્થે!"

"કયો વિષય લેવા ઇચ્છો છો?"

"વિષયનું અધ્યયન તો કર્યું છે, કેવળ પરીક્ષા આપવા આવ્યો છું. મારો વિષય સંગીત છે. સાંભળ્યું છે, કે તક્ષશિલામાં અનેક પારંગતો વસે છે."

"તક્ષશિલાની વાત જ ન્યારી છે, ભાઈ!"

હવે દિશાઓમાંથી સંધ્યાનો પ્રકાશ ધોવાતો જતો હતો ને કોઇ મોટા વડવાગળા પર સવારી કરીને નિશાદેવી આવી રહી હતી. એના ઓઢણાના તારાઓ ગગનમંડળમાં ઝગમગી રહ્યા હતા.

આખરે તો નિશાદેવી પ્રકાશની સંપૂર્ણ રેખાઓ ભૂંસી નાખી

પોતાનું સામ્રાજ્ય જમાવીને બેસી ગઈ. તક્ષશિલા નગરને પેલે પાર વિદ્યાપીઠ આવેલી હતી. રાત પડી હતી એટલે કોટ પાર કરવો મુશ્કેલ હતો. નગરબહારની ધર્મશાળામાં રાત ગાળવા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. એક નાના એવા મેદાનમાં બધા ગોળ કુંડાળામાં નાની એવી સાદડીઓ બિછાવી સૂઈ ગયા.

રાત વધતી ચાલી. રાતે જેમ કમળપુષ્પ નિરાંતે આંખ મીંચીને પડી રહે છે; એમ બધા કુમારો ઘસઘસાટ નિર્દોષ નિદ્રા માણી રહ્યા હતા. એમનાં નસકોરાં નિરાંતની વેળાએ દૂરદૂર સુધી ગાજતાં હતાં, પણ આ વખતે એકાએક આ કુંડાળાને ભેદીને અંદર સૂતેલી કોઈ બે વ્યકિતઓ અંધારામાં સરી ગઈ.

તારાઓ ઝાંખો પ્રકાશ વેરતા હતા અને ચોકીદારોનાં તાપણાનો ઉજાશ આંખે પડતો હતો; પણ તે પ્રકાશ અને ઊજાશથી આ બે વ્યકિતઓ દૂર હતી. તક્ષશિલા નગરીના દરવાજા પરનું મોટું ફાનસ ભડકા કરતું હતુંઃ ને ઘરાની સૂબાઓના મંત્રીઓ નિરાંતે ઝોકે વળ્યા હતા. બટુકોના કુંડાળામાંથી સરકી ગયેલ આ બે વ્યકિતઓ નગરની દીવાલ આસપાસ ફરતી હતી. તેઓ ઘડીકમાં દીવાલના મૂળ તરફ તાકી રહેતા તો ઘડીક ઉપર જોતા. જાણે નેત્રની કોઈ લબ્ધિના બળે આ દીવાલ ચઢી જવા મથતા ન હોય !

અંધારી રાતે બટુકોના ટોળામાં આવા માણસો ક્યાંથી ? બન્ને જણા મુખ્ય દરવાજો વટાવી બાજુના એક દરવાજા પાસે આવીને થોભી ગયા. અંદર પહેરા પર બે જણા હતા, એક નિરાંતે ઘોરતો હતો, બીજો તલવારની મૂઠ પર માથું મુકી જરા વિરામ લઈ રહ્યો હતો. સામાન્ય પગસંચાર થતાંની સાથે વિરામ લઈ રહેલ ચોકીદારના સરવા કાન ચમક્યા. દીવાલ સાથેના ઘસારાથી એ જાગી ગયો, ને કૃપાણ હાથમાં ઊંચું પકડી અવાજની દિશામાં આગળ વધ્યો.

બન્ને વ્યક્તિઓ દીવાલ સાથે ચંપાઇને ઊભી રહી ગઈ. નીરવ રાત્રિમાં સહેજ પણ ખડખડાટ પ્રસંગ બગાડી નાખે તેમ હતો, અને

દૂરદૂરથી ઘણી ઘણી જહેમત ઝેલીને ચાલ્યા આવતા આ બે જણાના મનસૂબા ક્ષણમાત્રમાં ધૂળ મળી જાય તેમ હતા.

આટઆટલી ચાલાકી વાપરી છતાં વ્યર્થ ગઇ હોય એમ લાગ્યું. પેલા ચોકીદારની આંખો આ બે શ્યામ પડછાઓને જોઈ ગઇ. એ એકદમ આગળ ધસ્યો.

ત્યાં તો હવામાં સાધારણ એવો સુસવાટો કરતું એક કર્પણ ચોકીદારને આવી વાગ્યું. ચોકીદારે ઝડપથી આ કર્પણ ખેંચી લીધું. નાનું એવું એ વેંતનું તીર હતું. સામાન્ય રીતે ધનુષ્યથી ફેંકવાને બદલે હાથથી જ એનો ઘા થયો હતો. એનું ફણું વિષથી પાયેલું હતું. સૈનિકના લોહીમાં એ ફણાની અણી સ્પર્શી ગઇ હતી. પોતાની મદદે બીજા સૈનિકને બોલાવે તે પહેલાં જ ઉગ્ર વિષની અસરથી એ મૂર્ચ્છિત બની ઢળી પડ્યો.

સૈનિકને ઢળી પડતો જોઈ બંને અંદર ધસી ગયા; ને સૂતેલા સૈનિકના મોં પર પણ કંઇક છાંટી દીધું. આ કાર્ય પતાવી બેએક ક્ષણ એક ખૂણામાં લપાઈ રહ્યા.

શાન્તિ અખંડ જ હતી. થોડીવારે ઝડપથી તેઓ બહાર નીકળી આવ્યા. શબવત્ પડેલા બંને સૈનિકોનાં વસ્ત્રો ઊતારી પોતાના સ્થળ તરફ પાછા ફર્યા.

એ વેળા બટુકનું ટોળું નિરાંતે ઘોરતું હતું. બંને જણાએ પણ ચુપકીદીથી એમાં ભળી જઇ ઘોરવા માંડયું,

નિર્દોષ નાનાં પારેવા શાં આ બાળકોની વચ્ચે કયા ખૂની શિકારી બાજ પ્રવેશ્યા હતા? પણ આ પ્રશ્નનો ઉત્તર ઘનસ્યામ રાત્રિમાં કોણ આપે?

# ગાંધાર પર વિજય

## [ ૭ ]

**તક્ષશિલાનાં** માનવીઓ એક સવારે આ સમાચાર દિગ્મૂઢ બનીને સાંભળી રહ્યાં.

" બે લાખ પદાતિ !

" વીસ હજાર અશ્વારોહીઓ !

" બે હજાર રથી યોદ્ધાઓ !

સાંભળનારાઓનાં મોં ભયથી ફાટ્યાં જ રહેતાં. પણ ત્યાં તો બોલનાર આગળ વધતો :

" અને ત્રણથી ચાર હજાર હાથીસેના ! "

ત્રણથી ચાર હજાર હાથીવાળી સેના ? સાંભળનારના હોશકોશ જ ઊડી જતા. જાણતા હતા કે લાકડાના ગમે તેવા મજબૂત દુર્ગને પણ એ મદોન્મત્ત હાથીઓનાં ગંડસ્થળ ભેટતાં; ત્યારે આકાશમાં મેઘના ગડગડાટ જેવા અવાજો થતા. અને ગઢના લાંબા ખીલાઓ આડે ઊભેલાં ઊંટ જ્યારે ચિત્કાર કરતાં, ત્યારે ભલભલા લડવૈયાઓનાં હાડ ગળી જતાં.

એ દહાડાથી કાસદોના ઘોડા સવાર–સાંજ દૂરદૂરથી પ્રવાસ ખેડીને હાંફતા પાછા ફરતા હતા. સૈનિકોનાં જુથ કિલ્લાના બુરજો પર જમા થતાં જતાં હતાં. તલવાર, તીર ને બરછીઓ આખો દિવસ સરાણો પર ઊતરે જતી હતી. ઇરાની યોદ્ધાઓ આખો દહાડો હાથનાં નેજાં કરી તેમની કલબલી ભાષામાં કંઇ બડબડાટ કરતા દૂરદૂર નજર નાખી રહ્યા હતા.

એ ડમરી ચઢે! એ આંધી ઊઠે! દૂરદૂરથી આવતા સૈન્યની રજ પણ આકાશને છાવરી દેતી હતી, બીજી તરફથી કાસદ હમણાં જ વળી નવા સમાચાર લાવ્યો કે જળમાર્ગે પણ સેનાઓ લાંગરી રહી છે. યમુનાને કિનારે નાની એવી લડાઇ ખેલાઈ ગઇ. આપણો પરાજય થયો : ને મગધસેના ભયંકર ઝડપથી આગળ ધપી રહી છે. સમાચારો એક પછી એક મુંઝવનારા જ આવી રહ્યા હતા.

સૈનિકો શસ્ત્રસજ્જ થઇ મેદાનમાં કવાયતો કરતા હતા, ને આખો દહાડો જુદા જુદા વ્યૂહો રચતા હતા. ચોરે ને ચૌટે લડાઇની જ વાતો ચાલતી હતી. વૃદ્ધો પોતાના અનુભવો કહી જુવાનોને પાનો ચઢાવી રહ્યા હતા. સ્ત્રીઓ પતિ, પુત્ર કે પિતાના જીવનની મંગલકામના માટે મંદિરો અને મહર્ષિઓને પ્રાર્થતી હતી. દરેક ધર્મના દેવાલયોમાં જય માટે ઘંટાનાદ ને પૂજાપાઠ થઇ રહ્યો હતો. ઇરાની સૈનિકો એમના ઇશને આખરી ફતેહ માટે આરજુ કરી રહ્યા હતા.

કાસદો અને ગુપ્તચરોનાં ઘોડાંને તો આખો દહાડો જંપ નહોતો. તેઓ તો નવનવી બાતમીઓ લાવતા હતા. છેલ્લે સમાચાર લાવ્યા કે સૈન્યમાં ખુદ મહારાજા ધનનંદ અને મહામાત્ય શકટાળ પણ છે.

મહામાત્ય શકટાળ? નામ સાંભળનારને ખાત્રી હતી કે ન છૂટકે રણે ચઢનારો આ યોદ્ધો અજેય છે. એના નામમાત્રથી જ સૈન્યમાં વીજળીની જેમ પ્રાણનો સંચાર થાય છે, અને ખુદ ધનનંદ પણ ક્યાં જેવો તેવો યોદ્ધો હતો!

કંઇક ભીતિમાં, કંઇક આશા-નિરાશામાં નગરજનોએ અર્ધનિદ્રિત રાત વિતાવી, કે સવારે કિલ્લાની બહાર નોબતો ગડગડતી સાંભળી. સૈન્યના ડાબલાથી ઊડેલી રજને લીધે આખું તક્ષશિલા છવાઇ ગયું હતું.

હસ્તિદળની અને અશ્વદળની હણહણાટીથી બોલ્યો શબ્દ કાને પડતો નહોતો. હોકારા ને જયજયનાદોથી આકાશનો ગુમ્બજ ફાટતો હતો. તક્ષશિલાનો લાકડાનો કોટ બધા દરવાજા બંધ કરીને કોઈ મહા-અજગરની જેમ પડ્યો હતો.

સૂર્યદેવતાએ ક્ષિતિજ પરથી મસ્તક ઊંચું કર્યું કે સામસામા ધનુર્ધારીઓ ગોઠવાઇ ગયા. તીરોથી ભરચક્ક ભાથાંઓ પર રહેલો જમણો હાથ ઊપડ્યો કે ધનુષ્યના ટંકારવથી વાતાવરણ ગાજી ઊઠ્યું, કોટની દીવાલ પર ઊભેલા તક્ષશિલાના સૈનિકો ને કિલ્લાથી બહાર ઊભેલા મગધના સૈનિકો વચ્ચે ભયંકર ધનુષ્ય–યુદ્ધ શરૂ થયું. આકાશમાં સરસર કરતાં કાતીલ તીરો અને તીરોથી વીંધાઇને ભયંકર ચિત્કાર સાથે ઢળી પડતા યોદ્ધાઓ; આંખ ને હૃદય માટે અસહ્ય દૃશ્યો હતાં.

યુદ્ધ કસોટીભર્યું હતું. યોદ્ધાઓ ગોઠણભેર થઇ મારો ચલાવવા લાગ્યા, પરન્તુ એક પણ પક્ષ તરફથી મચક અપાતી નહોતી. મહામંત્રી શકટાલ બખ્તર ને કવચથી સજ્જ થઇ એક પાણીદાર ઘોડા ઉપર ચારે તરફ ઘૂમી રહ્યા હતા. એમની સાથે ફૂટતી જુવાનીવાળો એક નવયુવાન હતો. એણે માથે મોટું શિરસ્ત્રાણ પહેર્યું હતું. છાતીએ બખ્તર ને હાથે લોઢાના ચાપડા ચઢાવ્યા હતા. ખાંધે ધનુષ્ય–બાણ ને કેડે નાગું ખડ્ગ હતું. કેડે ટૂંકું અંબર અને નળે ને પગે લોખંડના ઉપાનહ હતા. સૈનિકો એને કંઇક મશ્કરીમાં ને કંઇક માનમાં ‘લઘુમંત્રી’ કહેતા.

તીરંદાજીથી કંઈ પણ પરિણામ ન દેખાતાં મહામંત્રીએ હયદળ તરફ ઈશારો કર્યો. નિમિષમાત્રમાં થોડા હસ્તિઓ જુદા તરી ગયા. લઘુમંત્રીની સરદારી નીચે આ હસ્તિઓ અતિવેગે સૈન્યથી જુદા પડી દૂર અદૃશ્ય થઇ ગયા. સાંઢિયાઓનું ટોળું પણ એની પાછળ પાછળ ધૂળની ડમરી ચઢાવતું ચાલ્યું ગયું. આ બધું એટલી ઝડપથી બની ગયું કે દુશ્મનોને કંઈ પણ વિશેષ ખ્યાલ ન આવી શક્યો.

છતાં આ ખ્યાલ આવતાં વિશેષ વિલંબ પણ ન થયો. અચાનક કિલ્લાના ઓતરાદા દરવાજા પર ઊંટ ગોઠવાયાં, ને મદમસ્ત હસ્તિઓનાં ગંડસ્થળ ભટકાવાના અવાજ થવા લાગ્યા. દરવાજાનાં તોતીંગ કમાડ ધણધણી ઊઠ્યાં. દુર્ગરક્ષકોએ ઉપરથી તીરોનો વરસાદ શરૂ કર્યો: પણ લઘુમંત્રીની સાથે આવેલા નાનકડા સૈન્યે ક્ષણભરમાં જ તેનો જવાબ વાળ્યો.

નગરના મુખ્ય દરવાજે મહાયુદ્ધ મચ્યું હતું. ઓતરાદા દરવાજે પણ નાની એવી સૈનિક સંખ્યાએ ભયંકર યુદ્ધ જમાવ્યું. આ સમાચાર તક્ષશિલાના નગરાધ્યક્ષને મળ્યા ત્યારે એ તરત સમજી ગયો કે દુશ્મનને કોઇએ જીવલેણ બાતમી આપી દીધી. નગરના બધા દરવાજાઓમાં આ દરવાજો કમજોર હતો, ને હુમલાની અસંભાવના કલ્પીને ઓછામાં ઓછું સૈન્ય અહીં રાખવામાં આવ્યું હતું.

એ દરવાજા ઉપર જ મારો !

સેનાપતિએ સૈન્યને એકદમ બે ભાગમાં વહેંચાઇ જવા હુકમ કર્યો. ધનુર્ધારી સૈન્ય બે ભાગમાં વહેંચાઇ ગયું; પણ એનું પરિણામ ખરાબ આવ્યું. એકની એક ટુકડીને લાંબો વખત સુધી મેદાનમાં ઝૂઝવું પડ્યું. જ્યારે મગધના ધનુર્ધારીઓને આરામ આપવા બીજું અનામત લશ્કર પાછળ તૈયાર જ હતું.

એક જ આંખનો પલકારો, ને યંત્રવત્ અનામત સૈન્યના યોદ્ધાઓ આગળ વધી આવ્યા. થાકેલા સૈનિકો આરામ લેવા ને ઘાની સુશ્રૂષા કરાવવા લશ્કરની મધ્યમાં ચાલ્યા ગયા. નવું સૈન્ય, નવું જોશ ને નવો વેગવાન મારો ! તક્ષશિલાનું એનું એ થાકેલું, ઘવાયેલું ને વિભાજિત થયેલું લશ્કર સામનો કરી રહ્યું હતું. એ થાક્યું હતું ને આરામની ખેવના હતી, ત્યાં તો ઓતરાદો દરવાજો તૂટ્યાના સમાચાર આવ્યા. સૈન્યે 'લઘુમંત્રી' સાથે નગરમાં પ્રવેશ કર્યો હતો.

મારો, કાપો, નાસો, ભાગોના પોકારોથી દિગન્ત ગાજી ઊઠ્યું. પુરજનોએ ઘર બંધ કરી દીધાં. કોઇ ભયંકર શીકારીબાજને જોતાં જ પંખીઓ માળામાં લપાઇ જાય તેમ ક્યાંય કોઇ ફરકતું નહોતું, કેવલ નગરની સૈનિકચોકી ઉપર યુદ્ધ જામતું ને સૈનિકોનાં શબ ટપોટપ પડતાં.

ઓતરાદા દરવાજાથી દુશ્મનોએ શહેરમાં પ્રવેશ કર્યાના સમાચાર જેમ જેમ વધુ ને વધુ પ્રસરતા ગયા, એમ એમ સૈન્યમાં નિરાશા પ્રસરતી ગઇ, અને હજી આટલું બાકી હતું ત્યાં તો એ દરવાજેથી રથ ઉપર આરૂઢ થયેલા મગધના ચુનંદા સવારો પૂર વેગથી નગરમાં પ્રવેશ્યા.

મુખ્ય દ્વાર પાસે હાથીઓ પણ કામે લાગ્યા. લડાયક હસ્તિદળે પણ આગળ કૂચ કરી. ધીરે ધીરે ઊકળતા દૂધમાં જેમ એકાએક ઊભરો આવે તેમ યુદ્ધમાં જબરજસ્ત વેગ આવ્યો. દુશ્મનને ચારે તરફથી ઘેરી લીધો. મગધપતિના હાથીઓએ થોડીવારમાં દરવાજાનાં તોતીંગ દ્વાર ખેરવી નાંખ્યાં, ને એક મોટા કડેડાટ સાથે એ જમીનદોસ્ત બન્યાં.

પહેલો નગરપ્રવેશ હસ્તિદળે કર્યો, પછી ઘોડેસવાર અને પછી પદાતિઓએ. તક્ષશિલાનો એકએક ખૂણો યુદ્ધના નાદથી ગાજી ઊઠ્યો.

આ તુમુલ યુદ્ધ બહુ થોડું ચાલ્યું. થોડી વાર પછી લડાઇ બંધ કરવાનું રણશીંગુ વાતાવરણને ચીરીને પડઘા પાડવા લાગ્યું. મગધનાથની જયના પોકારોથી અનન્ત સુધી દિશાઓ બધિર બની ગઇ. મગધનાથનો વિજયવાવટો તક્ષશિલાના બુરજ પર ફરકતો દેખાયો.

તક્ષશિલા જીતાયું. ઇરાની, ગ્રીક અને બીજી તમામ સત્તાઓનું આધિપત્ય છેલ્લા જુહાર કરીને વિદાય થયું. તરત મહામંત્રીનો આદેશ છૂટ્યો :

" લડાઇ જીતાઇ ગઇ છે. સહુ કોઇને મગધનાથ આશ્રય અને ન્યાય આપશે. મગધનો રાજદંડ સહુની રક્ષા કરશે. "

સાથે સાથે સૈનિકોને પણ આજ્ઞાઓ છૂટી કે એક પણ તલવાર મ્યાન બહાર ન રહે ! એક પણ ઘરને હાનિ ન પહોંચે ! પીઠ ફેરવીને રણક્ષેત્ર છોડી જતા એક પણ યોદ્ધા પર ઘા ન થાય ! શું દુશ્મન કે શું મિત્ર, કોઇપણ ઘાયલ યોદ્ધો શુશ્રૂષાનો હકદાર છે. કોઇપણ ધર્મનો ઉપાસક એની પૂજા–પાઠ ને ઉપાસના માટે સ્વતંત્ર છે.

ખુદ રાજાજી અને મહામાત્ય શકટાળ હાથીના હોદ્દે ચઢી શાંતિ સ્થાપવા ને પ્રજામાં વિશ્વાસની પુનઃ સ્થાપના માટે રાજમાર્ગ પર ઘૂમવા નીકળ્યા. ચારે તરફ અનેક ઘાયલ યોદ્ધાઓ જખમની વેદનાથી તરફડતા પડ્યા હતા. કેટલાય પાણી પાણીની બૂમો પાડતા હતા. રાજાજી

માછલું ભેટે છે, ને એ જ્યારે તેને ગળી જવાની તૈયારી કરે છે, ત્યારે પેલા હકદારની વેદનાનું તો પૂછજો ! મારા ધણી, મોટાનું-બળવાનનું કામ રક્ષવાનું-સંહારવાનું નહિ. તક્ષશિલાની જ કથા વાર્તા કરોને ! જે જાણીઓ પાકયો એ એનો ધણી બની બેઠો. અને જે ધણી થવા આવે એ નવનવા જુલમ, અત્યાચાર લેતો આવવાનો. આજે એ બળવાન છે, કાલે બીજો બળવાન નીકળશે. બળવાન બળવાનોની સાઠમારીઓ ને સંહાર ચાલશે. અને આ રીતે જગતમાં યુદ્ધોની હારમાળાઓ જ રચાશે. જો બધું આમ જ ચાલે તો શાન્તિ, નિર્ભયતા ક્યારે આણી શકાશે ? માનવી-માનવીની મિત્રતા ક્યારે દૃઢ કરી શકાય ? આજ તો એક પ્રાન્તનો માનવી બીજા પ્રાન્તના માનવીને વરૂની આંખે નિહાળે છે. એ બધું પાપ વિજેતાઓનું. મહારાજ, આપ જાણો છો, કે આજ તક્ષશિલાનો વિજેતા સિકંદર, હજી ગઈ કાલની વાત છે; ૩૨ વર્ષની જ ઉંમરે, જગતવિજેતા બની શકે તેવો એ બાદશાહ મરણ પથારીએ પડ્યો. મહારાજ, મેં તો એને નીરખ્યો છે. વીરજનોના દર્શનની મને તો બાલાવેલી લાગે છે. ગુપ્ત રીતે વણઝારાઓની પોઠોમાં પેસીને એ તરફ ગયેલો. શું એની યુવાની ને શું એનું વીરત્વ ! એનું બુદ્ધિચાપલ્ય ને યુદ્ધકલાકૌશલ્ય એટલી ઉંમરે કોઈમાં ન હોય ! મેં તો એની શકિતને મનથી નમસ્કાર કર્યા, પણ એની શકિતના ઉપયોગને તો નિંદ્યો હતો. રાજન્ ! એ જ બાદશાહ મરવા પડ્યો ત્યારે એને આ મત્સ્યગલાગલ ન્યાયનું ભાન થયું. એણે પોતાના સ્વજનો અને મંત્રીઓને કહ્યું કે મારો જનાજો× નીકળે ત્યારે મારી પાછળ મારો ખજાનો, મારી દોલત, મારું અંતઃપુર ને મારું વિશ્વવિજયી લશ્કર: આ બધાને પાછળ ચલાવજો અને મારા બે હાથ ખુલ્લા રાખી, એકમાં કાજળ ચોપડજો ને બીજામાં સફેદાઈ. લોકોને એ જાહેર કરજો કે બત્રીસ વર્ષની ઉંમરમાં જ અનેક આશાભર્યા આ બાદશાહને મોતની કરાલ દાઢમાંથી, એનો અમાપ ખજાનો, એનું પ્રિય જનાનખાનું, એનું મહાપ્રબલ સૈન્ય; કે કોઈ ન બચાવી

× શ્મશાનયાત્રા.

શક્યું. બધાંય અહીં રહી ગયાં ને એ પોતે તો ચાલ્યો; જેવો આવ્યો હતો તેવો નિષ્કિંચન! એના બે હાથ એ જન્મ્યો ત્યારે બીડેલા હતા, અત્યારે ખુલ્લા ને ખાલી છે. કેવલ કાળું ને ધોળું, સારું ને ખોટું એ સાથે લેતો ગયો. મગધના નાથ, સિકંદરની આ મૃત્યુવેળાની આજ્ઞાઓ જગતના વિજેતાઓએ સમજવાની છે. એકલો વિજય વૈભવ નહિ પણ વિનાશની તરફ લઇ જાય છે."

"મંત્રીરાજ, કવિજનોનું આ મહાદુઃખ છે. વાતવાતમાં ઉપદેશ આપવા બેસી જાય છે. આજ તો વિજયોત્સવ ઉજવો! આ વૈરાગ્યની વાતો વળી કાલે થશે. વખત ક્યાં વહી ગયો છે?" મગધપતિને આ વાતો રુચતી ન હોય તેમ લાગ્યું.

"ભલે મહારાજ, હજુ વખત નથી વહી ગયો." શાણા મંત્રીએ વાત ફેરવી લીધી. તેઓ જાણતા હતા કે કેટલીક વાર સારી વાત હિતકર્તાને બદલે કોપનું ઉદ્ગમસ્થાન બને છે.

"મંત્રીરાજ, બધાની ખબર લો છો, પણ પેલી તમારી ગુપ્તચર કોશાને તો યાદ કરો! એણે આપણને આ ઓતરાદા દરવાજાની અને બીજી ઘણી માહિતીઓ આપી આપણો વિજય સરળ કર્યો છે. એને બોલાવો તો ખરા!"

"સ્થૂલિભદ્ર એની શોધમાં જ ગયો છે. હમણાં જ આવતાં હશે."

"ખરી એ એની માયા છે. વિદ્યાસંપન્ન સ્થૂલિભદ્ર ને કલાવિશારદ કોશાની અજબ જોડી છે."

"પણ મગધપતિ, એ બધી માયા જ છે ને? માયાના રંગો કેવા હોય છે, એ જાણો છો ને?"

"તમારી વાતોમાં બધે વૈરાગ્ય જ ઝરે છે. વીરત્વનાં મેદાનોમાં અર્જુન જેવો વિષાદ શા માટે ધારણ કરો છો? ત્યાં તો વીરતા જ હોય ને એ જ શોભે?"

"એકલી વીરતા જ જો કામ કરતી હોત તો અર્જુનને પાનો

ચઢાવનાર શ્રી કૃષ્ણ ગીતાજીના મંથનની માથાકૂટ ન કરત! મહાભારતની વીરતામાં તો ફૂટી ફૂટીને વિનાશ ભર્યો હતો. ”

“ મૂકો અત્યારે એ વાતોને! મંત્રીરાજ, જોઇ શકો છો, સામેથી બે ઘોડેસ્વાર ચાલ્યા આવે છે ! ”

“ બરાબર જોઇ શકું છું. મગધના નાથ! આ આંખોમાં ગરુડનું તેજ છે. એ બે ઘોડેસવારો બીજા કોઈ નહિ, પણ સ્થૂલિભદ્ર અને કોશા છે. ”

“ કેવી જોડી! રૂપ પણ બંનેનું સરખું છે. મંત્રીરાજ, આટલું રૂપ સ્થૂલિભદ્રમાં કોનામાંથી ઊતર્યું. ” મગધપતિને વિજયોન્માદ વ્યાપ્યો હતો, એને યોગ્ય કથાવાર્તાના રસિયા બન્યા હતા.

“ હું ઓછો રૂપવાન છું ? ” મહામંત્રીએ જરા વ્યંગમાં કહ્યું.

“ ના, તમે રૂપાળા નથી, મંત્રીરાજ ? તમે તો ભવ્ય છો. કોઈ સ્ત્રી તમને પ્રાર્થના કરી શકે, નમસ્કાર કરી શકે, દેવ બનાવીને પૂજી શકે; પણ સખી બની પ્રેમ ન કરી શકે! પોતની જાતને વિદ્યાને, યોગ્યતાને વિસારી દેવાય તેવું રૂપ તો સ્થૂલિભદ્રનું છે. મને લાગે છે કે એની માતા લાછલદેનો એ વારસો હશે. ”

બંને ઘોડેસવારો નજીક આવી પહોંચ્યા હતા. સૈનિકવેશમાં કોશાને જોતાં જ મગધપતિ બોલી ઊઠ્યા : “ કોશા, તારી માના જેવી જ તું કુશળ છે. તને શાબાશી છે. તારું ઇનામ મગધના રાજદરબારમાં અપાશે. ”

કોશાએ કંઇપણ જવાબ આપ્યા વગર મસ્તક નમાવ્યું.

“ અને કોશા, પેલી બાબતનું શું કર્યું ? ” મહામંત્રીએ પ્રશ્ન કર્યો.

“ મહારાજ, એ વિદ્વાન ત્રિપુટી મગધના દરબારને શોભાવશે. વિષ્ણુગુપ્ત ચાણક્યે આપને અભિવંદન પાઠવ્યા છે. ”

“ ધન્યવાદ છે કોશા તને! મારી ઇચ્છા તેં સફળ કરી મહા-

રાજનો વિજય અમર બનાવ્યો, તક્ષશિલાનું કેવલ ભૌતિક ધન જ નહિ, સાહિત્યક ધન પણ, મહારાજ, મગધ લેતા જશે. મહારાજ, તક્ષશિલા નગરનાં કાલે ખંડિયેર થશે, પણ એની વિદ્યાપીઠ તો ચિરંજીવ રહેશે. એની સંસ્કૃતિ, સુવાસ ને સદ્‌વિદ્યાના પમરાટ કરાલ કાળના હાથે પણ નહિ ભૂંસાય. મગધને પણ ઇતિહાસના પાટલેથી ન ભૂંસાય તેવી સંસ્કૃતિનું ધામ બનાવીશું. ”

“ મંત્રીરાજ, મગધની શોભા વધે એવાં કાર્યો મને ગમે છે, એ વિદ્વાનોથી આપણી રાજસભા નવા તેજથી ચમકશે, નવો રસપ્રવાહ એમાં જીવન્ત થશે. પણ વારુ, આ ચાણક્ય વિષ્ણુગુપ્ત તમને કયાંથી પિછાણે ? ”

“ મહારાજ, એની ગરીબાવસ્થામાં મેં સહાય કરેલી. થોડું એક દ્રવ્ય અને જ્ઞાન આપેલું. બહુ વિચિત્ર ખોપરી છે, હો મહારાજ ! ”

“ ભલેને રહી વિચિત્ર ખોપરી ! મારા મંત્રીરાજની વિલક્ષણ ખોપરીમાં એ બધી સમાઈ જવાની. ”

“ મહારાજ, એ તો ઠીક, પણ મંત્રીધર્મ તો રત્નો શોધી આણવાનો, એને જાળવવાનો ધર્મ તો મહારાજનો ! ફણીધરોના માથેથી મણિ ઊતારી લાવવાનું કામ અમારું, પણ એ મણિ ઉપર ફરીથી ફણીધરોના પડછાયા ન પડે એ જોવાનું કાર્ય તો મહારાજે કરવાનું. ”

પિતાને આવું બોલતાં સાંભળી સ્થૂલિભદ્ર બોલી ઉઠયો : “ પિતાજી, એ રત્નો અજબ છે. વધુ વિચાર કર્યા વગર મગધ લઇ ચાલો ! ”

“ ભૂખ્યાને તો ભાથું મળ્યું. અલ્યા. હવે આખો દિવસ કવિતા બનાવ્યા કરશો ? ” મગધપતિએ સ્થૂલિભદ્રના કવિસ્વભાવ પર ટકોર કરી.

“ મગધપતિના દરબારમાં આ બધા કવિતાઓ કરશે અને મહારાજ, હું નાચીશ. ” કોશાએ જરા લાડમાં કહ્યું.

“ ભલે ! ” મહારાજે ટૂંકી સંમતિ આપી. હવે સાંજ પડવા

આવી હતી. ઘાયલ યોદ્ધાઓને સારવાર માટે પહોંચાડવાનું કાર્ય પૂરું થયું હતું.

રાજહસ્તી રાજમહેલ તરફ પાછો ફર્યો.

"પિતાજી, અમે વિદ્યાપીઠ તરફ જઇએ છીએ. આજની રાત આશ્રમમાં જ રહીશું."

"આશ્રમમાં કોના મહેમાન છો ?"

"એ જ વિદ્વાન ત્રિપુટીના." કોશા વચ્ચે બોલી ઊઠી. એણે કંઇક વાત છૂપાવી હતી. "મંત્રીવર્ય, આપણે અહીંથી વિદાય લઇએ તે પહેલાં તેઓને પણ તૈયારી કરાવી લેવી પડશે ને! પાટલીપુત્રના સામૈયામાં એમનો પણ હાથી હશેને!"

"પિતાજી, અમને બહુ આનંદ આવે છે; કેવું સુંદર સ્થળ! વિદ્વાનો અને વિદ્યાના સ્વરોથી ગૂંજિત. કોશાએ તો એક નાનું મૃગબાળ પણ આટલા દહાડામાં હેળવી લીધું છે."

"કોશાની વાત ન્યારી છે." મંત્રીરાજે હસતાં હસતાં કહ્યું. એમનો હાથી આગળ વધ્યો.

કોશાએ સ્થૂલિભદ્રને એક ચૂંટી ખણી. તે ધીમેથી હસી. બંનેએ પોતાના ઘોડા શહેરના એક ગુપ્ત આવાસ તરફ વાળ્યા.

થોડીવાર પછી સાદા પોશાકમાં બે કુમારો આશ્રમ તરફ ધસતા જતા જોવાતા હતા.

શુકલપક્ષની નાની એવી ચંદ્રરેખા અમૃત વરસાવતી હતી, અને આશ્રમની સુગંધી વૃક્ષઘટાઓમાંથી આહ્લાદક પવન ચાલ્યો આવતો હતો.

પેલાં બંને, હાથમાં આંગળેઆંગળાં ભીડી આગળ ને આગળ ધસ્યે જતાં હતાં; જાણે બે હરણબાળ ફલાંગો દેતા ન હોય!

# અનંગવિજય

# [ ૮ ]

**મગધના** પાટનગર પાટલીપુત્રની શોભા દેવોની અમરાવતીને ઝાંખી પાડે તેવી બની હતી. ગાંધારનો વિજય વરીને, મહારાજા ધનનંદ આજે સાયંકાળે પાટનગરમાં પાછા ફરતા હતા. આજે એમનો પ્રવેશોત્સવ હતો. મગધના અપ્રતિમ ને અત્યંત તેજસ્વી રાજમુગટમાં એક નવી યશકલગી ઉમેરાયાનો આનંદ રાજવત્સલ પ્રજાને હૈયે પણ મા'તો નહોતો.

રાજમાર્ગો અત્યંત કાળજીથી સ્વચ્છ કરીને તેના પર જળછંટકાવ કરવામાં આવ્યો હતો. નગરની હોંશીલી કન્યાઓએ આખા રાજમાર્ગને અનેક જાતનાં ચિત્રામણોથી આવરી લીધો હતો. દુર્ગ ફરતાં આસોપાલવનાં તોરણ અને કાંગરે કાંગરે દીપાવલિઓ ગોઠવવામાં આવી હતી. દુર્ગના મુખ્ય દરવાજા અને રાજમહેલનાં પ્રવેશદ્વાર મણિમુક્તાઓનાં તોરણો અને કેળ વગેરેના સ્થંભોથી શણગારવામાં આવ્યાં હતાં. રાજાજી, મંત્રીમંડળ અને વીર યોદ્ધાઓને વધાવવા માટે સોના–રૂપાના જવ લઈને, ખીલતી કુસુમકળીઓ જેવી રાજકન્યાઓ અને પુરકન્યાઓ હળવે સાદે મંગળગીત ગાઈ રહી હતી.

નગરજનોએ પણ પોતાનાં ગૃહો તોરણો, ધૂપશિખાઓ અને નાનાં નાનાં ચિત્રામણોથી અલંકૃત કર્યાં હતા. ગોખે અને ઝરૂખે, પ્રાસાદોની અગાશીએ અને મકાનોનાં છાપરાં પર પુરવધુઓ પોતાના રાજાજીને વધાવવા સર્વ સામગ્રી સાથે આવીને બેસી ગઈ હતી. દુર્ગની પાછળ આથમતા રવિનાં કેસરવર્ણાં કિરણો એ નવયૌવનાઓના પુષ્ટ રક્ત કપોલપ્રદેશો પર લાવણ્યની નવજ્યોત જગાવતાં હતાં.

અંતઃપુરમાં પણ એવી જ ધમાલ મચી રહી જતી. રાજરાણીઓ

કેશગુંફન અને દેહશૃંગાર કરીને તૈયાર થઇ રહી હતી. ગૌર અને માંસલ એમની દેહયષ્ટિઓ અત્યારે સુગંધી લેપ, અનુપમ આભૂષણો ને પુષ્પ-માળાઓના ભારથી કામદેવની રતિઓને ભૂલાવે તેવી સુંદરતા જન્માવી રહી હતી. મગધના વીર યોદ્ધાઓની અર્ધાંગનાઓને હૈયે પણ પ્રિય-મિલનની સુખદ કલ્પનાના ગબારા ઊડી રહ્યા હતા. કેટલીય વસ્ત્રાભૂષણોથી સજ્જ થતી, આવનાર પતિ માટે સત્કાર સામગ્રી તૈયાર કરતી કરતી, એમના કુશલ માટે દેવદેવીઓને યાદ કરી રહી હતી.

રાજસરોવરોનાં સૂરજમુખી પુષ્પોએ પશ્ચિમમાં પોતાનું મસ્તક નમાવ્યું કે સેનાનું વિજયવાદ્ય દુર્ગની સાથે પડઘા પાડતું ગાજવા લાગ્યું. દુંદુભિનો નાદ ને તૂરિઘોષ આકાશ ગજાવવા લાગ્યાં. ધૂળનો જબરો ડમ્મર જામતો ચાલ્યો. હયદળ, અશ્વદળ ને રથદળના ઘરઘરાટ કાનને ભરી નાખવા લાગ્યા.

રાજાજીનું સ્વાગત ! મગધનાથનું મોંઘેરું સ્વાગત ! મગધવાસીઓનાં હૈયાં લાગણીભારથી અર્ધાં અર્ધાં થઇ જતાં હતાં. એમનાં દિલ સ્વયં મંગલકામનાની આરતી ઉતારતાં હતાં. ત્યાં તો રાજહસ્તી અને તેના પરની સોને રસેલી ને મણિમુકતાએ જડેલી અંબાડી નજરે પડી. મહારાજા ધનનંદ એમાં બિરાજેલા હતા. ઊગતા સૂર્યને પણ ઝાંખો પાડે તેવી વીરશ્રી તેમના મુખ પર ઝળહળી રહી હતી. એમનું મસ્તક દેવોના રાજ્યને પણ ભેદવા મથતું હોય તેવું ઉન્નતાકાંક્ષી, વિજયમદથી ટટ્ટાર ને દુર્ધર્ષ લાગતું હતું.

મહારાજાની પાછળ જ કોશા બેઠી હતી. એના હાથમાં રેશમી ઝૂલવાળો મોટો સુવર્ણપંખો હતો. હજી એ ઊઘડતી જુવાનીમાં હતી, પણ એનો પ્રતાપ મગધવાસીઓના હૃદય પર જામેલો હતો. એના મુખમંડળને ક્ષણવાર નીરખી લેવું, એ જીવનની અમુલખ પળ લેખાતી. એનું મન મનાવી લેવામાં મગધનો નાનો સરખો વિજય મનાતો. ઘણીય રાજકારણની આંટીઓ માટે કોશાનાં દ્વાર જોવા પડતાં. કોશા

મગધની સામાન્ય કુંભદાસી, વેશ્યા કે હલકી ગણિકા નહોતી. બબે પેઢીનું રાજગણિકાપદ એના સામર્થ્યમાં વધારો કરી રહ્યું હતું.

આવી કોશા આજે તો પાટલીપુર—વાસીઓને અત્યંત પ્રતિભાવંત લાગી. તેઓએ સાંભળ્યું હતું કે ગાંધારના વિજયની સરળતા કોશાને આભારી છે. અનેક નારીઓ રાજાજી કરતાં કોશાને જોવામાં અતિ ઉત્સાહ ધરાવતી હતી. એમણે પણ પુરુષોના મોંએ એના પ્રતાપી સ્વભાવ *ને સ્વમાની શીલ* માટે ઘણું ઘણું સાંભળ્યું હતું.

રાજહસ્તી પછી એક મદઝરતા માતંગ પર મહામાત્ય શકટાળ ને લઘુમંત્રી સ્થૂલિભદ્ર બેઠા હતા. પિતાપુત્રની આ જોડી સ્વયં મગધનો વિજયાવતાર ભાસતી. બંનેના દેહ પર સુવર્ણકવચ હતાં ને માથે સુંદર મુગટ હતા. મોંઘામૂલા હીરાઓથી ઝળહળીત મૂઠવાળી લાંબી કૃપાણો કમર પર બાંધેલી હતી. ધનુષ્ય—બાણ પડખે મૂકયાં હતાં. મહામાત્ય તો મગધની પ્રજાને શ્વાસોશ્વાસની જેમ પ્રિય હતા. તેમનાં ન્યાય અને દયા ઉપર સર્વત્ર અતિવિશ્વાસ વ્યાપેલો હતો. દુષ્ટજનોને એમનો કઠોર દંડ સ્વપ્નમાં પણ ભયભીત કરતો.

મહામંત્રીના હાથીની પાછળ તક્ષશિલાની મહામહિમાવન્તી, સાક્ષાત સરસ્વતીના અવતાર સમી ત્રિપુટી હતી. વિશાળ ભાલ અને પ્રતિભાવન્ત મુખમુદ્રાઓ જોઇને મગધવાસીઓનાં દિલ સ્વયં નમી પડતાં હતાં. તક્ષશિલાના આ તપોધનો પાટલીપુત્રનું ઐશ્વર્ય જોઇ સાચે જ અમરાવતીની ભ્રમણામાં પડી ગયા હતા.

આ પછી સેનાપતિ, સેનાનાયકો અને અન્ય કર્મચારી વર્ગ ચાલતો હતો. હસ્તિઓ, અશ્વો અને રથના અવાજથી દિશાઓ કંપાયમાન થતી હતી અને જયજયનિનાદોથી આકાશ ભરાઈ જતું ભાસતું હતું. કુમકુમ, મણિમુક્તા ને સોનાંરૂપાનાં પુષ્પોની ચારે તરફથી અનરાધાર વર્ષા થઈ રહી હતી.

એ દહાડે પાટલીપુત્ર અજબ ઉત્સાહ, અદમ્ય ઉલ્લાસ અને અમાપ હર્ષની તરંગાવલિઓમાં નાહી રહ્યું. રાજાજી અંતઃપુરમાં પહોંચ્યા ત્યારે

આખું નગર દીપકોના પ્રકાશમાં ઝળાંહળાં થઇ ઊઠયું હતું. દેવમંદિરો-માંથી ઉઠતા ધ્વનિઓથી વાતાવરણ ગાજી રહ્યું હતું.

સવારી રાજદરવાજે આવીને વિખેરાઈ ગઇ. મગધપતિ શ્રમ હરવા અંતઃપુરમાં સીધાવ્યા. સેનાનાયકો અને સૈન્ય પણ વિશ્રાન્તિ માટે નિવૃત્ત થયું.

મહામાત્ય પોતાના પ્રાસાદ તરફ જતાં પહેલાં, તક્ષશિલાની ત્રિપુ-ટીની વ્યવસ્થા માટે રોકાયા. પણ એ ભાર સ્વયં સ્થૂલિભદ્રે પોતાને શિર ઉપાડી લીધો. આવા વિદ્વાનોની સેવામાં એને અંતરંગનો ઉલ્લાસ પ્રેરતો. અંતરની જ કોઇ અમૂર્ત પ્રેરણા એને વિદ્વદ્જનોની સાથે વાર્તાલાપ માટે પ્રેરતી. સ્થૂલિભદ્ર ઘણીવાર પોતાના દિલનું પૃથક્કરણ કરતો તો એને ભાસ થતો કે પોતાના હૃદયસિંહાસન પર કવિતા અને કોશા, એ બે બિરાજમાન છે. સત્તા, સમૃદ્ધિ, માનપાન જાણે એને મન કાંઇ મહત્ત્વનાં નથી. પણ જ્યારે એ પોતાના કુળનાં શીલ અને સંયમ સ્મરીને વધુ વિચારમગ્ન થતો તો કોશા લુપ્ત થઇ જતી; ને એકલી કવિતા જ ત્યાં સિંહાસનસ્થ જોવાતી. પણ કવિતાનું રૂપ ધરીને કોશા તો નથી બેઠીને : એ ભ્રમે એ ઘણી વાર મૂંઝાતો.

હોંશભર્યો સ્થૂલિભદ્ર ત્રિપુટીને શિબિકાઓમાં આરૂઢ કરાવી, પોતે ઘોડે ચઢી, તેમના માટે નિશ્ચિત કરવામાં આવેલ સ્થળે લઈ ગયો. આ સ્થળ જૂનો રાજમહાલય હતું ને દુર્ગને એક છેડે જ્યાં ગંગાની એક નાની સેર વિખૂટી પડી વહેતી હતી : ત્યાં આવેલો હતો. સ્થળ તપો-ધનોને યોગ્ય પસંદ કરવામાં આવ્યું હતું. પાછળના ભાગમાં વિસ્તૃત વનપ્રદેશ હતો. વટવૃક્ષોની ઘટાઓ અને નાનાં નાનાં સાધનાને યોગ્ય એકાન્ત સ્થળ વિદ્યાવ્યાસંગી પુરુષોને ગમી જાય તેવાં હતાં.

કેટલાક કુશળ દાસોની નિમણુંક કરી, થોડીએક વાર કથાવાર્તાની લહેજત માણી સ્થૂલિભદ્રે રજા લીધી. બહાર ઘોડો ઊભો હતો. યુવાનીના મદમાં મસ્ત સ્થૂલિભદ્રને એક ફલાંગે ઘોડા પર આરોહણ કરવાનું મન

થઈ આવ્યું. વ્યાયામ ને યુદ્ધથી કસાયેલ બદન હતું. એણે પેંગડે પગ ન નાખતાં છલાંગ મારીને સવારી કરી. અશ્વમાં પણ સવાર જેવો જ થનગનાટ હતો. એણે પણ પોતાની ગતિનું પાંડિત્ય બતાવવા માંડ્યું.

અશ્વ અને અસવાર પોતપોતાના થનગનાટમાં મસ્ત હતા, ત્યાં કોઇએ અચાનક લગામ ખેંચીને એક સાથે બંનેને સ્તંભિત કરી દીધા.

સ્થૂલિભદ્રે નેત્રોની ભ્રકુટિ લંબાવી એ દુઃસાહસ કરનારને જોવા પ્રયત્ન કર્યો.

આખા નગરને ઝળાંહળાં કરી રહેલી રોશનીનો પ્રકાશ બધે વેરાતો હતો. એ પ્રકાશમાં સ્થૂલિભદ્રે જોયું કે અશ્વની ગતિને રોકનાર એક સ્ત્રી હતી, અને તે પણ કોશાની એક સામાન્ય દાસી.

"દેવી, યાદ કરે છે." દાસીએ પ્રણામ કરતાં કહ્યું.

"દેવી ? કોણ કોશા ?" સ્થૂલિભદ્રને સ્મરણમાં હતું કે કોશા જબરદસ્તીથી પોતાનાં દાસદાસીઓ પાસે પોતાને 'દેવી' નામથી સંબોધાવે છે. એ વિલાસની મૂર્તિને અને ગણિકાપદને વરેલી નારીને 'દેવી' શબ્દની ખાનદાની કોઇ અકળ કારણે આકર્ષતી હતી.

"તારી દેવી ક્યાં છે ?" થોડીવારે સ્થૂલિભદ્રે પ્રશ્ન કર્યો.

"ચિત્રશાળામાં."

"મારું કંઇ કામ છે ?"

"હું કંઇ જાણતી નથી."

સ્થૂલિભદ્ર ક્ષણભર વિચારમાં પડ્યો. એ વિજય મેળવીને આવ્યો હતો. વિજયનો સુરા જેવો કેફ એને વ્યાપેલો હતો. રણયુદ્ધમાંથી નખશિખ અક્ષત પાછો ફર્યો હતો, આ માટે પોતાનાં પુરુષત્વને વહાલથી અભિનંદનારની તેને જરૂર હતી. આવી શુભ વેળાએ ઘેર જઇ સ્વજનોનું સ્વાગત માણવાનું સહુને દિલ હોય. એવાં સ્વજનો સ્થૂલિભદ્રને પણ

હતાં. યક્ષા જેવી વિદુષી સાત સાત બેનો હતી. શ્રીયક જેવો આજ્ઞાધારી ભાઇ હતો. વ્રત જેવા પવિત્ર પિતાજી હતા. છતાંય આ બધું સ્થૂલિભદ્રને આ ટાણે ભારે ભારે લાગવા માંડ્યું. વિદ્વત્તા, આજ્ઞાંકિતતા ને શીલ-સત્યનું વાતાવરણ જાણે એના હૃદયબોજને હળવો નહીં કરી શકે એમ તેને ભાસ્યું.

વધુ વિચાર કરતો ગયો, તેમ તેમ તેને સ્પષ્ટ લાગવા માંડ્યું કે અત્યારે તેને ગંભીર સાગરની જરૂર નહોતી, જેની સામે કેવળ શિશ નમાવી ઊભા રહેવું જ શોભે. વિજયનો કોઈ અવ્યક્ત મદ એને સીમાહીન, સ્વચ્છ સુસ્વાદુ ઝરણુની જરૂર બતાવતો હતો; જે એના દિલના તોફાનોને સાથ આપી શકે, જેમાં એ સ્વચ્છંદ રીતે ઇચ્છાતૃપ્તિ સુધી સ્નાન કરી શકે.

"વારુ, જા ખબર આપ, હું આવું છું." સ્થૂલિભદ્રે છેલ્લો નિર્ણય પ્રગટ કરી દીધો. એણે વિચાર્યું કે કોશાનું રંગભુવન હજી નથી જોયું. રંગભુવન પણ જોવાશે. અને બે ઘડી કોશા સાથે વાર્તાવિનોદ પણ થશે. મન હળવું કર્યા પછી ઘર તો છે જ ને!

દાસી પુનઃ નમસ્કાર કરી ચાલી ગઈ.

સ્થૂલિભદ્રે રાજમાર્ગ છોડી નાની નાની વીથિકાઓમાં પ્રવેશ કર્યો. વીથિકાઓ પ્રાયઃ જનશૂન્ય હતી, એટલે સ્થૂલિભદ્રનું ઓળખીતું ત્યાં કોઇ ન હતું. ભય, લજ્જા ને વ્રીડાથી ચાલતો કોશાના રંગભુવને પહોંચ્યો ત્યારે જાણે બધા ભયોથી મુક્ત થયો હોય, તેમ એણે એક દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો ને હાશ કરી.

કોશાનું રંગભુવન પાટનગરની દક્ષિણ દિશાએ આવેલું હતું. એની પડખે આવાં—પણ આનાથી નાનાં કેટલાક રંગભુવનો આવેલાં હતાં. રાજમાર્ગનો એક છેડો અહીં સમાપ્ત થતો હતો. મગધના અનેક જુવાનો, વીર યોદ્ધાઓ, રસિકજનો અહીં ફરવા આવતા. સાયંકાળે એક નાનકડું પણ્યબજાર પણ ભરાતું. કામોત્તેજક વાજીકરણો અને

પુષ્પની કળાયુક્ત વેણીઓ, માળાઓ ને ગજરા અહીં વેચાતા. ભેટ આપવા યોગ્ય વસ્તુઓ પણ અહીં મળતી.

સ્થૂલિભદ્ર રંગભુવને પહોંચ્યો ત્યારે માર્ગ ઉજ્જડ હતો. રંગભુવનમાં પ્રવેશ કરવા માટે કમાનોવાળો એક સુંદર દરવાજો હતો. દરવાજાની મધ્યમાં એક લટકતી સાંકળ સાથે નવ નવ દિવેટવાળો રંગબેરંગી દીપક પ્રકાશ વેરતો હતો. દરવાજાની ફર્શ રંગીન હતી. અને દીવાલો અનેક પ્રકારનાં ચિત્રોથી યુક્ત હતી.

દરવાજા પર બે સશસ્ત્ર પુરુષો ચોકી કરતા હતા. સ્થૂલિભદ્રને જોતાં જ બંનેએ ઊભા થઇ નમન કર્યું. સત્તાવાહી રીતે એ નમન સ્વીકાર કરતો સ્થૂલિભદ્ર આગળ વધ્યો.

દરવાજાની અંદર પ્રવેશતાં જ એક નાનકડું ઉદ્યાન દેખાયું. બન્ને બાજુ સુંદર ફુવારાઓ ઊડતા હતા અને વચ્ચે માર્ગ બનાવ્યો હતો. પાસે હોજમાં સારસબેલડીઓ ચાંચમાં ચાંચ ઘાલી પ્રણયમત્ત થઇ તરતી હતી.

આખો ઉદ્યાન નાનાં નાનાં તરુઓ અને સુગંધી ફૂલછોડથી ભરચક્ક હતો. ચંપેલી, જુઇ, કેતકી, પારિજાતક અને બીજાં મનને બહલાવી મૂકે તેવાં પુષ્પો છોડ પર લચી પડતાં હતાં. ઉદ્યાનની વચ્ચે એક નાનોશો સંગેમરમરનો માર્ગ હતો. માર્ગની બાજુમાં થોડે થોડે અંતરે નગ્ન પૂતળાંઓ અને શુક–સારિકાનાં પાંજરાઓ મૂકેલાં હતાં. કૃત્રિમ રીતે બનાવેલું એક ઝરણું ખળખળ નાદ કરતું ત્યાંના વાતાવરણમાં સંગીત ભરતું વહેતું હતું.

ઉદ્યાનની મધ્યમાં કોશાનું ભુવન આવેલું હતું. સ્થૂલિભદ્ર સંગેમરમરના માર્ગ ઉપર આગળ વધ્યો. એને અહીંની હવામાં કોઇ મુગ્ધ સુગંધ ને મત્ત કરે તેવો પમરાટ લાગતો હતો. પોતે વૈભવશાળી પ્રાસાદનો વસનારો હતો, પણ આટલું મનોહારી વાતાવરણ ત્યાં નહોતું. માનવીની વાસનાઓ મુક્ત કંઠે બહાર રમવા ચાલી આવે તેવું આ સ્થળ હતું.

સ્થૂલિભદ્ર રંગભુવનના દ્વાર પહોંચ્યા ત્યાર ત્યાં સત્કાર કરવા એક રૂપવતી દાસી ખડી હતી. આખું ભુવન બહારથી નિખાલસ સંગેમરમરનું હતું. વચ્ચે વચ્ચે સોનાથી રસેલી નાની નાની મૂર્તિઓ સિવાય બીજો શણગાર નહોતો, પણ આટલી સાદી શોભાથી આ ભુવન કોઇ દેવવિમાનની ભ્રમણા જગવતું હતું.

એક મોહક સ્વપ્નસૃષ્ટિમાં પોતે વિહરી રહ્યો છે, એવું સ્થૂલિભદ્રને ભાસવા લાગ્યું. પુણ્ય–પાપ, સારું–નરસું, હલકું–ભારે; જાણે કશું જ આ સૃષ્ટિમાં નથી. આ સૃષ્ટિ કેવળ આનંદની છે, પ્રમોદની છે, સુખની છે. સ્વર, સંગીત ને સ્મરની છે. રતિ અહીં અહોનિશ ગાયા જ કરે છે. કામદેવ અહીં સદા નૃત્ય કર્યા કરે છે. બારે માસ વસંત અહીં વિલસે છે.

થોડાંએક પગથિયાં ચઢીને સ્થૂલિભદ્ર ભુવનમાં પ્રવેશ્યો. અનેક જાતના સુશોભિત અને અટપટી રચનાવાળા ખંડ વીંધી દાસી એને દોરી જવા લાગી. ખંડ અનેક જાતનાં આભૂષણો અને બહુમૂલ્ય ભેટોથી ભરચક્ક પડ્યા હતા. કેટલાક કેવલ શૃંગારસામગ્રીઓથી જ ખીચોખીચ હતા.

સ્થૂલિભદ્ર સ્તબ્ધ હતો. એક અક્ષર પણ બોલ્યા વગર દાસીની પાછળ ચાલ્યો જતો હતો. આખરે ચિત્રશાળાના દ્વાર પર આવીને દાસી બાજુએ ખસી ગઇ. સ્થૂલિભદ્ર અંદર પ્રવેશ્યો.

અનેક અત્તરભર્યા દીપકોના પ્રકાશથી ચિત્રશાળા ઝળાંહળાં થઇ રહી હતી. એની ફર્શ પર ઇરાનના ઉત્તમ ગાલીચાઓ બિછાવેલા હતા. એની દીવાલો અને છત હાંડી, ઝુમ્મર ને તોરણોથી ઝૂકી જતી હતી. વાતાયનો, ઝરૂખાઓ અને ગોખમાં સુંદર રંગબેરંગી, બોલવામાં ખાસ કુશળ બનાવેલાં પક્ષીઓનાં પાંજરાઓ લટકાવેલા હતાં. ચિત્રશાળાના મધ્યમાં મખમલ જડ્યું નાનું વિરામાસન હતું. આ વિરામાસનની આસપાસ નાની એવી બેઠકો હતી. જુદી જુદી કલા–કારીગરીથી એ બનાવવામાં આવી હતી. એક ખૂણે કીંમતી ધૂપ ગૂચળાં વળતો બધે સુગંધ ભરતો હતો. એક ખૂણે કેટલાંએક સુવર્ણપાત્રથી ભરેલો થાળ પડ્યો હતો.

સોએક સુગંધીભર્યા દીપકોથી ઝળહળી રહેલ એક કીમતી ઝુમ્મર નીચે મોટા વિરામાસન પર કોશા લાંબી થઇને પડી હતી. એનો એક પગ વિરામાસનની નીચે પડેલા નકશીથી ભરેલા સોનાના બાજોઠ પર હતો.

ચિત્રશાળાની દીવાલો પર નગ્ન, અર્ધનગ્ન અનેક સુંદર ચિત્રો આળેખેલાં હતાઃ પણ સ્થૂલિભદ્રને તો એ ચિત્ર કરતાં ય અત્યારની કોશા અતિ સુંદર લાગી. એણે તાજું સ્નાન કર્યું હોય તેમ લાગતું હતું. તાજા સ્નાનની ભીનાશ એનાં ગૌર ને માંસલ દેહ પર ચમકી, મીઠી સ્નિગ્ધતા ઉત્પન્ન કરી જોનારનાં નેત્રોને લોભાવી દેતી હતી.

કોશાએ કમર પર એક રેશમી વસ્ત્ર બેદરકારીથી પહેર્યું હતું. એણે ઉત્તરીયને બદલે વૃક્ષસ્થળને સુવર્ણના તારોથી ગુંફિત એક નાનકડા વસ્ત્રપટથી બાંધ્યું હતું. એનો ઘનસ્યામ લાંબો કેશકલાપ ખૂબ કલામય રીતે ગૂંથેલો હતોઃ અને એમાં પારિજાતકની વેણી પહેરી હતી. એના ગૌર અને ઉન્નત વૃક્ષસ્થળ પર એક મહામૂલ્ય કંઠો પડ્યો હતો. કમર પર લાંબી કટિમેખલા પહેરેલી હતી.

એણે પોતાના અણીયાળા નેત્રોમાં કાજળ આંજ્યું હતું. રાતા ફૂલ જેવા બે કર્ણ પર લાંબા રત્નજડિત કુંડળો લટકાવ્યાં હતાં. આ કુંડળો એના ચકચકિત સુવર્ણકુંભ જેવા ગાલો પર પ્રતિબિંબ પાડતા હતા. લાંબા સેંથામાં સિંદુર તરબતર હતું. કેસરની મોટી આડ કપાળે શોભતી હતી. નખ, હાથ અને છાતી ઉપર સુંદર ચિત્રામણ કર્યું હતું

એના મોંના તાંબુલનાં બીડાં ઓષ્ઠની લાલાશને ભડકે જગાવી રહ્યાં હતાં ને મીઠી મુગ્ધ કરનારી ઇત્રની સુવાસ આખા દેહમાંથી ભભક જગાવતી હતી. બાજોઠ પર મૂકેલા પગની ગૌરવર્ણી માંસલ પીંડી આછા આસ્માની ઓઢણામાંથી ડોકિયાં કરતી સ્વયં કાવ્ય બની બેઠી હતી.

સ્થૂલિભદ્ર શુદ્ધબુધ વિસરી ગયો. પોતાનું શીલ, પોતાનું કુળ, પોતાનાં સંયમી માતા–પિતા, પોતાનો ધર્મ બધું ય વિસરી ગયો.

"કુમાર !" ચિત્રશાલાને ગુંજાવતો અવાજ આવ્યો. રણકારતી મીઠી બીનની તંત્રીને જાણે કોઈએ છેડી. સો સો દીપકોના તેજમાં ઝળાંહળાં થઇ રહેલી કોશા એક મનોમુગ્ધ કરનારી આળસ મરડતી ને અંગભંગ કરતી સ્થૂલિભદ્રના સ્વાગત માટે બેઠી થઈ.

"કોશા !" મંત્રમુગ્ધની જેમ સ્થૂલિભદ્ર સ્થિર થઇ ઊભો રહેતાં બોલ્યો.

"હા, હા, હું કોશા !" અને કોશા ઊભી થઇ. સ્થૂલિભદ્રને લાગ્યું સજીવ સૌંદર્ય, દેવોની અપ્સરાઓને પણ દુર્લભ લાવણ્ય, સદેહે એની સામે એના સ્વાગત માટે આવી રહ્યું છે. એ શું બોલવું કે શું કરવું તેનું જ ભાન ભૂલી ગયો.

કોશા સ્થૂલિભદ્રને લેવા સામે ચાલી. એના પગનાં નુપૂર નવું સંગીત છેડી બેઠાં. એ સ્થૂલિભદ્રને હસ્ત ગ્રહીને વિરામાસન પર લઇ આવી. આ મોહનિદ્રા ઉડાડવા અંતરની સમગ્ર શુભેચ્છાઓને સ્થૂલિભદ્ર સંકલિત કરી રહ્યો હતો. મહામોહ રાજાના પરાજય માટે કયાં તીવ્ર શસ્ત્રો જોઇશે, તેની વિચારણા ચલાવી રહ્યો હતો.

સ્થૂલિભદ્રને વિરામાસન પર બેસાડી એના સ્કન્ધ સાથે પોતાના સ્કન્ધને અડાડી એ બેઠી.

"કોશા, શું આ સાક્ષાત સ્વર્ગ છે, અને તું સ્વર્ગની સાચેસાચ અપ્સરા છે ?" સ્થૂલિભદ્રને સોમપાન કર્યા વગર જ કેફ ચઢ્યો હતો.

"હા કુમાર, તું સાચું કહે છે. સંદેહ ઉપજતો હોય તો હજી જરા વધુ નીરખી જો !" કોશાએ એક ભ્રૂભંગ કરતાં સ્થૂલિભદ્રના ખોળામાં માથું મૂકી શરીર ઢાળી દીધું. મુખના તાંબૂલની અને કેશમાં મધમઘી રહેલાં તેલ–અત્તરની સુગંધ સ્થૂલિભદ્રના નાકમાં ભભકી ઊઠી.

કોશાના સ્પર્શથી સ્થૂલિભદ્રના દિલમાં, એના રોમરોમમાં એક કદી ન અનુભવેલી કંપારી જન્મી. એનું હૃદય નવા વીજળીક સંચારથી ધડકધડક થવા લાગ્યું. મસ્તિષ્કમાં કોઇ ઉગ્ર આવેગ દોડવા લાગ્યો.

આંખો પર મદનનું સામ્રાજ્ય જામી ગયું. અનંગનો અશ્રાવ્ય ઘોષ રગે-રગમાં ધબકારા લેવા લાગ્યો.

"સ્થૂલિભદ્ર ! આ તારો સંસાર. આ તારી સુંદરી. સ્વર્ગનરકની વાતો ભૂલી જા ! યૌવનના આદેશને માન આપ ! જરા અને જન્મથી ઘેરાયેલી જુવાનીનો સદુપયોગ તો કરી લે ! પ્રિય કુમાર ! વ્યર્થ ભૂલા-વામાં પડીશ મા ! જપ, તપ ને શીલસંયમની વાતો કરીશ મા ! તપ-સ્વીઓના તપનું અને જ્ઞાનીઓના જ્ઞાનનું અન્તિમ પરિણામ સ્વર્ગ શું તને સ્વયંપ્રાપ્ત નથી ? સ્વર્ગના કોઇ દેવભુવનથી આ રંગભુવન ઊતરતું લાગે છે ? અમરલોકની કોઈ અપ્સરા શું કોશાથી અધિક સુંદર હશે ?" કોશા સ્થૂલિભદ્રના દેહને વધુ ગાઢ સ્પર્શ કરતી બોલતી હતી. એના શબ્દોમાં ય સુરા હતી.

"પિતાજી આપણા સંસર્ગમાં પાપ કલ્પે છે. કુમાર, ચંદ્રને જોઇ સાગર લહેરે કે ગુલાબને જોઇ બુલબુલ ઘેલું બને એમાં પાપ શાનું ! પિતાજીની એ વ્યર્થ વાતો......"

"પિતાજી ? કોણ પવિત્રતાના અવતાર પિતાજી ?" જામેલી મેલા દેવની છાયા પ્રબલ મંત્રસ્વરથી દૂર થાય ને માનવી જેમ સાવધ ને સ્વસ્થ બની જાય : એમ પિતાજીનું નામ આવતાં સ્થૂલિભદ્રનાં નેત્રો સામેથી ક્ષણવાર મદનનું સામ્રાજ્ય ખસી ગયું. એને કોશાના મસ્તકને દૂર કર્યું અને એકદમ ઊભો થઈ ગયો. કશીક અપવિત્રતા સ્પર્શી ગઇ હોય ને તેને તે ખંખેરી નાખવા મથતો હોય તેવા પ્રયત્નપૂર્વક એ બોલ્યો :

"કોશા, તું શું કરી રહી છે ?"

"વિજય પર વિજય !"

"એટલે ?"

"ગાંધારના વિજય કરતાં ય જે વિજય મારે મન મહાન છે, એના પર વિજય મેળવું છું. ગાંધારનો વિજય તો આ વિજયની પૂર્વ-

પીઠિકા હતી. આવતી કાલે રાજાજી પાસે રાજસેવામાંથી મુક્તિ માગીશ. પછી મારો સ્થૂલિભદ્ર અને સ્થૂલિભદ્રની કોશા બે જ રહેશે. એક ગાશે, બીજી નાચશે. એક ઇશારો કરશે, બીજી પ્રાણન્યોછાવર કરશે.” કોશા ખૂબ જ ભાવાવેશમાં હતી.

“ પણ પિતાજીનું શું ? કુળનું શું ? પ્રતિષ્ઠાનું શું ? કોશા, તું મને સર્વનાશના માર્ગે ન લઇ જા ! ”

“ સર્વનાશ ? કોનો સર્વનાશ ? ” કોશાએ મુક્ત હાસ્ય કર્યું. એની દાડમકળીઓ જેવી દંતપંક્તિઓ દીપાવલીના પ્રકાશમાં હજાર મણિઓનું તેજ વેરી રહી. લાંબી વેણીને હાથમાં લઇ રમાડતી રમાડતી એ બોલી :

“ પ્રિય, સ્થૂલિભદ્રનો સર્વનાશ નહિ પણ સર્વોદ્ધાર કરવાનો કોશાએ નિર્ણય કર્યો છે. સંસારમાં જે બે તત્ત્વોને સાથે રહેવાનુ નિર્માણ છે, એને સાથે જોડવાની આ જુક્તિ છે ”

“ એ નિર્ણય અને જુક્તિ જૂઠાં છે. મને છેતરનારાં છે. કોશા, આખરે તો તું ગણિકાને ! તને કુળમરજાદનું શું ભાન હોય ! ”

“ કોશા ગણિકા હશે, છે : એની ના નથી. પણ એના કોડ મગધની કોઇ પણ પુત્રવધૂ કરતાં ઓછા કે હીન નથી. કોણ જાણતું હતું કે જન્મની એકાદ ભૂલ આખી જાત બાળી મૂકશે ? ભદ્ર, મારા જીવનાધાર, જરા ઊંડો વિચાર કર ! તારા હૃદયની શૂન્યતાનું મને ભાન છે. ગઇ કાલે મને ફગાવી મંત્રી બનીશ, મહામંત્રી બનીશ, સમરવિજયી થઇશ, કદાચ બીજો મગધપતિ બનીશ, પણ હૃદયની પેલી શૂન્યતા તારો પીછો નહિ મૂકે ! તને તારા વિજયો, તારી ઉન્નતિ, તારી વિભૂતિ અધૂરી લાગશે. એ બધાંમાં કોઈ એક તત્ત્વની ઓછાશ તારી ઊંઘ હરી લેશે, તારા આરામ છીનવી લેશે, તારી પ્રતિષ્ઠાને ડંખ દીધા કરશે. અભાવ, અભાવ ને અભાવ : ઓછાશ, ઓછાશ ને ઓછાશના પડછાયા તને ઘરબાર, કુટુમ્બકબીલો છતાં ઘેરી લેશે. એ ઓછાશ પૂરી કરવા તું અનેક પત્નીઓ

પરણી લાવીશ : પણ પૂરી નહિ થાય. એ વેળા હે કુમાર, હું યાદ આવીશ. તારી ગરીબડી દાસી કોશા સાંભરશે !"

કોશા બોલતી જતી હતી ને સાથે માધુર્યની રેલ વહાવે જતી હતી. બોલતી વેળાના એના ભાવભંગ વિશ્વામિત્ર જેવાની જામેલી સમાધિ પુનઃ ચલિત કરે તેવા હતા.

સ્થૂલિભદ્ર વિચારતો હતો : કેવું સ્વરૂપ ! કેવું લાવણ્ય ! કેવો ઋણાનુબંધ !

કોશા સ્થૂલિભદ્રને વિચારમાં પડેલો જોઈ, પોતાના શબ્દોની અસર સમજી ગઈ. તપ્ત લોહ પર જ હથોડાના ઘા વિશેષ ફળીભૂત થાય છે, એ વાતનું સર્વકલાવિશારદ કોશાને પૂરતું જ્ઞાન હતું. એની કામણ કરનારી કીકીઓને ખંજન પક્ષીની જેમ ચકળવકળ કરતી એ બોલી :

" પ્રિય કુમાર, માણસ સ્વર્ગ માટે સંસારને ભજે છે. સ્વર્ગની સમૃદ્ધિ, સ્વર્ગનો એશઆરામ, સ્વર્ગનાં રૂપ એમને રાતદિન કઠોર જીવન ગળાવે છે. રણમેદાનમાં દુશ્મનનું લોહી પીતો ને પાતો યોદ્ધો મરે છે કેવલ સ્વર્ગની કામનાએ. યજ્ઞો અને ક્રિયાકાંડો થાય છે, કેવલ સ્વર્ગપ્રાપ્તિ કરવા માટે. સુખ માટે તો આ સંસાર રવડે છે. એ જ સુખ આજે તને આપું છું. જરા પાસે તો આવ. રે પ્રિય ! મારા એકાદ અંગને તો સ્પર્શ કર ! મણિ-મુક્તા, માન-પાન, કુળાકુળ હીન ભાસે છે, કે નહિ તેની ખાતરી તો કર. મારા જીવનના અકલ્પ્ય આનંદ, લાવ, તારો હાથ મારા આ પ્રેમોષ્ણ મસ્તક પર મૂક ! આ ઘનશ્યામ કેશવાળી પર એક વાર હાથ તો ફેરવી જો ! એક વાર આ કોશાનું લાવણ્ય પણ નિરખી લે ! એક વાર આ ઓરડાઓમાં ફરી કોશાની સમૃદ્ધિ જોઇ લે ! થોડા દિવસ રહી કોશાનું જીવનચાતુર્ય પણ નિહાળી જો !

સ્થૂલિભદ્રના આજાનબાહુને પોતાના કોમળ કિસલય જેવા હસ્ત-સંપુટમાં કોશા દબાવી રહી હતી.

" પણ પિતાજીનું શું ?" સ્થૂલિભદ્રના દિલમાં વારંવાર આજ પ્રશ્ન ઊઠી રહ્યો હતો.

"પિતાજી શા માટે વિરોધ કરે? અને વૃદ્ધોનો તો સ્વભાવ પડ્યો. કુમાર, ઇતિહાસમાં આમ્રપાલી છે તો કોશા શા માટે ન હોય? મહા રાજરાજેશ્વર મહારાજા શ્રેણિકના અંતઃપુરમાં દુર્ગંધા જેવી રમણીય વેશ્યાપુત્રી વસી શકે છે, તો સ્થૂલિભદ્રના અંતરમાં વસવા માટે કોશા કઇ રીતે નાલાયક છે? કુમાર, એક વાર બધું વિસરી જા! સાધકની શક્તિ વરી લે! અને વિચારી જો કે સ્થૂલિભદ્રના હૃદયની, એના કવિ-સ્વભાવની પ્રચંડ ઊર્મિઓને કોશા સિવાય શાંત કરી શકે તેવી કોઇ સ્ત્રી શું સંસારમાં જન્મી છે? જન્મજન્માંતરનો કોઈ અતૂટ સંબંધ આજ કુળ ને માનનાં હીન આવરણો દૂર ફગાવી આપણને એક કરી રહ્યો છે. કોશાને મન સંસારમાં સ્થૂલિભદ્ર સિવાય કોઇ પુરુષ નથી. તું આજે તરછોડી જઇશ, તો ઝૂરીને મરીશ. પ્રિય! એક વાર આ વ્યવહારની સૃષ્ટિને છોડી દીધી હોય તેમ બધાં બંધન વિસરી જા! વિચાર કે સ્થૂલિ-ભદ્રની જીવનતૃપ્તિ કોશા સિવાય બીજે હશે ખરી? કોશાનો જીવન–આનંદ સ્થૂલિભદ્રના આ વિશાળ વૃક્ષસ્થલ સિવાય બીજે હશે? પિતાજી આજે રીસાશે. કાલે મનાઇ જશે. લોકો આજે કહેશે, કાલે ભૂલી જશે. અપકીર્તિનો પોટલો સંસાર સાથે બાંધીને નથી ફરતો, પણ વેડફાયેલું આપણું જીવનઝરણ ફરીથી એ કાંઠે નહિ ઊભરાય. આ યૌવન, આ રૂપ, આ રસ, ફરીથી નહિ હોય. કુમાર, ચાલ્યો આવ! આ દેહને તારા હાથથી ઊંચકી લે! મસળી નાખ! આ ત્રિલોકવિજયી લાવણ્યને તારું કરી લે! આજના જેવી મીઠી વસ્લની રાત ફરી નહિ હોય."

કોશાના આ શબ્દો પર પાસેના પાંજરામાં રહેલી સારિકાએ[1] ટહૂકો પૂર્યો. ચિત્રશાળાના ઝરૂખાઓ વાટે જુઇ અને ચંબેલીની સુગંધ આવી રહી હતી. આકાશમાં વિહરતો ચંદ્ર અંદર ડોકિયાં કરતો અજ-વાળાં વેરી રહ્યો હતો. દૂર દૂર આંબાવાડિયામાં કોઇ બંસીના સ્વરો છોડી રહ્યુ હતું.

જીવન સુહાગી રાત! સૌભાગ્ય પળ! વિદ્વાન, કુશળ, પ્રતાપી

---

૧ મેના.

મંત્રીનો પુત્ર ભાન ભૂલ્યો. એ એકદમ આગળ વધ્યો. હાથી પોતાની સૂંઢથી જેમ કમળપુષ્પ ઊંચકી લે એમ કોશાને એણે ઉપાડી લીધી, વક્ષસ્થળ સાથે દાબી દીધી.

રાત વધતી જતી હતી.

દીપકો હજી ય એ રીતે બળી રહ્યા હતા. કોકિલાનો ટહુકાર હજી ય ઉન્મત્ત હતો, ને ચંદ્રનાં અમીકિરણ ચિત્રશાળાને હજી ય અજવાળી રહ્યાં હતાં.

સ્થૂલિભદ્ર ને કોશા શ્રમિત થઇ પાછલી રાતની મીઠી નિદ્રા માણી રહ્યાં હતાં.

પાટલીપુત્રની ગલીઓમાં તુરીઘોષ ગડગડતો હતો, પણ સંસારનાં સર્વ નિયમો આ સૌંદર્યભૂમિથી પર હતા.



# હું અને મારો ભદ્ર

## ( ૯ )

**સ્થૂલિભદ્ર** જાગ્યો ત્યારે સૂરજ આકાશમાં ઠીક ઠીક ઊંચો ચઢી ગયો હતો. એની આંખો ઊઘડી ગઈ, પણ કેમે ઊઠવાનું એને દિલ થતું નહોતું. આખા શરીરને તોડી નાખે તેવી આળસ તેના અંગેઅંગમાં ભરાઇ રહી હતી; ને આંખો પર હજી ય ભાર હતો.

જીવનમાં આટલો મોડો ને આટલો આળસભર્યો આજે જ એ જાગતો હતો. પુનઃ એક વાર એનાં કામદેવના સિંહાસન જેવાં કોમળ પોપચાં બીડાઇ ગયાં, થોડીએક વારમાં પુનઃ નિદ્રાભંગ થયો છતાં ઊભા થવાનું એને દિલ થતું નહોતું. રાત્રિના સંસ્મરણો ધીરે ધીરે એના સ્મરણપ્રદેશમાં ઊભરાઇ રહ્યાં હતાં.

જેમ જેમ સ્મરણ–પૂર ઉલટતું ગયું તેમ તેમ એના અંતરમાં પતનની વિષમ જ્વાલાઓ ઊભી થવા લાગી. હાર, શૃંગાર ને ચંદનનો લેપ દેહને બાળવા લાગ્યો. મખમલી સેજમાં અંગારા ભર્યા હોય તેમ એ એક પડખેથી બીજે પડખે ફરવા લાગ્યો.

આ મેં શું આચર્યું ! કોશાએ મારું અધઃપતન કર્યું. સંસારમાં મુખ દેખાડવા લાયક હું ન રહ્યો. મારા પિતા કોણ? મારી માતા કોણ? મારું કુળ કેવું? એ આખા કુળના મૂળમાં મેં કેવો અંગારો મૂક્યો?

રાત્રિની વિલાસિતાનો કેફ એને પથારીમાંથી ઊભો થવા નહોતો દેતો, પણ જેમ જેમ સૂર્ય આગળ વધતો જતો હતો; તેમ તેમ એની વ્યગ્રતા પણ આગળ જ વધતી જતી હતી.

નાસી જાઉં, ડૂબી મરું, આત્મહત્યા કરું?

ભયંકર દુઃસ્વપ્ન જેવી અવસ્થા સ્થૂલિભદ્ર ભોગવી રહ્યો હતો. અચાનક હૃદયના આ બળબળતા મધ્યાહ્ન પર મોહની છાયા ઢાળતા સ્વરો—અનેરી કર્ણમીઠાશ જન્માવતી કેકા, કર્ણપટલ પર આવીને અથડાવા લાગી.

ચંપો મોર્યો હો આંગણે,
પરિમલ પુહવી ન માય;
પાસે ફૂલી હો કેતકી,
ભ્રમર રહ્યો હો લોભાય.
આવો થૂલિભદ્ર વહાલા, લાછલદેના હો નંદ;
તુમ શું મુજ મન મોહીઓ, જિમ સાયર ને ચંદ.

આ મધુર સ્વરાવલિ ચિત્રશાળાના એક ખૂણામાંથી આવી રહી હતી, અને શાળાનો ખૂણેખૂણો મિઠાસથી ભરાઇ રહ્યો હતો. શું કંઠ-માધુર્ય ! સ્થૂલિભદ્રે કોશાને રાજસભામાં ઘણી વાર ગાતી સાંભળી હતીઃ પણ એ સ્વરો આટલા મધુર, કર્ણપ્રિય ને હૃદયસ્પર્શી નહોતા લાગ્યા. પ્રેમની કોઇ કુમકુમભરી કંકાવટીમાંથી કોમળ કિસલય જેવી આંગળીઓ જાણે લાગણીનાં કંકુ છાંટી રહી હતી.

એ મધુર કેકા આગળ વધી.

સગુણ સાથે હો પ્રીતડી,
દિન દિન અધિકી હોય;
એઠો રંગ મજીઠનો,
ધોયે ચટક ન જાય. આવો....

સ્થૂલિભદ્રની આંખો જાણે ફરીથી કોઈ મોહકનિદ્રામાં મીચાઇ જવા લાગી. એનાં પોપચાં પર ભાર આવવા લાગ્યો. બીનના સ્વરો તો ગુંજી રહ્યાં હતાં.

નેહ વિહુણાં હો માણસાં,
જેહવાં આવળ ફૂલ;

દીસંતાં  રળિયામણાં,
પણ નવિ પામે હો મૂલ. આવો....

સ્થૂલિભદ્રના નામ પર સ્વરો વધુ ગાઢ થતા અને ઘેવડાતા લાગ્યા. એમાંથી કોઇ અજબ મિઠાશ સરજાતી હતી...સ્થૂલિભદ્રને લાગ્યું કે અનન્તકાલ સુધી આ મોહક નિદ્રા ટકી રહે, અનન્ત આકાશ સુધી આ સ્વરો ગૂંજ્યા કરે ! આવી ગળાની મીઠાશ, આવી હૈયાની મધુરપતા જન્મેજન્મે નથી સાંપડતી.

કોયલડી ટહૂકા કરે,
અંબ લહેકે રે લૂંબ !
થૂલિભદ્ર સુરતરુ સારિખો,
કોશા કણયરકંબ !
આવો થૂલિભદ્ર વાહલા !*

સ્વરો અટકયા. બીનના તાર છેલ્લી વાર રણઝણી હવામાં ધીરેથી વિલીન થઈ ગયા. સ્થૂલિભદ્રની મોહક તંદ્રા સરી ગઇ. એ એકદમ બેઠો થઈ ગયો. એના તનબદનમાં જાણે નવું જીવન આવી ભરાયું હતું. યૌવનનો અદમ્ય થનમનાટ આખા દેહને ડોલાવી રહ્યો હતો.

શય્યા પરથી જ એણે સ્વરોની દિશામાં દૃષ્ટિ કરી તો સ્વયં સ્વરદેવી બનીને હાથમાં બીન લઇ કોશા બેઠી હતી.

ભૂલ્યો, સ્થૂલિભદ્ર ફરી બધું ભૂલ્યો. ઊતરતો વિલાસિતાનો કેફ ફરીથી ચઢ્યો. એ ઊભો થયો. મત્તની જેમ ડોલવા લાગ્યો.

"સ્થૂલિભદ્ર સુરતરુ સારિખો,
ને કોશા કણયરકંબ"

"કોશા અને સ્થૂલિભદ્ર ! વૃક્ષ અને વેલી, ચંદ્ર ને સાગર, ગુલાબ ને બુલબુલ, મયૂર ને વાદળ, આમ્રવૃક્ષ ને કોકિલા ! બધાં ય ઉપમા અને

---

* શ્રી રૂપવિજયજી કૃત.

ઉપમેય: પણ સ્થૂલિભદ્ર અને કોશા પાસે બધાં ય નિર્માલ્ય ને નિર્જીવ ! સ્થૂલિભદ્ર અને કોશા દુનિયામાં એક, અનન્ય ને અદ્વિતીય છે." સ્થૂલિભદ્ર કવિતા કરતો હતો કે ભાષણ તે કંઇ સમજાતું નહોતું.

સ્વરની દેવી કોશા બીન લઇને એક ખૂણે સુંદર જાજમ પર બેઠી હતી. રાતનાં અને અત્યારનાં એનાં વસ્ત્રાભૂષણો જુદાં હતાં. એના ગાઢ અને ઘન કેશ પીઠ પર છૂટા પથરાયેલા હતા, ઉન્નત ગ્રીવામાં મંદારપુષ્પની માળાઓ પડી હતી. એક આખા વસ્ત્રથી એણે શરીર એવી ખૂબીપૂર્વક ઢાંકયું હતું કે હાથના ને દેહના ડોલન સાથે મનોરમ દેહભાગ ખુલ્લા થતા ને ઢંકાતા જતા, જાણે મેઘાચ્છન્ન આકાશમાં વીજળી ઝબકતી ને અદૃશ્ય થતી ! એની કેશાવલિ પર મોટાં સુંદર મૌક્તિકની દામણી ભાલપ્રદેશને આવરતી હતી. હીરાનાં કંકણો બીનના તારની અનેક તંત્રીઓ પર તેજકણ વેરતાં હતાં.

સ્થૂલિભદ્ર આ લાવણ્યમૂર્તિને, એના ઝગમગાટ કરનાં અધીરયૌવનને એકીટશે જોઇ રહ્યો; જાણે કોશાના દેહમાં છૂપાયેલા કોઇ અમૃતનું એ પાન કરી રહ્યો ન હોય. ક્ષણવાર પહેલાંનો એનો પશ્ચાત્તાપ, એનું મનોમાલિન્ય, એની નિરાશા અત્યારે સો સો યોજન દૂર ચાલ્યાં ગયાં હતાં.

સુવર્ણજડિત ઝરૂખાઓમાં લટકાવેલાં પિંજરમાંથી સારિકા બોલી ઊઠી.

"વરવધૂ"

"વરવધૂ" સામેથી શુકે સાદ પૂરાવ્યો.

કોશા અજબ ભાવભંગી રચતી જાણે શરમાઇને ઊભી થઈ ગઇ. એના કપોલપ્રદેશ પર લાલાશના શેરડા ઊઠ્યા. એ ધીરેથી બોલી :

"જોયુંને કુમાર, મૂઆં પંખીઓ ય આપણી મશ્કરી કરે છે."

"તેં જ શિખવ્યું લાગે છે. તું કયાં ઓછી ઊતરે એવી છે ?" સ્થૂલિભદ્રે કોશાની ચાલાકી પકડી પાડી. કોશાના કપોલપ્રદેશની લાલાશ

વિશેષ તીવ્ર બની. એણે જ વર્ષોથી અંતરમાં સંઘરી રાખેલી વાસના-ઓને આજે છૂટી મૂકી હતી. ગણિકા પોતે બની કે સમાજે બનાવી : એનો દોષ એ કોઇ પોતાના વડવાઓને માથે નાખવાની માથાકૂટમાં પડવા માગતી નહોતી. સમાજને ભાંડવાની પણ એને ઇચ્છા ન હતી. ભૂતને ભૂલી વર્તમાન સાથે જ એણે મુકાબલો માંડ્યો હતો. એ ગણિકાની પુત્રી હતી, એ ન ભૂલાય તેવી બીના હતી. છતાંય બીજી ગણિકાઓની જેમ એણે વાસનાના વમળમાં બધું ખોઇ નાખ્યું નહોતું. એના અંતરમાં એક મુગ્ધાના દિલમાં જાગ્રત હોય એવું નારીત્વ જાગ્રત હતું જ. એ નારીત્વ આદર્શ વધૂપદની પણ ઝંખના કરતું. માતૃપદની ચાહના પણ ક્વચિત જાગી જતી. ધર્મ, અર્થ ને કામના જૂજવા ધર્મો એના અંતરમાં હિલોળા ખાતા.

એ અતૃપ્ત રસની પૂર્તિ કરનાર ઉમેદવારો ઘણા હતા. એમને ય સ્થૂલિભદ્ર જેવાં કુળ, એના જેવું સામર્થ્ય ને એના જેવા વાસનાવૈભવ હતા, પણ કોશા એટલું જ નહોતી શોધતી. એને કંઈ વિશેષની ખેવના હતી. એ શું શોધતી હતી, તે પોતે પણ સ્પષ્ટ કહી શકતી નહોતી; છતાં જે શોધતી હતી, તે સ્થૂલિભદ્રમાં હતું; એની તેને દઢ શ્રદ્ધા હતી.

સ્થૂલિભદ્ર પોતાને વરે તો જગતમાં બીજો પુરુષ વરવો નહિ, એ તેનો દઢ નિયમ હતો. અપાર સંપત્તિ, અજબ પ્રતાપ ને વિશાળ લાગવગ પછી એને એક જ ખામી લાગતી હતીઃ તે સ્થૂલિભદ્રે પૂરી.

આજે રાજસભા ભરાવાની હતી. તેમાં ગાંધારના વિજયોત્સવની અનુપૂર્તિ થવાની હતી. રાજસભામાં સર્વને પદવી, જમીનજાગીર ને ઇનામ આપવાનાં હતાં. કોશા અને સ્થૂલિભદ્રને પણ આમાં હાજર રહેવાનું હતું. કોશાએ એ વાતની યાદ આપતાં જ પુનઃ સ્થૂલિભદ્રનું હૃદય ધડકવા લાગ્યું. પુનઃ એની વિચારશ્રેણી પલટાણી. પતનની પ્રથમ રાત્રિની નિશ્ચેષ્ટતા ! વાસનાતૃપ્તિની નિસ્તેજતા ! કયે મોંએ સ્થૂલિભદ્ર હવે સંસારમાં હરેફરે !

ચતુર કોશા સ્થિતિ પિછાણી ગઇ. એણે વાતને ફેરવી નાખતાં કહ્યું: " પ્રિય, તમે અહીં જ રહેજો. હું રાજસભામાં જઇ આવું છું. "

અને કોશાએ ચતુર પરિચારિકાઓને બોલાવી કુમારને તૈલાભ્યંગ, ઉદ્દ્વર્તન, સ્નાન, વિલેપન વિગેરે કરવા આજ્ઞા કરી. કદાચ આવતાં વિલંબ થાય તો કુમારનું દિલ રીઝવવા ઉદ્યાનો અને ખાસ યોજેલાં વિહાર-ભુવનોમાં ફેરવવાનું સૂચન કર્યું.

એક સુંદર શિબિકામાં બેસી, કોશા રાજદરબારમાં પહોંચી ત્યારે લગભગ સભા ભરાઇ જવા આવી હતી. કોશાએ પોતાના સાજ—સામાન સાથે કર્ણમધુર સંગીતથી સભાનો પ્રારંભ કર્યો. આજ એનું દિલ ઉત્સાહમાં હતું. સામે જ પીઠિકાઓ ઉપર તક્ષશિલાની વિદ્વાન્ ત્રિપુટી બિરાજમાન હતી. કોશા તો તક્ષશિલાના વિદ્યાપીઠમાં સંગીતની પરીક્ષા આપવા ગયેલી. એ વેળાથી જ તેઓ તેના કંઠની દિવ્ય સુરાવલિ ને સ્વરાવલિથી સુપરિચિત હતા જ, છતાંય આજે એ સૂર અને સ્વરો પાછળની ખુમારી અજબ હતી.

સંગીત પૂરું થયું ને મહારાજાએ મહામંત્રીને ' સમરકેસરી ' નું બિરુદ આપ્યું. પણ સ્થૂલિભદ્ર ક્યાં ? ક્ષણવાર પ્રશ્ન જન્મ્યો ને તરત જ શમી ગયો. મહારાજની આજ્ઞાથી મહામાત્યે એક પછી એક સર્વેને માનઅકરામ આપ્યાં.

વિદ્વાન ત્રિપુટીનો પણ તેઓએ મગધની ભૂમિ પોતાની લાગે એ રીતે સત્કાર કર્યો.

એ પછી વારો આવ્યો કોશાનો. ખુદ મહારાજ નંદે કોશાને ઇચ્છિત માગી લેવા કહ્યું. કોશા ધીરેથી ઊભી થઇ અને નમ્રતાથી હાથ જોડી બોલી:

" એક જ વર માગું છું, મહારાજ ! આપશો ને ? "

" અવશ્ય. "

" રાજગણિકાના પદથી નિવૃત્તિ ! "

" કેમ ? "

"કારણ કંઇ નથી. મનુષ્યના મનસુબાઓ જ એવા વિચિત્ર હોય છે. રાજી થઇને માગું છું. મહારાજ, આપો તો એ વરદાન આપો! આપની કૃપાથી બીજી કોઇ વાતની કોશાને ત્યાં ખામી નથી."

"કોશા, શું રાજસેવા અકારી લાગી?"

"ના, મહારાજ! મગધ માટે તો કોશાનું જીવન છે. ફરી વાર મહારાજ યુધ્ધે ચઢે ત્યારે આ ચરણરજ તૈયાર જ છે. મગધ અને મગધના નાથ તો મારા ઉપાસ્ય દેવ છે. જેની પેઢીની પેઢીઓએ દેહ, દોલત અને રૂપ મગધ પાછળ ખર્ચ્યાં હોય, એની જ એક પુત્રી પોતાની પેઢીને કેમ બેવફા નીવડશે?"

"કોશા તું તો રાજસભાની શોભા છે. છતાં ય તારી ઊંચી સેવાઓ લક્ષમાં લઇ તને રાજસેવામાંથી મુક્ત કરું છું. કોશા, તારી કળાઓનો, તારી વિદ્યાઓનો લાભ પ્રજાને આપતી રહેજે!"

કોશાએ કંઇપણ ઉત્તર ન આપતાં અવનત મસ્તક કરી બે હાથ જોડ્યા. આજ્ઞા શિરોધાર્ય કરી હોય તેમ સૂચવ્યું.

આ પછી રાજસભાનું કામ આગળ ચાલ્યું. સ્થૂલિભદ્ર ફરીથી બેએક વાર સાંભર્યો. મહારાજાનું દિલ એની પીઠ થાબડીને શાબાશી આપવાનું હતું, પણ એ તો ન જ દેખાયો. સભામાં માનવમેદની ખૂબ મળી હતી. વિશેષ ચર્ચાને અવકાશ નહોતો, બધાની સાથે સ્થૂલિભદ્રને પણ એક નાની પણ સુંદર પદવી આપવાની જાહેરાત કરવામાં આવી. સભા પૂરી થઇ. મહારાજા અંતઃપુરમાં પધાર્યા. મહામાત્ય મહારાજાની પાછળ જવાને બદલે સભાગૃહમાં થોડીવાર ઊભા રહ્યા. મહામાત્યની આંખો ઘણીવારથી સ્થૂલિભદ્રને શોધી રહી હતી.

રાજસભા સમાપ્ત થયા પછી અંતઃપુરની રાજરાણી અને રાજકન્યાઓ વચ્ચે ફરતી કોશાને મંત્રીરાજે પોતાની શિબિકા નજીક બોલાવી પ્રશ્ન કર્યો:

"સ્થૂલિભદ્ર ક્યાં છે?"

"મારે ઘેર, મંત્રીદેવ!"

"કેમ?"

"મને એમણે સ્વીકારી છે." કોશા એકદમ ધીમા સૂરે બોલી.

"તને સ્વીકારી છે?" મહામાત્યનું ગંભીર મુખ એકદમ ફેરવાઇ ગયું. એમની આંખોમાં જાણે અગ્નિ પ્રકટ્યો. કોશા એ અગ્નિની સામે મીટ માંડી ન શકી.

"કોશા, જાણે છે કે તું કેવું ગંભીર કૃત્ય કરી બેઠી છે!"

કોશાને લાગ્યું કે આ શબ્દો નહોતા પણ પ્રલયના કડાકા હતા.

"મહારાજ, નિરુપાય હતી, પૂર્વજન્મનું અમારું નિર્માણ જ એમ લાગે છે. આપની ગરીબ પુત્રી છું. જળ અને મીનની પ્રીતવાળાં અમને આપ બાળી શકશો, પ્રજાળી શકશો; પણ જુદાં નહીં પાડી શકો. પૂજ્ય દેવતા, બાળવા કે જીવાડવા, કેમ કરવું ને કેમ વર્તવું આપને હાથ છે."

કોશા બીજું કંઇ ન બોલી. આટલા શબ્દો પણ એણે સાહસ કરીને ઉચ્ચાર્યા હતા.

મહામાત્યે શિબિકાના ભૃત્યોને ઇશારો કર્યો. એમનાં નેત્રોમાંથી અગ્નિ વરસતો જ હતો. વધુ ચર્ચા કરીને વાત વણસાડવામાં એમણે બુદ્ધિમાની ન માની. શિબિકા ત્વરાથી આગળ ચાલી.

કોશા મસ્તક નમાવીને જ ઊભી હતી. મહામાત્ય કયારે આગળ ચાલ્યા ગયા, તેનું તેને ભાન ન રહ્યું. થોડીવાર પછી જ્યારે એણે બીતાં બીતાં મસ્તક ઊંચું કર્યું, ત્યારે સામે કોઇ નહોતું.

કોશા અંતઃપુરમાં ન જતાં સીધી પોતાના આવાસ તરફ વળી. એક ભાર તેના હૃદય પરથી ઓછો થયો હતો. બીજો ભાર વધ્યો હતો. જો કે કોશાને આ વાતની ખાતરી પહેલેથી જ હતી. એ એને માટે તૈયાર પણ હતી જ.

સાચા પ્રેમીઓ અગ્નિ, પ્રલય કે દુનિયાની કોઇ સત્તાથી કદી ડર્યાં નથી. કોશા એવી પ્રેમી બની હતી.

# વરરુચિ

## ( ૧૦ )

**મગધનું** મહારાજ્ય દિવસો સુધી વિજયોત્સવમાં ડૂબ્યું રહ્યું. નંદરાજને આર્યાવર્તનું ચક્રવર્તીપદ વર્યું હતું. પાટલીપુત્ર આર્યાવર્તનું પાટનગર બન્યું હતું. પ્રખ્યાત લિચ્છવી લડવૈયાઓને નંદરાજે વધુ છિન્ન-ભિન્ન કર્યા હતા : અને એક પણ ક્ષત્રિય રાજ્યને નમાવ્યા વિના બાકી મૂક્યું નહોતું. પ્રતાપી કાશી–કોશલે મગધની આજ્ઞાધીનતા સ્વીકારી હતી. અંગ અને અવન્તી પણ તેમનાં બન્યાં હતાં.

મહાપદ્મની પદ્મસેનાએ અને મગધનાથ ધનનંદની ધનતૃષ્ણાએ: મહામંત્રી શકટાલ જેવાની [1]એકેશ્વર્યસેવાએ અને ગંગા તથા સોનનાં ફલદ્રુપ તીરોએ મગધને ઐશ્વર્યવંતુ, વૈભવશાળી અને અપ્રતિમ બનાવ્યું હતું. પરદેશીઓએ સહેજવારને માટે પદદલિત કરેલ ગાંધારનો પણ વિજય કર્યો. વિદેશીઓની રહીસહી સત્તા પણ નષ્ટ થઇ ગઈ. મગધનો શાસન-સૂર્ય સોળે કળાએ આર્યભૂમિ પર તપવા લાગ્યો.

આ તાપ સામે મીટ માંડવાની તાકાત કોઇ રાજ્યની રહી નહોતી. મગધની મહાન ધ્વજા સામે ગર્વોન્નત મસ્તકે ઊભા રહેવાની પણ શક્તિ રાખનારો કોઈ શત્રુ બાકી નહોતો. મગધનાથનો શબ્દ એ આર્યાવર્તનું ભાવિ હતું. મગધરાજનો નિધિ એકલો જ ભારતવર્ષની સમૃદ્ધિ બતાવવા પૂરતો હતો. મગધરાજની સૈના દિશાના દેવોને પણ કંપાવવા શકિતમાન હતી.

---

૧. એક સ્વામીથી જીવનમાં બીજો સ્વામી ન કરવો

યુધ્ધે ચઢવાના, રણ ખેલવાના ને વિજયોત્સવ માણવાના એ દિવસો પૂરા થયા હતા. શત્રુનો ડર સ્વપ્નમાં પણ નહિવત્ થયો હતો. રાજા અને કર્મચારી વર્ગમાં કેવળ વિજયોન્માદ જ રહી ગયો હતો. સિંહણના દૂધ જેવો આ વિજયોન્માદ મગધનાં રાજકુળોએ પરાક્રમ-શીલતાથી પીધો હતો, પણ પચાવવાની વેળા હવે આવી ઊભી. ફણીધરોના મણિઓ ઊતારી લાવનાર મહારથીઓને એ મણિનાં પ્રકાશ જીરવવાની કસોટી હવે આવી ખડી રહી. બહારના શત્રુઓ સામે લડનારા આ સિંહસંતાન યોદ્ધાઓને બહારની લડાઈઓ હવે ઓછી થઇ હતી, પણ લડાઇ-શૂરતાનો એમનો જુસ્સો તો કાયમ જ હતો. એ હવે ઘરઘરની તકરારોમાં વપરાવા લાગ્યો હતો. થોડા જ વખતમાં અંતરના શત્રુઓ સામે ઝૂઝવાના પ્રસંગો આવી ઊભા. પારકાની સાથે લડ-નારાઓ મદ ને ઉલ્લાસમાં પોતાનું પણ ભાન ભૂલી જતા હોય તેમ જણાયુ.

પાટલીપુત્રના કાંગરે કાંગરે રોજ દીપકો ઝળહળ્યા કરતા અને રાજસભાઓમાં પ્રશસ્તિસૂત્રોની સાદી, સામાન્ય અલંકારવાળી ભાષામાં તક્ષશિલાની વિદ્વાન ત્રિપુટીએ કાવ્ય, કથા ને અલંકારનો સમુદ્ર ઠાલવવા માંડ્યો હતો. રોજ પ્રશ્નાવલિઓ, રોજ પ્રહેલિકાઓ-સમસ્યાઓ, રોજ નાયકનાયિકાના ભેદોની રસભરી ચર્ચાઓ થવા લાગી હતી. શસ્ત્રોના ખણખણાટ અને માથાના મોહ મૂકી રણવાટ જવાની સમર્પણતાને બદલે હવે પુરુષો અને સ્ત્રીઓની કળાઓ, સંગીત, શ્રુતિ, તાન, લય ને ગ્રહની ચર્ચાઓ, તાંડવ અને લાસ્યના નૃત્યભેદો, જ્યોતિષ અને નાટ્યારંભો વગેરેની ચર્ચાઓ ચાલવા લાગી હતી.

આ સર્વમાં પણ વિદ્વાન વરરુચિએ અગ્રગણ્ય સ્થાન મેળવી લીધું હતું. ભગવાન પાણિનિ પોતાના વિષયમાં એટલા અંતર્મુખ થઇ ગયા હતા કે તેઓ ભાગ્યે જ બીજી ચર્ચાઓમાં રસ લઇ શકતા. ન-છૂટકે તેઓ રાજસભામાં આવતા, સ્વયં વિદ્વત્તાના-અવતાર હોવા છતાં

રાજસભામાં સાહિત્યની ચર્ચામાં કદી ન ઊતરતા. ભાગ્યે જ વાદ-વિવાદમાં ભાગ લેતા.

ભગવાન પાણિનિ પછી શ્રી વિષ્ણુગુપ્ત ચાણક્યનું સ્થાન આવતું. તેઓનું સ્થાન રાજસભામાં મહત્ત્વભર્યું હતું. તેજસ્વી તારકની જેમ આખી સભાને પોતાના અપ્રતિમ તેજથી તેઓ છાવરી દેતા. તેઓની હાજરીમાં બધા કંઈક મર્યાદાવશ બની જતા. મહામાત્ય શકટાળના એ ખાસ પ્રિય હતા. અવારનવાર શિબિકામાં બેસીને મહામાત્યના પ્રાસાદ તરફ જતા જોવાતા. મહામાત્ય પણ તેમને ઘણું માન આપતા : છતાં ચાણક્ય સદાય દુર્ધર્ષ જેવા લાગતા. સ્વમાની એટલા કે એમના મોંએ પ્રશંસાનાં કાવ્યો આણવા મુશ્કેલ હતાં. મિતભાષી પણ તેટલા જ. છતાં રાજસભામાં કોક જ પ્રચંડ વાદી તેમની સામે બાથ ભીડતો. બાથ ભીડનારને પૂરેપૂરો પરાસ્ત કર્યા સિવાય જવા દેવાનું એમના સ્વભાવમાં જ નહોતું. મહારાજ નંદ પણ આ વિદ્વાનને વધુ છંછેડતા નહિ.

વિદ્વાન વરરુચિનો સ્વભાવ આ બન્નેથી નિરાળો હતો. કવિત્વના રસિયા, પ્રશ્નપ્રહેલિકાના પરમ પ્રેમી; મહાન શીઘ્રકવિ હતા. વેદવેદાંગ અને શાસ્ત્રોના જબરા જ્ઞાતા હતા. ભગવાન પાણિનિ અને વિદ્વાન વરરુચિએ એક જ ગુરુને ત્યાં પ્રારંભમાં વિદ્યાધ્યયન કરેલું. એ વેળા પાણિનિ મૂર્ખ વિદ્યાર્થીઓમાં લેખાતા અને વરરુચિ શ્રેષ્ટ પંક્તિના વિદ્યાર્થીઓમાં પંકાતા. ગુરુવર્ય વર્ષ વરરુચિ પર ખાસ પ્રેમ દેખાડતા. વર્ષની સૌંદર્યવતી પુત્રી ઉપકોશા પણ [1]વરરુચિ સાથે વાર્તાલાપ કરવાની હોંશીલી હતી.

એકદા પાણિનિને પોતાની મતિમંદતા માટે અત્યંત ગ્લાનિ પેદા થઇ. તેવામાં ગુરુદેવ વર્ષે તેમજ ગુરુપુત્રી ઉપકોશાએ અત્યંત તિરસ્કાર કર્યો. મતિમંદ પાણિનિને જીવન અકારું લાગી ગયું. એ એક દહાડો હિમાલય તરફ ચાલ્યા ગયા. કેટલાંક વર્ષો બાદ પુનઃ આ મતિમંદ

શિષ્ય ગુરુ વર્ષના શિષ્યમંડળની સામે આવી ઊભો રહ્યો. એની કાન્તિ દિવ્ય બની હતી. મુખ પર વિદ્વત્તાનું તેજ ઝળહળી રહ્યું હતું. એણે ગુરુદેવના તમામ શિષ્યોને શાસ્ત્રાર્થ માટે આવાહન આપ્યું. પાણિનિ જેવાને હરાવવા અનેક શિષ્યો તૈયાર થઈ ગયા, પણ ક્ષણવારમાં જ તેમને તેમની અલ્પતાનું ભાન થઈ આવ્યું. આખરે શિષ્યસમુદાયમાં વડેરો અને ગુરુનો પ્રિયશિષ્ય વરરુચિ મેદાને પડ્યો.

બે રણશૂરાઓ મેદાને પડે અને જેમ તેમનું દ્વંદ્વ અજબ રસાકસી ભરી રીતે ચાલે એમ આ બંનેનું થયું. બંને સમર્થ વિદ્વાનો ! સાત સાત દહાડા સુધી આ વાદસભા લંબાણી. અંતે વરરુચિનો પરાજય જાહેર થયો. પાણિનિના વ્યાકરણની નવપ્રતિષ્ઠા થઈ.

આ પ્રસંગે વરરુચિને અત્યંત કષ્ટ પેદા કર્યું. સુંદર ગુરુપુત્રી ઉપકોશા પણ હાથથી સરી જતી લાગી. ગુરુદેવના શિષ્યમંડળમાં પોતાનું આધિપત્ય સદાને માટે ચાલી જતું ભાસ્યું. આ પરાજયે એને મૃત્યુની વેદના જન્માવી. કેટલાય દિવસો સુધી એ બહાર ન નીકળ્યો. એક સવારે એની પર્ણકુટિ ખાલી મળી આવી.

કુમારી ઉપકોશાએ ખૂબ શોધ કરી. ગુરુદેવે પણ બધા આશ્રમોના સમાચાર મંગાવ્યા, પણ ક્યાંય એની ભાળ ન મળી. આ

---

૧ एकश्रुतधरोजातो विद्यां वरसादवाप्स्यति,
किंच व्याकरणं लोके, प्रतिष्ठां प्रापयिष्यति ।
नामना वररुचिर्लोके तत्तदस्मप्ररोचते,
यद्यद्वरं भवेत् किंचिदित्युक्त्वागुपारमत् ।

તે એક દિવસ સાંભળવાથી જ વિદ્યા ભણશે, વર્ષ નામના કોઈ બ્રાહ્મણ પાસેથી એને વિદ્યા મળશે. તે લોકમાં વ્યાકરણની સ્થાપના કરશે. સુંદર રુચિર વાર્તાઓનો પ્રગટકર્તા થઈને તે વરરુચિ કહેવાશે.

—બૃહ.કથા

પછી ઘણું ઘણું પરિવર્તન આવી ગયું. પાણિનિ તક્ષશિલા ચાલ્યા ગયા. ગુરુદેવ વર્ષ પાટલીપુત્રમાં રાજ્યાશ્રયે આવી વસ્યા. ત્યાં એક દહાડો તક્ષશિલા વિદ્યાપીઠમાં વરરુચિ આવીને ઊભો રહ્યો. પાણિનિ પ્રત્યે એનો પરાજય-ડંખ હજી તાજો જ હતો, પણ પાણિનિએ વરરુચિનું પ્રેમથી સ્વાગત કર્યું. વિદ્યાપીઠમાં એનું સ્થાન મોટું બનાવ્યું. અનેક શિષ્યોને એની પાસે શિક્ષા લેવા મોકલ્યા. એનું બનાવેલું પ્રાકૃતવ્યાકરણ વિદ્યાર્થીઓને શિખવવા માંડયું. આ બધું માન મળતાં વરરુચિનો દ્વેષીલો આત્મા શાંત થયો. એની અમાપ વિદ્વત્તાએ મોટું શિષ્યમંડળ એકઠું કર્યું.

તક્ષશિલાના આ દિવસોમાં એમને ચાણકય સાથે પરિચય થયો. આ ત્રિપુટી તક્ષશિલા વિદ્યાપીઠની શોભા બની ગઇ. ચાણકય વ્રતધારી બ્રાહ્મણનો પુત્ર હતો. ભૂખ, દરિદ્રતાના દુઃખે એને કઠોર, ડગલે ડગલે નડતી નિષ્ફળતાઓએ એને દુર્દમ્ય અને વિદ્યા પ્રત્યેના એકમાત્ર પ્રેમે એને પ્રકાણ્ડ વિદ્વાન બનાવ્યો હતો. સ્વમાનશીલ સ્વભાવ, બોલેલું પાળનાર, તમામ જાતની વ્યવહારિક ને પારલૌકિક નીતિઓમાં નિપુણ આ બ્રાહ્મણશ્રેષ્ઠ વિદ્વાનને રાજાઓ પણ મસ્તક નમાવતા. એની ઓછાબોલી જિહ્વામાં સંજીવની હતી. મુડદાલ તથા કાયરમાં એ ચાર શબ્દોથી પ્રાણ ફૂંકી શકતો. એનાં નેત્રોમાં ભયંકર વજ્ર જેવો આતશ હતો. ગમે તેવા પ્રતિસ્પર્ધીને ગાળી દેતાં એને લેશ પણ સંકોચ ન થતો. ઘણા જ્યોતિર્વિદો કહેતા કે ચાણકય રાજા થશે. એક શ્રમણે કહેલું કે એ બિંબાતરિત[1] રાજા થશે. ચાણકય વિદ્યાનો રસિયો હતો. યોગ, ઇશ્વરભકિત ને નિર્મોહીજીવન એનાં આદર્શ હતાં. અનાસકિત એના રોમરોમમાં ગૂંજતી હતી. માનપાનનો એ ભૂખ્યો નહોતો, કારણ કે જ્યાં જતો ત્યાં એને એ સ્વયં આવી ભેટતું. હિરણ્ય, ધન કે ભૂમિની એને આકાંક્ષા નહોતી. મહર્ષિ થવું એ તેનો જીવન આદર્શ હતો. એના મિત્રો ઓછા હતા; સેવકો ઘણા હતા.

આ બધાને પાટલીપુત્રમાં આણનાર મહામાત્ય શકટાળ રણશૂર

અને સાહિત્યશૂર બંને હતા. પાટલીપુત્રમાં આવવા લોભાવનાર સ્થૂલિભદ્ર ચાણક્યનો જૂનો પરિચિત હતો. કોશાનું રૂપલાવણ્ય ને કલાકુશળતા પણ સર્વને વિદિત હતી, અને કોશા જેવી સુંદરીના નગર વિષે તેમને ઘણી સુંદર કલ્પનાઓ હતી. સાથે ગુરુદેવ વર્ષ અને ગુરુપુત્રી ઉપકોશા ત્યાં વસે છે; એ સમાચારે સર્વેને એને વિશેષે કરીને વરરુચિને ઉત્સાહિત કર્યા હતા.

પાટલીપુત્રના રાજદ્વારે અને પાટલીપુત્રના ઐશ્વર્યે વિદ્વાનત્રિપુટીને સ્તબ્ધ કરી દીધી હતી. તેઓને લાવનાર મહામાત્ય શકટાળ પોતે હતા, આ કારણે રાજ્યમાં પણ તેમનું ચલણ વધ્યું હતું. રાજ્યના સંનિધાતા કે સમાહર્તા જેટલું તેમને માન મળતું.

પણ આ બધાં માન–પાન પાણિનિ અને ચાણક્યની નિર્લોભતા, પ્રકાણ્ડ પાંડિત્ય અને તટસ્થવૃત્તિને કમલપત્રની જેમ ન સ્પર્શી શક્યાં, પણ મહત્ત્વાકાંક્ષી વિદ્વાન વરરુચિના દિલમાં એક નવી ભાવના જગાવી. મહામાત્યની કૃપાદૃષ્ટિ અને અત્યંત વિશ્વાસે એને એમનો જ જાણેઅજાણ્યે પ્રતિસ્પર્ધી બનાવવા માંડ્યો. એની મહેચ્છાઓ દિવસે દિવસે બલવત્તર બનવા માંડી. સાહિત્યસેવક કે કવિનું ભિક્ષુજીવન એને હવે નિર્માલ્ય લાગવા માંડ્યું. પોતે વિદ્વાન છે એટલે શું? શકટાળ પણ ક્યાં ઓછા છે? તો શા માટે શકટાળની સરખાઈએ ન પહોંચવું.

રાજસભામાં વિદ્વાન વરરુચિ ધીરે ધીરે મહામાત્યની પ્રતિસ્પર્ધામાં ઊતરવા લાગ્યો. શિષ્યથી તો પરાજય પણ સારો[2] એ ન્યાયે મહામાત્યને આ પ્રતિસ્પર્ધામાં કંઈ મેલું તત્ત્વ ન લાગ્યું. આ સ્થિતિએ મગધનાથના દિલમાં પણ વરરુચિ માટે સ્થાન કર્યું. જેમ

---

૧ બિંબાતરિત રાજા એટલે રાજા ન થાય, પણ રાજા જેટલી સત્તા પ્રાપ્ત કરે.

૨ शिष्यादिच्छेत् पराजयम् ।

જેમ મગધરાજનું એ પ્રીતિભાજન થતો ગયો તેમ તેમ એની મહેચ્છાઓ સીમા વટાવવા લાગી.

ગુરુપાદપૂજન માટે સવારે ગુરુદેવને ત્યાં એ જતો. આ વેળા ઉપકોશા એની નજરે પડતી. સાક્ષાત્ સરસ્વતીકંઠાભરણ જેવી એ પૂર્ણ યૌવનકાળમાં પ્રવેશી ચૂકી હતી. છતાં એ સામાન્ય મુગ્ધ બાલિકા નહોતી, એનો મહત્ત્વાકાંક્ષી સ્વભાવ એને સદા ડોલાવ્યા કરતો. વરરુચિ એકવાર એની નજર સામે પદાક્રાંત થયો હતો. પોતાના પ્રિયજનનો એ પરાજય એને પણ સદા ડંખતો હતો. એ ડંખ દૂર કરવાનો એક જ માર્ગ હતો, અને તે વરરુચિ કોઈ નવી મહત્તા સ્થાપન કરે !

એક વાર સંધ્યા સમયે ગંગાને તીરે વરરુચિ અને ઉપકોશા ભેગાં થઈ ગયાં. બંને સંધ્યા કરવાને આવેલાં. એકાંત સરિતાતટ ને નિર્જન પ્રદેશ, એક તરફ સરિતાનો પ્રવાહ ગાય, બીજી તરફ માળા તરફ પાછા ફરતાં પંખીઓ ગાય. શીત અને આહ્લાદક વાયુ ઊંડાં વનોમાંથી વેણું બજાવતો વહ્યો આવે. દૂર દૂર ગંગાનાં વાંભ વાંભ ઊંડા પાણી પર એક નૌકા સરતી જાય. એક સ્ત્રી અને પુરુષ એ ઉપર પ્રવાસ કરી રહેલાં દેખાયાં......વિદ્યામૂર્તિ વરરુચિને અરુંધતી અને અગસ્ત્યની પુરાણ-પવિત્ર જોડલીનું સ્મરણ થઇ આવ્યું.

"ઉપકોશા, પેલી નૌકા જોઇને ! કેવી શાન્તિથી સરી રહી છે ? એનાં પ્રવાસીઓ કેવાં ભાગ્યશાળી હશે !"

"ભાગ્યશાળી ?" સંધ્યા માટે સ્નાન કરેલી ને છૂટી વેણીવાળી ઉપકોશા કમળદંડ જેવા બે મનોહર હસ્ત ઊંચા કરી વેણીને ગાંઠ વાળતી વાળતી આટલું જ બોલી.

આથમતા કેશરરંગી પડછાયાઓમાં ઉપકોશાનું આ ચિત્ર ગમે-તેવાનું મન ચંચળ કરી નાખે તેવું હતું. વરરુચિ સંપૂર્ણ આત્મદમન કરતો બોલ્યો :

“ ઉપકોશા, તું જાણે છે ને ? એવી જ એક નૌકામાં પ્રવાસ કરવા કોશાએ રાજસભાના માનવંતા પદને તિલાંજલિ આપી. ”

“ કારણકે એને સ્થૂલિભદ્ર મળ્યો. ” વચ્ચે જ વાત કાપતાં ઉપકોશાએ ટકોર કરી.

“ કોણ સ્થૂલિભદ્ર ! શું ભાળી એમાં વિશેષતા ? ” વરરુચિએ મસ્તકની શિખાને છૂટી કરતાં એક અટ્ટહાસ્ય કર્યું.

“ એમ હસી દેશો મા, વિપ્રરાજ ! સ્થૂલિભદ્ર જેવો પુરુષ પામવો એ તો સ્ત્રીના સાત ભવના પુણ્યનો સંચય ભેગો મળ્યો હોય તો જ બને. એની રસિકતા, એનું પુરુષત્વ, એની વિદ્વત્તા મગધના રાજકુમારોમાં ય નહિ મળે. માણસનું મન મોહી જાય એવો એ જુવાન છે. અને એનું જ કારણ છે, કે કોશા જેવી ઐશ્વર્યશાલિની રાજગણિકા પોતાનું પદ છોડી નિષ્કિંચન થઇને પણ એને વરવા ઘેલી બની છે. ”

“ કોણ કોશા ? એક ગણિકા ? ” વરરુચિના મુખ પર ઘૃણાનો ભાવ હતો. કોશાનું નામ લેતાં ય અપવિત્ર બની જવાતું હોય તેવો તિરસ્કાર તેમાં વ્યકત થતો હતો.

“ ગણિકા, અવશ્ય ગણિકા; પોતાના ગણિકાપદની એ પણ ના પાડતી નથી. પણ એનું કૌમાર્ય, એનું કળાકૌશલ્ય, એનું રણચાતુર્ય, એનું વાદપાંડિત્ય જોયું છે ? મગધની રાજકુમારીઓને પણ શિક્ષણ માટે એને ત્યાં જવું પડે છે. ચતુર રાજભૃત્યોની ચતુરાઇ એ ક્ષણમાં માણી શકે છે. મગધના નાથ પણ એને રાજી રાખે છે. મગધના મહામાત્યો પણ એને પંપાળવામાં સાર સમજે છે. પાટલીપુત્રમાં આવી વસ્યા છો, તો વનવાસીની જડતા મૂકી ચતુરાઇ કેળવો. કોશાને એકલી ગણિકા લેખશો તો પહાડ જેવડી ભૂલ ખાશો. ”

ઉપકોશાએ પોતાનું આખ્યાન લાંબું ચલાવ્યું. પણ કોશા અને સ્થૂલિભદ્રની પ્રશંસામાં આવા અલભ્ય પ્રસંગને વ્યર્થ કરવા વરરુચિ તૈયાર નહોતો. એને તો પ્રેમાલાપની ભૂખ હતી.

"ઉપકોશા, એ વાત બંધ કર! કોશા અને સ્થૂલિભદ્રની ચર્ચા કરવા માટે આપણે અહીં મળ્યાં નથી. જરા આકાશ સામે જો! પ્રિયજનને મળવાની ઉતાવળમાં વિહંગો કેવા ઉત્સાહથી ઊડી રહ્યાં છે? જરા આ સરિતાના પ્રવાહને તો નિહાળ! સાગરસુંદરીને ભેટવા ઊછળતો કૂદતો એ કેવો દોડી રહ્યો છે. પેલાં ગોધણ તરફ તો જો! સહુને ઘેર જવાની, પ્રિયજનના પડખામાં સમાવાની કેવી તાલાવેલી લાગી છે? શું સંસારમાં હું......"

ઉપકોશાએ એ પ્રેમસંભાષણ એટલેથી જ અટકાવી દીધું. એણે એક લાંબો પુત્કાર કર્યો. એ બોલી: "શૃંગારશાસ્ત્ર રચવાની આ જગા નથી. જુઓ સામે સૂરજ પાતાળપ્રવેશ કરતો દેખાય છે. સંધ્યા અધૂરી છે ને!"

"હા, હા, સંધ્યા અધૂરી છે. સુંદરી, એ હમણાં જ પૂરી થઈ જશે પણ તારો પ્રત્યુત્તર......"

"મારો પ્રત્યુત્તર?" ઉપકોશા ગંગાના નીરમાં જળપાત્ર ડુબાવતી બોલી: "મારો પ્રત્યુત્તર એક જ છે. ઉપકોશાનો હસ્ત કદી બીજાનો નહિ બને, કાંતો એ વિદ્યાના અવતાર વરરુચિનો થશે; કાં સદા અસ્પૃશ્ય રહેશે. પણ એટલું ભૂલશો નહિ કે ઉપકોશાના હાથ માટે હજી આટલો આત્મવૈભવ નહિ ચાલે! આર્યાવર્તના પરમભૂષણ, મગધના મહામહિમાવાન વિદ્વાન વરરુચિને જ વરવાના એના મનસૂબા છે."

"એ મનસૂબા હું પૂરા કરીશ." વરરુચિ મસ્ત બની ગયો. "ઉપકોશા, વિદ્વાન છતાં શકટાળ અમાત્યશ્રેષ્ઠ બને તો મેં શું પાપ કર્યું? મગધના મહામાત્ય બનવાનો મેં નિરધાર કર્યો છે."

"મહામાત્ય? શું એક મ્યાનમાં બે તલવાર રહી શકશે? એક મગધ બેબે મહામાત્ય જાળવી શકશે?" ઉપકોશાને આશ્ચર્ય થતું હતું.

"નહિ જાળવી શકે તો જૂના અને જીર્ણ પાંદડાએ ખરી પડવું પડશે. શકટાળે જગા કરી આપવી પડશે."

"શકટાળ જગા કરી આપશે! મગધના એકેશ્વર્ય મહામાત્ય પાસે કોણ જગા માગી શકશે? એ મહારથી સામે કોના મોંમાં જિહ્વા હશે?"

" દુનિયામાં એક જ સ્થળે સિંહ નથી. વને વને સિંહ વસે છે. વળી એકાદને સિંહ જાણી ડરવાનો ધમ પુરુષનો નથી. નીતિશાસ્ત્ર પણ ના પાડે છે. ઉપકોશા સહેજ નજીક આવ ! મારી વાત સાંભળી લે ! "

ઉપકોશા નજીક આવી. વરરુચિ અત્યારે પૂરેપૂરો ખીલ્યો હતો. એને ઉપકોશાને મુગ્ધ કરી લેવી હતી. એ બોલ્યોઃ

"ઉપકોશા, વરરુચિની પ્રતિજ્ઞા છે, કે મહામાત્ય બનીને જ અટકવું. ઉપકોશા જેવી સુંદરી મહામાત્યની પત્ની તરીકે જ શોભે. સ્થૂલિભદ્ર ગયો છે. કોશાના પાશમાંથી મુક્ત થવું સહેલું નથી, શ્રીયક સરલ ને સ્વામીભક્તિ સિવાય કંઇ જાણતો નથી. મગધના સંનિધાતા મને ચાહે છે. મગધના સેનાધીશને પણ કોઇ મહત્ત્વાકાંક્ષા છે. આ ચાહ, આ મહત્ત્વાકાંક્ષા મને મદદ કરશે. મહારાજ પણ મારે આધીન બનતા જાય છે. શકટાળ મારા મહત્ત્વાકાંક્ષાના માર્ગમાંથી નહિ ખસી જાય તો એને મારી દયા પામવાનો કોઈ અધિકાર રહેશે નહિ. વરરુચિ કેવળ શાસ્ત્ર જ નથી જાણતો. શસ્ત્રવિદ્યાનો પણ અભ્યાસી છે. "

" એટલે મહામાત્યને તમે હણશો ? વરરુચિ ! જબાન બંધ કરો. શકટાળ નહિ હોય પછી મગધ માથે પ્રલય આવતાં વાર નહિ લાગે ! શકટાળની શક્તિને પિછાણો છો ? એ શક્તિ સામે બાથ ભીડશો મા ! બીજી બધી વાત કરજો, પણ એ મહારથીને સુતો ય છંછેડશો નહિ. એને વા પણ વાતો આપે છે. આ પ્રવાહના નીર પણ કોઇ જળપાત્રમાં ભરાઇ પેસી એને રહસ્ય કહી આવે છે. જાઓ, વરરુચિ, સંધ્યા પૂરી કરીને ઝટ પાછા ફરો ! હાથે કરીને વિનાશ નોતરશો મા ! મને બીક લાગે છે. "

ઉપકોશા જલદી સ્નાન કરી ભીના વસ્ત્રે ઘર તરફ પાછી ફરી.

વરરુચિ ઊંડાં પાણીમાં સ્નાન કરવા ઉતરતાં જોરથી હસ્યો, એના હાસ્યના પણ પડઘા પડ્યા.

ક્રોધાન્વિત મહારથીના નેત્રો જેવો લાલચોળ સૂર્ય દૂર દૂર અસ્તાચળમાં ઊતરી રહ્યો હતો.

# કાજળની કોટડીમાં

## ( ૧૧ )

**ભા**ગીરથીના ઊંડા જળમાં દીર્ઘ સમય પર્યંત સ્નાન કરી, સંધ્યા આદિ કર્મથી નિવૃત્ત થઈ, પંડિત વરરુચિ પાછો ફર્યો ત્યારે રાત પડી ગઇ હતી. નગરની વીથિકાઓ દીપકોના પ્રકાશમાં નાહી રહી હતી.

વરરુચિ નિવાસગૃહનાં પગથિયાં હજી પૂરાં ચઢી રહ્યો હશે, ત્યાં અંતઃપુરનો વિશ્વાસુ ભૃત્ય અને મગધની સેનાનો રથાધ્યક્ષ સામો મળ્યો. મગધરાજે તેને મોકલ્યો હતો. રાજકાજથી શ્રમિત મહારાજાએ કાવ્યશાસ્ત્રના વિનોદથી મનરંજન કરવા માટે પંડિત વરરુચિને યાદ કર્યો હતો.

બહાર સુંદર શિબિકા તૈયાર હતી; પણ રથાધ્યક્ષે પ્રણામ કરતાં સૂચવ્યું કે ચક્રવર્તી મહારાજ હાલ સ્નાનાદિ કાર્યમાં ગૂંથાએલ છે, એટલે તૈયારી માટે અર્ધ–નાલિકાનો[1] સમય આપણી પાસે છે. ”

“ વારુ, એટલો સમય શિબિકામાં બેસી નગરચર્ચા જોવામાં વ્યતીત કરશું. રથાધ્યક્ષ, શિબિકાને રાજવાટિકાને માર્ગે લઇ ત્યાંથી રાજમાર્ગ પર લેજો ! તમારી તીરંદાજી વિષે મેં ઘણું સાંભળ્યું છે. ” વરરુચિ માનસશાસ્ત્રનો જાણકાર હતો. સામા માણસને કેમ બોલતો કરવો તેની કળા તેને આવડતી હતી. અત્યારે એકલવાયાપણું એને અસહ્ય લાગતું હતું. વાત કરનારની જરૂર હતી. વાત કરીને એ ઉપકોશાની મોહિની મૂર્તિને ભૂલવા માગતો હતો.

---

૧ એક નાલિકા એટલે દોઢ કલાક

વિશેષમાં આ રથાધ્યક્ષ મહારાજનો વિશ્વાસુ સેવક હતો. અંતઃપુરના કેટલાય અટપટા ભેદોનો એ રચનાર હતો. નંદરાજનું ભોજન પહેલું એ ચાખતો ને પછી મહારાજ આરોગતા. નંદરાજ આજે કયી મહારાણીના મહેલે જવાના છે, એની માહિતી તેને રહેતી. જે કૂપમાંથી મહારાજ માટે જળ આણવામાં આવતું એ કૂપનો, અને મહારાજનાં ખાદ્ય તથા પેય અર્થેનાં સર્વ પાત્રોનો એ રક્ષક હતો. આ સિવાય ઘણી ઘણી ભેદભરી બાબતો એની સાથે સંકળાયેલી હતી.

મગધના તીરંદાજોમાં પણ એનો મોભો સારો હતો. અંતઃપુર પર લક્ષ આપવાના કાર્યથી નિવૃત્ત થતાં એ મગધના જુવાનોને ધનુર્વિદ્યા શિખવતો. મગધરાજના પ્રિયપાત્ર બનેલ પંડિતજીના મુખે પોતાની પ્રશંસા સાંભળી રથાધ્યક્ષને પોતાની જાત માટે કંઇક ગર્વ વ્યાપ્યો. એણે નમ્રતાથી કહ્યું:

" પંડિતવર્ય, વિદ્યા ગમે તેવી સારી હોય, પણ ઉપયોગ વિના નિરર્થક થાય. ચક્રવર્તી મહારાજના રાજ્યમાં હવે તો લડાઈઓ જ કયાં રહી છે? વિજય કયાં વરવાના બાકી છે? પંડિતરાજ, શેખી કરતો નથી. ધનુર્વિદ્યા તો એવી જાણું છું કે સાગરને તળિયે ડૂબકી મારી આકાશનું પંખી તોડી પાડું. આંખે પાટા બાંધી કહો એ નિશાન અવાજ માત્રથી વીંધી નાખું. આ બાવડાના બળથી જ દુશ્મનના નગરથી દૂર રહીને, એક જ તીર માત્રથી આખાં નગર સળગાવી મૂકયાં છે. મારી વિદ્યામાં એ સામર્થ્ય છે, કે એક જ ધનુર્ધારી સો ધનુર્ધારીને હંફાવી શકે, કહો તો તીરોના વર્ષાદથી આકાશ છાવરી દે. કહો તો તીરોના મારાથી દિશાઓ બધિર કરી મૂકે. એવી એવી વિદ્યા જાણું છું પણ આજે તો અંતઃપુર ને મૃગયા સિવાય કાંઇ બાકી નથી. "

વિદ્વાન અને કુશળ વરરુચિએ પ્રારંભમાં તો રથાધ્યક્ષના આ લાંબા પ્રલાપ તરફ લક્ષ ન આપ્યું, પણ શીઘ્ર તેના લક્ષમાં આવી

ગયું કે આ માણસ કુશળ છે. પોતાની મહત્ત્વાકાંક્ષાઓની સિદ્ધિમાં મદદ કરી શકે તેવો એ નર છે.

" તમારા જેવા પરાક્રમશીલ પુરુષને અંતઃપુરની આપદામાં કોણે યોજ્યા ? અહીં પણ તેલીનું કામ તંબોળીને સોંપવા જેવું ચાલતું લાગે છે ? "

" પંડિતરાજ, એવું તો કંઇ નથી, પણ મહામાત્યની આજ્ઞાથી મેં આયુર્વેદ અને તેમાં વિશેષે કરીને વિષશાસ્ત્રનો ગાઢ અભ્યાસ કરેલો છે. રાજખટપટો તો જાણો છો ને ! રાજકર્તાના નસીબમાં ચોવીસે કલાક ભય રહેલો છે. પ્રિયમાં પ્રિય રાણીનો ય ભરોસો નહિ. પેટના દીકરાનો ય વિશ્વાસ નહિ. વાતવાતમાં કાળકૂટ ને તાલપુટ વિષના પ્રયોગો થાય. એ વેળા મહારાજાનું રક્ષણ કરવાનું અમારે શિર. "

" એ વિષમય ખાદ્ય ને પેય તમારે ચાખવાનાં ? અહા, ત્યારે હથેળીમાં જીવ રાખીને કામ કરવાનું. " વરરુચિ સહાનુભૂતિ દર્શાવી રથાધ્યક્ષને વશ કરી રહ્યો હતો.

" પંડિતરાજ, એમ તો મનુષ્યજીવ મોંઘો છે. નાગરશ્રેષ્ઠ મહામાત્ય પૂરા દયાળુ છે. શક્ય હોય ત્યાં સુધી મનુષ્ય–પ્રાણ ન હણાય, એની પૂરતી દરકાર રાખે છે. ખાદ્ય અને પેયની પરીક્ષા કરવાની અમારી વિધિ લાંબી છે. અમે એ માટે તેવી જાતનાં વિષને પરખનારાં પ્રાણીઓ અને પંખીઓ પાળીએ છીએ. વિષની ગંધ તેમના નાકમાં આવતાં જ તેઓ ફફડાટ કરી મૂકવાના. ભોજનગૃહોમાં પણ વિશ્વાસુ દાસ–દાસીઓ ઉપરાંત કેળવેલા શુક અને સારિકાનાં પાંજરાં રહેવાનાં. તેઓ ત્યાં કોણ આવ્યું ને ગયું, તે કહી દેવાનાં, એવી ઔષધિઓ પણ રાખવાની કે તેમાં નાખતાં, જો ખાદ્ય અથવા પેયમાં દગો થયો હોય તો રંગજ પલટાઈ જાય. પંડિતરાજ, સારાંશમાં એટલું કે મહારાજા માટે તૈયાર કરેલો એક પાણીનો પ્યાલો પણ, એટએટલી વિધિઓમાં થઇને પસાર થવાનો કે

જ્યારે એ ચક્રવર્તી મહારાજના ઓષ્ઠે સ્પર્શ કરે ત્યારે એ પાત્રમાં રહેલું પાણી તેના સુવર્ણપાત્ર કરતાં બમણું કીમતી બની ગયું હોય." રથાધ્યક્ષ શ્વાસ ખાવા થોભ્યો. પંડિતવર્ય વરરુચિ સાથે વાતચીતનો પ્રસંગ મળવાથી એને અત્યંત આનંદ થયો હતો. એની સાદી ગણતરીથી એ કલ્પી શક્યો હતો કે જતે દહાડે આ વિદ્વાન અને વાચાપટુ પુરુષ મહારાજાનો જમણો હાથ બનશે. એવા માણસો સાથેનો પરિચય કામમાં આવે, એ દૃષ્ટિથી તે વાત લંબાવી રહ્યો હતો.

"રથાધ્યક્ષ, રાજપદ અત્યંત ભયપ્રદ લાગે છે." મહામાત્યપદની મોહનીમાં લોભાયેલા વરરુચિને ક્ષણવાર રાજવી સંસ્થા પરથી મોહ ઉતરી ગયો. એક પાણીનો પ્યાલો મેળવવામાં કેટકેટલી આશંકા! કેટકેટલો ભય! પળે પળ, ભોગોપભોગની વસ્તુએ વસ્તુમાં, સૂતાં કે જાગતાં: દગો, વિશ્વાસઘાત ને મૃત્યુના ભણકારા! રાજખટપટ અકારી લાગી આવી. ત્યાં તો ઉપકોશાનો પ્રફુલ્લ ચહેરો કલ્પનાચક્ષુની સામે તરતો દેખાયો.

ઉપકોશા, મારી મહત્તાની અધિકાંક્ષી! જીવનની ઉપાસ્ય દેવી! ક્ષણવાર માટે વ્યાપેલી નિરાશાને ખંખેરી નાખતો હોય તેમ, પોતાના કદાવર દેહને ટટ્ટાર કરી એ તૈયાર થવા અંદર ચાલ્યો ગયો. થોડીવારમાં કપાળમાં મોટું ત્રિપુંડ તાણી, સુવર્ણજડિત ચાખડીઓ પહેરી ગૌરવભરી ચાલે તે પાછો આવ્યો.

શિબિકા તૈયાર હતી. પંડિતવર્ય વરરુચિ અને રથાધ્યક્ષ તેમાં આરૂઢ થયા. શિબિકા રાજવાટિકાને માર્ગે આગળ વધી. આ પછી રાજમાર્ગ પર થઇ તેઓ પસાર થયા લાગ્યા. વેપારીસંઘો અને શ્રેણીઓની મોટી બજારો ત્યાં આવેલી હતી. વિનિમયબજાર પણ પાસે જ હતું, ને હજી સુધી વેચાણ ચાલુ હોય તેવા અવાજો આવતા હતા. ઊનની શાલો, કમાવેલાં ચર્મ, ઘોડા શંખ, હીરા, માણેક, મોતી અને

સોનાના સોદા ત્યાં પડતા હતા. હાથીદાંત ને પશુ, ધનધાન્ય અને દાસદાસી પણ અહીં વેચાતાં હતાં.

આ માર્ગ ઉપર થઈને પંડિત વરરુચિ બહુ ઓછીવાર નીકળ્યો હતો. કોકવાર નીકળવાનું બનવા છતાં તેને આ નગરની જીવતી દુનિયા સાથે સંબંધ ન હોય તેમ વર્ત્યો હતો. પણ આજે તેને આ બધા માટે છૂપી જિજ્ઞાસા જાગી હતી. એ આપણશ્રેણીઓ (દુકાનો) ને મોટાં વિનિમયસ્થાનો વિષે રથાધ્યક્ષને પ્રશ્ન કરતો હતો. રથાધ્યક્ષની વાચાલ જિહ્વા ચાલુ જ હતી.

"પંડિતવર્ય, આ પાટનગરનું કુત્રિકાપણ[1] છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ ત્રણે લોકમાં થતી બધી ચીજો અહીં મળી શકે છે. નાની સોયથી લઈ મોટા હાથી સુધીની તમામ પ્રકારની વસ્તુઓ અહીં વેચાય છે."

"પાટલીપુત્ર એક આદર્શ નગરી છે. કોઈ વાતની ખામી અહીં લાગતી નથી."

"દૂર દૂરના આર્ય–અનાર્ય દેશના શાહ સોદાગરો પાટલીપુત્રમાં આવીને પોતનો માલ ઠલવે છે. સ્થલમાર્ગે અને જલમાર્ગે રોજ હજારો વેપારીઓ અહીં ઉતરી આવે છે. માલ વેચે છે, ને લે છે. વણઝાર ઠલવે છે ને ભરે છે. વહાણો લાંગરે છે ને લાદે છે. મોટા મોટા સાગરસફરીઓ પાટલીપુત્રમાં વસે છે."

"વારુ, પણ આ ઊંચી ઊંચી પતાકાઓવાળી હવેલીઓ કોની છે?"

"એ પાટલીપુત્રના શૂરા સામંતો ને વિશ્વાસુ લડવૈયાઓની છે. તેમાં ઉગ્ર, ભોગ અને રાજન્ય જાતિના ક્ષત્રિયો વસે છે. રખેવાળી તો ઉગ્રોની. ભોગ અને રાજન્ય ક્ષત્રિયો ધર્મનિષ્ઠ હોય છે. પ્હેલે દેખાય તે મલ્લકી ને લિચ્છવી વંશના તલવરોના પ્રાસાદો છે. આ તલવરોની સાહ્યબી રાજવી જેવી છે, ને મહારાજાએ તેમને સેવાના પટ્ટા આપેલા

---

૧. હાલમાં યૂરોપ–અમેરિકામાં આવી દુકાનો છે.

છે. જરા આ તરફ આવેલા છે, તે નાની નાની પતાકાઓવાળા આવાસો માંડલિકો, કૌટુમ્બિકો, ઇભ્યો, અને શ્રેષ્ઠીઓના છે. માંડલિકો ગામ અથવા વસતી વગરના પ્રદેશને જાળવે છે. કૌટુમ્બિકો અનેક કુટુમ્બોની રક્ષા કરે છે. આ ધનકુબેર જેવા શ્રેષ્ઠીઓ અને અન્નના ભરચક્ક ભંડારોના ધણી ઇભ્યો તો પ્રજાના શ્વાસોશ્વાસ સમાન છે. ધર્મશાસ્ત્રના વેત્તાઓ 'પ્રશાસ્તરો'ના પણ આવાસો અહીં જ આવેલા છે."

"રથાધ્યક્ષ, આ બધા પુરુષોનો તમને પરિચય હશે કે ?"

"કેમ ન હોય ! પાટનગરમાં એવો કયો માડીજાયો હશે કે જે મને પિછાણતો ન હોય ! તેઓને મારી આવશ્યકતા અનેક વાર પડે છે. એ વેળા મને સંતુષ્ટ રાખ્યા સિવાય તેમનું કામ થતું નથી."

રથાધ્યક્ષનું આટલું બધું મિથ્યાભિમાન આ વેળાએ વરરુચિને ન રુચ્યું. એણે બીજી વાતો તરફ વાળવા પ્રયત્ન કરતાં કહ્યું:

"વિષની અનેક સિદ્ધિઓ વિષે શાસ્ત્રમાં ઉલ્લેખો છે. એવી કંઇ સિદ્ધિઓ જ્ઞાત છે કે ?"

"આયુષ્યમાન ! વિષની અનેક સિદ્ધિઓ હું જાણું છું. કયા નાગના વિષથી કયા ભયંકર રોગો મટે છે, કયી વિષવેલીના અંજનથી માણસ દીર્ઘદર્શી બને છે; કયા ક્ષેત્રજવિષથી કમળો, કોઢ કે અપસ્માર જેવા ભયંકર રોગો નષ્ટ થાય છે; એ બધું તો સામાન્ય જ્ઞાન છે. અનેકને તે જ્ઞાન હોય છે. પણ પંડિતરાજ, વાત ગુપ્ત રાખવાના શપથ લો, તો એક અજબ સિદ્ધિ કહું." રથાધ્યક્ષ વિદ્યાની સરસાઇમાં પડ્યો હતો. પંડિતરાજને વશ કરવા માટે તેણે કહ્યું:

વરરુચિએ યજ્ઞોપવિતને સ્પર્શ કરી શપથ લીધા. ટૂંકા પરિચયમાં જ, કોઇ અવ્યક્ત સ્વાર્થના પ્રેર્યા તેઓ મિત્રતાના ભાવમાં ઝડપથી સરકી રહ્યા હતા.

" પંડિતવર્ય, શાસ્ત્રમાં વર્ણવેલો વિષકન્યાનો પ્રયોગ જાણો છો ? " વરરુચિએ કેવલ મસ્તક ધુણાવી હા ભણી.

" એ વિષકન્યા મેં તૈયાર કરી છે. "

" કેવી રીતે ? શા માટે ? "

" ચક્રવર્તી મહારાજની આજ્ઞાથી. આ વિષકન્યા રાજકારણી શેતરંજમાં જબરું કામ આપી શકે છે. રૂપ–લાવણ્યથી ભરપૂર, નૃત્ય, ગીત ને વાદ્યમાં કુશળ આ નવયૌવના જોનારના ચિત્તને કામવિહ્વલ કરી નાખે છે. અને એની સાથે પરિચય પ્રાપ્ત કરતાં–ગાઢ સ્પર્શ વિગેરેથી પુરુષ મૃત્યુને શરણ થાય છે. વિદ્વાન પુરુષ, એ કન્યાને નાગ પણ ડસી શકતો નથી. ગમે તેવું વિષ એને મારી શકતું નથી. કોઈ સ્ત્રી કે પુરુષ એના પ્રસ્વેદને પણ સ્પર્શી ન શકે તેટલી તે ઉગ્રવિષ પણ બનાવી શકાય છે. "

વરરુચિ આ પુરુષની વાતોથી સ્તબ્ધ થઈ ગયો હતો. એને પોતાની વિદ્યાનું અભિમાન ઓસરી જતું લાગ્યું. પશુતુલ્ય કલ્પેલો એક સૈનિક આટઆટલી સિદ્ધિઓ ધરાવી શકે, એ એની કલ્પના બહાર હતું. વિષકન્યાની વાતો એણે વાંચી હતી, પણ એ વેળા શ્રદ્ધા થઈ નહોતી. આજે એ પ્રત્યક્ષ થતું હતું. એણે ધીમે સાદે કહ્યું:

" એ કન્યા મારે નિરખવી છે. રથાધ્યક્ષ, તમારી શક્તિઓ પર હું મુગ્ધ થયો છું. અવારનવાર મળતા રહેજો. "

" કૃપા તમારી, પંડિતરાજ ! એ કન્યાનું નામ સુમોહા. ચક્રવર્તી મહારાજની પછવાડે વામભાગે બેઠેલી હશે. ગુપચુપ જોઈ લેજો. મહાશય, આ રહસ્ય ગુપ્ત રહે એમાં જ મારા અને આપના શિરની સલામતી છે. "

" લેશ પણ ચિંતા કરીશ મા ! નિઃશંક રહેજે, રથાધ્યક્ષ, આજથી મારે મન તું મિત્રતુલ્ય છે. ભરેલા પાટનગરમાં, અને બાહ્ય, રીતે આકર્ષક એવા આ રાજકુલમાં તું મારો માર્ગદર્શક છે. "

" કૃપા આપની. સેવકના વિશ્વાસુપણાની તો કોઇ ખરી વેળાએ ખાતરી થશે. "

બંનેની વાતનો અન્ત આવ્યો હતો. શિબિકા પણ રાજપ્રાસાદમાં પ્રવેશ કરી ચૂકી હતી. શિબિકા ઊંચકનારા દાસ અનાર્ય જાતિના અને સુગઠિત બાંધાના હતા. તેઓ મગધની ભાષા પૂરી સમજતા નહોતા, અને તેથી જ રથાધ્યક્ષે શિબિકામાં આવી વાતો નિરાંતે કરી હતી. તેમની પાડા જેવી કાંધ પર આ બે મહાપુરુષોના ભારથી લદાયેલી શિબિકા રમકડાની જેમ સરતી હતી. ભુલભુલામણી જેવા કેટલાક નાના માર્ગો વટાવી તેઓ અંતઃપુરમાં પ્રવેશ્યા. કાળીમેંશ અને ઠીંગણી બાંદીઓના ઊઘાડી તલવારના પહેરા વટાવતા; અંતઃપુરના અનેક અધિકારીઓની દૃષ્ટિ નીચેથી આગળ વધતા અન્તે તેઓ ઝળકી રહેલા અનેક દીપકો, અને સુવર્ણજડિત થાંભલાઓવાળા રાજભુવનના દરવાજે આવી ઊભા રહ્યા.

ચક્રવર્તી મહારાજ સ્નાન–ભોજનથી નિવૃત્ત થઇ રાજભુવનના મુખ્ય ખંડમાં આવી બિરાજમાન થયા હતા. કેટલીક રૂપવતી દાસીઓ તેમને પંખો ને ચામર ઢોળી રહી હતી. આજુબાજુ અંતઃપુરનો રમણી વર્ગ બેઠો હતો. બેએક વિદુષકો, બેએક પરદેશના પ્રવાસીઓ અજબ ભાવભંગી સાથે પોતપોતાની વાતો કરી રહ્યા હતા.

વરરુચિ આવવાની ખબર મળતાં જ મહારાજે અંદર આવવાની અનુજ્ઞા આપી. ઊંચો, કદાવર અને બ્રહ્મતેજથી ઓપતો વરરુચિ અંદર દાખલ થયો, ત્યારે સાક્ષાત સદેહે કાવ્યપુરુષ પ્રવેશ કરતો હોય; તેવો ભાસ થયો. સામે જ એક સુશોભિત પીઠિકા મૂકવામાં આવી હતી, મહારાજને નમસ્કાર કરી તેણે પીઠિકા પર આસન લીધું

બેએક ક્ષણમાં તો કાવ્યની ધારા વહી નીકળી. આર્યા, પ્રહેલિકા, માગધિકા, ગાથા, ગીતિ અને શ્લોકનો પ્રચંડ નાદ ઊછળવા લાગ્યો. એ કાવ્યની એક એક પંક્તિ સજીવ બની હતી. એક એક પંક્તિ–

વર્ણનમાં મહારાજા નંદની શક્તિ પાસે સ્વર્ગનો રાજા ઈંદ્ર થરથરતો દર્શાવ્યો. પાટલીપુત્રના મિનારા સ્વર્ગને ભેદતા કલ્પ્યા. રાજહસ્તીઓના ઘંટનાદ શત્રુઓની સ્ત્રીઓને સ્વપ્નમાં પણ ચમકાવતા ને ભયથી વસ્ત્રહીન શેરીઓમાં ભયવ્યાકુળ ફરતી ચિતરી. મહારાજા ધનનંદની તલવારની કળા જોઈ વીજળી ખૂદ વાદળ પાછળ છૂપાઈ ગઇ. વગેરે વગેરે.

મહારાજ ધનનંદ કાવ્યપ્રવાહમાં લુબ્ધ થઇ ગયા હતા. કાવ્યપ્રવાહની તરંગાવલિઓને ચારે ખૂણે વહેતી મૂકી વરરુચિ થોડીવાર શ્વાસ લેવા થોભ્યો. શ્લોક અને ગીતિનો મીઠો મધુર રણકાર હજી ય ગુંજી રહ્યો હતો.

વરરુચિ શ્રમ લેતો બધે એક નજર ફેરવતો હતો, ત્યાં તેની દૃષ્ટિ ખૂણામાં બેઠેલી સુમોહા પર પડી. પ્રાસાદની દીવાલ પરનો સુગંધી તેલથી મહેકતો દીપક એના દેહ પર આછો પ્રકાશ વેરતો હતો. વરરુચિ ક્ષણભર એની સામે નિહાળી રહ્યો.

સૌંદર્યના પુંજ જેવી એ મુગ્ધા હતી. એણે વાળની મોટી વેણીમાં કમળપુષ્પ ગૂંથ્યું હતું રતાશભર્યા ગૌર અંગો આસમાની ઉરવસ્ત્રમાંથી વીજળી જેવો રૂપપ્રકાશ વેરતાં હતાં. કંઠમાં લાલ મણિઓનો હાર અરીસા જેવા પુષ્ટ વક્ષસ્થળમાં પ્રતિબિંબ પાડતો હતો. એનાં કંઇક પુષ્ટ ને કોમળ કિસલય જેવા અવયવો ઋષિમુનિની સમાધિને ચલિત કરી દે તેવા હતા.

વરરુચિને ક્ષણવારમાં વિશ્વામિત્રની મેનકા યાદ આવી ગઇ, પણ ત્રિભુવનમાં અપ્રાપ્ય સૌંદર્ય પાછળ વિષધરનો કેવો વાસ ? કોમળ પુષ્પોના આ કરંડિયામાં સૂતેલા ફણિધરનો કોણ ખ્યાલ પણ આણી શકે ?

એના ખુલ્લા, મખમલી કુમાશવાળા પગ અને તેની રસભરી પીંડીઓ: અર્ધખુલ્લાં નાભિ, કક્ષ અને ઉરુ, વારેવારે ઉઘાડમીંચ કરતી એની લાંબી પલકો અને વિશાળ વક્ષ:સ્થળ: દૃષ્ટિ ગુંદરની જેમ ચોંટી જાય તેવાં આ સ્નિગ્ધ અંગો હતાં. વરરુચિએ મહામહેનતે દૃષ્ટિ ખેસવી લીધી.

પુનઃ વાર્તાવિનોદ શરૂ થયો. વરરુચિએ સુવર્ણફળવાળાં વૃક્ષોની, નીલમનાં નેત્રોવાળી અપ્સરાઓની, ગાતા આસોપાલવની, આકાશમાં ઊડતાં અશ્વોની, પૃથ્વીને વીંટીને ફરતા શેષનાગની, ખોપરી વગરના માનવીઓની, ઠીંગુજી લોકોની, પુરુષને ઉપાડી જઇ પતિ તરીકે રાખી લોહી ચૂસનારી ડાકણોની, જાદુઇ મુદ્રિકાઓની, સ્ત્રીચરિત્રની, દૂધની નદીઓની, મોતીના બેટોની, પવનપાવડીઓની, હસતી ખોપરીઓની, સળગતા સાગરોની, અગ્નિ ફાકતા અસુરોની: વગેરે કુતૂહલભરી વાર્તાઓ આરંભી. બધો સમુદાય મંત્રમુગ્ધ બનીને બેઠો હતો. વાર્તાનો જાદુ થયો હોય તેમ બધાં શ્વાસોશ્વાસનો પણ અવાજ ન થાય તેની ચિંતા રાખતાં ચિત્રવત્ બેઠાં હતાં.

રાત્રીનો ત્રીજો પહોર શરૂ થતો હતો. તુરીઘોષના નાદથી બધો સમુદાય સચેત બન્યો. મહારાજાને અંતઃપુરમાં જવાનો સમય થઈ ગયો હતો.

વરરુચિએ પણ નમસ્કાર કરી જવાની આજ્ઞા ઇચ્છી. મહારાજા વરરુચિની પીઠ થાબડતા બોલ્યા: " પંડિતરાજ, કાલથી રાજસભામાં પણ આવો કાવ્યવિનોદ થશે. મગધપતિ કૃપાણ જ નહિ, કાવ્ય પણ જાણે છે; એ આર્યાવર્તને જાણવા દો ! "

" મહારાજ, અવિનય લાગે તો ક્ષમા કરજો, પણ એટલું સૂચવીશ કે કાવ્યસભામાં રાજાને દાનશૂર બનવું પડે છે. દાનશૂરતા વિના કાવ્યશૂરતા જન્મતી નથી. "

" નિઃસંદેહ રહો, મગધપતિ પોતાનું કર્તવ્ય નહિ ચૂકે ! એને કેવળ શાસનસમ્રાટ જ નહિ, સાહિત્યસમ્રાટ તરીકે પણ વિખ્યાત થવું છે. "

" સેવકોને એમાં અભિમાન જ લેવાનું હોય છે. " વરરુચિ નત મસ્તકે ઊભો રહ્યો.

મહારાજા હસતે વદને અંતઃપુરમાં સીધાવ્યા. રથાધ્યક્ષને બીજી કેટલીક વ્યવસ્થા કરવાની હતી; તેમજ સુમોહાને યુવાન રાજકુમારોની કે અધિકારીઓની નજરમાં ન ચઢે તે રીતે આવાસે પહોંચાડવાની

હતી; એટલે વરરુચિને એવા ભેદભર્યા ને વાચાળ સાથીવિહોણા જ શિબિકામાં આરૂઢ થવું પડ્યું.

નિવાસસ્થાને પહોંચી વરરુચિ હુંફાળા મૃગચર્મની પથારીમાં પડ્યો, પણ એ થોડીવાર તો ઊંઘી ન શક્યો. કેટલીકવારે તંદ્રા શરૂ થઈ. એક તરફ ઉપકોશા એને મહેણાં દઈ ડામતી દેખાતી હતી. બીજી તરફ રથાધ્યક્ષ એને રાજકાજના વિચિત્ર જીવનનો ખ્યાલ આપતો રહેતો હતો. પંડિતરાજ, હજી તો રાજાઓના જીવનની કેટલી ય ભેદભરી આંટીઓ જણાવવી બાકી છે. રાજા થવું સહેલું નથી. આ તો નરકેશ્વરી કે નરકેસરી !

આ બે વચ્ચે વરરુચિ મુંઝાઇ ગયો. વાદળોના ગડગડાટ એના કાનમાં સંભળાયા, અચાનક વાવંટોળનું ભયંકર તોફાન જામતું જણાયું. નિરભ્ર આકાશમાં મેઘલી બેઠી. એમાંથી અચાનક સુમોહાનું નમણું, રૂપલાવણ્યભર્યું મુખ એ અભ્રઘટાને ભેદીને વીજળીની ઝડપે દેખાયું.

તક્ષશિલાનો તપોધન ચમકીને વારેવારે બેઠો થઇ જતો હતો. એ વિદ્યાપીઠની સુંદર ટેકરીઓ, નિર્મળ ઝરણાને નિર્દોષ હરણાં જોવા યત્ન કરતો હતો.

ક્યાં સુમોહા જેવી જ્યાં વસે છે તે રાજકુળોનો ભવ્ય છતાં ભયંકર સંસર્ગ ! ક્યાં તપોધનનું શાન્ત, સુખી, સ્વસ્થ જીવન ? પણ અચાનક ઉપકોશા સ્મરણપટમાં ઊભરાઇ આવી. એ કમળદંડ જેવી ભુજાઓ લાંબી કરી કહેતી હતી:

" નિર્માલ્ય, નાદાન બ્રાહ્મણ ! મહામાત્ય જેવા પેઢીની પેઢીથી રાજસેવા કરતા આવ્યા ને ન ડર્યા, ન હાર્યા, ન ભાગ્યા અને એક નાદાનની વાતોથી ડરી જનાર ક્યા મુખે એ મહામાત્યનું નામ લે છે ? મહામાત્યની પ્રતિસ્પર્ધા ભૂલી જા ! ભિક્ષા માગી ખા, બ્રાહ્મણ ! છોકરાં ભણાવી શાળા ચલાવી જાણ, તપોધન ! ઇચ્છા આવે તો એકાદ ગ્રંથ ચિતરી કાઢ ! ઉપકોશા તો અગત્સ્ય જેવાની અરુંધતી છે, જેમણે સાગર આખો પીવાની તાકાત કેળવી હતી. રાજકાજ

કાજળની કોટડી ભલે હો, પણ તને તેમાં લેપાયા વગર જીવતાં આવડતું નથી ? ઉપકોશાએ એવા નમાલાને કદી વરી છે ?".

વરરુચિ એકદમ મૂઠીઓ વાળીને બેઠો થઇ ગયો. એણે મનમાં ને મનમાં નિશ્ચય કર્યો : " શકટાલથી હું હીણ નથી. કાજળની કોટડીમાં હું પ્રવેશ કરીશ. વિદ્યાને માટે દુર્ગમ અટવીઓ, નિશાચરોથી ભરપૂર રાત્રીઓ અને વનેચરોથી વ્યાપ્ત વનવગડા પસાર કરનાર બ્રાહ્મણના પુત્રને આ થોડુંઘણું મેલું તત્ત્વ કેમ સ્પર્શી શકશે ? એ વિષભર્યા પ્યાલાઓ, એ વિષકન્યાઓ, અંતઃપુરની એ ખટખટો સાથે વરરુચિને શી નિસ્બત છે ? મહામાત્ય શકટાલને એ પીડા કદી નડી ? શકટાળને એ ન નડી તો વરરુચિ કંઇ અસમર્થ છે, કે એને નડે ! પારસમણિને લોહસ્પર્શનો ડર કેવો ? લોહ સ્પર્શ કરશે, તો એણે જ પોતાનું રૂપ બદલવું પડશે. "

વરરુચિ ફરીથી બિછાનામાં પડ્યો. ઉપકોશા એકદમ હસતી દેખાઈ.

' શાબાશ, ઉપકોશા વરરુચિને જ વરશે. તારે કાજે તો કેટલીય મંદારમાલાઓ મેં ગૂંથી રાખી છે ! કેટલાં ય સ્તોત્ર રચી રાખ્યાં છે. હે પ્રિય ! વિજય વરીને એક વાર દ્વાર પર આવી તો જો ! હૈયાના અમીછંટકાવ તારા માર્ગે હશે. આ કેશાવલિનું બિછાનું અને આ રમણીય હાથનાં કંકુ તને આરામ અને આમોદ આપશે. "

વરરુચિ મીઠા મોહક સ્વપ્નમાં સરી પડ્યો. થોડીવારે એને ગાઢ નિદ્રા લાધી. એનાં નસકોરાં આખા ખંડને ગજાવી રહ્યાં હતાં.

# પહેલો તણખો

## [૧૨]

**ધન્ય** વાણી !

ધન્ય વાર્તા !

ધન્ય વિદ્વત્તા ।

એક એક શ્લોકપંક્તિ ઉપર મોરલીમુગ્ધ સર્પની જેમ આખી સભા ડોલી રહી હતી. મહારાજા નંદની સભામાં સરસ્વતી જાણે સાક્ષાત્ દેહે આવીને ખડી થઈ ગઇ હતી. મહારાજા ખુદ દાનેશ્વરી કર્ણ બની ગયા હતા

એક કાવ્ય, એક ઉપમા, એક અલંકાર; ને સુવર્ણમુદ્રાઓનો વરસાદ વરસતો. અને સોનૈયાનો ટંકાર જેમજેમ ગંભીર રણકાર કરતો તેમ તેમ સાહિત્યકારો અને કવિઓની જિહ્વા સ્વયં સરસ્વતી સાથે હોડ માંડી બેસતી. દૂર દૂરથી કવિઓ અને સાક્ષરો પાટલી-પુત્ર તરફ ધસ્યા આવતા હતા. રણશૂરોએ પણ શસ્ત્રો ખીંટીએ ભેરવી શાસ્ત્રો ઉકેલ્યાં હતાં. તેઓએ કામદેવ, રતિ અને શૃંગારનો અભ્યાસ કરવો શરૂ કર્યો હતો. નૃત્ય, ગીત તથા વાદ્યમાં કુશળ વારાંગનાઓ, ગણિકાઓ અને નર્તકાઓ દૂર દૂરથી પાટનગરમાં આવીને વસવા લાગી હતી. કોશાની નિવૃત્તિએ તેમના રાહને સરલ બનાવ્યો હતો.

પાટલીપુત્રમાં ઘેર ઘેર નાદબ્રહ્મની અને કાવ્યદેવીની ઉપાસના શરૂ થઇ હતી. સંગીત પાંચમા વેદ તરીકે ખ્યાત થયું હતું અને સંગી-તના કાવ્ય, સ્વર, તાલ અને અભિનય પણ અનુક્રમે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદમાંથી લેવામાં આવ્યાની પ્રગટ રીતે પ્રતિષ્ઠિત

પંડિતોદ્વારા જાહેરાત થઇ હતી. વિદ્વાનો છડેચોક સમર્થન કરતા હતા કે નાટક જોવું એ તો એક પ્રકારનો 'ચાક્ષુષ યજ્ઞ' છે.

શારીરિક બળમાં માનનારાઓ સમક્ષ આ પંડિતોએ રાજસભામાં જ વાદવિવાદથી નક્કી કર્યું હતું કે સંગીત અને કાવ્યનું સેવન વ્યાધિઓ અને મનોવેદના માટે રામનું બાણ છે. એમાં જ પ્રાણાયામ છે. એમાંથી કુંભકની યોગક્રિયા આપોઆપ વૃદ્ધિ પામે છે. સાચો બ્રહ્માનંદ સંગીતવેત્તાને જ સાંપડે છે. સંગીતથી હૃદયની ધમણો સ્વસ્થ રીતે ચાલે છે. રુધિરાભિસરણ નિયમિત બને છે. નૃત્ય તો શ્રીકૃષ્ણ શંકર ને પાર્વતી જેવાને પણ પ્રિય હતું. તાંડવનો વીર રસ ને લાસ્યનો શૃંગાર રસ માનવીના દેહને સુડોળ, ઘાટીલો બનાવી સ્ફૂર્તિમય બનાવે છે. બિચારા રણખેલના પૂજારીઓ આ દલીલો સામે જવાબ ન દઈ શકતા. તેઓ ચૂપચાપ પોતાનો પરાજય કબૂલી લેતા.

પાટલીપુત્રની શેરીએ શેરી કાવ્ય, સાહિત્ય, સંગીત અને નર્તનથી ગૂંજી રહી હતી. કૌમુદી ઉત્સવો જેવા ઉત્સવો વારંવાર યોજાતા. સ્ત્રી અને પુરુષો જાતજાતના દેહશૃંગાર, અંગવિલેપન, ગંધ અને માલ્ય કરી સાક્ષાત્ કામ અને રતિની સરસાઇમાં ઊતરી વનપ્રદેશમાં વિહરવા નીકળતા. એ વેળા સ્ત્રીના કોમળ કુચ, રમણીય જંઘા, સુંદર નાભિ કે કલામય કંચુકી પર કાવ્યની છોળ ઊડી રહેતી. એ વર્ણનો સાંભળી ગમે તેવા પૌરુષહીનમાં પણ તેજ વ્યાપી જતું. ગમે તેવા વૈરાગીને વૈરાગ્યની નીરસતા પર કંટાળો ઉપજતો.

પાટલીપુત્રમાં દેશદેશના રસિક પુરુષો વસવા ને વિહાર કરવા આવતા. કેટલાય રાજકુમારોની નૌકાઓ ગંગા ને સોનનાં તીર પર ઝોલાં ખાતી રોજ લાંગરતી. શી શી સમૃદ્ધિ, શા શા વૈભવ, શા શા વિલાસની અહીં ખામી હતી? રૂપમાં ત્રિલોકવિજયી નર્તકાઓ અહીં હતી. ત્રિલોકની શૃંગારસામગ્રી ને ઉત્તમોત્તમ વસ્તુઓ માટે અહીં કૃત્રિકાપણ હતું. પ્રત્યેક ગલી ને શેરી મતવાલી બની હતી. યુદ્ધો તો

જાણે ગઇકાલની બીના બન્યાં હતાં. વિજયો, રણખેલો ને મર્દાની રમતોની વાતો સાંભળવી પણ કોઇને રુચતી નહોતી.

ચક્રવર્તી મહારાજનું નામ દૂર દૂર પ્રસરી ગયું હતું. એમની સાહિત્યસભા તો એક મહાન આકર્ષણ હતું. આ સાહિત્યસભાનો પ્રાણ વિદ્વાન વરરુચિ હતો. કાવ્યશક્તિમાં પાણિનિ જાણે તેમનાથી ઊતરતા લાગતા. શ્રી વિષ્ણુગુપ્ત ચાણુકય તો એમાં ઊતરતા જ નહિ.

ગલીએ ગલીએ પડહ વાગી ગયો હતો કે વિદ્વદ્વર વરરુચિ ૧૦૮ શ્લોકની નવરચના કરશે. અને મહારાજા શ્લોકેશ્લોકે એક સુવર્ણમુદ્રા અર્પણ કરશે. સાહિત્યસભાની શોભા અપૂર્વ બની હતી. રાજગૃહની રમણીઓ, શ્રેષ્ઠીકન્યાઓ, મંત્રીપુત્રીઓ, નગરનારીઓ પણ ઉલટભેર રસ લેતી હતી. આખા દેશની જિહ્વા પર વરરુચિનું નામ હતું. વરરુચિ પણ રોજ અર્ધી મુદ્રાઓ સભાગૃહની બહાર નીકળી દાનમાં આપી દેતો.

એક એક શ્લોકપંક્તિએ મહારાજા સિંહાસન પરથી વેંત વેંત ઊંચા થતા, સુવર્ણમુદ્રાઓને ફેંકતા અને ધન્યવાદ આપતા. વિદ્વાન વરરુચિને અત્યંત પોરસ ચઢતો.

એમાં પણ આજે તો એના પોરસની પરિસીમા આવી રહી. કાવ્યની એક એક પંક્તિ કવિજનની કસોટી સમાન બની હતી. વરરુચિની જિહ્વામાંથી ફૂલ ઝરતાં હતાં કે મોતીનો વરસાદ એ કલ્પી શકાય તેમ નહોતું. મહારાજાની છાતી વેંત વેંત ફૂલી રહી હતી. અચાનક મહારાજાએ ઉચ્ચ સ્વરે કહ્યું:

"વરરુચિ, જે જોઇએ તે માગી લે ! હું પ્રસન્ન છું."

વરરુચિએ પોતાના વાણીપ્રવાહને થંભાવ્યો. એ ઊભો થયો. મસ્તક નમાવી નમ્રતા દર્શાવી એ કંઇ બોલવા જતો હતો; ત્યાં અમાત્યશ્રેષ્ઠ શકટાળ ધીરેથી ઊભા થયા. આખી સભાનું ધ્યાન તે તરફ ગયું. મહામાત્ય પોતે વિદ્વાન, નાટ્યકાર ને કાવ્યશાસ્ત્રના જાણકાર હતા. શું તેઓ તો આમાં ભાગ લેવાના નથી ને ? રોજ શાન્ત અને સ્વસ્થ બેસી રહી

કેવળ શ્રવણાનંદ લેનાર મંત્રીરાજને આજે આમ એકાએક ઊભા થતા જોઈ સહુને ઉત્સુકતા જાગી.

મહામાત્ય ચારેક ડગલાં ચાલી સભાગૃહની મધ્યમાં આવી મસ્તક નમાવતા બોલ્યા: "દેવ–આજ્ઞા હોય તો એક નિવેદન કરવાનું છે."

"મંત્રીરાજ, ક્ષણવાર થોભી જાઓ! તમારું નિવેદન મારે શિરોધાર્ય છે, પણ જરા વિદ્વત્તાની કદર કરી લેવા દો! જગતને જાણવા દો કે મહારાજા નંદ કેવળ કૃપાણનું સન્માન કરી નથી જાણતા, એને કાવ્યદેવીનાં સન્માન પણ કરતાં આવડે છે." મહારાજાના સ્વરોમાં કાવ્યરસની અતૃપ્તિ ગૂંજતી હતી.

"ધન્ય છે મગધનાથને! પણ મહારાજ, આ સન્માન અંગે જ મારું નિવેદન છે."

અરે, ડાહ્યા મંત્રીરાજ સમયનું પણ ભાન કાં ભૂલે! રસના વહેતા અખણ્ડ પ્રવાહને આમ છિન્નભિન્ન કાં કરે! રંગમાં ભંગ થતો હોય તેવા ઉદ્વેગથી આખી સભા પર અપ્રસન્નતા છવાઇ ગઇ. જવનિકામાં બેઠેલી રાજરમણીઓએ નિરાશામાં હાથ પછાડ્યા. એમનાં કંકણો જ એક રવ–નૃત્ય કરી બેઠાં. મંત્રીરાજ વિરુદ્ધ એક છેડાથી બીજા છેડા સુધી ગણગણાટ શરૂ થઇ ગયો. પણ મંત્રીરાજને સ્પષ્ટ કહેવાની તાકાત મહારાજ નંદમાં નહોતી, તો પ્રજા અક્ષરોચ્ચાર પણ ક્યાંથી કરી શકે? મહામાત્યનું અપમાન કરી શકાય એવી કલ્પના પણ કોઇ કરી શકતું નહિ.

"ભલે, મંત્રીરાજ, જે કહેવું હોય તે સંક્ષેપમાં કહી નાખો." મહારાજ અનિચ્છાએ બોલતા હતા. તેમને આવો હસ્તક્ષેપ પસંદ નહોતો એ એમની અપ્રસન્ન મુખમુદ્રા કહી આપતી હતી.

"મહારાજ, ગુનો ક્ષમા, સેવકનું નિવેદન એટલું છે, કે આ સભા વિદ્વાનોની છે. પંડિતવર્ય વરરુચિને કહો કે જૂનાં સુભાષિતો બંધ કરી કંઇક નવો કાવ્યપ્રવાહ વહાવે, નવરચના કૌશલ બતાવે. મગધપતિનું દાન એવી જ કૃતિઓને શોભે."

" કોણ કહે છે, કે મારાં કાવ્યો જૂનાં સુભાષિતો છે. " વેદપાઠી વરરુચિના અવાજમાં અપમાનનો ભીષણ ઘોષ હતો.

" હું કહું છું, પંડિતવર ! " સ્વસ્થતાથી મહામંત્રીએ જવાબ દીધો.

" કેવી રીતે જૂનાં કહો છો ? "

" મેં એ કાવ્યો અનેક વાર સાંભળેલાં છે. "

" એનું પ્રમાણ ? "

" હા, હા, મંત્રીરાજ ! એનું પ્રમાણ શું ? " મહારાજે પણ વચ્ચે સમર્થન કર્યું.

" મહારાજ, હું પ્રમાણ વગરની વાત કરવાનું શીખ્યો જ નથી. આ બધાં કાવ્યો હું નહિ, મારી પુત્રીઓ પણ કહી સંભળાવશે. " મહામાત્યે તેવી જ ગંભીરતાથી ઉત્તર વાળ્યો.

" બોલાવો તમારી પુત્રીઓને. મારે અત્યારે ને અત્યારે નિર્ણય કરવો છે. મહામાત્ય મારું ભયંકર અપમાન કરી રહ્યા છે. "

" સત્યના સ્વીકારમાં પંડિતરાજ, સુજ્ઞોએ માનાપમાનને વચ્ચે આણવાં ન શોભે. સત્યાસત્યનાં નિર્ણય માટે તો મગધરાજનું સિંહાસન છે ! " મહામાત્યના શબ્દોમાં ઠંડી તાકાત વહી રહી હતી. એમણે અંતઃપુરની રમણીઓ વચ્ચે બેઠેલી પોતાની પુત્રીઓને બોલાવી.

" યક્ષા, બેટા ! ચાલો, સભાગૃહમાં આવો. જો જો લાજશરમ કરશો મા ! "

ગવાક્ષમાંથી એક પછી એક ચંદ્રબિમ્બ ઊતરી આવે. એમ રૂપલાવણ્યભરી યક્ષા અને તેની છએ બેનો[1] મંદમંદ ગતિથી ચાલતી સભાગૃ-

---

१ जक्खा य जक्खदिन्ना, भूआ तह चेव भूअदिन्नाय ।
सेणा, वेणा, रेणा, भयणीओ थुलिभद्दस्स ॥

યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા ને રેણાઃ એ સાત સ્થૂલિભદ્રની બેનો છે.

હની વચ્ચે આવી. તેમનાં નૂપુરઝંકારે આ વાતાવરણમાં સંગીત પૂર્યું. એકને જોઇને બીજીને ભૂલાય એવો એ લાવણ્યપુંજ હતો.

વરરુચિ ગોઠણભેર થઇ ગયો. એનાં નેત્રોમાં પ્રતિસ્પર્ધાનો હુતાશન પ્રગટી ચૂકયો હતો. એક હાથે શિખાની બાંધ–છોડ કરી, ગંભીર સ્વરે કિલષ્ટમાં કિલષ્ટ શ્લોકપંક્તિ ઉચ્ચારી. શબ્દેશબ્દનો પડઘો સભાગૃહના ગુંબજમાં ગુંજી પડ્યો. સભાજનો બોલી ઊઠ્યા:

" શાબાશ, વરરુચિ ! ખરેખર નવતર કલ્પના ! "

વરરુચિ સ્પર્ધાના ઝુન્નસથી યક્ષા સામે જોઇ રહ્યો. કિલષ્ટમાં કિલષ્ટ, અર્થમાં ગહન, બોલાવવામાં ભારે ગુંચવણભરી આ રચના તેને વિજય અપાવશે જ, તેનો તેને દૃઢવિશ્વાસ હતો.

ઘનશ્યામ ગગનમંડપમાં ઉગેલ શશાંકબિમ્બ જેવાં સાતે સુશ્રીભર્યાં મુખ શાન્ત હતાં. મહામાત્યે ધીરેથી યક્ષાને બોલવાનો સંકેત કર્યો.

યક્ષા હ્રસ્વ–દીર્ઘના ઉચ્ચારભંગ સિવાય, કાનામાત્રથી સંપૂર્ણ આખી શ્લોકપંક્તિ શાન્તિથી બોલી ગઇ. એ પછી બીજી પુત્રીએ પણ તેનું અનુકરણ કર્યું. ત્રીજી પુત્રીએ પણ તેનું અનુકરણ કર્યું. ચોથી પુત્રીએ પણ અને તે રીતે સાતે પુત્રીઓ બરાબર બોલી ગઇ.

સભા સ્તબ્ધ થઇ ગઇ. વરરુચિને પોતાની વિદ્વત્તા છેહ દેતી લાગી. પોતાના અધ્યયનમાં જ શું કોઇ ક્ષતિ તો નથીને ! મહારાજા તો સત્યાસત્યનો નિર્ણય કરવા ઇચ્છતા હતા. તેમણે કહ્યું:

" પંડિતવર્ય, બીજી રચના સંભળાવો. "

વરરુચિ શીઘ્રતાથી કાવ્ય ન બનાવતાં જરાવાર થોભ્યો. સંભાળપૂર્વક કાવ્યશાસ્ત્રના નવનીત સમી શ્લોકપંક્તિઓ ઉચ્ચારી. આ કૃતિ તદ્દન નવીન, ગૂઢાર્થથી ભરેલી ને કિલષ્ટતાનો નમૂનો હતી. ક્ષણવાર સહુને લાગ્યું કે વરરુચિ વિજય લઈ ગયો.

પણ એટલી જ શાન્તિથી અને શુદ્ધતાથી યક્ષા એ શ્લોક બોલી ગઇ.

બીજી પુત્રીએ એના અર્થ સમજાવ્યા. ત્રીજી પુત્રીએ કાવ્યની ખૂબીઓ વર્ણવી બતાવી.

ત્રીજી વાર મગધના મહામાત્યને જેમ ત્રિપુટીનો મોહ હતો એમ સભાજનોને પણ ત્રીજીવારનો મોહ જાગ્યો હતો.

ત્રીજી વાર એથી પણ વિશેષ હાર ! વરરુચિ પાંખ કપાયેલા બાજની જેમ તરફડવા લાગ્યો. આજે મહામાત્ય પોતાના કોઇ પૂર્વ-જન્મના વેરી રૂપે પ્રગટ થયા. ક્ષણવારમાં વર્ષોના સંચિત પાંડિત્યનો નાશ કરી નાખ્યો. વર્ષોની પ્રાપ્ત પ્રતિષ્ઠા આજે વાતવાતમાં વિલીન થઈ ગઇ.

ઉપકોશા સામે જ બેઠી હતી. એની દૃષ્ટિમાં અજબ રંગો ઘોળાઇ રહ્યા હતા. વરરુચિએ પલવાર એની સામે જોયું. એ દૃષ્ટિમાં તલવારના ઘા કરતાં વિશેષ વેદના હતી.

બધી ય કલ્પનાઓ, તમામ ઉન્નત આકાંક્ષાઓ, સર્વ સુખદ સ્વપ્નો આજ નષ્ટ થતાં હતાં. સભાગૃહમાંથી હાસ્ય ને મશ્કરીસૂચક ધ્વનિઓ આવી રહ્યા હતા. વરરુચિનો આખો દેહ અકલ્પ્ય જોમથી ધણધણી ઉઠ્યો. એ પીઠિકા પર ઊભો થઇ ગંભીર અવાજે બોલ્યો:

“ સભાજનો, શાંત થાઓ. મારી કાવ્યશક્તિમાં હું પૂરતો વિશ્વાસ ધરાવું છું. કોઇપણ મલિન તત્ત્વ તેને દૂષિત નહીં કરી શકે. માતા ભાગી-રથીએ ભલભલા મહારથીઓની લાજ રાખી છે. મારી લાજ પણ એ રાખશે, મગધનાં નરનારીઓ, સાંભળી લો ! આ વિદ્વાનોનો વડો વરરુચિ ગંગાકિનારે ગંગાને વર્ણવતાં સ્તુતિકાવ્યો રચશે. જો આ કાવ્યો સાચાં હશે તો મા ભાગીરથી પ્રસાદ મોકલશે. જો એ કાવ્યો જૂઠાં હશે અને મા ભાગીરથી પ્રસાદ નહિ મોકલે તો આ તમારો વિદ્વાન વરરુચિ જીવતાં જ જળસમાધિ લઇ પ્રાયશ્ચિત કરશે. ”

સભા શાંત થઇ ગઈ. સમય પૂરો થયો હતો એટલે મહારાજાએ પણ સભા વિસર્જન કરી. વરરુચિ પોતાના આસન પર બેઠો હતો. મહામાત્યે ત્યાંથી જતાં જતાં ધીરેથી કહ્યું:

" પંડિતવર્ય, ભાગીરથીને તીરે તેડાવશો ને ! "

વરરુચિને લાગ્યું કે મહામાત્ય ઘા પર મીઠું છાંટી રહ્યા છે. એની આંખોમાં વાઘવરુનું તેજ ચમકવા લાગ્યું.

મહામાત્ય ધીરેથી આગળ ચાલ્યા. આખી સભા યક્ષા અને તેની બેનોનાં વખાણ કરી રહી હતી.

" સ્થૂલિભદ્ર તો આ સૌને ટપી જાય તેવો છે. " એકે પોતાનો મત આપ્યો.

" સ્થૂલિભદ્ર ? " મહામાત્યના કાને શબ્દો ઝીલ્યા.

" સ્થૂલિભદ્ર ? " વરરુચિએ આ શબ્દ સાંભળી નવો જ કંઇ વિચાર ધર્યો.

મહામાત્ય શકટાળ શિબિકામાં ઘેર જવા નીકળ્યા ત્યારે તેમના મુખ પર વિજયની ખુમારી નહોતી. નત મસ્તકે પૃથ્વીપટ પર આલેખાયેલું કોઇ ભાવી વાંચતા હોય તેવા ભાવ હતા.

## [ ૧૩ ]

**अत्ता हि अत्तनुबंधु,**
**अत्ता अत्तनो मित्त ॥** [1]

**યુવાન** થતી જતી રાત્રીમાં, પ્રાસાદનો ક્ષીણ થતો જતો દીપક પ્રાસાદના મુખ્ય ખંડમાં એક ઝાંખો છતાં મોટો પડછાયો પાડતો હતો. રાત્રીનો સોપો પડી ગયો હતો. આકાશનાં ઉડુગણો ય એકલાં બન્યાં હતાં. મધરાતનો શીતળ પવન નિર્જન વીથિકાઓમાં થઈને વહેતો હતો.

સઘળી સૃષ્ટિ શાન્ત ને સ્તબ્ધ હતી, કેવળ મુખ્ય ખંડના હાલતા-ચાલતા પડછાયાના મુખમાંથી વારેવારે ઉપરના શબ્દો સરી રહ્યા હતા.

આ પ્રાસાદ અમાત્યશ્રેષ્ઠ શકટાળનો હતો. અને આવડો મોટો કદાવર પડછાયો એ મહામાત્ય અથવા તેમના પુત્ર સ્થૂલિભદ્ર સિવાય બીજાનો હોઈ શકે તેમ નહોતો. વિશાળ વક્ષસ્થળ, મોટું માથું, પ્રચંડ દેહ, લાંબી ભુજાઓ, ધમધમતાં પગલાં, પાટલીપુત્રના એકેએક યોદ્ધાને સુપરિચિત હતાં. રાત્રે નગરનો ચોકીદાર પણ મોટા ઓળાઓથી ડરી અમાત્યની સંભાવના કલ્પી લેતો.

મધરાત થઈ હતી, પણ તેમનાં નેત્રોમાં નિદ્રા નહોતી. મન ભારે લાગતું હતું. હૃદયમાં જબરી વિડંબનાનો વાયુ વાતો હતો. એક અકળ ઉદાસીનતા તેમના હૃદયને ભારે બનાવી રહી હતી. થોડી થોડી વારે ઉપરના સૂત્રનું ઉચ્ચારણ કરી કંઈ વિચાર ચલાવતા હોય; તેમ મૂંગા મૂંગા ખંડમાં આંટા માર્યા કરતા હતા.

---

[1] આચારાંગ. આત્મા આત્માનો બંધુ છે. આત્મા આત્માનો મિત્ર છે.

મહારાજા કાવ્યકળાના રસિયા બન્યા પછી રાજતંત્રનો મુખ્ય ભાર તેમને માથે આવ્યો હતો. ગીત, વાદ્ય અને નૃત્યના નવા જન્મેલા મહાઝરણમાં જ્યારે પાટલીપુત્રની સમસ્ત પ્રજા સ્નાન કરી રહી હતી, ત્યારે કેવળ મહામાત્યનું જ રસભર્યું ઝરણ સૂકાતું જતું હતું. ઉલ્લાસ–ઉન્માદની લાગણીઓ વટાવી ગયેલ એમનું સ્વસ્થ હૃદય, હૈયાનો બોજ હળવો કરવા શાસ્ત્રાભ્યાસ ને સ્વાધ્યાય તરફ વળ્યું હતું. શાસ્ત્રદોહન કરતાં કરતાં, આજે એની મેળે યાદ આવી ગયેલી ઉપરની બે પંક્તિઓ એમને ખૂબ જ આશ્વાસક નીવડી હતી.

આ મોટા ખંડની સામે જ પુત્ર અને પુત્રીઓ માટેના શયન-ખંડ આવેલા હતા. યુવાવસ્થામાં આવેલાં પુત્રપુત્રીઓના શયનખંડમાં મધરાતે જવામાં અવિવેક કલ્પનાર, મહામાત્યને આજે કોઇ હૃદયભાર એ તરફ ખેંચી ગયો. સ્મૃતિનાં જાગેલાં તોફાનો માટે કદાચ તેમને આ એકમાત્ર ઔષધ સાંપડ્યું હશે.

દબાતે પગલે મહામાત્ય પ્રથમ ખંડમાં આવ્યા. એ સ્થૂલિભદ્ર અને શ્રીયકનો શયનખંડ હતો. એક ભારે પલંગ પર શ્રીયક નિશ્ચિંત-તાથી નિદ્રા માણી રહ્યો હતો. એક આછું વસ્ત્ર એણે ઓઢ્યું હતું. સ્થૂલિભદ્રની શય્યા ખાલી હતી. કેટલાય દિવસથી સાફસૂફ કર્યા વિનાની હતી. એનાં ધનુષ્ય–બાણ ભીંત પર લટકતા હતાં, ને તેના પર ભેરવેલી માળાઓ સૂકાઇને ખરી ગઇ હતી. શય્યાત્યાગ પછી રોજ પ્રાતઃકાલે પિતાજીને વંદન કરવા જવા માટે રાખેલાં વસ્ત્રો, નીચે નાની સંદૂકોમાં જેમનાં તેમ હતાં.

મહામાત્યની મોટી આંખોના ખૂણા સહેજ આર્દ્ર થયા. લાગ-ણીનાં તોફાનો વચ્ચે સ્વસ્થ રહેવાની કળા જાણનાર તેઓ ઝડપથી બહાર નીકળી ગયા. પુત્રીઓનો શયનખંડ સ્ત્રીસુલભ માર્દવતા ને સુંદરતાનો નમૂનો હતો. એનું શિલ્પ, એની નકશી, એની એક એક વસ્તુ ખાસ પસંદગીથી યોજાયેલી હતી. વિધવિધ જાતનાં પુષ્પોનો ગૃહશણગાર, હસ્તિદંતના ને બીજાનાં વિધવિધ જાતનાં રમકડાં ચોતરફ ગોઠવેલાં હતાં.

યક્ષાના એક એક શબ્દને મહામાત્ય ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હોય તેમ લાગતું હતું, યક્ષા બોલી રહી એટલે તેમણે એક સૂક્કું હાસ્ય કરતાં કહ્યું:

" યક્ષા, તમારા જેવી ન્યાયવિભવથી સંપન્ન પુત્રીઓના પિતા તરીકે મારી જાત માટે મને ગર્વ ઉપજે છે. મારી વિદ્યા, મારો શ્રમ ફળ્યો છે. યક્ષા, જેની પુત્રીઓનાં દિલ આવાં કૃત્યો સામે પોકાર પાડી ઊઠે, એના પિતાના દિલને તમે શું સમજો છો ? તમે એમ ન માનશો કે તમારી સ્મરણશક્તિનો મેં દુરુપયોગ કર્યો છે. આજે તો એનો સાચો સદુપયોગ થયો છે. પૂજ્યવર્ય કલ્પકે મહામંત્રીપદ લીધું, ત્યારથી મગધને માટે સર્વસ્વ અર્પણ એ આપણા કુટુમ્બનો સામાન્ય સિદ્ધાંત છે. "

" આ અર્પણ કેવું ? "

" હજી ન સમજી ? પણ હા, તમારાં નિષ્પાપ દિલ એકદમ એ સમજી પણ કેમ શકે ? પુત્રીઓ, મગધ વિલાસી, વિદ્વેષી, લાલચી ન બને, એ જોવાની મારી ફરજ છે. આજે બધે મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તે છે. કમજોર સદા દબાવાને જ સરજાયો છે. એમાં પણ રાજ્યોએ તો સદા સાવધ રહેવાનું છે. એની એકાદ ભૂલ, એકાદ ક્ષતિ આખું રાષ્ટ્ર વીંખી નાખે. આજે મગધનું સામ્રાજ્ય દૂર દૂર સુધી પ્રસરેલું છે. શું ક્ષત્રિય કે શું ઇરાની; શું દેશી કે શું પરદેશી; એક પણ દુશ્મન પાટલીપુત્રના કાંગરાઓ સામે વક્ર દૃષ્ટિ કરી શકે તેવી સ્થિતિ નથી, પણ તેથી ગાફેલ થવાની જરૂર નથી. જે પ્રચંડ દુશ્મનોને જેર કરી આ સિંહાસન સ્થિર કર્યું છે, મહારાજે ચક્રવર્તીપદ વર્યું છે, એ દુશ્મનો જેર અવશ્ય થયા છે; છતાં હજી જાગતા છે. એમના દિલમાં પોતાની સત્તા ગયાની જ્વાલા સળગે જ છે. તક મળતાં જ તેઓ ભૂતાવળોની જેમ મગધને ગળી જવા સજ્જ થઇ જવાના. એમનાં ધાડાં આ રમણીય ભૂમિને છૂંદી નાખવાનાં. એટલે મગધને કેવળ વિજયોન્માદ જરૂરી નથી; એનો કોષ-ખજાનો ભરપૂર રાખવાની જરૂર

છે. દિગ્વિજયી સૈન્ય વ્યવસ્થિત રાખવાની આવશ્યક્તા છે. પ્રજામાં યુદ્ધપ્રિયતા ને દેશાભિમાન જાગ્રત રાખવાની જરૂર છે. ”

“ એટલે કળા અને સાહિત્યની કંઇ જરૂર જ નથી, પિતાજી ? ” ભૂતદિન્નાએ પ્રશ્ન કર્યો.

“ શા માટે નહિ ? જરૂર છે. અવશ્ય જરૂર છે, પણ આટલી બધી નહિ. તમારો પિતા જ એનો પૂરેપૂરો ઉપાસક છે, પણ દરેકને મર્યાદા છે. કાવ્યકળાઓ, નૃત્યવિદ્યાઓ, સાહિત્યચર્ચાઓ પ્રત્યેક પ્રજાને નિતાન્ત આવશ્યક છે, પણ કોઇપણ વાતની અતિ ન કરવામાં જ તેની મજા છે. પ્રજાને કેવળ જડવિદ્યાસેવી અને કળાનો વિલાસ સેવનારી બનાવવામાં અત્યંત જોખમ સમાયેલું છે. એશઆરામ ભર્યું વિલાસનું તળિયું અત્યંત લપસણું છે. એ લપસણા ઉપર ગયેલી પ્રજા નૃત્ય કરી શકે, વિલાસ માણી શકે, વિદ્યાવ્યાસંગ સેવી શકે; પણ યોદ્ધાનું કઠોર જીવન, રણમેદાનની અપ્રતિહતશત્રુતા ન આણી શકે. મગધને હજી કઠોર જીવન ગાળનાર, વાસના અને વૈભવને ક્ષણભંગુર સમજનાર યોદ્ધાઓની આવશ્યક્તા છે. પાટલીપુત્રના યોદ્ધાઓ, તેમના જીવનને વેગ મળે, સંસ્કારવંત થઇ કેવળ પશુતાના પૂજારી ન બને એટલો વિદ્યાવ્યાસંગ કરે એ મને ગમે; પણ પ્રજા એ રીતે વિલાસી બનતી જાય એ કદી ન પોષાય. મગધનું આંતર બહુ ઓછા જાણે છે. દૂર દૂરના મુલક હાથ કરી લીધે શું વળ્યું ? એ તો વધુ દુશ્મનો ખડા કર્યા જેવું થયું કહેવાય. એ બધાનો હજી વ્યવસ્થિત પ્રબંધ કરવાની જરૂર છે. મગધનો યોદ્ધો યુદ્ધનો થાક ઉતારવા બંસરી બજાવે, એ ભલે યોગ્ય લેખાય, પણ બંસરીનો થાક એને રાષ્ટ્ર તરફ તિરસ્કાર કરાવે એ મને ન રુચે. મગધની રમણીઓ ભલે કાવ્યની છોળોમાં નહાતી રહે, પણ કાવ્યની મોહિની જીવનની મોહિની ન બનવી ઘટે ! પોતાના પુત્રને, પિતાને કે પતિને રણસંગ્રામે મોકલતાં એની જિહ્વા થોથરાય, એને પોતાના વૈભવવિલાસ સાંભરે, એ હું કદી પસંદ ન કરું. મગધનો સ્વામી સદા કાર્યરત હોય, એના કોષ ભરપૂર

ને ભંડારો અનાજથી છલકાતા હોય; એનું સૈન્ય દિનપ્રતિદિન અપ્રતિમ બનતું જતું હોય; પછી દિવસરાત ભલે કાવ્યચર્ચાનો ધોધ વહેતો રહે. " પિતાજીએ પોતાના હૃદયને વહેતું મૂકી દીધું હતું.

" પિતાજી, રાષ્ટ્ર એટલે સૈન્ય, કોશ ને શસ્ત્રો એટલું જ ? સંસ્કાર, સંસ્કૃતિ કે સાહિત્ય જેવું એને કશું જ નહિ ? " યક્ષાએ ધીરેથી પ્રશ્ન કર્યો.

" રાષ્ટ્ર એટલે એ બધાનો સમન્વય. એને સંસ્કાર, સંસ્કૃતિ ને સાહિત્ય પણ જોઈએ જ. એમાંનું એકપણ અધુરું હોય તે રાષ્ટ્ર ન કહેવાય, છતાં એ નિશ્ચિત સમજી લેવાનું કે પ્રજાઓ નિર્બળ બનતાં એના સંસ્કાર ને સાહિત્ય ગમે તેટલાં ઉત્તમ હોય, એ નિર્બળ બનવાનાં. પરાજિત પ્રજાઓને આત્મા હોતો નથી, સંસ્કાર કે જીવન હોતું નથી; એવી ભ્રમણા દરેક વિજેતા સેવે છે. આજે તમે આર્ય જેને અનાર્ય કહો છો; એમને પણ એક દિવસ સંસ્કૃતિ હતી, સંસ્કાર હતા. બધું ઘણું ઘણું હતું તેઓ ઉદાર હતા, દાતા હતા એટલે દાસ કહેવાતા. વૃત્ર, નમુચિ અને શંબર એમના રાજાઓ હતા. નમુચિએ તો આખી સ્ત્રી-સેના યોજેલી હતી. એમનો વડેરો સપ્તસિંધુનો રાજા વૃત્ર તો અતુલ જ્ઞાની હતો. પણ એક દહાડો પોતાને આર્ય કહેવરાવતા કેશી યોદ્ધાઓ સુંદર અશ્વો પર સવાર બની ધસી આવ્યા. એમાં યોદ્ધાઓ તરીકે ઋષિ મહર્ષિઓ હતા વેદપાઠી વિદ્વાનો હતા. દાસ પ્રજા પરાજિત બની. અને પરાજિત બનતાં જ વિજેતાઓએ પોતાને આર્ય તરીકે ઓળખાવ્યા. જીતાયેલી પ્રજાને અનાર્યનું ઉપનામ આપ્યું. એમની સંસ્કૃતિ જંગલી લેખાણી. દાતા શબ્દનો દ્યોતક દાસ શબ્દ ગુલામનો દ્યોતક બન્યો. ગમે તેવા પ્રબલ સંસ્કાર કે સાહિત્ય હોય, પરાજિતતા એવી છે, કે એ બધામાંથી પ્રાણ હરી લે છે. એનું સાહિત્ય, એની સ્ત્રીઓ પોતાનાં મટી પારકાં બને છે. એ વિજેતાનો વંશ ઊજળો કરે છે. એનાં બાળકોમાં પણ સ્વાતંત્ર્ય તરફનો અપ્રેમ, પોતાની જાત પ્રત્યેનો ધિક્કાર, કુસંપ અને દોષદર્શિતા ઊતરે છે. "

મંત્રીરાજ એક શિક્ષકની રીતિનું અનુકરણ કરી રહ્યા હતા. ક્ષણવાર સ્થંભી પુનઃ તેમણે બોલવું શરૂ કર્યું.

"પુત્રીઓ, હવે તમે સમજી શકશો કે મેં વિદ્વાન વરરુચિને શા માટે અપયશભાગી બનાવ્યો. એ વિદ્વાન મેં જ અહીં આણ્યો છે. મેં જ–રાજકાજના એક પામર જીવે જ મહારાજની સંસ્કૃતિ ને શાસન અમર કરવા આ ત્રિપુટી અહીં આણી હતી. મારા હૃદયના એક ખૂણે સજીવ બેઠેલી કાવ્યદેવીએ જ–સાહિત્યશોખે જ એ કાર્ય કર્યું હતું. પણ મારે શોખ જોઈતો હતો, કેફ નહોતો જોઈતો. ઋષિ મુનિના જેવી વિદ્યાની ઉપાસના જોઈતી હતી, જે વજ્ર જેવી કઠણ ને કુસુમ જેવી કોમળ પણ હોય. [1]તપની દુષ્કરતા, સાધુતાનો સંયમ અને નિષ્કામ જીવનની સુવાસ એમાંથી ઊઠવી જોઈતી હતી. છેલ્લા કેટલાક વખતથી હું નિહાળી રહ્યો હતો, કે પ્રજાને સાહિત્યનો કેફ ચઢ્યો છે, મારાં સૈન્યોએ પણ હવે નિરાંતની વેળાએ તીરંદાજી, પ્રવાસ કે અશ્વ કેળવવા મૂકી દીધા છે. તેઓ પણ સ્ત્રીની ભ્રકુટી અને ચંદ્રાનનાના રૂપલાવણ્યને કવિતામાં ગૂંથવા મથ્યા કરે છે. આ કેફનું મૂળ વરરુચિ છે. વરરુચિને વિદ્યાનું અભિમાન છે. એ અભિમાન એક દહાડો મહાપાપ કરાવે. મગધમાં કુસંપનાં બીજ રોપે. મગધના સ્થિર થયેલા પાયા ડોલાવી નાખે. મહારાજાનો એ કેફ ઉતારવા પુત્રીઓ તમારી વિદ્યાનો કાલે ઉપયોગ થયો. મગધને એની પુત્રીઓએ મદદ કરી."

"પિતાજી, આપનું કહેવું યથાર્થ છે, પણ આ રીતથી આપે એક સમર્થ માણસ સાથે વેર બાંધ્યું : એમ નથી લાગતું ?"

"અવશ્ય લાગે છે. કદાચ કાલે એ વેરના પ્રતાપે હું મગધમાંથી નષ્ટભ્રષ્ટ થાઉં, પણ પ્રજા તો એક વેળા કહેશે કે ભરસભામાં દાનશૂર રાજવીને દાન આપતાં થંભાવનાર મગધનો એક સેવક કડવો પણ સાચો હતો. યક્ષા, એ દાન નહોતાં, ઘેલછાનું લલચામણું સ્વરૂપ હતું.

---

[1] ज्ञानस्य फलं विरतिः ।

પુત્રીઓ, જેણે હાથે કરીને મહાસાગરનાં તોફાનોમાં ઝૂકાવ્યું હોય: એ ભલે મગરમત્સ્યો સાથે મુકાબલો કરવા સાવધ રહે, પણ એને ભય ન હોય. મગધનો અપ્રતિબદ્ધ પ્રતાપ એ મારી જીવનસિદ્ધિ છે. એની આડે આવનાર પેટના પુત્રને પણ હું સાંખતો નથી. " મંત્રીરાજની જિહ્વામાં અત્યારે એક રણધીરની તીવ્રતા હતી. વફાદારીની સુવાસ હતી. યોગીની સ્વસ્થતા હતી,

મંત્રીરાજના જીવનમાં ઉદ્વેગભરી આવી અનેક રાતો આવતી: પણ પરિણામે આ રીતે મીઠી જતી. આ રાત પણ એવી બની. વિદુષી યક્ષાને પિતાની આટલી સ્પષ્ટતા પછી હૃદયશલ્યનું કંઇ કારણ ન રહ્યું. મંત્રીરાજે વિશેષ ખુલાસો કરતાં કહ્યું:

" યક્ષા, હવે હૃદયમાં શલ્ય તો નથી ને ? "

" ના, પિતાજી. "

" તમારા પિતાએ તમારી વિદ્યાનો કરેલો ઉપયોગ યોગ્ય જ હતો ને ? "

" નિ:સંદેહ. "

" યક્ષા, આજે યોગ્ય વેળા હાથ આવી છે. સંતાનનો શિરછત્ર જેમ પિતા છે, એમ પિતાનો વિસામો સંતાન છે. એક વેળા—એક રાતે આવો જ અજંપો જાગેલો, એ રાતે શ્રીયક અને સ્થૂલિભદ્ર પાસે મેં હૃદય ખોલેલું. જીવનમાં બીજી વાર આજે તમને પણ થોડું કહી લેવાનું મન થાય છે. મુસદ્દી થયા તેની જબાન સીવાઇ જાય છે. બહુ બોલવા કરતાં કરી બતાવવાની એને આદત પડી જાય છે. છતાંય મુસદ્દીઓ કંઈ હૃદયને કાઢીને ફેંકી દઈ શકે છે ? પુત્રીઓ, મારી સંતતિનું મૃત્યુ મને એટલું બેચેન નથી બનાવતું, જેટલું એનું નૈતિક અધ:પતન મને દુ:ખ આપે છે. મારી ઉંમર તો હવે આ સાંસારિક કાર્યોથી નિવૃત્તિને યોગ્ય થઇ છે, પણ નિર્વૃત્તિ નથી લેવાતી. કયારે લઇ શકાશે, તે પણ કહી શકતો નથી. રાજસેવા કંઈક લલચામણી બની છે, પણ

તેથી કુદરતનો કાનૂન થોડો પલટાવાનો છે ? પકવ ફળે વૃક્ષ પરથી છૂટા પડી જવું જોઈએ. ન પડે તો એના અંગને ગળતી લાગુ પડે. મારા માટે પણ મને એમ લાગે છે. ભૂતકાળ ગમે તેટલો ઊજળો હશે, વર્તમાન ગમે તેટલો સુંદર હોયઃ પણ એ એના ગુણાકારમાં ભાવિ જરા વિચિત્ર ભાસે છે. મારી આશાના સ્તંભ સ્થૂલિભદ્રને મેં જ કોશા જેવી કુશળ ગણિકા પાસે વિદ્યા શીખવા કહ્યુંઃ અને એ જ વિપરીત નીવડ્યું. મારા મનોરથોના મહાપ્રસાદ જેવા ત્રણ ત્રણ વિદ્વાનોને વિદ્વત્તાનો પ્રવાહ રેલાવવા અહીં તેડી લાવ્યો, ત્યારે મારે જ નસીબે એ પ્રવાહ રોકવાનું આવ્યું. કાવ્યસભાની ઘટના નાની હતી, છતાંય મહારાજા મારા વચન પર, મારી અપ્રગટ નેમ પર 'કિન્તુ' જેટલો ય અવિશ્વાસ બતાવી ગયા. પુત્રીઓ, તમે કોઈ મુંઝાશો મા ! તમારા પિતાની એ જન્મસિદ્ધ આદત છે, કે ભાવિને હોય તેથી કઠોર કલ્પવું. અને કોઈ કાળે આવી પડેલા એવા ભાવિ માટે સંતાનોને ખબરદાર રહેવા, કર્તવ્યનું ભાન ન ભૂલવા સૂચના કરવી. મારો સ્વભાવ ઉપદેશકનો છે. મને ઘણીવાર થઈ આવે છે, કે હું સાધુ થયો હોત તો ઠીક થાત. ”

“ પિતાજી, આજે આપ ખૂબ જ લાગણીવશ છો. આપના જેવા સમર્થ ને સત્યભક્ત પિતાની પુત્રીએ પણ આપના કૃત્યની શંકા કરી, એ નિઃશંક સારા ભાવિનાં તો ચિહ્ન નથી જ. ” યક્ષાનો અવાજ ગળગળો થઈ ગયો હતો.

“ મારી દીકરી, તારો પિતા ભાવિથી ડરનારો નથી. તમારી શંકા સ્થાને જ હતી. તમારું કૃત્ય પણ સ્થાને જ હતું. આચારકાળે પિતૃઆજ્ઞા શિરોધાર્ય લેખનાર, વિચારકાળે ગમે તેવા સંદેહો કરવાને અધિકારી છે. હાં, બેટા, તું સ્થૂલિભદ્ર પાસે ગઈ હતીને ? ” મંત્રીરાજે વાતનો પ્રવાહ બીજી દિશામાં વાળ્યો. તેઓને લાગ્યું કે પોતાને જે કહેવાનું હતું, તે ટૂંકમાં પણ કહેવાઈ ગયું છે.

“ ગઈ હતી. કોશાનાં આદરમાન તો અપૂર્વ જ છે. પિતાજી, માતા–પિતાનાં સારા-નરસાં કર્મોનું ફળ સંતાનને કેવું ભોગવવું પડે છે ? એનું

કોશા જીવન્ત ઉદાહરણ છે. "યક્ષાના અવાજમાં સ્ત્રીની સનાતન માર્દવતા ગૂંજતી હતી.

"તમારા બધા કરતાં કોશાને હું વધુ પિછાણું છું. મારી નજર સામે તે ઉછરી છે, પણ સ્થૂલિભદ્રને તું મળી? એણે શું કહ્યું?"

"ભાઇએ તો મને મોં બતાવવાની જ ના કહી. એણે કહેવરાવ્યું કે પ્રતાપી પિતાના પુત્રનું અને આવાં સતિયાં ભાઈ–બેનોના બંધુ સ્થૂલિભદ્રનું તો ગાંધારનાં વિજયમાં અવસાન થઇ ગયું છે. અહીં તો એક નામધારી સ્થૂલિભદ્ર આવી ભરાયો છે, જેને વાસના વહાલી છે, વિષયકીચ વહાલા છે. વાદળના ગોટા જેવા રંગરાગ પ્રિય છે."

"પછી તેં સ્થૂલિભદ્રને જોયો કે નહિ?"

"જોયા વગર કેમ પાછી ફરું! હું તો વિચિત્ર મુંઝવણમાં મૂકાઇ ગઇ હતી. એક તરફ મારા પગ પાસે મસ્તક નમાવી કોશા રડે, બીજી તરફ કોશા પર જલીજલીને ખાખ થઈ ગયેલી હું રહું. પિતાજી, એ અધમ સ્ત્રીને શાપ આપવા ગઈ હતી, ને કંઇ બોલી જ ન શકી.

"કોશા રડતી રડતી કહેતી હતી: "યક્ષાદેવી, તમારા સ્પર્શને પણ યોગ્ય હું નથી. મને માફી આપો. હું તો તમારી બધાની ચરણરજ છું. હું સમજું છું કે મેં મગધના સાચા સ્વામીને ઘેર જ ચોરી કરી છે. મૃત્યુદંડ એ મારી સામાન્ય સજા છે, પણ એ મૃત્યુદંડ મારી આ દશા કરતાં મને વધુ સારો લાગ્યો. જળ–મીનની અમારી પ્રીત છે, શું યક્ષાદેવી, અમારી એ પ્રીત તોડી નાખશો? મગધની એક ગણિકાને ત્યાં જન્મી, એ પાપે મારું સુંદર સ્વપ્ન ભાંગી નાખશો? મુજ અભાગણીનો માળો ચૂંથી નાખશો? કદાચ એ માળો ચૂંથી નાખશો એ જ મારા આ અશક્ય અપરાધની સજા લેખાય તો પણ, ઓ સતી સ્ત્રી! એટલો આશીર્વાદ જરૂર આપજો કે આ ભવે નહિ તો આવતે ભવે મને મારો ભદ્ર મળે. તમારા જેવી સાધ્વીના આશી-

ર્વાદ જરૂર ફળશે." યક્ષા સ્થંભી. એની આંખો આર્દ્ર બની હતી. "પિતાજી, આની સામે અધર્મ કલ્પવા છતાં હું શું બોલું ?"

"સ્થૂલિભદ્રે શું કહ્યું ?" મહામાત્ય જાણુતા હતા, કે સ્ત્રીના દુઃખથી બીજી સ્ત્રી જલદી પીગળી જાય છે, તેમાં પણુ ઉત્કટ પ્રેમ કે ત્યાગ પાસે સ્ત્રી સહેજે નરમ પડી જાય છે.

"એ શું કહે ? પહેલાં તો એ મને મુખ પણુ બતાવવા તૈયાર નહોતો. કોશાની અનેક વિનંતિઓ પછી મને મળ્યો. પહેલાં તો એને વાચા જ ફૂટી નહી. એ નીચું જોઇને ઊભો રહ્યો. મેં બોલાવ્યો પણુ ન બોલ્યો. હું જરા પાસે ગઈ. એની પીઠ પર હાથ મૂકવા જાઉં છું. ત્યાં એ દૂર ખસી જઇ બોલ્યો: "બેન. આ રૂપાળા નરકમાંથી જલદી ચાલી જા ! વાસનાની આઠે પ્રહર જલતી ભઠ્ઠીમાં અમારાં વિષયી અંગોને અમને હોમવા દે ! એ અંગો ગળી ન જાય, એમાંથી પાસપરુ ટપકવા ન લાગે, અંગેઅંગે કાળી વેદના કિકિયારી ન પાડે ત્યાં સુધી બેન, આ સ્થળ જ અમારી તૃપ્તિનું સ્થાન રહેશે. હું ભણ્યોગણ્યો છું, એટલે મારા પાપની કિંમત સમજું છું, પણ બેન, તું જલદી આ નરકમાંથી નીકળી જા !"

યક્ષા ભાઇના શબ્દોની પુનરાવૃત્તિ કરતાં કરતાં ય હવે ખરેખર રડતી હતી. રડતાં રડતાં એણે બોલવું ચાલુ રાખ્યું.

"પિતાજી, હું તો વિમાસણુમાં પડી ગઇ. એક તરફ મારો ભાઇ આવો હોય એ વાતનો તિરસ્કાર, બીજી તરફ એની સરલતા જોઇને પ્રગટતો પ્રેમ. મને એ તો વિશ્વાસ થયો કે મારો ભાઈ સામાન્ય ગણિકાગામીઓના જેવો નથી.

"મેં એને કહ્યું: 'એક વાર પિતાજીને મળી જા ! શ્રીયક તારા વિના રડ્યા કરે છે. યક્ષદિન્ના વગેરે તો તને સ્મૃતિમાંથી ખસેડતી જ નથી."

"એણે કહ્યું: "બેન, મારા મુખદર્શન કરતાં તો મૃત્યુ સારું છે, જેનાં વિદ્યા, સંસ્કાર અને મન એકાદ સૌંદર્યભરી સ્ત્રીને નીરખી

ક્ષણે ક્ષણે પલટાતા રહે એને લઇ જઇ નેય શું કરીશ ? જંગલનો જીવ કાલે પાછો જંગલ તરફ જ નાસી છૂટવાનો. બેન, કોશા સાથે મારો કોઇ પ્રારબ્ધબંધ છે. એ બંધ તૂટી જાય ત્યાં સુધી અહીં શોભવા દે! દુનિયામાં દંભી બનીને જીવવા કરતાં, ઉઘાડા ગણિકાગામી થઇને જીવવું એમાં જ મને મારો ધર્મ લાગ્યો છે. પિતાજીને કહી દેજે કે તમારો સ્થૂલિભદ્ર મરણ પામ્યો. મરેલા પુત્રના પ્રેતને કોશાના ભુવનમાં સુખે રમવા દે! બેન, હવે ઝટ કર! તારી સામે હું ઊભો નથી રહી શકતો. તારા પવિત્ર જીવનની આગ મને બાળી રહી છે. જા બેન, જરૂર મળીશું, કાં તો નવે અવતારે કાં આવતે અવતારે!" પિતાજી, બસ આ પછી હું કંઇ પણ બોલ્યા વગર રડતી રડતી ઘેર પાછી ફરી."

કેટલીએક ક્ષણ બધાં ચૂપચાપ બેસી રહ્યાં. કમળપુષ્પ જેવી પુત્રીઓના સામે પિતાએ સ્વસ્થતા જાળવવામાં જ મર્યાદા સમજી. થોડીવારે એ ઊભા થતા બોલ્યા:

"યક્ષા, તું ભણેલી–ગણેલી વિદુષી છે, એટલે કહું છું. કલ્પકમંત્રીના નિષ્પાપ વંશમાં આવા પાપની સંભાવના હોઇ શકે ?"

"પિતાજી, કોશા અને ભાઇને જોયા પછી એમના પાપની મારી કલ્પના કંઇક હળવી બની છે."

"એટલે ?" પિતાજીએ જરા ઊંચે સાદે પ્રશ્ન કર્યો.

"કદાચ મારો વ્યામોહ પણ હોય."

"યક્ષા, તારા મનોભાવ મારાથી ન છુપાવ. તારા પિતાનો એટલો અધિકાર સુરક્ષિત રહેવા દે."

"ઓછું આવ્યું હોય તો પિતાજી, ક્ષમા કરશો. મારું હૃદય તો આવા અનુભવોનું અનભ્યાસી છે. કદાચ મને વ્યામોહ થઇ ગયો હોય, એટલે જ હું ચૂપ થઇ ગઇ. ભાઇ અને કોશાની જોડી જોતાં મને જાણે એમ જ લાગ્યું કે એ વિધિનિર્મિત જ હશે. પૂર્વનાં કોઇ પાપ કોશાને નડ્યાં. પૂર્વનાં કોઇ પુણ્ય ભાઇને સ્પર્શ્યાં. બંને ઊંચ–નીચ કહી શકાય

તેવી રીતે જન્મ્યા. એ ઊંચ–નીચના ભેદ ન હોત તો ! મગધમાં તેઓ પ્રતિષ્ઠા પામત. એમની જોડી અજબ થાત. એકની કલાનિપુણતા, બીજાની વિદ્યાશ્રેષ્ઠતા સુવર્ણમાં સુગંધ બનીને રહેત. પણ પિતાજી બિચારાં કંઇક સજા જ ખમવા સર્જાયાં હશે. છતાં એટલું તો યાદ રાખવા જેવું છે કે પ્રેમનું સુવર્ણ જેમ સજાના તાપને સ્પર્શતું જશે, એમ દિવ્ય થતું જશે. ”

“ એમને કોઇ સજા નહિ કરે. કર્મરાજાનો કાયદો અચળ હોય ત્યાં માનવીએ શા માટે મિથ્યા યત્ન કરવા ! વારુ, યક્ષા, હવે શ્રીયકના લગ્ન કરી નાખવાની ઇચ્છા થાય છે. સ્થૂલિભદ્રની કંઇ આશા રાખવી હાલમાં વ્યર્થ છે. ”

પિતાના આ શબ્દો સાંભળી યક્ષાનું દિલ એકદમ હળવું બની ગયું. એને આખી રાતનો ઉજાગરો કરાવનાર એક કારણ એ પણ હતું કે ન જાણે પિતાજી કોશા અને ભાઇ ઉપર શા શા જુલમ ગુજારશે. યક્ષાના દિલમાં બંને માટે સહાનુભૂતિ જન્મી હતી.

“ શ્રીયકનાં લગ્નની તૈયારી કરવી ઘટે. ”

“ કન્યા તો તું જ પસંદ કરીશને ! ”

“ હું એકલી શા માટે ? સાતે બેનો ને ભાઇ શ્રીયક; અમે આઠ મળી વહુરાણીને શોધીશું. પિતાજી, લગ્નોત્સવ તો મોટો થશે ને ! ”

“ બધું તમારે કરવાનું છે, હું તો હવે વૃદ્ધ થયો. ”

“ દેવતાઓને વૃદ્ધાવસ્થા સ્પર્શતી જ નથી. ”

પુત્રીઓએ પિતા પ્રત્યેનો નિરવધિ પ્રેમ પ્રગટ કર્યો. મહામાત્યને સુદીર્ઘ દુઃખમંથનમાંથી અમૃત હાથ આવ્યું. એમને લાગ્યું કે ખરેખર આવાં સંતાનોના પિતા થવા માટે હું બડભાગી છું. સ્થૂલિભદ્ર પ્રત્યેનો તેમનો રોષ, કોશા પ્રત્યેનો તેમનો તિરસ્કાર લુપ્ત થયો હતો.

પુત્રીઓ વિચારતી હતી કે આવા પ્રતાપી પિતાના સંતાન થવામાં ખરેખર એમનું ભાગ્ય મોટું હતું.

આ પછી મોડી રાત સુધી ભાઈના લગ્ન માટે, કન્યાની શોધ માટે, લગ્નોત્સવની આયોજના માટે સુખદ વાર્તાલાપો ચાલ્યા :

મહામાત્યના જીવનની એ એક ચિરસ્મરણીય રાત્રી બની ગઈ.

# રંગશાળા

## [ ૧૪ ]

**પાટલીપુત્રનાં** રસિક નર–નારીઓમાં કેટલાક દિવસથી એક વાતની ચર્ચા ચાલી રહી હતી. મગધની નિવૃત્ત રાજગણિકા કોશા 'પાંચમા વેદ'[1] નો ઉદ્ધાર કરવા રંગશાળા નિર્માણ કરી રહી છે. આ માટે દૂર-દૂરથી શિલ્પીઓ, રંગપૂરકો, નાટ્યશાસ્ત્રવેત્તાઓ તેડાવ્યા છે. આ રંગશાળા આખા મગધમાં અજોડ બનશે. કોશા એની રચનામાં લખલૂટ ધન વાપરી રહી છે.

કેટલાંક હોશિલા સ્ત્રી–પુરુષો આગળ વધીને હિંમતથી એમ પણ કહેતાં કે આ રંગશાળામાં સ્થૂલિભદ્ર પણ કોશા સાથે ઉતરશે; અને મંત્રીરાજને પ્રસન્ન કરી કોશા ઉઘાડે છોગે લગ્ન કરી સ્થૂલિભદ્ર તેને આવાસે લઇ જશે.

જગતની જીભ કદી પકડી શકાણી નથી. ગોળાના મોંએ ગરણું બાંધી પાણી ગળીને શુદ્ધ કરી નાખી શકાય, પણ દુનિયાનું મોં એવું નાનું નથી, કે સાચી ને શુદ્ધ વાતો જ બોલી શકે, તે માટે ગરણું બાંધી શકાય. આ બધામાં એક વાત એ નિર્ભેળ સત્ય હતું કે કોશા રંગશાળાનું નિર્માણ કરી રહી હતી.

યક્ષાએ ભાઇની મુલાકાત લીધા પછી, એક જાતની અકળ ઉદાસીનતાએ સ્થૂલિભદ્રને આવરી લીધો હતો. આખો દિવસ એનું દિલ ડંખ્યા કરતું હતું. વિલાસ કે વિહારમાં ય એને સંતાપ લાગ્યા કરતો હતો.

---

૧ નાટ્યશાસ્ત્ર.

કોશાની પ્રાપ્તિ પહેલાં જે ઝંખના એને જલાવી રહી હતી, એવી જ થોડા ફેરફાર સાથેની ઝંખના કોશાની પ્રાપ્તિ પછી પણ એનો પીછો પકડીને બેસી રહી.

પોતાના પ્રિયજનને આ રીતે દારુણ વેદનામાં તરફડતો જોઇ કોશા પોતે પણ દુઃખમાં પડી ગઇ હતી. એને પોતે કરેલો ત્યાગ, સ્થૂલિભદ્રે વહોરેલો લોકાપવાદ, મંત્રીરાજની ક્રુદ્ધ નજર વગેરે બધું મિથ્યા શ્રમ જેવું બની જાય. જીવતરને મીઠું બનાવવા જતાં આવી ઘેરી નિરાશા જો સદાકાળ ટકી રહી તો એને વિષમય બનાવી નાખે.

ચતુર કોશાએ દિવસો સુધી આ માટે મંથન કર્યું. એક દિવસ એકાએક એણે પોતાના કોષાધ્યક્ષને રંગશાળાના નિર્માણ માટે આજ્ઞા કરી. રંગશાળાના પારંગત નિર્માતાઓને બોલાવવામાં આવ્યા. ગમે તેટલું દ્રવ્ય ખર્ચાય પણ અજોડ રંગશાળાના નિર્માણની ઇચ્છા જાહેર કરી.

ટૂંક સમયમાં રંગશાળાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. કોશા સ્વયં નાટ્યશાસ્ત્રવિશારદ હતી. સ્થૂલિભદ્ર તો સારો અભિનયકર્તા હતો. એમણે શાસ્ત્રીય રીતે બધી આ યોજના કરી. પ્રથમ સમાન કઠણ ને સ્થિર ભૂમિ પસંદ કરી વાસ્તુશાસ્ત્ર પ્રમાણે રચી, તિથિ, વાર, નક્ષત્ર ને સુમુહૂર્તમાં ભૂમિપૂજન કર્યું. એકસો આઠ હાથની[1] ભૂમિમાં નાટ્યશાસ્ત્રના નિયમ મુજબ રંગમંડપ રચવામાં આવ્યો. એની ભિત્તીકાઓ તૈયાર થયા પછી, શ્વેતમાલ્યથી સુશોભિત એવા ચાર સ્તંભ અનુક્રમે સુવર્ણ, તાંમ્ર, રૌપ્ય ને લોહના બનાવવામાં આવ્યા. સુશોભિત રંગપીઠ બનાવ્યા પછી છ દારકવાળું રંગશીર્ષ બનાવ્યું. તેને રત્નોથી સુશોભિત બનાવવામાં આવ્યું. તેની પૂર્વદિશામાં હીરાઓ જડ્યા, પશ્ચિમ દિશામાં સ્ફટિકમણિ ઝગારા મારવા લાગ્યા, દક્ષિણ દિશા વૈડૂર્યમણિથી જડવામાં આવી, ઉત્તર દિશામાં પ્રવાલ મૂકવામાં આવ્યા.

---

[1] ૮ અણુ-૧ રજ, ૮ રજ-૧ વાળ, ૮ વાળ-૧ લિક્ષા, ૮ લિક્ષા-૧ યૂકા, ૮ યૂકા-૧ યવ, ૮ યવ-૧ આંગળ, ૨૪ આંગળ-૧ હાથ, ૪ હાથ-૧ દંડ.

રંગશીર્ષ બાદ નેપથ્યગૃહ રચવામાં આવ્યું. આ ગૃહને હાથીદાંતનાં નકશીવાળાં બે સુંદર દ્વાર રાખવામાં આવ્યાં. ધીરે ધીરે સ્થૂલિભદ્રને રંગશાળાના નિર્માણમાં રસ ઉત્પન્ન થતો જતો હતો. દિનચર્યા સિવાયનો દિવસનો ઘણો સમય બંને અહીં જ ગાળતાં. રંગશાળા પૂરેપૂરી શાસ્ત્રીય પદ્ધતિથી બને તેની બરાબર કાળજી બંને રાખતાં હતાં. ખર્ચનો કોઇ હિસાબ નહોતો રહ્યો. કોષાધ્યક્ષ કેટલીકવાર આટલું દ્રવ્ય વપરાતું જોઈ વિચારમાં પડી જતો.

રંગશાળા જેમ જેમ તૈયાર થતી ગઇ, તેમ તેમ સ્થૂલિભદ્રનું મન પ્રસન્ન રહેવા લાગ્યું. સ્થૂલિભદ્રને પ્રસન્ન નિહાળી કોશાની પ્રસન્નતા અનેકગણી વધી ગઈ. રંગશાળા સામાન્ય રીતે તૈયાર થઇ જવા આવી હતી. હવે તેમાં પૂતળીઓ, ભુલભુલામણીઓ, જુદી જુદી જાતનાં યંત્રો, ગોખ ઝરૂખા વગેરે યોજાતું હતું. વિધવિધ દૃશ્યો આણવા માટે યુક્તિ–પ્રયુક્તિઓ રચવામાં આવી હતી. ચારે તરફ દીવાલો પર રંગચિત્રો દોરવામાં આવ્યાં હતાં.

ચિત્રકલા માટે બંને મગધપ્રસિદ્ધ હતાં. રંગશાળાના રક્ષકદેવોનાં ચિત્રોનું કાર્ય હવે આરંભ્યું હતું. મંડપના રક્ષક ચંદ્રદેવને મંડપના સુંદર વસ્ત્રપટ પર આલેખવાના હતા. અને એવી જ રીતે ચારે દિશાઓમાં દિશાઓના રક્ષક ઇંદ્રાદિ દેવોને, ખૂણાઓમાં ખૂણાઓના રક્ષક વાયુદેવને આલેખવાના હતા. ઉપરાંત નેપથ્યભૂમિના રક્ષક મિત્રદેવ, વેદિકાના રક્ષક વરુણદેવ, અને સ્થભોના રક્ષક આદિત્ય તથા રુદ્રદેવ, શાળારક્ષક અપ્સરાઓ અને બીજા જુદા જુદા સ્થાનના રક્ષક જુદા જુદા દેવોને તે તે સ્થળે આલેખવાના હતા. રંગશાળાની મધ્યમાં બ્રહ્મદેવની સ્થાપના કરવાની હતી.

આ બધાં દેવદેવીઓની મૂર્તિઓ ચિત્રકળાના અને દેવદેવીઓનાં સ્વરૂપના જાણકાર વિદ્વાન ચિતારાઓને હાથે નિર્માણ થઈ રહી હતી. સ્થૂલિભદ્ર અને કોશા પણ વહેલી સવારથી કીમતી રંગમંજૂષાઓ અને સુવર્ણ-પીંછીઓ લઇ આલેખવા લાગતાં.

ચિત્રકામની વચ્ચે વચ્ચે દેવદેવીઓના અંગપ્રત્યંગો, એમનાં વાહનો, એમનાં આયુધો માટે ચર્ચા ચાલી નીકળતી. રંગશાળાના કયા ભાગનું કોણ રક્ષક, એ વિષે પણ વિવાદ જાગતો. ઘણી ઘણી ચર્ચાઓને અંતે સ્થૂલિભદ્રનો નિર્ણય માન્ય થતો. વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ ચિતારાઓ પણ આ જુવાનના શાસ્ત્રજ્ઞાન પર મુગ્ધ થઇ જતા.

આ બધા રસકિલ્લોલ વચ્ચે ઝડપથી કામ આગળ ધપે જતું હતું. મગધ પણ આવી શાસ્ત્રીય રંગશાળા પૂરી થવાની ઇંતેજારીપૂર્વક રાહ જોઈ રહ્યું હતું. સ્થૂલિભદ્ર નાયિકાની રક્ષિકા સરસ્વતીની અને કોશા નાયકના રક્ષક ઇંદ્રદેવની છબી આલેખી રહી હતી.

સ્થૂલિભદ્રનું ચિત્ર પૂરું થવા આવ્યું હતું. એ છેલ્લા રંગો ભરી રહ્યો હતો. ચંચળ કોશા હજી અડધે પહોંચી હતી. દરેક વાતમાં એની ચંચળતાનો પાર નહોતો. આજે પણ એ અચાનક પોતાનું કામ અધૂરું પડતું મૂકી ભદ્રની પાછળ આવીને ઊભી રહી. ભદ્ર તો પોતાના કામમાં મગ્ન હતો. એને પીઠ પાછળ કોણ આવીને ઊભું રહ્યું છે, તેનો લેશ પણ ખ્યાલ નહોતો.

એકદમ ખડખડાટ હાસ્યે સ્થૂલિભદ્રને ચમકાવી મૂકયો. એણે પાછા વળી જોયું, તો ઉત્તરીય વસ્ત્રનો પાલવ મોંમાં દાબતી કોશા હસી રહી હતી. આ પ્રયત્નપૂર્વકના હાસ્યે એના મુખને ગલગોટા જેવું રક્તવર્ણું બનાવી મૂકયું હતું.

"કોશા, વ્યર્થ સમય કાઢવામાં રંગશાળાના મુહૂર્તને મોડું થશે. તું તો હજી અડધે પણ નથી પહોંચી !" સ્થૂલિભદ્રે કોશાના ચંચળ અને રમતિયાળ સ્વભાવ પર ટકોર કરી.

"થોડું કરવું પણ સારું કરવું." નીતિશાસ્ત્રનું સૂત્ર ઉચ્ચારતી હોય એવી ઢબથી કોશાએ જવાબ વાળ્યો. આ જવાબમાં સ્થૂલિભદ્રને ટોણો લાગે તેવો વ્યંગ હતો. આ વ્યંગ પકડી પાડતાં એને વિલંબ ન થયો. એણે સહેજ કંટાળાપૂર્વક કહ્યુ:

" એટલે તું ઝડપથી પૂરા થતા મારા ચિત્રને નરસું કહે છે ? "

જવાબમાં કોશા ખિલખિલાટ હસી પડી. ઉત્તર ન મળતાં સ્થૂલિભદ્ર વિશેષ ખિજાયો. પીંછી બાજુએ મૂકી, ચિત્રકામના બાજોઠ પરથી નીચે ઊતરી એણે જરા રૂઆબથી પ્રશ્ન કર્યો:

" બોલ, આ સુંદર ચિત્રમાં તને નરસું શું દેખાય છે ? "

" નરસું ? ના રે ના, તમારા ચિત્રમાં વળી નરસું તે હોય ? પણ..." વળી કોશા હસી પડી.

" પણ શું...?" સ્થૂલિભદ્ર આ વર્તણુંક માટે જરા ચિડાઇ રહ્યો હતો. એને ચિડાતો જોવામાં પણ મજા હતી.

" પણ એટલું જ કે, સુંદર સ્ત્રીનો કેશકલાપ આવો હતો. હશે ? કુમાર, કોઈ સુંદર સ્ત્રીનો કાળીનાગના સ્વરૂપનો કમનીય કેશકલાપ કદી નીરખ્યો છે કે નહિ ? લાવો, મને પીંછી આપો ! "

કોશાએ ધીરેથી કાંડું છોડાવી લીધું. દેહડોલનની એક અજબ છટા સાથે કપોલ પ્રદેશ પર રમતી અલકલટોને સમારતાં એણે પાસે પડેલી સુવર્ણ પીંછીને ઉપાડી લીધી. એક ધીરો કૂદકો મારી બાજોઠ પર ચઢી ગઇ, અને સરસ્વતીના કેશકલાપને સમારવા લાગી.

સ્થૂલિભદ્ર આ ધીટ સ્ત્રીને જોઇ જ રહ્યો. સરસ્વતીના કેશકલાપને ઘેરો બનાવતાં ડોલી રહેલા મુખમંડલ પર એની દૃષ્ટિ થીજી ગઈ.

કોશા થોડીવાર આમતેમ પીંછી ફેરવી ચિત્રકામના બાજોઠ પરથી નીચે ઉતરવા લાગી. તરત જ સ્થૂલિભદ્રે એને પકડી ત્યાં જ ઊભી રાખી અને કહ્યું:

" ઊભી રહે કોશા ! મારે બતાવવું છે, કે તારો સુધારો કેટલો નિર્માલ્ય છે ? " અને તેના કમળપુષ્પ જેવા મસ્તકને હસ્તસંપૂટમાં પકડી સરસ્વતીના ચિત્રની નજીક લઈ ગયો. બંનેના કેશકલાપની સરખામણી કરતો હોય તેમ બોલ્યો:

" જો તો ખરી, આ કેશકલાપ પાસે આ ચિત્રનો કેશકલાપ કેવો ફિક્કો લાગે છે. કોશા, તારી ટીકા વ્યર્થ નીવડી. તું હારી. સુંદર સ્ત્રીના કેશકલાપને ચિતરવા જેવો મૃદુઘેરો રંગ આ તારી કીમતી રંગમજૂષામાં જ નથી. "

કોશા લજ્જાથી નીચે જોઈ ગઈ. કુમારે એના કેશકલાપને વધુ પીંખ્યો. એક વાર બંને હાસ્ય કરી ઊઠ્યાં. બંનેનાં દિલ મત્ત મોરલાની કળા કરી બેઠાં. બીજા ચિતારાઓની હાજરીમાં સંયમ ધરી રહેલા તેમના તનનાં મન તો અવશ્ય એક પ્રેમહીંડોળે ઝૂલી રહ્યાં હતાં.

આવા આવા અનેક આમોદ–પ્રમોદ વચ્ચે રંગશાળાનું કામ આગળ વધ્યે જતું હતું. નાટ્યશાસ્ત્રના પ્રાચીન નિયમો મુજબ હવે રંગશાળા સમાપ્ત થઈ જવા આવી હતી. રંગશાળાના ઉદ્‌ઘાટનનો સમય નજીક આવતો જતો હતો, તેમ તેમ તેનાં નિર્માણ કરનારાઓથી લઈને, મગધના ગરીબમાં ગરીબ રસિકજનની ઇંતેજારી વધતી જતી હતી. નગરજનોમાં રોજ આ વિષે વર્તમાન ચર્ચાતા. કોઈ કહેતું હવે થોડા દિવસની વાર છે. કોઈ કહેતું કે આમાં એવી રચના છે, કે મંત્ર ભણતાંની સાથે સ્વર્ગની અપ્સરાઓ હાજરાહજુર નૃત્ય કરવા આવશે.

આખરે ઇંતેજારીના અન્તનો દિવસ નિશ્ચિત થયો. રંગદેવતાના પૂજનનો સાત રાત્રિ–દિવસનો ઉત્સવ આવતી કાલથી પ્રારંભ થવાના ખબર બધે પ્રસરી ચૂકયા. શાસ્ત્રજ્ઞ પંડિતો, મહાન સંગીતશાસ્ત્રીઓ, કુશળ ગાંધર્વો તથા વાદ્યકો, પારંગત નૃત્યકો અને નૃતિકાઓ પાટલીપુત્રનાં મહેમાન બનવા લાગ્યાં. રાજગણિકા કોશાનાં સહુ નિમંત્રિત મહેમાનો હતાં. નિવૃત થયેલી કોશા એક યા બીજી રીતે હવે જોવા મળશે, એ આશાથી અંગ, બંગ અને કાશી–કોશલથી ય કેટલા શ્રીમંતપુત્રો અને રાજકુમારો પાટલીપુત્ર આવી રહ્યા હતા. કુંભસ્થાપના, દેવપૂજન, વાદ્યપૂજન, ધ્વજપૂજન, અગ્નિપૂજન, કુંભસ્ફોટન ને નૃત્યપૂજન વગેરે વગેરે સાત દિવસના કાર્યક્રમો જાહેર થઈ ચૂકયા હતા.

પ્રથમ દિવસની સંધ્યાએ આ કાર્યક્રમને પ્રારંભ થયો. મહારાજા નંદ સ્વયં પધાર્યા હતા. આખું નગર કીડિયારાની માફક કોશાના પ્રાસાદની આજુબાજુ ઊભરાયું હતું. આજ પ્રાતઃકાલથી સ્થૂલિભદ્ર અને કોશાએ મંત્રપવિત્ર જલથી સ્નાન કરી, શુદ્ધ શ્વેત દૂષ્ય ધારણ કરી, દેવપૂજા કરી ઉપવાસ વ્રત ધારણ કર્યું હતું. રંગદેવતાના પૂજનમાં અશુભ, આશાતના ન થાય એ માટે સાત્વિક વૃત્તિ ધારણ કરી બંનેએ આખો દિવસ રંગશાળાના શણગાર અને પૂજનસામગ્રી તરફ લક્ષ આપવામાં ગાળ્યો હતો. દેવોને યોગ્ય પુષ્પો, એમને યોગ્ય રસવાન પકવાન્નો ને પાયસાન્નો વગેરેની યોજના કુશળ નોકર–ચાકરોને હાથે કરાવી હતી.

સંધ્યા થતાં આખી રંગશાળા અનેક દીપકોના પ્રકાશથી ઝળાંહળાં થઈ ઊઠી. સુગંધી ધૂપોનાં ગુંચળાં ઊંચે ચઢતાં ચઢતાં આખા વાતાવરણને મઘમઘાવી મૂકવા લાગ્યાં. સુંદર વાદ્યો શરૂ થયાં. વચ્ચે વચ્ચે શંખસ્વર વિકસવા લાગ્યો. તૂરી, ભેરી અને મૃદંગ પણ પોતાનું કૌશલ્ય દર્શાવવા લાગ્યાં.

રંગશાળાના આગળના ભાગમાં તૈયાર કરેલ વિશાળ મંડપમાં મહારાજા નંદ માટે એક સુંદર સિંહાસન ગોઠવવામાં આવ્યું હતું. આ પછી મંત્રીઓ, સેનાપતિઓ, સામંતો, વેદપાઠીઓ, વિદ્વાનો, મહેમાનો વગેરે માટે યોગ્ય આસનો યોજ્યાં હતાં. મગધનાં ઉત્સુક નરનારીઓ તો કયારથી ત્યાં આવી ગોઠવાઇ ગયાં હતાં. રણભૂમિના વિજયોત્સવથી ય અધિકો આજે રંગશાળાનો રંગોત્સવ હતો.

રંગોત્સવના પ્રારંભનું મુહૂર્ત હવે આવી રહ્યું હતું. થોડીવારમાં મોટા નાદ સાથે રંગશાળાનો પડદો ઊચકાયો. હજારો દીપકોના તેજમાં પોતાનું તેજ વેરી રહેલ મણિમુક્તા જડયા સુવર્ણસ્થંભો. નીલમ ને પન્નાનાં બનાવેલાં વનવેલીઓ અને વનપક્ષીઓ, સુંદર ચિત્રો વગેરે જોતાં જ પ્રેક્ષકો અંજાઇ ગયા. શું શોભા ને શો ઠાઠ ! સ્વર્ગની શોભા અહીં ઝાંખી પડતી હતી. એક જુએ ને બીજું ભૂલે એટલી કળા, કારીગરી અહીં ઠલવાણી હતી. મહારાજા નંદ પોતાને આંગણે આવી રંગશાળા સરજાણી એ જોઇ અભિ

માન અનુભવવા લાગ્યા. પ્રેક્ષકો તો મુક્તકંઠે કોશા અને સ્થૂલિભદ્રનાં વખાણ કરી રહ્યા હતા.

પ્રેક્ષકોનાં નેત્રો હજી રંગશાળાને પૂરી નીરખી રહ્યાં ન હતાં, ત્યાં તો કોઈક અકળ કરામતથી દીવાઓ આસમાની બનવા લાગ્યા. આછો ઘેરો પ્રકાશ બધે વેરાવા લાગ્યો. થોડીવારમાં ગંભીર ખળખળ નાદપૂર્વક પાણીનાં પૂર ઊમટ્યાં.

રંગશાળાના મધ્યભાગમાં એકાએક સાગર હિલોળા લેવા લાગ્યો. ખળખળ ખળખળ મોજાં ઊછળવા લાગ્યાં. એ મોજાં પર જમણી બાજુથી કંઈક સરકતું આવતું દેખાયું. સાત સાત ફણાવાળા શેષનાગની આકૃતિ વાળી એક નૌકા રંગશાળાના મધ્યભાગમાં આવી ઊભી રહી. એ નૌકા પર સ્વયં વિષ્ણુ આડે પડખે થયા હતા, અને પાસે બેઠેલ લક્ષ્મીજી સાથે વિનોદ કરી રહ્યા હતા.

અદ્‌ભુત દૃશ્ય. અજબ કરામત ! મહારાજા નંદ અને પ્રજાજનો વાહ-વાહ પોકારવા લાગ્યા. આર્યાવર્તની ભૂમિ પર કંઇ રંગશાળાઓની ખામી નહોતી. પણ આવી રંગશાળા આજપૂર્વે કોઇએ નિહાળી નહોતી. નૌકા પર આવી પહોંચેલા વિષ્ણુ લક્ષ્મીજી સાથે મુખ મલકાવી કંઇક વાત કરવા જાય છે, ત્યાં તો તેમના ઉદર પાસેથી એક મોટું પૂર્ણવિકસિત કમળ સડસડાટ કરતું ઊગી આવ્યું.

કમળ ઊંચે ઊંચે ચાલ્યું ગયું ને સ્થિર થયું. તરત વાદ્યોના અવાજ ઘેરા બન્યા. શંખસ્વર, તૂરીઘોષ અને બીજા નાદ કાનને ફાડી નાખવા લાગ્યા. આ ભયંકર સ્વરોને ભેદીને આવતા હોય તેમ એક ધડાકા સાથે એ કમળની પાંખડી પર બ્રહ્મદેવ પ્રગટ થયા.

રંગશાળાના અધિદેવ બ્રહ્મદેવ ! બ્રહ્માજી ! વાદકો અને ગાંધર્વોએ તેમની સ્તુતિ આરંભી. કેટલીએક ક્ષણ આ સંગીત ચાલ્યું. આ પછી નેપથ્યના વામભાગ તરફથી કોઇ સુવર્ણનાં વસ્ત્રો પરિધાન કરેલી, ઈંદ્રધનુષ્યના

રંગોવાળી પાંખો ફફડાવતી સ્વર્ગપરી, માથે મૂળાક્ષરોથી અંકિત કુંભ લઇ આકાશમાં તરતી તરતી નીચે ઉતરી આવી.

સંગીતના મૃદુસ્વરો વહ્યે જતા હતા. રંગશાળાના અગ્રભાગમાં કુંભ-સ્થાપના કરી પરીએ ફરીથી પોતાની અનેકરંગી પાંખો ફફડાવી. રંગ-શાળાના અધિષ્ઠાતા બ્રહ્મદેવનો જયજયકાર થયો. ને પડદો નીચે ઊતરી આવ્યો.

નાટ્યશાસ્ત્રના આદિદેવ બ્રહ્માજીની પૂજા તથા કુંભસ્થાપનાનો કાર્યક્રમ સંપૂર્ણ થયો. શું વિધાન ને શું કળા !

વિદ્વાન વરરુચિ ઊભા થઇને સભાજનોને ઉદ્દેશીને આ રંગશાળાની શાસ્ત્રીયતા, પાંચમાં વેદ સમા નાટ્યશાસ્ત્રના ઉદ્ધારની અને તેના અપૂર્વ સંયોજનની પ્રશંસા કરી રહ્યા. એમણે ધીરેથી મહારાજ નંદ તરફ વળતાં પોતાના કથનનો ઉપસંહાર કર્યો:

" મહારાજ, આ કળા ખરેખર કદરને યોગ્ય છે. સાહિત્યસરિતામાં નહાતા મગધને આજે કલાસરિતાનો સંગમ પ્રાપ્ત થયો છે. જૂનું કે નવું: કશાય પ્રશ્નો કર્યા વિના આ કાર્ય પારિતોષિક માગી લે છે." વરરુચિના શબ્દોમાં મહામાત્ય પ્રત્યેનો કટાક્ષ હતો. પણ આજે એ કટાક્ષનો જવાબ વાળનાર અહીં હાજર નહોતા. મહામાત્ય કામના પ્રસંગને લીધે પાટ-નગરની બહાર હતા.

"કોશા, માગી લે તારું મનવાંછિત પારિતોષિક ! જોજે સંકોચ કરતી ! "

" શા માટે સંકોચ કરું, મહારાજ ! આપનાર મગધપતિ હોય પછી લેનારને શાની ઊણપ રહે ! "

" ત્યારે માગી લે, કોશા ! શું માગે છે ! "

"નાથની કૃપા ! મગધરાજની મહેરબાની ! " કોશાએ અજબ ભાવભંગી કરતાં કહ્યું.

"કેવળ મહેરબાની ? કોશા, એકલી મહેરબાનીથી કામ સરતું નથી. આ રંગશાળા પાછળ તેં તારી પુષ્કળ દોલત વાપરી છે."

"મગધરાજની મહેરબાની સર્વ પ્રકારનાં મનોવાંછિતને આપનારી છે, મહારાજ, દાસીને બીજી કાંઇ ભૂખ નથી."

કોશાના આ ઉત્તરથી દાનશૂર બનેલા મહારાજાનો અંતરાત્મા શાન્ત થયો. એમણે રંગશાળામાં ખર્ચ થયેલું દ્રવ્ય રાજભંડારમાંથી લઇ જવા સૂચવી વિદાય લીધી.

આવી સાત રાત્રિઓ તો પાટલીપુત્રમાં આનંદ–પ્રમોદની બની ગઈ. કુંભસ્ફોટનના દિવસે સ્થૂલિભદ્રના પ્રચંડ નૃત્યનો પ્રજાને પરિચય મળ્યો. નાટ્યશાસ્ત્રના આધારે નાટ્યાચાર્યે નૃત્ય કરતાં એક જ પાદપ્રહારથી કુંભ વિદારવાનો હતો. એમાં કંઈક ક્ષતિ થાય તો રાજને માથે વિઘ્ન ઉપસ્થિત થાય તેવો વહેમ હતો.

એ દિવસે સ્થૂલિભદ્રને નાટ્યાચાર્યના વેશમાં કોઈ પરખી ન શક્યું. એનો ઉદ્ભટ વેશ, વિચિત્ર ફૂલોના અલંકારો ને હાથમાં સળગતી દીપિકા : અને આ સાથે તાંડવનૃત્યના અનેક પ્રકારો બતાવવાના.

કુંભસ્ફોટન વિધિ અને નૃત્યપૂજનનો અન્તિમ કાર્યક્રમ સાતમી રાત્રિના મધ્ય ભાગે પૂરો થઇ ગયો. કોશા અને સ્થૂલિભદ્રે એક સાથે બેસી દેવ-પૂજન કર્યું, હવિ આપ્યા; હોમ કર્યા. સાદાં વસ્ત્રોમાં આ યુગલ નવી જ શોભા જન્માવતું હતું. એ દહાડે તેઓ વ્રતમાંથી છૂટ્યાં. રંગશાળાની વિધિ પૂરી થઇ ગઇ. પાટલીપુત્ર અને આખા મગધમાં કોશાની વાહવાહ બોલાઇ. વિદ્વાનો એની પ્રશસ્તિઓ રચી રહ્યા હતા. આખું આકાશ જાણે ધન્ય ધન્ય વાણીથી ગૂંજી રહ્યું હતું.

પણ આ શું ? સાતમી રાત્રીએ પૂજનનાં વસ્ત્રો ને માલ્ય ઊતારતાં કોશાએ લાંબો નિઃશ્વાસ નાખ્યો. આટઆટલી કૃતકૃત્યતા, આટઆટલા ધન્યવાદો ને પ્રશંસાના પૂર વચ્ચે આ વિલક્ષણ નારીને શું થયું ? કયો લાગણીભાર એને સંતાપી રહ્યો ?

સ્થૂલિભદ્રના કર્ણપટલ પર એ નિઃશ્વાસ સહેજ અથડાઇ ગયો. વિરામાસન પર અસ્તવ્યસ્ત બેઠેલી કોશાને મૃદુ સ્પર્શ કરતાં એણે કહ્યું: “ કોશા, આટલું ભાગ્ય કોઇ રાજરાણીના નસીબમાં પણ હોતું નથી, અને તને આ નિસાસો શો ? ”

“ પ્રિય, ભદ્ર ! ” તે બોલી : અંતરની કોઈ વ્યથા શાંત નીર ડખોળતી હતી. “ આ રંગશાળાનો રંગ શું કદી ફિક્કો નહિ પડે ? એ ફિક્કા રંગને કોણ ચાહશે ? ”

એની જિહ્વા કરતાં એની આંખો અત્યારે વિશેષ બોલી રહી હતી. સ્થૂલિભદ્ર સાક્ષર હતો. એ વ્યંગ સમજી ગયો. ઉલ્લાસથી એ બોલ્યો :

“ એ ફિક્કા રંગને હું ચાહીશ. ”

“ આ રંગશાળા શું અમર બનશે ? ”

“ શા માટે નહિ ? સ્થૂલિભદ્ર અને કોશા હોય ત્યાં મૃત્યુયે અમર બની જાય ! ”

“ બસ, બસ, પ્રિય કુમાર, હવે વધુ નહીં પૂછું. મારી રંગશાળા અમર બની ગઇ. હું અમર બની ગઈ. ભલે આ માટી–પત્થરની રંગશાળા કાલે જમીનદોસ્ત થાય. ”

“ એવું અપશુકનિયાળ ન બોલ ! આ રંગશાળાએ તો તને મગધમાં મહિમાવતી બનાવી છે. લોકોની જીભોને પ્રશંસા કરતી કરી છે. ”

“ કુમાર, તમારું ભોળપણ હજીય ન ગયું. સ્ત્રીના દિલને હજી પિછાની ન શકયા. શું તમે એમ માનો છો કે આ રંગશાળા પાછળની મારી કાળી મજૂરી મગધનાં લોકને રાજી કરવા હતી ? મહિનાઓની આ જહેમત રાજાજીની મહેરબાની યાચવા માટે હતી ? આ રંગશાળા યોજીને શું મારે નવી કીર્તિ કે નવું કામ મેળવવું હતું ? કુમાર, કોશાને હજીય ન ઓળખી ? આ રંગશાળા તો કોશાના પ્રિય કુમાર માટે

હતી. રે, તારા માટે હતી ! તારા ઉદાસ મનને રીઝવવા ખાતર હતી, લોક બિચારૂં ઘેલું છે. એને ક્યાં ખબર છે, કે સ્થૂલિભદ્ર જે દહાડે આ રંગશાળા તરફથી નજર ફેરવી લેશે, એ દહાડે કોશા એમાં દુનિયાની દોલત મળતી હશે, તો પણ પગ નહીં મૂકે. એ દહાડે દુનિયાભરનાં મણિમૌક્તિકની ભેટ એને નિર્માલ્ય બની જશે."

"ધન્ય કોશા, ધન્ય સુંદરી !" સ્થૂલિભદ્ર આ ગણિકાહૃદયમાં વસેલ અજોડ નારીતત્ત્વને પ્રશંસી રહ્યો.

રાત વધતી રહી. પ્રેમનાં બંધનો ગાઢ બનતાં રહ્યાં.

# ભૂલાયેલી વાતની યાદ

## [ ૧૫ ]

**રંગશાળાના** ઉત્સવમાંથી વરરુચિ બહાર નીકળ્યો, ત્યારે તેને ભૂલાઈ ગયેલી એક વાત ફરીથી યાદ આવી રહી હતી. એ વાત તે રાજ-સભામાં કરેલી પોતાની પ્રતિજ્ઞા. ભાગીરથી પાસેથી પોતાના સ્તુતિબળે પ્રસાદ મેળવી પોતાનું કવિત્વ અજેય સાબિત કરવાની વાત.

વિદ્વાન વરરુચિ રાજસભાના પ્રસંગ પછી દિવસો સુધી ઘાયલ પક્ષીની જેમ તરફડતો રહ્યો હતો. પોતાનું અપમાન એને દિવસરાત જંપવા નહોતું દેતું. ઉપકોશાની મનોહર છબી દૂર ને દૂર ચાલી જતી દેખાતી હતી. આ દશામાં એકવાર વિષ્ણુગુપ્ત ચાણક્ય સાથે એને વાર્તાલાપનો પ્રસંગ પડ્યો. એણે દિલ ખોલીને દર્દકથા રજૂ કરી. એને આશા હતી કે કૂટ નીતિશાસ્ત્રનો જાણકાર વિષ્ણુગુપ્ત એને કંઇક માર્ગ બતાવશે.

પણ વિષ્ણુગુપ્તે તો એને ઉધડો જ લીધો. ભાગીરથીને તીરે સંધ્યા સમયે એકાંતમાં ઉપકોશા સામે મહામાત્ય બનવાની વ્યર્થ વાતો કરવા બદલ ઠપકો આપ્યો. વિશેષમાં એને સાંત્વન આપતાં કહ્યું: “ વરરુચિ! બ્રાહ્મણનો જયવારો શાસ્ત્રમાં છે, શસ્ત્રમાં નહિ. મહામાત્ય બનવું અને તે પણ મગધના મહામાત્ય બનવું એ કંઈ નાના છોકરાના ખેલ નથી. મસ્તકો હાથમાં રાખી ફરવું પડે છે. જાનની કુરબાની માટે પ્રતિપળે જાગ્રત રહેવું પડે છે. રાજસભામાં તને પરાસ્ત કરનાર મહામાત્યની મુખમુદ્રા જોઇ હતી? એ મુદ્રા પર હર્ષની એકે રેખા હતી? શૂળી ચઢાવવાની સત્તા ઘેર હોવા છતાં, ન્યાયને ખાતર સગા દીકરાને ગણિકાને ત્યાં ઐશ કરતો જોવા જેટલી હિંમત તારામાં છે? મંત્રીપદાનું ઇનામ અગ્નિની જ્વાળા છે, એ જ્વાળા કોઇકને જ અણસ્પર્શ્યો છોડે છે.”

આ વાત વિષ્ણુગુપ્ત કરે છે એમ પહેલાં તો તે માની ન શક્યો. પોતાની મહત્ત્વાકાંક્ષાની જાણ એને ક્યાંથી ? વખતે આ કુશળ નર કલ્પનાથી ડિંગ હાંકી ભેદ તો નથી લેતો ને; એ વહેમથી એણે જવાબ આપ્યો :

“ વિષ્ણુગુપ્ત ! તને કોણે કહ્યું કે હું મહામાત્ય થવાની આકાંક્ષા સેવું છું ? એ વાત અસત્ય છે. ”

“ સત્યાસત્યનો નિર્ણય કરવાની મને ફુરસદ નથી. પણ વરરુચિ ઉપકોશાના એ શબ્દો યાદ છે, ને ! એ નાનકડી છોકરીએ શું કહ્યું ? એ મહારથીને સૂતો ય છંછેડશો મા ! એને વા પણ વાતો આપે છે. આ પ્રવાહનાં નીર પણ કોઇ જળપાત્રમાં ભરાઈ બેસી એને રહસ્ય આપે છે. વિશેષ નથી કહેતો, મારા મિત્ર ! એટલું જ કહું છું કે આ સાપના દરમાં હાથ નાખવા જેવો નથી. કવિતા રચો, કાવ્યો કરો, તક્ષશિલા જેવી બીજી વિદ્યાપીઠ રચો; પણ આ કાજળની કોટડીમાં ન જા ! ભાગીરથીની વાત ભૂલી ન જા ! મહામાત્યને મનાવી લે ! ”

વિષ્ણુગુપ્તની આ સલાહનો એ વેળા તેણે કંઇ જવાબ ન વાળ્યો. કંઇક રોષ સાથે, કંઈક હતાશા સાથે એ ચાલ્યો ગયો. પણ તેનું પરિણામ એક અવશ્ય આવ્યું. વરરુચિ શાસ્ત્રના અધ્યયન–અધ્યાપનમાં વિશેષ રસ લેવા લાગ્યો. અડધે મૂકેલાં કાવ્યો ફરી શરૂ કર્યાં. અડધે રહેલી ટીકાઓ પુનઃ આગળ ચાલી. મહારાજા પાસે જવા સિવાય હવે એ જાહેરમાં ભાગ્યે જ જોવાતો. ઉપકોશા તરફ પણ એની લાલસા ઓછી થતી ચાલી. આઠે પ્રહર જેની મોહિની મૂર્તિ દિલને સતાવ્યા કરતી હતી, તેમાંથી તેને કંઈક શાતા વળી. કડવાબોલો વિષ્ણુગુપ્ત એ રીતે એને સાચો શુભેચ્છક લાગ્યો.

જ્ઞાનધ્યાનની કઠોર સાધનામાં મૂર્ચ્છિત બનેલો કીટક આજે અચાનક સળવળી ઊઠ્યો. એણે લાલિત્યના અવતારસમી કોશાને નીરખી. કામદેવના અવતારસમા સ્થૂલિભદ્રને નિહાળ્યો. આ બેની જોડી જાણે

મગધમાં અજોડ લાગી. એમણે રચેલી રંગશાળા, બતાવેલું કળાકૌશલ્ય અને મેળવેલું માન એને જીવનની મહાન કૃતકૃત્યતા લાગી. આવું જીવન જીવી જાણવા જેવું ભાસ્યું.

શા માટે આવું સુખ, આવી સમૃદ્ધિ, આવો વિજય પોતે ન સાધે ? બ્રાહ્મણનો પુત્ર ભીખ માગવા માટે જ સરજાયો છે ? ઉપવનો, અટવીઓ અને સાગરો જ એનાં સાચાં વાસસ્થાનો છે ? વિદ્યા ભણ્યો એટલે એણે શો અપરાધ કર્યો ? કામનાવાળો બ્રાહ્મણ બ્રાહ્મણ નહિ એવું કોણે કહ્યું ? બ્રાહ્મણના જીવનનું અન્તિમ ધ્યેય મહર્ષિપદ એવી વ્યાખ્યા કોણે બાંધી ?

મહામાત્ય પણ મૂળે તો બ્રાહ્મણ જ છે ને ! સાચા બ્રાહ્મણ તરીકેનું આજે પણ એ અભિમાન સેવે છે. શ્રાવકનો ધર્મ સ્વીકાર્યા છતાં, એનું બ્રહ્મત્વ ઝંખવાયું નથી. મંત્રી બનવા છતાં, એ કવિ તરીકે ઝંખવાયો નથી; પછી શા માટે આ બધાથી વરરુચિ અળગો રહે ! વિષ્ણુગુપ્તનો ઉપદેશ વિષ્ણુગુપ્ત જ પાળે તો ઘણું. વરરુચિ વેદીઓ રહેવા માગતો નથી. એ નિર્માલ્ય રહેવા સરજાયો નથી. શાસ્ત્રના કીડા બનવું એને પસંદ નથી.

શાસ્ત્રાભ્યાસ પાછળ રોજ રોજ નાનો બનતો જતો વરરુચિ આજે પાછો પડછંદ લાગવા માંડ્યો. સૂકાતી જતી હૃદયાનંદની સરવાણી ફરીથી પ્રફુલ્લિત બનતી લાગી. રોજ નીચું નમતું જતું મસ્તક હવે પાછું ગર્વોન્નત થઈ ટટ્ટાર બની ગયું.

મહારાજ નંદની પાલખી દૂર નીકળી ગઈ હતી. પ્રજાજનો પણ હવે વિખરાઈ ગયાં હતાં. શૂન્ય થતા જતા રાજમાર્ગ પર વરરુચિએ પાલખી થંભાવી. ચારે તરફ એક નજર નાંખી, પાલખી નીચે મૂકવા આજ્ઞા કરી.

એ પાલખીમાંથી નીચે ઊતર્યો. પોતે જરા ચાલીને આવશે, એમ કહી સેવકોને રજા આપી. આકાશમાં એકલા તારાઓ હતા. માર્ગ પર એકલો વરરુચિ ઊભો હતો.

થોડીવારે એણે પોતાના ઉત્તરીયને વિચિત્ર રીતે મસ્તક પર વીંટી લીધું. લાંબા કદમે પાટલીપુત્રની સાંકડી અને વાંકી–ચૂંકી ગલીઓમાં એ અદૃશ્ય થઈ ગયો. આખા નગરમાં સોપો પડતો જતો હતો. કેટલેક સ્થળે મોડા ઊંઘવાને ટેવાયેલા નગરજનો આડાઅવળાં ગપ્પાં હાંકતા સંભળાતા હતા. કોઈક સ્થળે રંગશાળાની ચર્ચા હજીય રસભરી રીતે ચાલી રહી હતી.

અંધકારમાં ચાલ્યો જતો વરરુચિ એક સુંદર અને સાદા આવાસ આગળ આવીને થંભ્યો. આવાસનો રક્ષક હમણાં જ બધું બંધ કરી સૂતો હતો. વરરુચિએ ખોંખારો ખાઈ તેને જગાડ્યો.

" રથાધ્યક્ષ છે કે ? "

" તમારું નામ ? " રક્ષકને ઘણા કડવામીઠા અનુભવો હતા. એણે સામો પ્રશ્ન કર્યો.

" મારા નામનું તારે શું કામ છે ? "

" કોઇ મુદ્રા છે ? " નામ ન કહેનારાઓ પાસે મુદ્રાઓ રહેતી. એ મુદ્રાથી તરત જ જાણી શકાતું કે આવનાર વ્યક્તિ કોણ છે ?

" મુદ્રા પણ નથી. "

" ત્યારે રથાધ્યક્ષ પણ નથી. મહાશય, ઘર ભૂલ્યા. ઝટ વિદાય થઈ જાઓ, નહિ તો મગધની વગર ભાડાની કોટડી જોવી પડશે. " રક્ષકે શરીર લંબાવતાં કહ્યું.

વરરુચિ મુંઝાયો. કોઈ રાજભૃત્યના આવાસે, આટલી રાતે જવાનો આજે તેને પહેલો અનુભવ હતો. પોતાનું નામ કેમ બતાવાય ? અને ન બતાવાય તો રક્ષક અંદર જવા ન દે ! તો પછી ચૂપચાપ પાછા ફરવું ? મોટી વિસામણ ઊભી થઇ. જો પોતે આવી નાની વાતથી ડરી પાછો ફરે તો જે મહત્ત્વના વિચારથી આવ્યો હતો, તે અપૂર્ણ રહે. થોડીએક

વાર મનમાં ને મનમાં ભાંજગડ કર્યા પછી વરરુચિ આગળ વધ્યો ને પેલા રક્ષકની પાસે જઇ ધીરેથી કહ્યું.

" મારું નામ વરરુચિ ! રથાધ્યક્ષને કહે કે હું મળવા ઇચ્છું છું."

" કોણ મગધભૂષણ વરરુચિ મહારાજ ! નમસ્તે મારા પ્રભુ ! અવિનયની ક્ષમા ! " નમસ્કાર કરવાની ચેષ્ટા કરતો કરતો રક્ષક વરરુચિના મોં પર દીવાનો પ્રકાશ નાખતો હતો.

" વારુ, જા હવે વિલંબ કર્યા વિના ખબર આપ. "

રક્ષક અંદર ખબર આપવા ચાલ્યો ગયો. ગયો તેવો પાછો આવ્યો, સાથે રથાધ્યક્ષ પણ સામે પગલે સ્વાગત કરવા આવતો હતો.

" પધારો, પંડિતરાજ ! " રથાધ્યક્ષે અંદર આવવાની વિનંતિ કરતા કહ્યું. આખો આવાસ લગભગ અંધકારમાં ડૂબેલો હતો. કેવલ સામેના ખંડના દીપકો ઝળહળી માર્ગ અજવાળી રહ્યા હતા. વરરુચિએ માથે વીંટેલું ઉત્તરીય છોડતાં અંદર પ્રવેશ કર્યો. મગધના સેનાનાયક અને સામંતોના આવાસમાં એ જીવનમાં પ્રથમ વાર પ્રવેશતો હતો.

અંધકારભર્યા ખંડોમાંથી હવાની મંદમંદ લહરીઓ એક ઉગ્ર ગંધ સાથે વહી આવતી હતી. આખો આવાસ જનશૂન્ય હોય તેવી શાંતિ પથરાયેલી હતી. રથાધ્યક્ષ એને દોરતો મુખ્ય ખંડમાં આવ્યો.

આખો ખંડ એક સૈનિકને શોભે તેવી રીતે શણગારેલો હતો. દીવાલો પર થોડાંએક જાનવરોનાં ચિત્રો હતાં. કેટલાંક શસ્ત્રો લટકાવેલાં હતાં. એ શુક-સારિકાનાં પાંજરાં હતાં. ખૂણામાં વિશાળ પલંગ હતો. બાજુમાં હાથીદાંતની એક મંજૂષા હતી. તેના પર સુંદર નકશીવાળું જળપાત્ર પડ્યું હતું. ખંડની વચ્ચે એક હીંડોળાખાટ હતી.

વરરુચિએ ચારે તરફ એક ઊડતી નજર નાખી હીંડોળાખાટ પર સ્થાન લીધું. સામે પલંગ પર રથાધ્યક્ષ બેઠો.

"આટલી રાતે સેવકને કેમ સ્મર્યો ?"

"રથાધ્યક્ષ, સ્નેહ હોય ત્યાં સેવ્યસેવક જેવો ભાવ હોતો જ નથી." વરરુચિએ પાંડિત્ય અને પ્રશંસાભરી પ્રસ્તાવના બાંધી.

"છતાંય સેવ્ય તે સેવ્ય ને સેવક તે સેવક ?" રથાધ્યક્ષ વિશેષ નમ્રતા બતાવવા લાગ્યો.

"અસ્તુ, શૂરપુરુષ ! આજે અચાનક તમારી યાદ ઊગી આવી. મને થયું કે ચાલ, રથાધ્યક્ષને મળું. એના બળને અને મારી બુદ્ધિને સંયુક્ત કરું."

"મારા બળની શી જરૂર પડી ?"

"મગધના નવસર્જન માટે."

"મગધનું નવસર્જન ? આપ શું કહો છો ? હજીય સર્જન બાકી છે ?" રક્ષાધ્યક્ષ ચમકી ઊઠયો. એને મગધના નવસર્જનની વાતમાં ય એક યોદ્ધા તરીકેનું પોતાનું અપમાન ભાસ્યું. એની વફાદારી ઘવાતી લાગી. મગધની સેવા એ તો એનો જીવનધર્મ હતો. એ ધર્મ બજાવવા માટે એણે શું શું કરવામાં કમીના રાખી હતી ? અને આજે મગધની દોમદોમ બાદશાહીમાં હવે શું નવું સર્જન કરવાનું હતું ? રથાધ્યક્ષના ચહેરા પર કંઇક ઉગ્રતા છવાઇ ગઇ.

"રથાધ્યક્ષ, શાન્તિ ધારણ કરો ! મગધનું નવસર્જન એટલે મગધના નાથની કીર્તિનું નવસર્જન ! મગધના નાથની કીર્તિ દશે દિશામાં પ્રસરાવવી છે, મગધને આર્યાવર્તનું યાત્રાધામ બનાવવું છે. એ કીર્તિ માટે મારે તમારા જેવા વિશ્વાસુ રાજભૃત્યની જરૂર છે." વરરુચિએ ફેરવી તોળ્યું. મુત્સદ્દીવટનો પહેલો પાઠ ભણ્યો.

"એ માટે હું સદા હાજર છું. કહો, શી આજ્ઞા છે ?"

"આજ્ઞા નહિ, ઇચ્છા. રથાધ્યક્ષ, પેલી રાજસભાવાળો પ્રસંગ યાદ છે ને ! મહામાત્યે શું મને અન્યાય નહોતો કર્યો ?"

" અવશ્ય, પહેલી નજરે એ અપમાન જ લાગે. પણ એ પાછળ તેમનો કંઈક શુભ ઉદ્દેશ હશે." મહામાત્યની નિષ્ઠા માટે મગધનાં પ્રજાજનો અશંક હતાં.

" શુભ ઉદ્દેશ? મહામાત્ય જે કંઇ ભલુંબૂરું કરે એ બધાં પાછળ શુભ ઉદ્દેશ કલ્પી જ લેવાનો? કલ્પનાની તમામ શક્તિ મહામાત્યને ત્યાં જ ગીરો મૂકી દેવાની? મગધ પણ અજબ લાગે છે."

" પંડિતરાજ, મગધ અજબ લાગશે, પણ તેનો તો એ અભ્યાસ છે."

" એ અભ્યાસ પણ આશ્ચર્ય પામવા જેવો છે. વારુ, મગધના વીરનર, પોતાના પુત્રને એક વેશ્યાના આવાસમાં પડી રહેવાની રજા આપનાર મહામાત્યના ઉદ્દેશ વિષે પણ તમારે ત્યાં કોઇ કંઇ નહિ કહેતું હોય ને! આટલો બળવાન મગધ આટલો બુદ્ધિહીન!"

વરરુચિ બળવાન રથાધ્યક્ષને ચારે ખૂણે તપાસી રહ્યો હતો. છેલ્લા શબ્દોએ તેના પર અસર કરી હોય તેમ લાગ્યું. એણે કંઇક મક્કમતાથી ને કંઇક વિહ્વલતાપૂર્વક કહ્યું:

" મગધભૂષણ, આટલી શંકા ઊઠાવનાર આજે જ આપને સાંભળ્યા. મહામાત્યના નિર્ણયને માન્ય રાખવો એ અમારી ફરજ, અમને આટલું જ શિક્ષણ મળ્યું છે. અરે, એ ખાતર તો મેં મારું જીવન તપસ્વીનું બનાવી નાખ્યું. કદાચ નહિ માની શકો, પણ આવો, આપણે યજ્ઞોપવીતના શપથ લઈ તે દહાડે મિત્રતા જોડી છે: એ મિત્રતાને મારા રહસ્યથી અભેદ બનાવું!"

રથાધ્યક્ષ એકદમ ઊભો થઇ ગયો. એણે પાસે પડેલી નાની એવી મશાલ સળગાવી. વરરુચિ પણ ઊભો થઈ તેની પાછળ ચાલ્યો.

બહારથી નાનો એવો લાગતો આવાસ અંદરથી વિશાળ ખંડ અને ઓશરીઓથી ઘેરાયેલો હતો. કેટલાય ખંડ નિર્જન હતા, કેટલાક

ખંડ અંધિયાર કેદખાના જેવા લાગતા. આ માટે એમ કહેવાતું કે કોઈ બેવફા નીવડેલી રાજરમણી કે રાજદાસીના માટે કારાગૃહ તરીકે એ વપરાતા હતા. આવા બીજા પણ ખંડ હતા, જેના રહસ્યને કોઈ જાણતું નહોતું.

બધા ખંડથી સહેજ જુદા પડતા બે ખંડ આવેલા હતા. રથાધ્યક્ષે મશાલ લઈ તેમાં પ્રવેશ કર્યો. આખો ખંડ જુદી જુદી જાતનાં ધનુષ્ય-બાણોથી ને ચિત્રવિચિત્ર શસ્ત્રોથી ભરેલો હતો. કેટલાંક ધનુષ્ય એટલાં ભારે ને વજનવાળાં હતાં કે વરરુચિને લાગ્યું કે એ શોભાનાં જ હશે.

"પંડિતરાજ, આ બધાં મારાં વાપરેલાં આયુધો છે. મગધના ગણ્યાગાંઠ્યા યોદ્ધાઓ જ આ વાપરવાની કળા જાણતા હશે. એક વાર આખા મગધમાં આ કળા મારા હાથમાં હતી."

અને વાત એટલે જ ટૂંકાવી એણે બીજા ખંડમાં પ્રવેશ કર્યો. આખો ખંડ કોઈ ચિત્રશાળાની ઢબથી શણગારેલો હતો. અનેક યુવતી-ઓનાં ચિત્રો ઠેરઠેર લટકી રહ્યાં હતાં. રથાધ્યક્ષે પોતાના હાથમાં રહેલી મશાલથી ક્ષણભરમાં દીવા પેટાવી દીધા. દીવાઓનો રંગીન પ્રકાશ એ છબીઓમાં આલેખેલી સુંદરીઓના ચહેરાને દેદીપ્યમાન બનાવી રહ્યો.

"જુઓ, કેટકેટલી સુંદરીઓ અહીં શોભા બનીને બેઠી છે! ઊગતી યુવાનીમાં તમારો આ રથાધ્યક્ષ કેટકેટલી સ્મૃતિઓમાં રમેલો, કેટકેટલાં વચનદાન દીધેલાં; પણ એક દહાડો ગણતંત્રની ખીલતી કળી જેવી એક બાળિકા મારું મન હરી ગઈ. એની મુખછબીએ આ બધી છબીઓનાં નૂર હરી લીધાં. મારા દેહનો એ પ્રાણ બની. એને વશ કરવા મેં શું શું ન કર્યું? આ રહી એ મારી પ્રિય છબી!"

રથાધ્યક્ષે ઉલટી ફેરવેલી એક છબીને સીધી કરી.

"કોણ? આ તો કોશા?"

"જી હા, એ જ કોશા!"

"એક વેશ્યા એક વીરની પ્રિયતમા ! અદ્ભુત !" ક્ષણવાર પહેલાં રંગોત્સવમાં પ્રશંસા કરનાર વરરુચિનું અભિમાનમાં નાકનું ટેરવું ચઢી રહ્યું હતું.

"પંડિતરાજ, તમારા શાસ્ત્રમાં કોશા માટે વેશ્યા સિવાય બીજો શબ્દ નહિ હોય; પણ કોશાને વેશ્યા કહેવી એ સૂર્યને આગીઓ કહેવા બરાબર છે." રથાધ્યક્ષના શબ્દોમાં ઘવાયેલા સ્વમાનનો ટંકાર હતો; પોતાનું પ્રેમપાત્ર હીણું નથી; એ વાતનો જુસ્સો હતો.

કુશળ વ્યાકરણશાસ્ત્રીને પોતાની વ્યુત્પત્તિની ભૂલ તરત સમજાઇ ગઈ. એણે ફેરવી તોળ્યું :

"વીરપુરુષ, પછી એ કોશા સ્થૂલિભદ્રને કાં વરી ? કોશાએ રંગશાળા નિર્માણ કરી ખરેખર મગધના સિંહાસનને એક વેંત ઊંચે ચઢાવ્યું છે."

"કોશા સ્થૂલિભદ્રને કાં વરી ?" વરરુચિના શબ્દોને બેવડાવતાં રથાધ્યક્ષે લાંબો નિશ્વાસ નાંખ્યો: "વિદ્વાન પુરુષ ! એ ઇતિહાસ ટૂંકો છે, છતાં મર્મભેદક છે. સ્થૂલિભદ્ર અને હું : પાટલીપુત્રના ધનુર્ધરોમાં અમે બે જ મોટા હરીફ હતા, કોઇક વેળા એ મને જીતી જતો. કોઇક પ્રસંગે હું એને પાછો પાડતો. રાજમહેલમાં અમે બંને સાથે જતા આવતા. વિધિની કોઈ વિચિત્રતા જ કહો કે ધનુર્વિદ્યાના અમે બે હરીફો, નંદના દરબારની સુંદરી કોશાના પ્રેમના પણ હરીફ બન્યા. છતાં મને એક વાતનો વિશ્વાસ હતો કે મહામાત્યનો પુત્ર કોશાને શી રીતે વરી શકશે ? મહામાત્યે પણ ગાંધારના વિજય પછી કોશા સાથે મને મેળવી આપવાનું કહ્યું હતું. પણ પછી તો બધું વિચિત્ર જ બન્યું. પરિણામ એ આવ્યું કે મારા ભાગ્યાકાશમાંથી કોશા સરી ગઈ. અને હવે તો કોશાની છબી પાસે આ બધી છબીઓ ફિક્કી લાગે છે. આજે એકાકી, એકલવાયો જીવન જીવી રહ્યો છું." રથાધ્યક્ષના હૃદય પર કોઇ પહાડ ચંપાયો હોય તેવા ભારે આ શબ્દો હતા.

"રથાધ્યક્ષ, તમારા જીવનને આટઆટલી નિરાશાથી તમે સહેલાઇ-પૂર્વક ભરી દીધું, પણ કદી કલ્પનાથી વિચાર કર્યો કે આમ કેમ બન્યું ? સાધારણ ગુનામાં શૂળીની શિક્ષા કરનાર મંત્રીરાજે પોતાના પુત્રને વેશ્યાના આવાસે ન પડી રહેવા માટે કેમ કંઇ શિખામણ ન આપી ? કુળ, લજ્જા, ખાનદાનીનો એકે શબ્દ કેમ ન કહ્યો ? આ વાતનું તત્ત્વ વિચાર્યું ?"

"ના." રથાધ્યક્ષના મન પર કોઇ નવો પ્રકાશ વેરાતો હતો.

"માણસનું મન ચંચળ છે, એ તો જાણો છો ને ?"

"હા,"

"એ ચંચળ મનની એક સાચે સાચી આ કલ્પના છે. હું જેમ આજે કલ્પના કરી શકું છું કે રાજસભામાં મારું અપમાન, એ મહારાજા સમક્ષ વધતા જતા મારા પ્રભાવને તોડવા માટે જ મહામાત્યના ચંચળ મને રચેલી એક બાજી જ હતી; તો એવી જ રીતે બીજું અનુમાન એમ કેમ ન કરી શકાય, કે મગધની મહાપ્રતાપી સુંદરી સાથે તમારા જેવા પ્રતાપી પુરુષનો યોગ થાય તો તમારી લાગવગ વધે ને આવતી કાલે એમના પદને જોખમકારક નીવડે; એ શંકાએ આ ચાલબાજી રચેલી કાં ન હોય ? ખોટું લાગે તો માફ કરજો, રથાધ્યક્ષ ! મગધનો મને ય પ્રેમ છે. મગધનાથની સેવા પણ મને પ્રિય છે. મગધનાથની કીર્તિ દિગ-દિગન્ત વ્યાપે, એ જોવાની મારી ય ઉત્કટ મનોભાવના છે; છતાં સાચું કહીશ. રણકુશળ પુરુષોનાં મન પારખવાં સહેલાં છે, પણ રાજકુશળ પુરુષોના મનનો પાર સ્વયં બ્રહ્મા પણ પામી શકતા નથી."

"મને કંઇ સમજાતું નથી." રથાધ્યક્ષના વફાદાર દિલની ક્ષિતિજ પર આજે એક નવું જ તોફાન ઊગી રહ્યું હતું.

"દરેક વિષયમાં ઊંડા ઊતરો ! બધું સમજાશે. વિષસિદ્ધિના જાણકારને જીવનસિદ્ધિની દિશાની ખબર ન પડે, એ આશ્ચર્ય કહેવાય. થોડો જ તર્ક ઊઠાવો. મહામાત્યની બધી ચાલબાજીઓ ધીરે ધીરે સમજાશે.

કોશાને ત્યાં સ્થૂલિભદ્રને મૂકયો, મહારાજા નંદ પાસે કપટકળાકુશળ વિષ્ણુગુપ્તને પહોંચાડ્યો, સેનામાં શ્રીયકને આવતો-જતો કર્યો; અરે, બિચારી પુત્રીઓને પણ રાજશેતરંજના પાસા બનાવી. આ બધું શા માટે ? એનો જવાબ તમે નહિ આપી શકો, હું આપું છું. આ બધું મહામાત્યને એક સૂત્રે મગધ જાળવવું છે, એક દહાડો મહારાજ નંદને સાચા ને વફાદાર સાથીઓવિહોણા બનાવી પોતાના ઇશારે નચાવવા છે, એ માટે." વરરુચિ કોઈ સૂત્રનું ભાષ્ય રચી રહ્યો હોય તેવી છટાથી બોલે જતો હતો.

સીધો સરળ સૈનિક શબ્દોની આ ભયંકર પ્રપંચવર્ષાને ન ઝીલી શકયો. એણે વ્યાકુળતાથી કહ્યું: "પંડિતરાજ, લાગે છે કે હું ભ્રમમાં હતો. મગધને એના હિતશત્રુઓથી બચવવાની તક આવી પહોંચી લાગે છે. મગધ માટે મારા પ્રાણ પણ ન્યોછાવર છે. બોલો હું શું કરું ?"

"કરવાનું શું હતું ? કોશાને તમારી બનાવો ! મગધના નાથને એના વિશ્વાસુ મિત્રોથી વાકેફ બનાવો ! મારો અને તમારો પ્રભાવ વધારી મહારાજ નંદના શત્રુઓને સંહારો !"

"ધન્ય છે, પંડિતરાજ તમને ! બોલો હવે આપણે કયી રીતે કામ લેશું ?"

"ચાલો મુખ્ય ખંડમાં જઇને નિરાંતે વાત કરીએ." મનુષ્ય સ્વભાવને પિછાણનાર પંડિત વરરુચિને સંતોષ થયો હતો કે મગધનો બહારથી નાનો દેખાતો પણ ભીતરથી મોટી લાગવગ ધરાવનાર પુરુષ પોતાના પંજામાં આવ્યો હતો, ઘણીય વાર દુર્ગમાં પ્રવેશ કરવા માટે મુખ્ય દરવાજાને ઉઘાડવાના પરિશ્રમ કરતાં નાની બારી ઊઘડાવવી વધારે લાભદાયક હોય છે.

મુખ્ય ખંડમાં આવીને બંને પોતપોતાના સ્થાને પૂર્વવત્ બેસી ગયા. બે એક ક્ષણ શાન્ત રહી વરરુચિએ વાત ચાલુ કરી.

"રથાધ્યક્ષ, ભાગીરથી પાસેથી પ્રસાદ મેળવવાની મારી પ્રતિજ્ઞા પૂરી કરવી ઘટે. એ શક્ય બને તો મહારાજનો વિશ્વાસ પુનઃ મેળવી શકાય."

" એ શી રીતે પૂરી થાય ? "

" લક્ષ્યવેધ શીખ્યા છો કે ? "

" અવશ્ય. "

" ભાગીરથીના જળમાં પ્રવેશીને પણ કરી શકો ખરા ! "

" જરૂર. "

" ચાલો ત્યારે ભાગીરથીને તીર ! વિશેષ સમજૂતી ત્યાં જઇને આપીશ. પણ આટલી મોડી રાતે ત્યાં કેવી રીતે જવાશે ? "

" એની ચિંતા કરશો મા ! રથાધ્યક્ષ તમારી સાથે હોય તો સાત પાતાળ ભેદતાં પણ વાંધો નહિ આવે; એટલો વિશ્વાસ રાખજો. "

" મને દૃઢ વિશ્વાસ છે, કે મેં સાચા મગધવીરની જ મિત્રતા સાધી છે. " ખુશામત ખુદાને પણ પ્યારી છે, એ ન્યાયનું વરરુચિ અવલંબન લઈ રહ્યો હતો.

" પધારો પંડિતરાજ ! " રથાધ્યક્ષ ઊભો થયો ને ખંડના એક ખૂણામાં આવેલ ખીલા જેવી ચાંપ દબાવી.

સરરર કરતાં ફર્શનાં ચાર ચોસલાં નીચે સરી ગયાં.

ઘેરા ઘેરા અંધકારમાં નીચે ઊંડાણમાં પગથિયાં દેખાયાં. રથાધ્યક્ષે મશાલ હાથમાં ધરી.

" પધારો ! મારી પાછળ શાન્તિથી ચાલ્યા આવજો. કંઈ પણ ભય ને શંકા રાખશો મા ! "

ક્ષણવારમાં બંને જણા નીચે ઊતરી અદૃશ્ય થઈ ગયા. થોડી વારે આપોઆપ ચોસલા હતા તેમ આવીને ગોઠવાઈ ગયાં.

જનારાઓને જોઇ શકનારી કોઇ આંખો ત્યાં હતી વારુ !

# સહુને ભૂલાયેલી યાદ સતાવે છે

## [ ૧૬ ]

રાત ઘણી વીતી ગઈ હતી.

ભાગીરથીનાં ઊંડાં આસમાની જળ ઉપર આકાશમાંથી તાજી ઊગેલી મધુર જ્યોત્સ્ના નિર્ઝરી રહી હતી. પાટલીપુત્રનાં ઊંચાં ઊંચાં પ્રાસાદશિખરો ધવલચાંદનીએ ધોળાયે જતાં હતાં. ગંગાના હૈયા પર સરતી નૌકાઓ અત્યારે શઢ વાળીને શરમાળ નવોઢાની જેમ શાન્ત-ચૂપચાપ જળતરંગો પર હિલોળા ખાઈ રહી હતી. દૂર દૂર ગંગાની રસૌષધિભરી ટેકરીઓમાંથી વહ્યો આવતો શીતળ સુખકર સમીર તીરવાસીઓને ઘેરી નીંદમાં પોઢાડી રહ્યો હતો.

આવી વેળાએ ગંગાના શાન્ત પટ પર નાગચિહ્નની ધ્વજાવાળી એક નૌકા ચાલી આવતી હતી. અંધારી રાતે આટલા મોટા શઢવાળી નૌકાને પરખવી મુશ્કેલ નહોતી. એનો ઊંચો કૂવારથંભ, એનો સુંદર આકાશદીપક, અને ઉપર ઊડતી સુંદર નાગચિહ્નવાળી ધજા! નાગ એ નંદરાજાઓનું રાજચિહ્ન હતું. મગધના રાજપુરુષો જ આવી નૌકાઓમાં પ્રવાસ ખેડતા.

નૌકા રાજઘાટ તરફ સરી રહી હતી. એના ઉપરના ભાગમાં આવેલ વિશાળ જગામાં સુંદર ખંડ આવેલો હતો. તમામ જાતની સુવિધાઓ અને સગવડોથી એ ભરેલો હતો. એની અનેક બારીઓ પર સુંદર રક્તવર્ણા પડદા નાખેલા હતા, અને ખંડના દીપકોનો પ્રકાશ એને ભેદી આછો ગુલાબી થઈ જઈ જળ પર પથરાતો હતો. અગ્રભાગ ઉપર સોને રસેલો ચાંદીનો કઠેડો હતો. નૌકાની ટોચ ઉપર રંગબેરંગી ફાનસ જલતું હતું.

ખંડનો અંદરનો ભાગ પણ વિરામાસન, પલંગો, હાથીદાંતની મંજૂ-

ષાઓ, સીસમ ને સાગની મોટી પેટીઓ તેમજ નાના નાના દીપકોવાળા સુંદર ઝુમ્મરથી ભરચક્ક હતો. નીચે કીમતી ગાલીચો બીછાવેલો હતો ને દીવાલો પર વેલબુટ્ટા ને પંખીઓનાં ચિત્રો આલેખેલાં હતાં.

નૌકાના મુખ્ય ખંડમાં ત્રણ પ્રવાસીઓ બેઠા હતા. બે જણાનો પોશાક યોદ્ધાના જેવો હતો. ત્રીજાએ સાદો પોશાક ધારણ કર્યો હતો. યોદ્ધા જેવા જણાતા બંને વયોવૃદ્ધ હતા, છતાં બંને વચ્ચે સ્વભાવનો બહુ તફાવત જણાતો હતો. એકના મુખ પર ઉગ્રતા છવાયેલી હતી જ્યારે બીજો તદ્દન શાન્ત હતો. નૌકા રાજઘાટ પાસે આવી પહોંચી હતી. થોડીવારે સુકાનીએ પ્રવાસ પૂરો થયો છે, અને નૌકા કિનારે લાંગરી છે, એવું નિવેદન કરતાં ત્રણે જણા ઊભા થઇ સીડી વાટે ઘાટ ઉપર ઊતર્યા.

નૌકાને ફરીથી તરત સફરે ઉપડવાનું હતું, એટલે નાવિકો સાફસુફી કરવા અને ખોરાક-પાણી લેવામાં ગૂંથાયા. ત્રણ વ્યક્તિઓમાંથી આગળ ચાલતી બે વ્યક્તિઓ ખૂબ ઊંચી ને પડછંદ હતી. બંને ધીરે ધીરે વાતો કરતા ઘાટનાં પગથિયાં ચઢી રહ્યા હતા.

“ હિમગિરિનાં ધવલશિખરો પર અત્યારે કોઇ સાધુ-મુનિરાજ છે કે ? ”

“ હા મહારાજ ! કોઇ એક નવજુવાન કાંચનગંગા અને ધવલગિરિની ટેકરીઓમાં ફરતો જોવાય છે. આ તરફનો જ લાગે છે. ”

“ શું નામ ? ”

“ પૂરી તો ખબર નથી, પણ ભદ્રબાહુ કે એવું કંઇક નામ છે. વિશાળ લલાટ, હાથીની શૂંઢ સરખા હસ્ત, કસાયેલું ને બ્રહ્મચર્યના તેજથી ઓપતું શરીર ! કદી પાશુપતનાથના મંદિરમાં તો કદી મહાકાલીના મેલામાં ! કદી યમની ટેકરીઓમાં તો કદી મા ચામુંડાના દેવાલયોમાં ! ભટકતાં તો જાણે થાકતો જ નથી. અરે, કેટલીકવાર તો હિમગિરિના કોઇ શિખર પર ધ્યાનસ્થ થઇ દિવસોના દિવસો વીતાવી

નાખે છે. હિમગિરિની કાતિલ ઠંડી એમને સ્પર્શી શકતી નથી. દિવસોની ક્ષુધા એમને સતાવી શકતી નથી. શીળા વાવંટોળ એમને ધ્રુજવી શકતા નથી. કસ્તૂરી મૃગ ફરતાં થાકે તો એ થાકે.”

“પિછાની લીધા. એવા ×વજ્રપંજર દેહના માલિક ભદ્રબાહુસ્વામી સિવાય બીજા કોઇ ન હોય. કુમારગુપ્ત! બાળક ચંદ્રગુપ્તને કદી કદી એમની પાસે લઇ જજે!”

“મંત્રીરાજ, એનું ચિત્ત મર્દાની રમતોમાં બહુ રહ્યા કરે છે! એકાદવાર મુરા સાથે એને ત્યાં મોકલેલો. સ્વામીએ તેનું ઉજ્જવળ લલાટ જોઇ આશીર્વાદ આપેલા કે જા બેટા, તું ય એક દહાડો સ્વામી થઇશ.” કુમારગુપ્ત બોલતાં થોડીવાર થોભ્યો ને પુનઃ બોલ્યો: “મહારાજ, કુમારના ભાગ્યમાંથી તો મગધ આથમ્યું ને!”

“નવું મગધ સરજો! કુમારગુપ્ત, વસુંધરા તો વીરભોગ્યા છે.”

“નવું જ સરજવું પડશે.” એકૈશ્વર્ય મંત્રીરાજ જેની સેવામાં હોય એ મગધને શા માટે ચિંતા કરવી પડે? પણ મંત્રીરાજ! કોકવાર જૂની વાત યાદ આવે છે, ત્યારે હિમગિરિનાં શાંત શિખરો ય શાન્તિ આપતાં નથી. શિશુનાગ વંશનો નાશ કર્યો એ તો ઠીક. માન્યું કે વીરભોગ્યા વસુંધરાનું સૂત્ર નંદરાજાએ ચરિતાર્થ કરી બતાવ્યું. પણ શા માટે નંદરાજાઓએ કુમારગુપ્તને માથે દાસીપુત્રની બદનામી ઓઢાડી? ઢંઢેરો પિટાવી શા માટે જાહેર કર્યું કે કુમારગુપ્ત તો દાસીપુત્ર છે!” ધાટ ચઢતી આગળની બે વ્યક્તિઓમાં જમણી બાજુ ચાલતા યોદ્ધા કુમારગુપ્તનો અવાજ કંઇક ઉગ્ર બન્યો હતો.

“કુમારગુપ્ત દાસીપુત્ર નહોતો એટલે જ તો, એક શુદ્ધ રાજબીજની રક્ષા કાજે, રાજનો ખોફ માથે વહોરીને પણ મારા પિતાએ તને

× વજ્ર જેવા મજબૂત શરીરવાળા.

બચાવ્યો હતો." બીજા કે જે મંત્રીરાજ હતા, તે તદ્દન શાન્તિથી બોલતા હતા. એમના અવાજમાં સ્વસ્થતા ગૂંજતી હતી.

"બચાવીને શો લાભ હાંસલ કર્યો? એનું જીવતર ધૂળ કર્યું."

"શા માટે? એનો દીકરો નવું રાજ્ય સર્જશે. દાસીસંતાન લેખાતા પિતામહની લાંછના એ વીરપુત્ર દૂર કરશે."

"આશીર્વાદ જ આપ્યે જાઓ, બીજું કંઈ કરશો મા! આખરમાં મંત્રીવર્ય શકટાળ તો બ્રાહ્મણ જ ને? આપી આપીને બ્રાહ્મણ બીજું શું આપે!"

"બ્રાહ્મણના જ આશીર્વાદ ફળે. મંત્રી બનીને તો આશીર્વાદ નહિ, સંતાપ જ આપી શકું."

"મહારાજ, ઘણીવાર મગધનાં કાંગરા જોઇ દિલમાં આગ લાગે છે, હો!"

"એ આગ ઠારી દેજે! એના પર પવન નહિ પાણી ઢોળજે!"

"શા માટે?"

"કુમારગુપ્ત, ઘેલાઇ કરીશ મા! બાળક ચંદ્રગુપ્તને આ તારી ઘેલછાનાં વિષ પાઇશ મા! એને જૂનાં વેર યાદ આપી રખે ઝનૂની બનાવતો. વીર બનાવજે! સિંહસંતાન બનાવજે! સિંહસંતાન જ્યાં જશે ત્યાં પોતાના બાહુપ્રતાપથી નવું રાજ્ય રચશે! એ બાપની મૂડી પર નહિ રાચે."

"ઇચ્છા તો એવી જ છે, પણ મન માનતું નથી."

"મનને મનાવજે!"

"અને ન માને તો? મગધ સાંભરે તો? જન્મસિદ્ધ હક્ક યાદ આવે તો? દાસીપુત્રની જૂઠી લાંછના ભૂંસવા દિલ થાય તો?" કુમારગુપ્ત આવેગપૂર્વક એક શ્વાસે આટલા પ્રશ્નો બોલી ગયો.

" હિમાલયમાં જઈ ભદ્રબાહુસ્વામીનું શરણ લેજે ! "

" ત્યાં પણ શાન્તિ ન લાધે તો ? " કુમારગુપ્ત આવેશમાં હતો.

" ડૂબી મરજે, પણ દીકરાનું ભવિષ્ય ઝનૂનની છાયાથી ઘેરું બનાવીશ મા ! વેરનો ગુલાબી લાગતો કાંટો વાવીશ મા ! એને ઉખાડી ફેંકી દેજે ! "

" મંત્રીરાજ, કદાચ એમ નહિ જ બને ! મગધ હૃદયથી ખસતું નથી. બદનામીનો ડંખ પીડ્યા કરે છે. "

" કુમારગુપ્ત, તો ચાલ્યો આવજે ! આપણી ભુજાઓ એનો નિર્ણય કરશે. "

" એ નિર્ણય જ મને ચિરશાન્તિ આપશે, મહામાત્ય ! "

" કુમારગુપ્ત, ડહાપણથી કામ લે ! મગધ ભૂલી જા ! એને છોડી સ્વર્ગનું રાજ્ય જીતી લે ! એ વેળા શકટાળ તારો સૈનિક બની લડશે."

" અને નહિ તો......?"

" શકટાળ નંદના શત્રુનો શત્રુ બનશે. " મહામાત્યના શબ્દોમાં આવેશ નહોતો, પણ એમાંથી જે દૃઢતા સ્પષ્ટ પડઘો પાડતી હતી, એ કુમારગુપ્ત જેવા વયોવૃદ્ધ યોદ્ધાના દિલને પણ ડરાવી રહી હતી.

" પ્રણામ, મહારાજ ! હવે પાછો વળું ત્યારે ? "

" ખુશીથી. "

" આ ભેદ તો પ્રગટ નહિ થાય ને ! "

" જે ભેદ મેં જ રચ્યો, એ શા માટે પ્રગટ કરીશ ? "

" મગધના હિતને માટે. "

" મગધના શત્રુને ભેદભર્યા રાખીને સંહારતાં વાંધો નહિ આવે.

જા, કુમારગુપ્ત, ફરીથી કહું છું, કે ભદ્રબાહુસ્વામીના શરણે જજે ! હિમગિરિનાં શિખરોમાં ફરજે ! શાન્તિ લાધશે ! સ્વામીને અને બાળક ચંદ્રગુપ્તને મારી વતી યથાયોગ્ય કહેજે ! ”

“ જેવી આજ્ઞા ! ” આગભર્યા દિલથી, અંગારા ઝરતી જબાનથી વાર્તા કરનાર આ બે યોદ્ધાઓ જાણે દુનિયાની જુદી માટીથી જ ઘડાયા હતા. દિલમાં આટઆટલી જ્વાળા છતાં એક બીજાના મિત્ર હતા. રાહ આટઆટલા જુદા, તોય વર્તવાની રીત તો મર્દની જ હતી.

“ વિષ્ણુગુપ્ત ! અતિથિને નૌકા સુધી વળાવી આવો ! ” મંત્રીરાજે રાજઘાટના છેલ્લા પગથિયે ઊભા રહેતાં કહ્યું.

“ કોણ વિષ્ણુગુપ્ત ! ” રાજઘાટની નીચેના અંધારામાંથી કોઈક ઝીણો મરમર સ્વર સંભળાયો. આ સ્વર ઊઠ્યો તેવો દબાઇ ગયો.

દૂર દૂર ગંગાની ખીણમાં કોઈ વનેચરની ત્રાડ સંભળાઇ. એના પડઘા કોટના કાંગરે પડ્યા.

“ નીચે કોઇ છુપાયેલું લાગે છે ! ” વિષ્ણુગુપ્તે કહ્યું.

મંત્રીરાજે નીચે અંધકારમાં નજર દોડાવી, પણ ત્યાં કોઇ નહોતું. તૂટેલા પત્થરો અને નદીમાં ઘસડાઇ આવેલો કચરો બધે પથરાયેલો હતો. વિષ્ણુગુપ્ત મહેમાનને નૌકા સુધી મૂકી આવ્યો. થોડીવારમાં તો નૌકાએ લંગર ઊપાડ્યું. એ ધીમે ધીમે દૂર સરતી ચાલી.

પાટલીપુત્રની શૂની શેરીઓમાંથી મંત્રીરાજ અને વિષ્ણુગુપ્ત આગળ વધ્યા. રંગોત્સવની રાત્રિની શાંતિ હમણાં જ પથરાણી હતી. બન્ને જણા ચૂપચાપ ચાલ્યા જતા હતા.

મંત્રીવર્ય શકટાળ અને વિષ્ણુગુપ્ત–ગુરુશિષ્ય ચારેક દિવસથી મગધના પ્રવાસે નીકળ્યા હતા. કેટલાક ખંડિયા રાજાઓના ઉપદ્રવને દાબીને પાછા ફરતાં માર્ગમાં આ વયોવૃદ્ધ કુમારગુપ્ત સાથે ભેટો થઇ ગયો. સ્થિરતા કરી

શકાય તેટલો સમય નહોતો, એટલે કુમારગુપ્તને તેઓએ સાથે લીધો. કુમારગુપ્ત પણ મહારાજ નંદના જેટલો જ મગધની ગાદીનો અધિકારી હતો, પણ દગાથી એના પિતાનું ખૂન કરી, એના આ સંતાનને દાસીજાયો કહી મગધથી દેશનિકાલ કર્યો હતો.

શૂરપુરુષ છતાં એકલવાયો કુમારગુપ્ત આખી જિંદગી આ લાંછનામાં જલ્યા કરતો હતો. એને બચાવનાર શકટાળના પિતા હતા. શકટાળ એ વેળાનો વીરપુરુષ હતો, અને તે જ મગધના દેહ આડે ઢાલ બની ખડો હતો. કુમારગુપ્ત કશુંય ન કરી શક્યો, બલ્કે પોતાની પાછળ ફરતા નંદના જાસૂસોથી બચવા હિમગિરિની તળેટી સુધી નાસી જવું પડ્યું. અહીં એનો વંશવેલો વધ્યો, પુત્રના ઘેર પુત્ર થયો. એ પુત્ર તે ઇતિહાસપ્રસિદ્ધ ચંદ્રગુપ્ત.

આ વેળા મહાન સિદ્ધિઓને સાધવા માટે ભદ્રબાહુ નામે જુવાન હિમગિરિનાં જંગલો વીંધતો હતો. કુમારગુપ્ત આ જુવાનથી બહુ ડરતો, કારણ કે એ નિર્વૈર અને શાંતિની વાતો કરતો. માનવી દિલના ડંખ ભૂલી જાય એવી એની ફિલસૂફી હતી. વીરનાં વેરને એ નિરર્થક લેખવતો. રખે ચંદ્રગુપ્ત નિર્વૈર બને તો ? પોતાનું વેર કોણ લે ? આ ભયથી કુમારગુપ્ત ચંદ્રગુપ્તને સદા એનાથી દૂર રાખતો. છેલ્લા કેટલીક વખતથી મહામાત્ય શકટાળના સાંભળવામાં આવ્યું હતું કે કુમારગુપ્ત નાના રાજાઓને ઉશ્કેરતો ફરે છે.

પોતાનાં પ્રવાસમાં આ બદલ તેમણે ઘણો ઘણો ઠપકો આપ્યો: તેનો પ્રયાસ કેવો નિર્માલ્ય હતો, તેનો ખ્યાલ આપ્યો, છતાં ય છેલ્લે છેલ્લે વિદાય લેતાં લેતાં પણ ભોળા કુમારગુપ્તના દિલની વરાળો બહાર નીકળી આવી. કુમારગુપ્ત છંછેડાયેલો વિષધર છે, એ વાત મંત્રીરાજ જાણતા હતા; પણ વિષહરની શક્તિવાળાને તેનો ભય નહોતો.

કુમારગુપ્ત નૌકામાં બેઠો તો ય અશાન્ત હતો. એ ચાંદનીના આછા અજવાળામાં દેખાતાં પાટલીપુત્રનાં ઊંચા શિખરો અને કાંગરાઓ તરફ દાંત પીસી રહ્યો હતો.

નૌકા વેગથી આગળ ધપી રહી હતી. અચાનક સુકાનીએ બૂમ મારી.

" નૌકાની પાછળ જાસૂસ પડયો છે."

" કયાં છે ?" કુમારગુપ્ત બહાર ધસી આવ્યો.

" જુઓ, પેલું નાના મગર જેવું પ્રાણી તરતું ચાલ્યું આવે."

" શાથી જાણ્યું કે એ જાસૂસ છે ? મગધનાં પ્રાણી પણ જાસૂસી કરી શકે છે ?"

" હા, મહારાજ ! એવાં પ્રાણીઓ મગધમાં પાળવામાં આવે છે. દુશ્મનની નૌકાઓ પાછળ તરતાં તરતાં તેઓ ચાલ્યાં આવવાનાં, અને પછી પાછાં ફરી નૌકાખાતાના અધ્યક્ષને માર્ગ બતાવવાનાં."

" એમ કે ?" કુમારગુપ્તે ધીરેથી દાંત કચકચાવ્યા. એણે કમર પર હાથ નાખ્યો. એક લાંબો છરો પ્રકાશમાં ઝળકી રહ્યો. હિમગિરિની તળેટીમાં ગેંડાના ગંડસ્થળને ભેદી નાખનાર એ તીક્ષ્ણ હથિયાર હતું.

સૂ સ......હવામાં કંઇ જોરથી ફેંકાયાનો અવાજ આવ્યો. ચાંદનીના પ્રકાશમાં યમદૂત જેવો છરો પાણીની સપાટી પર સડસડાટ આગળ વધી રહ્યો હતો.

પેલા જાસૂસ–પ્રાણીનું ખરેખર આવી બન્યું. પણ એ ય જબરું ખંધું નીકળ્યું. એણે ડૂબકી મારી દીધી. યમરાજના સહોદર જેવો છરો માથાપર થઇ સડસડાટ આગળ પસાર થઇ ગયો.

ખંધુ પ્રાણી ભય પિછાની ગયું. એ તરત ઝડપથી પાછું ફર્યું. બીજી તરફ શઢ પુરેપૂરા ફૂલાવી નૌકાએ ગતિ વધારી. કુમારગુપ્ત પોતાના હુમલાના પરિણામને જોવા મથતો બહાર જ સુકાન પાસે ઊભો હતો.

જ્યોત્સના મેઘખંડોમાં સંતાકૂકડી રમતી હતી. ને ઠંડો ને વેગીલો વાયુ સઢોને જોરથી ફૂલાવી ફડફડાટો બોલાવી રહ્યો હતો. હલેસાં સાથે મોજાં જોરથી અફળાતાં હતાં.

સુકાની આકાશમાં વખત પારખવા તારા ગણી રહ્યો હતો, ને એકાએક કૂવાસ્તંભ ભયંકર રીતે ધ્રૂજી ઊઠયો. વાવંટોળમાં શઢ ઘેરાઇ જાય ને ચીરાડા થઇ જાય તેમ શઢ ફડફડાટ ચીરાવા લાગ્યા. જલતું ફાનસ ધડાક લઇને મોટા અવાજ સાથે નીચે પડયું.

રાજઘાટ તરફથી એક નૌકા ઝડપથી ધસી આવતી હતી. સુકાનીએ પડેલા ફાનસના કણોને એકઠાં કરતાં ને તેને લીધે લાગેલી આગને બુઝાવતાં કહ્યું: " હવે નૌકા આગળ નહિ વધી શકે. કોઇએ ભયંકર તીર મારી શઢ તોડી નાંખ્યા છે. તમને શત્રુના ગુપ્તચર સમજી પકડવા માટે એક નૌકા આવી રહી છે. "

" વારુ ! " યોદ્ધાદિલના કુમારગુપ્તને આવી આપત્તિઓ જાણે સહેજ વાત હતી. એ શાંતિથી એક બાજુ ઊભો રહી જોઇ રહ્યો. એના નીરસ અને બળતરાવાળા જીવનમાં આવો જ કોઇ પ્રસંગ નવજીવન પ્રેરી શકતો.

પીછો પકડવા ધસી આવતી નૌકા અડોઅડ આવી પહોંચી. ચારેક યોદ્ધાઓ સાથે બીજા બે જણા હતા. બધા આ નૌકા પર કૂદી પડ્યા ને કબજો લેવા મથવા લાગ્યા.

કિનારા પર બેઠેલો મગર જેટલી શાંતિથી પાણીમાં સરો જઇ અદૃશ્ય થઇ જાય, એમ નૌકામાંથી સરી જઇ કોઇ પાણીમાં અદૃશ્ય બની ગયું.

" ક્યાં છે, તમારો મુસાફર ? એ રાજદ્રોહી છે. " ભયંકર અવાજ ગાજી ઊઠ્યો. અનુભવી સુકાની પિછાણી ગયો કે એ અવાજ રથાધ્યક્ષનો છે.

" હમણાં જ અહીં ઊભો હતો ! "

" તો ગયો ક્યાં ? " રથાધ્યક્ષ નૌકા તપાસી રહ્યો હતો.

" કદાચ પાણીમાં પડીને નાસી છૂટ્યો હશે. "

"પાણીમાં પડીને?" અને રથાધ્યક્ષે ગંગાના અથાગ જળપટ પર દૃષ્ટિ દોડાવી. શત્રુ દેખાઈ જાય તો એનું લક્ષવેધી બાણ પ્રાણ લઈને જ પાછું ફરે તેમ હતું. પણ બધે અજબ શાંતિ પથરાએલી હતી. કોઇના તરવાનો કે હાથપગનો ફફડાટ પણ સંભળાતો નહોતો.

"એનું નામ?"

"કુમારગુપ્ત કે એવું કંઇક હતું." સુકાનીએ વાતચીતો નહોતી સાંભળી, પણ આટલું નામ તેને કાને પડી ગયું હતું.

"ક્યાંનો હતો?"

"એ તો ખબર નથી, પણ હિમગિરિ તરફના પ્રવાહે આગળ વધવાની એણે સૂચના આપી હતી."

"હં, સાથે કોણ કોણ હતું?" રથાધ્યક્ષની નજર જળપ્રવાહ પર જ ચોંટી હતી.

"મહામાત્ય ને વિષ્ણુગુપ્ત આચાર્ય."

"મહામાત્ય?" રથાધ્યક્ષનું ઊકળેલું દિલ એકદમ ઠંડું થઇ ગયું. એના સાથીદારોના પણ પગ ધ્રુજવા લાગ્યા. મહામાત્યના નામથી સર્વેને ઠંડા પડતા જોઇ સુકાનીને જોર આવ્યું. એણે વધુ દાબ બેસાડવા કહ્યું:

"પ્રવાસ કરનાર મહામાત્યના અતિથિ હતા."

શૂરવીર રથાધ્યક્ષને થયું કે આજે એક મોટી અક્ષંતવ્ય ભૂલ થઇ ગઇ. સૂતેલો સાપ છંછેડાઇ ગયો. એણે તો માન્યું કે આર્ય વિષ્ણુગુપ્તનું આ કંઇક કાવતરું હશે. પોતાના આવાસમાંથી સુરંગ વાટે રાજઘાટ પર આવતા વરરુચિ અને રથાધ્યક્ષની નજરે રાજઘાટની ઉપર ઊભેલા મંત્રી નહોતા આવ્યા.

પણ રથાધ્યક્ષ સહેજ વાતમાં મુંઝાઇ પડે તેવો સરલ નહોતો.

એણે સુકાની અને નૌકાના બીજા નાવિકોને આ વાત ગુપ્ત રાખવા સૂચવ્યું. તૂટેલી નૌકાને પણ થોડે દૂર હંકારી લઇ જઇ સમારકામ કરી આઠેક દહાડા બાદ અહીં લાવવા સમજાવ્યો.

સહુને આ કામ ફતેહમંદીથી પાર પાડવા બદલ કેટલા માષા સુવર્ણ મળશે, તે પણ જણાવી દીધું. ગમે તેમ તોય રથાધ્યક્ષ મગધનો સમર્થ પુરુષ હતો. તેની ઇચ્છા પ્રમાણે વ્યવસ્થા થઇ ગઇ. છતાં ય રથાધ્યક્ષની આંખ હજી ચંચળ રીતે જળપ્રવાહ ઉપર ઘૂમી રહી હતી. મહામાત્ય પોતાના મહેમાનને ઘાટ પરથી વળાવી દે, પાટલીપુત્રનાં કાંગરા પણ ન બતાવે; એ વાત એને નવાઇ અને શંકાકુશંકા ઊપજાવતી હતી.

કંઇક ભેદભરી વાત હશે ! માણસ પોતાની ક્ષતિને સુધારવા બીજાની ક્ષતિનું શરણુ શોધે છે, રથાધ્યક્ષ અને વરરુચિ એવી જ કંઇક ગડમથલ કરી રહ્યા હતા.

વખત વીતતો જતો હતો. તેઓ જે કામે અહીં આવ્યા હતા તે તો હજી બાકી હતું. થોડીવારે તેઓ જે નૌકામાં આવ્યા હતા તેમાં ઘાટ તરફ પાછા વળ્યા.

અચાનક શંખના ફાટેલા ઘરઘર અવાજ જેવો કોઇકના ખડખડાટ હાસ્યનો ધ્વનિ સંભળાયો. રથાધ્યક્ષની નૌકા ગંગાની એક ટેકરીની નજીકમાંથી વળાંક લેતી હતી. એ ટેકરી પર કોઇ ઊભું ઊભું ભયંકર હાસ્ય કરી રહ્યું હતું.

"અતિથિ નહિ શયતાન !" વરરુચિ બોલી ઉઠ્યો.

રથાધ્યક્ષે લાંબો વિચાર ન કરતાં ખભે રહેલા તુણીરમાંથી વિષપાયેલું તીર ખેંચી કાઢ્યું.

સરરર...તીર ટેકરી તરફ ધસી ગયું. બેએક ક્ષણ પસાર ને ફરીથી એક ભયંકર હાસ્યના પડઘા.

આટલી પ્રચંડ રીતે હસી શકનાર નક્કી કોઇ સમર્થ પુરુષ હોવો

જોઇએ. ચતુર રથાધ્યક્ષને આ પ્રસંગ વિષે ભય ઓછો થઇ ઇંતેજારી વધતી જતી હતી.

બધાની આંખો એ ટેકરી પર મંડાયેલી હતી. એવામાં પાછળથી ભયંકર ગર્જના ઊઠી આવી.

" વ્યાઘ્રગર્જના ! "

અને વાઘે હુમલો કર્યો હોય તેવી બીજી બે ચાર ગર્જના ફરીથી કર્ણપટલ પર અથડાઇ.

" પાપીના પાપનો હિસાબ ચુકવાઇ ગયો લાગે છે. નરવ્યાઘ્ર નહિ તો વનવ્યાઘ્ર ભેટ્યો લાગે છે." વરરુચિએ કવિસ્વભાવનું દર્શન કરાવ્યું.

ક્ષણવાર પછી પૂર્વવત્ નિર્જનતા છવાઇ ગઇ. નૌકા પણ રાજઘાટના પગથિયે પહોંચી જળતરંગની છાલકો ઊડાડી રહી હતી.

# વિષ્ણુગુપ્તનો મગધત્યાગ

## [ ૧૭ ]

કુતૂહલતાપૂર્ણ રાત્રિ હમણાં આથમી ગઈ હતી. દિવાકર મુરઝાયેલાં કમળને પોતાના મૃદુ પ્રકાશે પ્રફુલ્લિત કરી રહ્યો હતો. અસૂર્યપશ્યા કુમુદિની સૂર્યપુરુષને નિહાળી અંતઃપુરની કોઇ રમણીની જેમ લજ્જાવનત બની મુખ ઢાળી ગઇ હતી.

મગધના પાટનગરનાં વસનારાં ખરેખર બડભાગી હતાં. નિત્ય નવો સૂર્ય ઊગે અને કંઈક અનેરા ઉત્સવની વધામણી હોય જ. આજે દિવાકરનાં દર્શન થતાંની સાથે જ રંગોત્સવમાં જોયેલી અદ્દ્ભુતતાના વર્ણન કરતા લોકોને નવી જ અદ્દ્ભુત ખબર મળી. વિદ્વદ્દશિરોમણિ વરરુચિ આજે પ્રાતઃસમયે ગંગાકિનારે સ્તુતિકાવ્ય રચી મા ભાગીરથી પાસેથી સ્વયંપ્રસાદ મેળવશે.

પાણીના પૂરની જેમ લોકપ્રવાહ ભાગીરથીના તટ તરફ વળ્યો. જેમ જેમ વર્તમાન પ્રસરતા ગયા, તેમ તેમ લોક ઊલટતું ગયું. વરરુચિ વહેલી સવારથી ગંગાના પ્રવાહમાં કમર સુધી જઇ, સ્વસ્થ થઇ ઊભો હતો. આજની પ્રતિજ્ઞા તો એના જીવન–મરણનો સોદો હતો. મા ભાગીરથી પ્રસાદ નહિ મોકલે તો આ વિદ્વાન પાછો ફરવાના બદલે આગળ વધી અથાગ જળમાં અન્તિમ સમાધિ લઇ લેવાનો.

કુમળા દિલનાં પ્રજાજનો આજના આ હડહડતા મહાકળિકાળમાં આવાં પારખાં કરવાનું છોડી દેવાનું સમજાવતાં હતાં. આ ચેનચાળા સત્યયુગમાં શોભે તેવા હતા, એવો સહુ મત આપતાં; પણ લોકોનો

વાતો તરફથી વરરુચિએ લક્ષ ખેસવી લીધું હતું. એ સમાધિસ્થ અવસ્થામાં હોય તેમ સ્તબ્ધ કાષ્ટવત્ કમરબૂડ પાણીમાં ખડો હતો.

થોડી વારમાં સમાધ છૂટતી હોય એમ એનો પ્રચંડ દેહ જરા હલ્યો. એણે એક હાથમાં કમળપુષ્પ ને બીજા હાથમાં ગંગાજળ લઇ અંજલિ જોડી. મા ભાગીરથી, મારી લજ્જા તારે હાથ! લોકો કૂતૂહલપૂર્વક એકી નજરે નિહાળી રહ્યા.

સ્તુતિકાવ્ય શરૂ થયું. ધીરે ધીરે કાવ્યપંક્તિઓ ગંભીર બનતી ચાલી. અવાજ મોટો બનતો ચાલ્યો. સ્વરકેકા પાણી પર પડછંદા પાડવા લાગી.

એક પદ પૂરું થયું.

બીજું પદ પૂરું થયું. સહુની નજર ચારેકોર ઘૂમી રહી હતી. મા ભાગીરથી કઇ દિશાથી પ્રસાદ લઇને આવશે, એ જાણવા સહુ ચકળવકળ નજર ફેરવી રહ્યા હતા.

ત્રીજું પદ શરૂ થયું.

ચોથું, પાંચમું ને છઠ્ઠું પદ પણ શરૂ થઇને પૂરું થઇ ગયું. વરરુચિનો કંઠ વિકસ્વર થઇ ગયો હતો.

આખું વાતાવરણ કાવ્યસ્વરોથી ગૂંજી રહ્યું હતું. સાતમું પદ શરૂ થયું, પણ અરે, કયાંય કંઇ નિશાની જ દેખાતી નથી. મા ભાગીરથી આજે નક્કી એક બ્રાહ્મણનો ભોગ લેશે.

" વરરુચિ, પાછા ચાલ્યા આવો. આ તો કળિકાળ! અત્યારે આવાં પારખાં ન હોય. "

પણ વરરુચિ એમ પરાજય સ્વીકારે તેમ નહોતો. આજે તો એણે વિદ્યાને જીવન–મરણની હોડમાં મૂકી હતી.

આઠમું પદ શરૂ થયું. વરરુચિ પાણીમાં આગળ વધ્યો. કમર, પેટ, વક્ષસ્થળ ડૂબતાં ચાલ્યાં. અરેરે! સાહિત્યચર્ચા જેવી એક નમાલી વાતમાં પાટનગરને માથે બ્રહ્મહત્યાનું પાપ ચોટશે.

“ ભાઇ પાછો ચાલ્યો આવ ! ખોટો મમત કરી જીવની હાણુ ન કર ! ”

પણ જીવનની એવી પરવા કોને હતી ! રણે ચઢેલો રજપુત તલવારના વાર જોઇ પાછો હઠે તો આ વિદ્વાન મૃત્યુને જોઇ પાછો ફરે ! અને જે વિદ્યા પોતાની લજ્જા ન રાખે, એને રાખીને પણ શું કરવી ?

છેલ્લું અને નવમું પદ શરૂ થયું. અવાજ પ્રવાહ પરથી વહી જઈ સામે ટેકરીઓ પર પડઘા પાડવા લાગ્યો. શ્વાસ પણ બંધ કરીને જન-મેદની જોઇ રહી.

અચાનક ગંગાના પ્રવાહનાં ગર્ભમાં કંઇ ખળખળાટ થતો સંભળાયો. અથાગ જળનું ઊંડાણુ વીંધીને કોઈ વહી આવતું હોય તેમ લાગ્યું. નિરાશ થયેલા લોકોના મુખ પર આશાનો ઉલ્લાસ આવવા લાગ્યો, વરરુચિ શાન્ત ચિત્તે સ્તુતિના ઉન્નત સૂરો છેડી રહ્યો હતો.

એ ઊભો હતો ત્યાં પાણી વલોવાતું હોય તેવો અવાજ થવા લાગ્યો. પાટલીપુત્રનાં અસંખ્ય પ્રજાજનોની આંખો સમક્ષ જ એક સોનેરી તીર પાતાળ ભેદી બહાર આવ્યું. એ તીરની પણછ પર સુવર્ણકમળનો હાર લટકતો હતો. એ હાર વરરુચિના ગળામાં બરાબર આરોપી વીજળી વેગે તીર પાછું ફરી ગયું.

વરરુચિએ છેલ્લી અંજલિ આપી મા ભાગીરથીના જળને મસ્તકે ચઢાવ્યું. પ્રજાજનોએ જય જય નાદથી ગગન જગવી મૂકયું, હરખઘેલા લોકો નગરમાં દોડી ગયા. ને જોરશોરથી બ્રહ્મતેજના વિજયની દુહાઇ ગાવા લાગ્યા. કેટલાક રાજદરબારમાં જઇ મહારાજાને ખબર આપી આવ્યા.

તટ પર આવતાં જ લોકોએ વરરુચિને ઊચકી લીધો. ગામમાંથી તરત શિબિકા આણવામાં આવી. એટલી વારમાં પુષ્પ, ગંધ ને કેસર-ચંદનના કચોળાં પણ આવી ગયાં. સુગંધી ધૂપ વાતાવરણને ભરવા લાગ્યો. પુષ્પવૃષ્ટિ ચાલુ થઇ. કેસર–ચંદનના છાંટણાં શરૂ થયાં. થોડીવારમાં

પ્રવેશોત્સવને યોગ્ય વરઘોડાની યોજના થઇ ગઈ. વાજિંત્રના નાદ પણ એમાં આવી મળ્યા.

જયજયકારપૂર્વક વરરુચિની પાલખી રાજધાનીના મુખ્ય મુખ્ય માર્ગ પર ફરવા લાગી. પુરરમણીઓ હોંશે હોંશે અર્ચના ધરવા લાગી. આ વરઘોડો મહારાજા નંદના રાજદ્વારે પણ પહોંચી ગયો. આટઆટલી પ્રજાને ઊલટેલી જોઇ મહારાજા પણ સ્વાગત કરવા બહાર આવ્યા. મોડે મોડે પણ પોતાની સાહિત્યસભાના રત્નનું નૂર પરખાયું, એ માટે એમને અત્યંત આનંદ થયો.

આ ઉત્સવ સંપૂર્ણ દિવસ ચાલ્યો. રાત્રિએ રાજમહાલયમાં ખાસ ઉત્સવ યોજવામાં આવ્યો. આ સમાચારો જ્યારે આર્યાવર્તના પટ પર પથરાશે, ત્યારે મહારાજ અને તેમના આશ્રિત વિદ્વાન માટે એક વાર પ્રતિસ્પર્ધિઓનાં શીર પણ નીચાં નમશે.

ધન્યભાગ્ય મગધ ! એને આંગણે આર્યાવર્તની અનુપમ રંગશાળા, એના દરબારમાં ત્રિલોકવિજયી વિદ્વાનો અને એને ત્યાં રણશૂર યોદ્ધાઓ મહારાજ નંદને દુનિયામાં હવે કંઇ સાધના બાકી ન હતી. તૃપ્તિનું એક બેદરકાર મોજું બધે પ્રવર્ત્તી રહ્યું. કૃતકૃત્યતાની એક આળસ બધે ભરાઈ વળવા લાગી.

વખત વીતતો ચાલ્યો, એમ સૈન્યો મોજમજાહ માટે વિશેષ ઇંતેજાર રહેવા લાગ્યાં. મહારાજાને તો હવે રંગરાગ ને પ્રશ્નહેલિકાઓ સિવાય કશામાં મજા નહોતી આવતી. વરરુચિ એમનો પ્રિય વયસ્ય બન્યો હતો. રથાધ્યક્ષ આ બધી સંયોજનાનો મુખ્ય તંતુ હતો.

આ નવીન સંયોજનાની સૌથી પહેલી અનિષ્ટ અસર વિષ્ણુગુપ્ત પર પડી. મહામાત્ય શકટાળ આ બાહોશ વિદ્વાનને જેમ જેમ મહારાજા પાસે વધુ મોકલવા મથતા ગયા, તેમ તેમ રાજદરબારમાં તેના વિરુદ્ધની ગંધ પ્રસરવા લાગી. આ સ્વમાની વિદ્વાનને રોજ રોજ કંઇક પ્રતિકૂળ વાતા-વરણ ભાસવા લાગ્યું. એના પ્રશ્નોનો દાસદાસીઓ પણ પૂરતો જવાબ ન

વાળતાં. અધિકારીઓ મહામાત્યના દાબને લીધે મુખ આગળ કંઈ ન બોલી શકતાં, પણ પીઠ પાછળ ઠઠ્ઠામશ્કરી ઊડાવતાં, પ્રારંભમાં તો આ વિદ્વાન પુરુષને આની પાછળ હેતુપૂર્વકની યોજનાની સંભાવના ન થઇ, પણ એક દહાડો એ વાતની આપમેળે સાબિતી થઇ ગઇ.'

રાજકુમારોને નૈતિક તેમજ રાજધર્મ વિષે શિક્ષણ આપવા માટે મહારાજાએ આ વિદ્વાન ત્રિપુટીમાંથી એકાદની યોજના કરી હતી; પણ રાજકુમારોને વરરુચિની મધુર ને રસભરી, કથાકોષના પ્રવાહમાં વહેતી શૈલી પસંદ પડવાથી તેની પાસે શિક્ષણ ચાલતું. મુખ્યત્વે રાજકુમારોને નૈતિક શિક્ષણ આપવાનું કામ આ વિદ્વાન ત્રિપુટીમાંથી વરરુચિને શિર હતું.

એક દિવસ વરરુચિની અનુપસ્થિતિમાં વિષ્ણુગુપ્તને માથે આ ભાર આવ્યો. વિષ્ણુગુપ્તને લાગ્યું કે રાજકુમારોને રાજધર્મ સમજાવવાની આવશ્યકતા છે. ઉદ્દંડ અને સ્વચ્છંદતા રોકાય તેવો ઉપદેશ આપવાની ઇચ્છાથી એણે કથાસરિત્સાગરના બદલે નૃપધર્મ વિષે જ ચર્ચા શરૂ કરી. વરરુચિએ કુમારોના કાન પહેલેથી વિષ્ણુગુપ્તના સૂકા ને તામસી સ્વભાવના વર્ણનથી ભરી રાખ્યા હતા. તેઓને પણ દિલ થઇ આવ્યું હતું કે આ વિદ્વાનના તામસી સ્વભાવની લહેર માણી જોવી.

વિષ્ણુગુપ્તે શિક્ષણનો પ્રારંભ કર્યો. એણે જણાવ્યું : " કુમારો, આજે હું તમને રાજધર્મ વિષે કંઇક કહીશ. અનેક અવયવોનો સમુચ્ચય થઇને જેમ એક શરીર રચાય છે, એમ રાજ્ય પણ એવાં અનેક અંગો મળીને સર્જાય છે. સૂક્ષ્મ રીતે વિચારતાં સારા રાજ્યનાં મુખ્ય અંગ સાત હોય છે, પહેલું અંગ રાજા પોતે. આ પછી અનુક્રમે અમાત્ય, જનપદ, દુર્ગ, કોશ, લશ્કર અને મિત્ર આવે છે. પણ કુમારો, આમાં સર્વસત્તાનો પાયો રાજા છે, એટલે રાજાએ પોતાનો ધર્મ અવશ્ય પાળવો ઘટે. એ રાજધર્મ વિષે હું થોડું કહીશ."

કુમારો શાન્ત બેઠા હતા. એમને આવા સૂકા વિષય માટે સ્વાભાવિક કંટાળો જાગી રહ્યો હતો. વિષ્ણુગુપ્તે આગળ ચલાવ્યું :

"રાજા પ્રજાનો ખરો પિતા છે. પિતા પોતાના પુત્રના કલ્યાણ માટે જેમ આદર્શ જીવન ગાળે છે, તેમ રાજાએ પણ રહેવું જોઇએ. જેવો રાજા તેવી પ્રજા. રાજાએ આભિગામિક, પ્રજ્ઞા અને ઉત્સાહ ગુણોથી યુક્ત રહેવું ઘટે. કુળવાન, પુરુષાર્થી, બુદ્ધિમાન અને સત્ત્વશાળી, બોલેલું પાળનારો, ઉત્સાહવાળો, અદીર્ઘસૂત્રી આવો રાજા આભિગામિક ગુણોથી યુક્ત કહેવાય છે. આવા રાજાની પરિષદ ક્ષુદ્ર પુરુષોની બનેલી ન જોઇએ. વળી શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહાપોહ અને તત્ત્વપ્રેમ વગેરે પ્રજ્ઞા ગુણો અને શૌર્ય, અમર્ષ, શીઘ્રતા, દાક્ષિણ્ય આદિ ઉત્સાહ ગુણો પણ હોવા ઘટે."

વાર્તાના રસિક પ્રવાહને બદલે કુમારોને આ નીરસ પારાયણ સાંભળીને કંટાળો આવી રહ્યો હતો, પણ વિષ્ણુગુપ્તનો કરડો ચહેરો તેમના ઉચ્છૃંખલ સ્વભાવને દબાવી રહ્યો હતો. વિષ્ણુગુપ્ત તો અત્યારે બધું કહી દેવાની ઉતાવળમાં હતો. એણે પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું:

"કુમારો, રાજાની દિનચર્યા પણ અત્યંત કઠોર હોવી ઘટે. રાજાએ પહેલે પહોરે ઊપજ–ખર્ચના આંકડા વિચારવા. બીજા પહોરે જનપદનાં કામો જોવાં. ત્રીજા પહોરે સ્નાન, ભોજન અને સ્વાધ્યાય કરવો. ચોથે-પાંચમે પહોરે રાજકાર્ય કરવાં. છઠ્ઠે પહોરે વિહાર અથવા મંત્ર કરવો. સાતમે હાથી, ઘોડા, રથ અને લશ્કરને તપાસવું, ને આઠમે પહોરે સેનાપતિ સાથે મંત્રણા કરવી. આવી જ રીતે રાત્રિના વિષે પણ પ્રથમ પ્રહરે ગૂઢ પુરુષોને મળવું. બીજા પ્રહરે સ્નાન–ભોજન લેવું. ત્રીજા પહોરથી પાંચમા પહોર સુધી સૂવું. છઠ્ઠા પહોરે કર્તવ્યચિંતન કરવું. સાતમે પહોરે ગૂઢ પુરુષોને મોકલવા ને આઠમા પહોરે સ્વાસ્તિવાચન સાંભળવું. વાછડા સહિત ગાયની પ્રદક્ષિણા કરવી.*"

"વાછડો!" પારાયણથી કંટાળેલા એક કુમારે ધીરેથી લહેકો કરી ચાળો પાડ્યો.

---

*કૌટિલ્યનું અર્થશાસ્ત્ર;

"વાછડો નહિ, ગાય!" બીજો કુમાર પણ આ મશ્કરીમાં જોડાયો.

"ગાય નહિ પણ ગોધો."

"ગોધો જ. બરાબર ગોધો!" બધા કુમાર ખડખડાટ હસી પડ્યા. આર્ય વિષ્ણુગુપ્તને તરત ભાન થઇ આવ્યું કે પોતાની મશ્કરી થઈ રહી છે, પોતે ભેંસ આગળ ભાગવત ભરવા જેવું કર્યું છે. એણે જરા ઉગ્ર સ્વરથી કહ્યું :

"યૌવનમદથી ઉન્મત્ત ન બનો, રાજકુમારો! વિનય એ તમારો મોટો ધર્મ છે. અવિનીત રાજા થવાને લાયક નથી."

"હા હા હા!" કુમારો જવાબ આપવાને બદલે હસી પડ્યા. આર્ય વિષ્ણુગુપ્ત પોતાનું અપમાન થતું જોઇ ન શકયા. એ કુમારોને વારવા ગયા તેમ તેઓ વધુ ને વધુ ખીલતા ગયા. ધીરે ધીરે તેમની દેહ-ચેષ્ટા પણ કરવા લાગ્યા.

બાળકો સાથે વિશેષ હુંસાતુંસીમાં માલ ન દેખાતાં તે મહારાજ નંદ પાસે દોડી ગયા. મહારાજા સમાજ ભરવાની તૈયારીમાં બેઠા હતા. ગામના ઘણા પ્રતિષ્ઠિત પુરુષો, અંતઃપુરની રાણીઓ અને કેટલાક સરદારો ત્યાં ઉપસ્થિત હતા.

ધસમસતો વિષ્ણુગુપ્ત ત્યાં આવ્યો. ક્રોધથી એનું રોમ રોમ વિકસ્વર થઇ ગયું હતું. એકેએક શિરાઓ ફૂલીને દોરડા જેવી થઇ ગઈ હતી. આંખોમાં અગ્નિ સળગતો હતો.

"રાજન્, યોગ્ય પુરુષોથી કેળવણી નહિ પામેલા રાજપુત્રો કરચ-લાની જેમ પોતાના રાજ્યને તો ઠીક, પણ પિતાને પણ ખાઇ જાય છે. વિનય મોટો ગુણ છે."

શાંત જળમાં અચાનક પથરો પડે ને અનેક વર્તુલ જન્મે એમ આખા સમાજમાં આશ્ચર્ય પ્રસરી રહ્યું. મહારાજ નંદને લાગ્યું કે આ બ્રાહ્મણ વરરુચિનો દ્વેષ કરે છે. એ તો એ જ લાગનો છે. ભલે રાજ-

કુમારો એનું મિથ્યાભિમાન ઓછું કરે. તેઓ કંઇ પણ બોલ્યા વિના શાન્ત રહ્યા.

“ કરચલો ! ” પાછળ આવતા રાજકુમારોએ કરચલા શબ્દના ચાળા પાડતાં ફરીથી મશ્કરી કરી. આખા સમાજે પણ તેમાં સૂર પૂરાવ્યો.

વિષ્ણુગુપ્ત વિશેષ છોભિલો થયો. એના હૃદયમાં રહેલો તામસી સ્વભાવ ધીરે ધીરે ઊકળી રહ્યો હતો.

“ રાજન્, રાજધર્મ કહે છે, કે રાજાએ યથાર્હદંડ રહેવું જોઇએ. અવિદ્યા ને અવિનય પુરુષવ્યસનનાં કારણો છે. ”

“ એ રાજધર્મ આટલી ઉંમરે મને શીખવાડવો નહિ પડે. ” રાજાએ શાન્તિનો ભંગ કર્યો. છેલ્લા થોડા વખતથી વિષ્ણુગુપ્ત વિરુદ્ધ કેટલીક વાતો મહારાજાને કાને આવ્યા કરતી હતી. અને એ વાતો સારી નહોતી.

“ રાજન્, આજે મહારાજ નંદનો સ્વભાવ પલટાયો ભાસે છે. ” વિષ્ણુગુપ્ત ક્રોધમાં બોલી રહ્યો હતો. સમાજ શરૂ થવાને થોડી વાર હતી. મહારાજ હજી ભદ્રાસન પર બિરાજમાન નહોતા થયા. વિષ્ણુગુપ્ત ક્રોધમાં ભાન ભૂલ્યો હતો. તે ભદ્રાસન પર બેસવા ગયો.

“ અરે, એ તો મહારાજ માટે છે. ” દાસીએ બૂમ મારી.

બેસતો બેસતો વિષ્ણુગુપ્ત દાસીની બૂમથી ઊભો થઇ ગયો. પાસે બીજાં આસનો હતાં એણે તેના પર બેસવા માંડ્યું.

“ એ કરચલા ! એ તો મહાપુરોહિતનું આસન છે. ” એક રાજકુમારે તોછડાઇથી બૂમ મારી. મહારાજ હસી પડ્યા. બધાએ તેમનું અનુકરણ કર્યું. આખો સમાજ સ્વચ્છંદી બન્યો. લાખેણો પુરુષ ક્ષણવારમાં કોડીનો બની ગયો.

વિષ્ણુગુપ્ત વિશેષ છંછેડાયો. એ આડુંઅવળું જોયા વગર ક્રોધથી ઉન્મત્ત બની આસન પર બેસી ગયો. કુમારે બીજું આસન બતાવ્યું તો તેના પર કમંડળુ મૂકી દીધું. ત્રીજું બતાવ્યું તો તેના પર દંડ મૂક્યો.

આથી જ્યેષ્ઠ રાજકુમાર અત્યંત આવેશમાં આવી ગયો. એણે વિષ્ણુગુપ્તની શિખા પકડી અને જોરથી ઊંચો કર્યો. શિખા મૂળમાંથી ખેંચાવાથી વિષ્ણુગુપ્તના મોંમાંથી ઓયકારો નીકળી ગયો. મહારાજા નંદ હસી પડ્યા.

વિષ્ણુગુપ્તના આખા શરીરે અપમાનની આગ સળગી ઊઠી. એણે પ્રચંડ સ્વરે હાકલ કરી.

"મગધના રાજવી અને મગધના સામંત સરદારો! પહેલી ને છેલ્લી વાર કાન ખોલીને સાંભળી લો! એક વિદ્વાન બ્રાહ્મણનું અપમાન આ પૃથ્વી નહીં સાંખી શકે! મગધ આ પાપભાર હવે વધુ નહીં ઝીલી શકે! બરાબર સાંભળી લેજો, મગધપતિ! આ શિખા આજે તમારે હાથે છૂટી તો ભલે છૂટી. પણ યાદ રાખજો કે અસાધારણ ગર્વના પર્વતરૂપ નંદરાજાનો અને તેના રાજ્યનો સંહાર કર્યા વિના કાળરાત્રિ સમાન આ શિખા હવે નહિ બંધાય."

અને વિષ્ણુગુપ્ત ઝડપથી બહાર નીકળી ગયો.

"અલ્યા, આ તો સતી દ્રૌપદી×નો અવતાર!"

હાસ્યનો ધોધ વહી નીકળ્યો. વિષ્ણુગુપ્ત માર્ગમાં ક્યાંય રોકાયો નહિ. પોતાના પૂજ્યવર્ય મહામાત્યને પણ મળવા થોભ્યો નહિ. મગધ એને જાકારો આપી રહ્યું હતું. મગધના કાંગરા એના દિલમાં ભોંકાઈ રહ્યા હતા. અહીંનો વાયુ એને ભડકે પ્રજાળી રહ્યો હતો.

આટઆટલો અભ્યાસ, આટઆટલી શક્તિ, બ્રહ્મતેજનો આટલો વિકાસ આજે તેને ડંખી રહ્યો હતો. શું બધુંય નિરર્થક! મારા બ્રહ્મ-તેજમાં આટલું જલાવવાની પણ તીવ્રતા નહિ. ભૂખ્યો અને તરસ્યો, એકાદ પોથીપાનાં વગરનો, નિષ્કિંચન વિષ્ણુગુપ્ત પાટનગરની બહાર નીકળી ગયો.

---

× સતી દ્રૌપદીએ પણ આવી પ્રતિજ્ઞા કરી હતી. જુઓ વેણીસંહાર નાટક.

એનું દિલ બળતું હતું. આત્મા કોઈ ભયંકર આગમાં સપડાયો હતો. શું આટલા માટે જ તક્ષશિલાના તપોધનનું શાન્ત જીવન તજીને એ અહીં આવ્યો હતો. રાજ્યાશ્રય એ મહાપાપ છે. એ પાપ મીટાવે શાન્તિ થશે. પાપને પાપથી છેદીશ, ભેદીશ પણ હવે નહિ જંપવા દઉં. વિષ્ણુગુપ્તનો કોપ અવંધ્ય છે, એની હવે જાણ કરાવવી પડશે.

શાપ આપતો અનેક તર્કવિતર્ક કરતો વિષ્ણુગુપ્ત દૂર દૂર ક્ષિતિજમાં ભળી ગયો. પ્રજાએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમને સામાન્ય લાગ્યા. એક દહાડો હાથીની અંબાડી પર લાવવામાં આવેલો તપોધન અડવાણે પગે ચાલ્યો જાય એમાં એમને કંઇ ટીકાયોગ્ય ન લાગ્યું.

મહારાજાને પાંજરામાંથી પોપટ ઊડી ગયાથી વિશેષ લાગણી ન થઇ. વરરુચિને પોતાનું ભાવિ ઉજ્જવળ ભાસ્યું. આજે એના માર્ગનો એક સમર્થ કાંટો ઊખડી ગયો હતો.

# એને છંછેડવો નહોતો

## [ ૧૮ ]

વિષ્ણુગુપ્ત ગયો, ભલે ગયો; વર્ષો સુધી માથાં પટકીને મરશે, તો ય મગધનો એક પત્થર એનાથી તૂટવાનો નથી, પ્રજાને આવી ભયાવહ વાતોમાં કંઇ ઉત્સુકતા નહોતી, જ્યારે આ સમાચાર મહામાત્ય શકટાળને કાને પહોંચ્યા ત્યારે વજ્રપાત જેવો આંચકો લાગ્યો.

શા કારણે વિષ્ણુગુપ્ત જેવા મહામાન્ય વિદ્વાનની ભર્ત્સના કરવાની જરૂર પડી? અગ્નિના પુંજને, શક્તિના સંગ્રહને છંછેડવાની શી આવશ્યકતા ઊભી થઇ? મહામાત્યે અનેકને પ્રશ્નો કર્યા, પણ કોઇ સરખો જવાબ ન આપી શક્યા.

તેઓ અશ્વે ચઢી તાબડતોબ મહારાજ નંદની સામે ઉપસ્થિત થયા. નમ્રતાપૂર્વક પ્રશ્ન કર્યો:

"મહારાજ, વિષ્ણુગુપ્તને શું થયું?"

"તેને જઇને પૂછો." મગધરાજના આ જવાબમાં વક્રતા હતી. હંમેશાં સીધો જવાબ આપનાર મહારાજ આજ આમ કેમ બોલે?

"એને પાછો બોલાવી લો, મહારાજ!"

"શા માટે? મહામાત્ય, પહેલાં એ વાતનો ઉત્તર આપો કે મહારાજનું અપમાન કરનારને શી શિક્ષા હોઇ શકે?" પાસે બેઠેલા વરરુચિએ વચ્ચે પ્રશ્ન કર્યો.

"મૃત્યુદંડ."

"વિષ્ણુગુપ્તને પાછો બોલાવો તો એની તૈયારી કરી રાખજો."

મહામાત્યને આખું વાજું બેસૂરું પ્રતીત થવા લાગ્યું. છતાંય એ સ્થિતિને સ્વાભાવિક લેખી એમણે પોતાની પુરાણી રીત મુજબ ઉપદેશ દેવા માંડ્યો :

"મહારાજ, એને છંછેડવા જેવો નહોતો, મહારાજાનું અપમાન એ ન કરે! કાંઇ કારણ?"

કારણ કોઇની પાસે નહોતું. આ આખો પ્રસંગ કેમ ઘટી ગયો એનું કારણ કોઇ દર્શાવી શક્યું નહિ. મહામાત્યે ધીમે સાદે મહારાજને કહ્યું :

"મહારાજ, હું એ બ્રાહ્મણને બરાબર પિછાનું છું. અપરિગ્રહ અને શાસ્ત્રમનન એના પ્રિય વિષયો છે. એને તો મહર્ષિ બનવાની ખ્વાહેશ છે. પણ એ છંછેડાયો તો શસ્ત્ર પણ ધારણ કરી શકે તેમ છે. લાગે છે તો નાનો એવો અંગારો, પણ જ્વાળામુખીનો હુતાશન એમાં ભભૂકે છે. એ ભડક્યો તો એને શાન્ત પાડવા સાગરનાં નીર ઓછાં છે. એક હાકલે એ માટીમાંથી મર્દ ઉપજાવી શકે તેવો છે."

"મગધ પાસે તો અનેક મર્દ યોદ્ધા હાજર છે. હજી એને તો મર્દ ઉપજાવવા બાકી છે ને? ઉપજાવી લેવા દો!" વરરુચિએ વચ્ચે વાત રોકતાં કહ્યું.

"વરરુચિ, એક માણસ એક વિષયમાં કુશળ બન્યો એટલે બધામાં એ કુશળ બની શકતો નથી. તમારે સલાહ આપવાનો સમય હજી નથી આવ્યો. મગધ માટે અમારા દેહ પર પડેલા ઘામાંથો જેટલું લોહી વહ્યું હશે, એટલો તમારો પ્રસ્વેદ પણ મગધ માટે નહી વહ્યો હોય, મગધ માટે જેટલી પીડ અમે વેઠી છે, એટલી પીડ તમે માતાના પેટમાં પણ વેઠી નહિ હોય." મહામાત્યે વરરુચિને શબ્દબાણથી વીંધી નાખ્યો.

"મંત્રીરાજ, છોડો એ વાત! મગધના દરબારમાં આકર્ષણ હશે,

તો એવા હજાર વિષ્ણુગુપ્ત દોડ્યા આવશે. કહો તો ખરા કે શ્રીયકનાં લગ્ન ક્યારે કરો છો ?" મગધરાજે વાત ફેરવી.

"મહારાજ, મારી એક વાત યાદ રાખશો ? આખું આર્યાવર્ત ફર્યો છું. ક્યાંય બીજો વિષ્ણુગુપ્ત જોયો નથી. મારી ફરી ફરી પ્રાર્થના છે. કોકવાર પ્રસંગ પડે તો મનાવી લેજો. મહારાજાની ઉદારતાને શોભતું થશે."

"વારુ, તમારી ઇચ્છા મુજબ કરીશું, મંત્રીરાજ, પણ લગ્નની વાત તો કહોને ?"

"શ્રીયકનાં લગ્નની ચિંતા મહારાજને કે મને ?" મંત્રીરાજે પણ મહારાજને રાજી કરવા માંડ્યા.

"તિથિમુહૂર્ત તો તમારા જેવા શાસ્ત્રાભ્યાસીએ જોવાં પડશે ને !"

"જોવાઇ ગયાં છે."

"અમને નિમંત્રણ મળશે ને !" ચંપાઇ બેઠેલો વરરુચિ બોલ્યો.

"અવશ્ય, પણ પંડિતરાજ, તમારી ગંગાસાધના વખતે અમને અને મહારાજને તો નિમંત્રણ નહોતું. આવો એકપક્ષી વ્યવહાર શોભે કે ?"

વરરુચિએ ઉત્તર આપવાને બદલે એક મુક્ત હાસ્ય કર્યું.

"મહારાજ, પંડિતરાજની કાવ્યસાધના આપણે નિહાળવી પડશે." મહામાત્યે મહારાજ નંદ તરફ ફરીને કહ્યું. આ શબ્દ પાછળ એક મોટી મુસદ્દીવટ હતી, એ કોઇ સમજી ન શક્યું.

"ઘણા વખતથી મારી ઇચ્છા પણ નજરે નિહાળવાની છે." મહારાજાએ ટહૂકો પૂર્યો.

"વારુ, જેવી આપ વડીલોની ઇચ્છા. એકાદશીના પ્રાતઃકાલે સર્વ સામંત ને સરદાર વર્ગને પણ નિમંત્રણ છે." વરરુચિએ વધુ પહોળા થતાં કહ્યું, ને રથાધ્યક્ષ તરફ નજર નાખી.

એ બે નજરો વચ્ચે ઇશારાથી કંઇ સંદેશો અપાઇ ગયો. મહામાત્ય સિવાય એ તરફ કોઇનું લક્ષ નહોતું.

# અષ્ટનાયિકા

## [ ૧૯ ]

**સ્થૂલિભદ્રના** ગૃહત્યાગ ઉપર રસોત્સવભરી અનેક દિવસ–રાત્રિઓ વહી ગઇ હતી. નિર્માણનું અનંત ચક્ર વેગીલું ઘૂમે જતું હતું, એની કંઇ ભાળ આ મંત્રીપુત્રને નહોતી. નિતનિત નવનવા રંગરાગ ને નવનવા ભોગ-વિલાસ. પળેપળ, ક્ષણેક્ષણ, દિવસેદિવસ એક દીર્ઘ ઉલ્લાસનો અન્ત વગર-નો સૂત્ર વીંટાયે જતો હતો.

અધીરયૌવના કોશાનું યૌવન છકી જતું હતું. મેઘમાલાની તરંગા-વલિઓની જેમ એનાં ય નવનવાં રૂપ–સ્વરૂપ સરજાતાં. કામદેવના પંચશબ્દનાં તીર સદાયે વીંઝાયે જતાં હતાં.

છતાં ય રોજ રાત પડતી, અને અતૃપ્તિની છાયા સાથે લેતી આવતી. સ્થૂલિભદ્ર ઘણીવાર મુંઝાઇ જતો. રસ–વિલાસના સાગરો પેટ ભરી ભરીને પીધા છતાં, ઘડી બેઘડીએ આટલી તૃષા કાં ?

સંતોષ, સાંત્વન કે આશાયેશનું આ સુંદર સ્વર્ગસમી દુનિયામાં નામો-નિશાન નહોતું. દરેક પ્રભાત નવી પ્રેમપિપાસા લઇને ઊગતું. પ્રત્યેક રાત્રિ અનેરી ભોગાકાંક્ષા સાથે ઝળહળી રહેતી. પ્રાતઃકાલે બુઝાયેલો દીપક સાંજે નવા તેજથી ઝળહળી ઊઠે; એમ શ્રમિત બનેલી લાલસા ક્ષણવાર પસાર થતાં ફરીથી ઝબકી જાગતી. સંસારની વિચિત્ર ઘટમાળ જેવું આ જીવન હતું. જીવાતું ય નહોતું, છોડાતું ય નહોતું.

સ્થૂલિભદ્રના જીવનની કોશા કિલ્લેદાર બની બેઠી હતી. પાટલીપુત્રના અનેક વર્તમાનો એના આવાસના પગથિયે પણ ચઢી શકતા નહીં. કોઇ

પણ કોડીલી યુવતીને ત્યાં આગમનનો અધિકાર નહોતો. દુઃખ, રોગ, શોક, આ દુનિયાથી દૂર રહે એની કોશા પૂરી દરકાર રાખતી. મગધની રાજખટપટ, મહામાત્યની વેદના, યક્ષા અને શ્રીયકનું બંધુવિયોગનું દુઃખ; કશું ય અહીં ચર્ચી શકાતું નહિ.

કોશાના જીવનની અણબૂઝ અનંત તૃષા એક અનંત સૂત્રપાશ બની સ્થૂલિભદ્રને વીંટળાઈ વળી હતી. રસયૌવનભર્યા સ્થૂલિભદ્રે એને સંસારના સમસ્ત પુરુષો ભૂલાવી દીધા હતા. કીર્તિ અને દ્રવ્યની વાસનાના રાહ પલટાવી નાખ્યા હતા. સ્થૂલિભદ્ર જોતાં ન થાકે તો કોશા નાચતાં થાકવાની જ નહોતી. કવિસ્વભાવવાળો સ્થૂલિભદ્ર કદી પોતાનાં જીવનનાં જૂનાં પોપડાં ઉખેળવા બેસતો, ત્યારે કોશા વ્યગ્ર થઈ જતી. એ ઉન્મત્ત બની બેસતી. રખે સ્થૂલિભદ્ર આ મોહપાશમાંથી મુક્ત થઇ જાય. એ રૂપવતી દાસીઓને નાચવાની આજ્ઞા કરતી, પોતે નાચતી, શુક–સારિકાઓને પ્રેમાલાપ કરાવતી, નવનવી શૃંગારચેષ્ટાઓ રચતી.

એને સ્થૂલિભદ્રની પુરાણી સ્મૃતિઓ પર વિસ્મૃતિનો પટ બિછાવેલો રાખવો હતો. એ કાજે તો ધીરે ધીરે આખો આવાસ એણે પલટાવી નાખ્યો. એણે પુષ્પવાટિકાઓ, લતામંડપો, દ્રાક્ષાકુંજો, નિર્ઝરગૃહો રચાવ્યાં હતાં. પદ્મ ને ભ્રમરથી ગુંજારવ કરતાં સરાવરો યોજયાં હતાં. એના આવાસના પીઠભાગમાંથી કલરવ કરતી કૃત્રિમ રીતે બનાવેલી નદી વહી જતી હતી. સુંદર વૃક્ષો, નાની નાની ટેકરીઓ, એમાં નાની એવી સુંદર ગુફાઓ, હર્યાભર્યાં શિખરો અને એને કિનારે મણિનિર્મિત પરીકુંજો રચી હતી.

સોનાની ધૂપદાનીઓમાં સુગંધી ધૂપ ગુંચળા વળતો દિશાઓને મહેકાવતો હતો. સુવર્ણપિંજરમાં કિલ્લોલ કરી રહેલાં કુશળ પક્ષીઓ આખો દિવસ વિનોદ કર્યા કરતાં. પરિચારકો, ગાયકો, વાદકો અને સુંદર સેવિકાઓ હરઘડી સેવામાં હાજર રહેતી. કવિ અને વ્યાકરણીઓ અહીં બોલાવવામાં આવતા. સ્થૂલિભદ્ર તેમની સાથે કાવ્યચર્ચામાં મશગૂલ રહેતો.

કદી કદી તીરંદાજી અને વીરોત્સવ પણ રચાતા. કોશા જ સ્થૂલિભદ્રની સામે હરીફાઇમાં ઉતરતી.

ઋતુ ઋતુના વિહારો યોજાતા. વસંત આવતો, વૃક્ષે વૃક્ષે નવપલ્લવતા પાંગરતી અને તેઓ સુંદર ઝરણાંઓને તીરે, મંદસમીરની લહરીઓમાં હીંડોળે ઝૂલતાં; રતિ અને કામદેવની કથા કરતાં. વસંત તો કામદેવનો મિત્ર. કોઇક વાર બંને સરિતાસ્નાન કરવા જતાં. પારિજાતકનાં વનોમાં વિહાર કરતાં. ચંદનકપૂરનો લેપ કરતાં.

વર્ષા વેળા આવતી, વિયોગનીં મુગ્ધાહૃદયની પીડ જેવી આકાશમાં પણ વાદળાંઓની પીડા જામતી; ત્યારે વીજળીના ગર્જારવ, વૃષ્ટિના મુશળધાર રેલાવામાં કોશાને મજા આવતી. બંને એકબીજાનાં કાવ્ય રચતાં. વચ્ચે ભયંકર ગર્જના થતી. ગર્જનાથી છળી ગઇ હોય તેમ ડરીને કોશા સ્થૂલિભદ્રને વેલીની જેમ આલિંગી રહેતી. ઠંડી ઠંડી હવાના સપાટાઓથી ધ્રૂજતી નિરાધાર કબૂતરની જેમ ધ્રૂજતી ધ્રૂજતી કોશા પડખામાં સંતાતી.

શિશિર અને શરદની રાત્રિઓ પણ આ રીતે મીઠી બની જતી. સુંદર અંગીઠીની આસપાસ ઉત્તમ, મધુર ને સ્નિગ્ધ ભોજન લેતાં લેતાં કોશા પોતાની કળાઓનું પ્રદર્શન ભરતી. સોળ સોળ× શૃંગારનો સાજ સજતી.

લખલૂટ ખર્ચ કરીને સરજેલી રંગશાળામાં કોશા જવલ્લે જ દેખાતી. સ્થૂલિભદ્રની પરિચર્યામાં જ એનો સમય વ્યતીત થઇ જતો. દેશદેશનાં પ્રવાસીઓ એને નિરખવા આવતાં. નિરખી નિરખીને એની ભારે પ્રશંસા કરતાં. આ રંગશાળાની રચયિતા કયારે નૃત્યગાન કરે છે; એવો પ્રશ્ન

---

× ૧ વસ્ત્રપરિધાન, ૨ કુમકુમ, ૩ તેલ—અત્તર, ૪ કાજળ, ૫ કુંડળ, ૬ નાકકેસર, ૭ કંઠહાર, ૮ કેશગુંફન, ૯ ફૂલોનાં આભૂષણ, ૧૦ સિંદુર, ૧૧ ચંદન, કેસરની આડ, ૧૨ દેહ પર ચિત્રામણ, ૧૩ પાન—તાંબૂલ, ૧૪ કટિમેખલા, ૧૫ કંકણ, ૧૬ આભૂષણ.

જ્યારે તેઓ કરતા; ત્યારે તેનો ઉત્તર સાંભળી નિરાશ થઇ જતાં. કોઇક ઊર્મિવાન હોય તો એટલું જ કહેતો: “ અરેરે ! દેહ ગમે તેવો સુંદર હોય, પણ એમાં પ્રાણ આવીને ન બેસે ત્યાં સુધી એની શી કિંમત ! કોશા જેવી નૃત્યસુંદરીના પાદપ્રવેશ વિના વ્યર્થ છે આ રંગશાળા ! ”

આ વ્યર્થ ગયેલી રંગશાળામાં પ્રાણ પુરવાનો પ્રયત્ન અનેક જણાએ કર્યો, પણ કોશા કોઇને સુણે–સાંભળે તો ને ! દિવસો એમ ને એમ વીતી ગયા. મગધવાસીઓને ક્યાં ખબર હતી, કે આખી રંગશાળાની મહેનત એક પ્રિયજનને કાજ હતી. એ પ્રિયજનનું હૈયું હિલોળે ચઢે એ દહાડે ફરી કોશા ત્યાં હાજર જ હતી. ને એ ઘડી એક દહાડો–વર્ષો બાદ આવી પહોંચી.

એક દહાડો યોગ્ય ઉંમરે પહોંચેલી રાજકુમારીઓ, સામંતપુત્રીઓ અને શ્રેષ્ઠીકન્યાઓને નાટ્યશાસ્ત્રનું જ્ઞાન આપતાં આપતાં કોશાએ પ્રગટ કર્યું કે નાટ્યશાસ્ત્રમાં દર્શાવેલ અષ્ટનાયિકાના ભેદ કાલે સ્વયંસર્જિત નાટક દ્વારા પોતે સમજાવશે.

ઘણે ઘણે દિવસે કોશાસુંદરી નવનવાં અંગડોલનો ને નૃત્યરેખાઓ પ્રત્યક્ષ રીતે બતાવશે, એ જાણી કન્યાઓ હર્ષિત થઇ ગઇ.

નિયત સંધ્યાએ રંગશાળાના તમામ દીપકો પેટાવવામાં આવ્યા. કુશળ ગાયકો અને વાદકોને તેડાવવામાં આવ્યા. નગરલોકને આ નવા પ્રકારના નાટક માટે અત્યંત ઇંતેજારી હતી; પણ પુરુષમાં સ્થૂલિભદ્ર સિવાય થોડા-ઘણા ત્યાં હાજર રહી શકે તેમ હતું. નગરજનોના પરિચયમાં આવતાં સ્થૂલિભદ્રને એક શરમ વીંટળાઇ વળતી. યુવાન કન્યાઓના શિક્ષણ માટે જ આ નવો પ્રકાર યોજવામાં આવ્યો હતો.

નાટ્યશાસ્ત્રમાં નાયક–નાયિકાના ભેદ બતાવતાં આઠ પ્રકારની નાયિકાઓ બતાવવામાં આવે છે. વાસકસજ્જા, વિરહોત્કંઠિતા, સ્વાધીનભર્તૃકા, કલહાન્તરિતા, ખંડિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતપતિકા ને અભિસારીકા. એક કોશા જ આ બધા વેશ સજવાની.

ગાયકોએ પોતાના મીઠા સ્તુતિસૂરો આરંભ્યા. વાદકોએ મીંડ બરાબર મેળવી લીધી. શંખસ્વર સાથે નેપથ્ય ઉચકાયો.

એક મીઠો સૂર વાતાવરણને માધુર્યથી ભરતો સંભળાયો;

" મુજરો મારો માની લીજે ! "

પગનો સુંદર રૂમઝુમાટ થયો. વાદકોએ રાહ બદલ્યા. સિતારના સૂર કોમળ થયા. પ્રથમનાયિકા વાસકસજ્જાના વેશમાં કોશા રંગપીઠ પર દેખાઈ. આછાં ગુલાબી વસ્ત્રો એણે પરિધાન કર્યાં હતાં. વિશાળ નેત્રોમાં કાજળ આંજ્યું હતું, અને માથા પર વેણી ગૂંથી મોટી આડ સિંદુરથી પૂરી હતી. એની લાંબી પલકો કોઇના આવવાની પ્રતીક્ષામાં ઉઘાડ–મીચ થતી હતી. વારેઘડીએ બિછાવેલી ફૂલોની સેજ એ સમારતીઃ અને દ્વાર તરફ ટીકી ટીકીને જોઇ રહેતી હતી.

પતિદેવ દ્વાર પર આવીને ઊભા હશે. નાયિકા એમના સ્વાગત માટે ઉન્મત્ત બની ગઈ છે. એનાં ડાબી બાજુનાં નેત્ર, ભ્રકુટી, અધરોષ્ટ વગેરે ફરકી શુભશુકન કરી રહ્યાં છે. પતિદેવ હમણાં રીઝાશે, પધારશે. એનું ઉરસ્પંદન વધતું ચાલ્યું. માનુનીનું માન પ્રિયતમની યાદમાં મોંઘું બનતું ચાલ્યું.

આવા આવા હાવભાવ સાથે સંગીતના સ્વરો રેલાયા. શું સ્વરસૌંદર્ય !

" મંદિર આવી શું ઊભા છો,
મંદિર મારું પાવન કીજે રે:
દાસી તુમારી અરજ કરે છે.
મુજરો મારો માની લીજે રે !
કુલદેવીએ કરુણા કીધી,
વાલા મોતીડે મેહ વૂઠારે,

આજે મોરે આંગણે આંબો મોર્યો,
પૂણ્યે પૂર્વજ ત્રૂઠા રે:
મુજરો મારો માની લીજે!" ×

છેલ્લી પંક્તિ સાથે કોશાએ નૃત્યનો તાલ લીધો. પતિદેવ મનાઈ ગયા. એમણે બારણું ખખડાવ્યું. નૃત્ય કરતી નાયિકા ડાબા હાથે તોરણ પકડી જમણા હાથે દ્વાર ઉઘાડવા લાગી.

પતિદેવ પધાર્યા. નાયિકાએ હર્ષનું એક મોજું પાથરી દીધું.

રંગભૂમિ પરનો પડદો પડ્યો. વાસકસજ્જા નાયિકાનો વેશ પૂરો થયો.

ક્ષણવારમાં પુનઃ પડદો ઊંચકાયો. વિરહોત્કંઠિતા નાયિકા રંગભૂમિ પર આવીને તુલસીકયારાના ટેકે ઊભી ઊભી આકાશ ભણી નિહાળી રહી હતી. એ વાયસની પૂજા કરતી હતી. પ્રથમ નાયિકા કરતાં આનો પોશાક કંઈક ભિન્ન હતો.

એણે શણગાર સોળે સજ્યા હતા, પણ કપાળ પરની કેસરની આડ ભૂલથી વક્ષસ્થળ પર કરી લીધી હતી. તિલકનું કુમકુમ કમળદંડ જેવી નાકની દાંડી સુધી ખેંચાઈ આવ્યું હતું. એનાં વિશાળ નેત્રો કોઈની ચિન્તામાં ચકળવકળ થઈ રહ્યાં હતાં. વારેવારે એક હાથ છાતી પર મૂકી, વિચારમાં ડૂબી જતી હતી.

અહા, વિરહમાં ઝૂરી રહેલી આ કોઈ નવોઢા હતી. રાત વીતતી જતી હતી, કમળપુષ્પ કરમાયે જતાં હતાં. શણગાર ઝાંખો પડયે જતો હતો; માઝમ રાત જામતી જતી હતી, પણ હૃદયનાથ ન પધાર્યા તે ન પધાર્યા. આકાશમાં આષાઢી વાદળીઓ રમવા લાગી. વીજળી પૃથ્વી-આભનાં ઓવારણાં લેવાં લાગી. વરસાદના સૂસવાટા દ્વારોને ખખડાવવા લાગ્યા. વૃક્ષને વેલીઓ આલિંગી રહી. માળામાં નરમાદા આલિંગી રહ્યાં. રહી ગઈ એકલી આ વિરહિણી.

× શ્રી ઉદયરત્ન

રંગશાળાને મૂર્ચ્છામાં નાખી દે એવા દર્દભર્યા સૂરો છૂટ્યા.

" આવ્યો આષાઢો માસ,
નાવ્યો ધૂતારો રે !
મુજને ડંખ્યો વિરહ ભુજંગ,
કોઈ ઉતારો રે !
ઝરમર ઝરમર મેહૂલો વરસે,
વહાલા, ખલહલ વ્યાકુલા વાજે રે !
બાપીયુડો પીયુ પીયુ પોકારે,
તીમ તીમ દિલડું દાઝે રે !
આવ્યો આષાઢો માસ નાવ્યો ધૂતારો રે. " ૧

વિરહિણી નારીનું દુઃખ જોઇ કન્યાઓનાં દિલ વીંધાઇ જવા લાગ્યાં. સંગીતનો એકએક સ્વર વાતાવરણને સોંસરવો વહી જવા લાગ્યો.

અને દૃશ્ય પલટાયું. રંગશાળાનું ગગનમંડળ વર્ષતું રહી ગયું. વીજળીઓ ચૂપ થઇ ગઇ. પાસે ચંપાના વૃક્ષ પર બેઠેલો બપૈયો શાંત થઇ ગયો.

ત્રીજી નાયિકા સ્વાધીનભર્તૃકા રંગમંચ પર આવી હતી. એના સુંદર વાળો વિખરાયેલા હતા, ઉજાગરે આંખ ઘેરાયેલી હતી. કમળદંડ જેવા બે ખુલ્લા કોમળ હસ્ત વારે ઘડીએ વસ્ત્ર સંકોચી રહ્યા હતા. ખુલતી કળી જેવા બે હોઠ થાકથી વારેવારે ઉઘાડ–બંધ થઈ રહ્યા હતા.

એ ધીરે ધીરે ગણગણી રહી હતી.

" કિહાં જાશો પિયુ સોભાગીવર.
મનહર, મનગમતા
નહિ જાવા દઉં નિરધારજી.
મનહર મનગમતા. " ૨

---

૧ શ્રી ઉદયરત્ન. ૨ શ્રી વીરવિજયજી.

વાદ્ય વગરના સૂરો બીનની ઝણુઝણાટી જેવા ચારે તરફ રમતા હતા. પોતાનો સ્વાધીન પતિ પોતાને તજીને કયાં જવાનો હતો એનું અભિમાન સૌંદર્યને મદભર્યું બનાવી રહ્યું હતું. કેવો સુંદર આનંદ ! કેવી હૈયાની મધુરપ.

આ પછી ચતુર્થ નાયિકા કલહાંતરિતા, પાંચમી ખંડિતા, છઠ્ઠી વિપ્રલબ્ધા ને સાતમી પ્રોષિતપતિકા રંગમંચ પર આવી ગઈ. દરેકના જુદાજુદા વેશ ને જુદાજુદા પ્રકાર હતા. કોઈ ખંડિતા રૂઠેલી નારીની જેમ ભ્રકુટી ચઢાવતી, ફુત્કાર કરતી, અંગ–આભૂષણો ફેંકતી. કોઈ દુરાચારી પતિથી દુઃખિયારી હતી. સુંદર વેશ ને સુંદર પ્રકાર રચાયો હતો.

રાત ઘણી વીતી ગઈ હતી. હવે છેલ્લી નાયિકા 'અભિસારિકા' બનીને કોશા આવી રહી હતી. દૃશ્યવિધાન અદ્‌ભુત બની રહ્યું હતું. કાળું ઘોર આકાશ, નાખી નજર ન પડે. ઝીણો ઝીણો ઝરમર મેહુલો વરસી રહેલો. આંબાવાડિયે કોયલ ટહૂકી.

નિર્જન રાજમાર્ગ પર એ વેળા કોઈ નવયૌવના સોડિયું વાળીને ચાલી જાય છે, આખું શરીર ઉત્તરીય વસ્ત્રથી આચ્છાદી લીધું છે. નાનો એવો આસમાની દીવો ઉત્તરીયમાંથી વારેઘડીએ દેખાય છે. પૂરેપૂરા શણગાર સજ્યા છે. ઘોર અંધકારમાં ય કાનનાં કુંડળો, અને ઘનશ્યામ કેશાવલિ પર બાંધેલી દામણીના હીરાઓ તેજ વેરી રહ્યા છે. લીંબુની ફાડ જેવાં નેત્રોમાં ઉત્સુકતા છે. વિશાળ છાતી પ્રિયમિલનની રાહમાં જોરથી ધબકી રહી છે. પગનાં ઝાંઝર રણકાર કરી ન બેસે એ માટે એ દબાતે પગલે ચાલે છે. હાથનાં કંકણને એ સંભાળી રહી છે.

આકાશમાં વીજળીનો એક લીસોટો પડે છે, અને એની ગૌર મુખછબી ચમકી ઊઠે છે. આકાશમાંથી સ્વરો આવી રહ્યા હોય એમ સંગીત શરૂ થયું.

"વેરી પરે એ વરસાલો
વહાલા મુજ આવી લાગ્યો આડોરે !

તનમન તલપાપડ થયું મળવા,
મને કોઇ પિયુડો દેખાડો રે!
આવ્યો આષાઢો માસ, નાવ્યો ધૂતારો રે!
એહના ઝેરની ગતિ અનેરી,
માને નહિ મંત્ર ને મહોરો રે!
શકટાળના સૂત પાખે બીજો નહિ,
કોઈ મંત્ર ને કોઇ વાદી રે!" ×

શકટાળના સુતવાળી છેલ્લી પંક્તિઓ ખેવડાવતી અભિસારિકા એક સુંદર હાસ્ય સાથે અંતર્ધાન થઇ ગઇ. વાતાવરણમાં એક રણઝણાટી વાગી રહી.

કોઇ સુંદર સ્વપ્નમાંથી જાગતો હોય તેમ પ્રેક્ષકવર્ગ જાગ્યો. સાવધ થયા પછી જ સહુને ભાન થયું કે શકટાળના સુત એજ સ્થૂલિભદ્ર; અને તેને માટે જ આ ચતુર નારીએ આટલા વેશ સજ્યા હતા.

દૃશ્યવિધાન સમાપ્ત થયું હતું. અભિસારિકા ખરેખર અભિસાર કરવા ચાલી ગઇ હતી. અભિવાદન માટે ઘણાઓએ કોશાને શોધી, પણ એ ત્યાં નહોતી.

દૂર દૂર, લતાકુંજમાં સ્થૂલિભદ્રના ધન્યવાદના શબ્દો સાંભળતી એ મુગ્ધાની જેમ શરમાતી ઊભી હતી.

સ્થૂલિભદ્રના ભાગ્યની પ્રશંસા કરતાં સહુ વિખરાયાં.

---

× શ્રી ઉદયરત્ન.

# શસ્ત્રભેટનો ભેદ

## [૨૦]

**શ્રીયકના** લગ્નની તૈયારી હવે પૂરા વેગથી થવા માંડી હતી. કન્યા પણ પસંદ કરવામાં આવી હતી. કન્યા પસંદ કરતી વખતે શ્રીયકને વગદાર શ્વસુરગૃહ મળે એની પણ પૂરી સાવચેતી રાખવામાં આવી હતી. કુળ, ગોત્ર, ખાનદાની ને કન્યા આ સર્વે નિશ્ચિત થયા બાદ લગ્નોત્સવ કેવી રીતે ઉજવવો એની ચર્ચાઓ ચાલી રહી હતી. કેટકેટલાં નિમંત્રણો પાઠવવાં, કેટકેટલા ને કેવાકેવા અતિથિઓ આવશેઃ તેની પણ ચર્ચા થતી હતી અને તેઓને યોગ્ય સન્માનની પણ વિચારણા ચાલી.

મહારાજા નંદની પધરામણી મંત્રીપ્રાસાદમાં કરવાની હતી. મગધેશ્વર પધારે ત્યારે તેને યોગ્ય ભેટસન્માન કરવું જ રહ્યું. મહામાત્યે ભેટસન્માન વિષે ખૂબ ખૂબ વિચારીને જોયું. એમણે લાગ્યું કે મહારાજાને યોગ્ય સુંદર સિંહાસન, છત્ર, ચામર અને વિધવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો ભેટ કરવાં. સાહિત્યની તો મગધમાં હાલમાં ભરમાર હતી. શસ્ત્રોના શાસ્ત્રીય પ્રકારો ભૂલાયે જતા હતા. આ ભૂલાતા જતા પ્રકારોને લગ્નભેટ પ્રસંગે ઉત્તેજન આપવું.

મહામાત્યનો આ વિચાર આખા કુટુમ્બને ખૂબ ગમ્યો. તરત દેશ-દેશથી કુશળ કારીગરો તેડાવવામાં આવ્યા. તેઓનું કામ લગ્નની તૈયારીઓમાં પણ નિર્વિઘ્ને ચાલે તેમજ આવેલા અતિથિઓની દખલગીરી ઓછી રહે એ માટે પ્રાસાદનું ગર્ભગૃહ(ભોયરું)નું સગવડવાળું સ્થાન પસંદ કરવામાં આવ્યું.

કારીગરો કામ પર બેસી ગયા. મહામાત્ય પણ થોડો થોડો સમય ત્યાં ગાળી અનેક જાતની સૂચનાઓ આપવા લાગ્યા. દુર્ગથી દૂર રહે રહે, આખો દુર્ગ અગ્નિથી, તીરોથી, પાણીથી વ્યાપ્ત કરી શકાય તેવા વજ્રની રચના શરૂ કરવામાં આવી. કમરપટા તરીકે બાંધી શકાય તેવી તલવારો અને નાનાં નાનાં પણ હાથીનાં ગંડસ્થળને ચીરી નાખે તેવાં કર્દમોની પણ રચના શરૂ થઇ. કાકિણીરત્ન, ગોમૂત્રિકા, મણિરત્ન વગેરે જૂના વખતનાં અસ્ત્રો પણ યોજાવા લાગ્યાં. આર્યાવર્તના કુશળ કારીગરો અને આર્યાવર્તના સુપ્રસિદ્ધ યોદ્ધાની કલ્પનાથી એવાં એવાં શસ્ત્ર સરજાઇ રહ્યાં હતાં, જે જોઇને મગધના શત્રુઓ પણ સ્તબ્ધ થઇ જાય.

પોતાની જાતને શ્રાવક લેખનાર પિતાજી આ જાતનાં શસ્ત્રો તૈયાર કરાવે, એ માટે સરસ્વતીના અવતાર સમી યક્ષાને અત્યંત આશ્ચર્ય થતું. એની પિતૃભક્તિ નિઃસીમ હતી. પણ એની ભક્તિનાં દ્વાર પર અંધશ્રદ્ધા નહોતી બેઠી. પિતાજીનાં દરેક જાતનાં કૃત્યો વિષે સારાસારનો એ વિચાર કરતી.

એક વાર સુખાસન પર નિવૃત્તિ માણી રહેલ પિતાજીને યક્ષાએ આ પ્રશ્ન પૂછી જ લીધો. પિતાજી જરા હસ્યા. એમણે કહ્યું:

" પુત્રી, આ સામગ્રીનો ભવિષ્યમાં હિંસક ઉપયોગ થાય, એ શક્ય છે. પણ તારો પિતા તો કેવળ એ માટે જ યોજના કરી રહ્યો છે, કે લગ્નાદિ પ્રસંગે આવેલા દેશદેશના રાજ–અતિથિઓ મગધને એશમાં ડૂબેલો ન જુએ. એની રંગશાળા, પાટલીપુત્રનાં રસિક સ્ત્રીપુરુષો, અમર્યાદ વહેતી સાહિત્યસભાઓ જોઇ તેમના હૈયામાં ફરીથી મગધ પર ચડાઇ કરવાનું દિલ ભૂલેચૂકે પણ ન થાય. તેઓ એટલું પણ નિહાળતા જાય કે મગધ હજી પણ સજ્જ છે: શસ્ત્રભંડારથી પરિપૂર્ણ છે. એની સામે આંખ ઊંચી કરવામાં સાર નથી. આ રીતે કોઈ દુશ્મન–મિત્રની લાલસા દબાઇ જાય અને એથી એકાદ પણ યુદ્ધ ઓછું થાય; એ જ તારા પિતાની આ શસ્ત્રભેટ પાછળની વાંછના છે. "

" પિતાજી, આ તો વિષનાશ માટે વિષનો પ્રયોગ કરવા જેવું કરતા હો તેમ લાગે છે. "

" સાચું છે, પણ લાચારી છે. રાજાઓ નિર્વૈર કયારે થશે, એ કંઇ કહી શકાતું નથી. માટીના સીમાડાના મોહ માનવી મૂકી શકશે કે નહિ એ જ કલ્પાતું નથી. અને ત્યાં સુધી આજના આપણા દેશ, સમાજ અને જીવનની રચના જ એવી છે, કે એને તો **विषस्य विषमौषधम्** સિવાય નહિ ચાલે. તારો પિતા સમર્થ હોવા છતાં સાધુપુરુષ નથી. એ પણ તાબેદાર છે. અને તાબેદારનો ધર્મ તો એ છે, કે એણે સ્વામીના કલ્યાણની ચાહના કરવી. "

" પિતાજી, આવી ભાવના પર ચાલતાં રાજકુળોના કલ્યાણનો માર્ગ કયાં ? "

" રાજકુળોના કલ્યાણનો માર્ગ દુષ્કર છે. ભરત જેવા રાજવીને પણ આયુધશાળામા ચક્રરત્નની ઉત્પત્તિ અને ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ: આ બંનેની એક સાથે વધામણી આવ્યા છતાં ચક્રરત્નની પહેલી પૂજા કરું કે પહેલી પ્રભુની; એવી વિડંબના થઈ આવી હતી. બીજી રીતે રાજકુળોના ધર્મ યોગીકુળો જેવા છે. અને એટલે જ કહું છે કે રાજા કાં તો નરકેસરી કે કાં તો નરકેશ્વરી."

" અને એ રાજાઓના જમણા હાથરૂપ બનેલા મંત્રીઆદિ સેવકોનું શું ? "

" યક્ષા, તું તો વિદુષી છે, એટલે વિશેષ શું કહેવું ? રાજર્ષિ ભરતનો એવો જ એક બીજો પ્રસંગ યાદ આવે છે. ભરત ચક્રવર્તીએ અન્નનાં પાંચસો શકટ પ્રભુ પાસે આણ્યાં ને કહ્યું: " સ્વામિન્, આ અન્ન ગ્રહણ કરી મને અનુગ્રહિત કરો. " યક્ષા તું જાણે છે, કે પ્રભુ ઋષભદેવે પોતાના રાજવીપુત્રને શું જવાબ વાળ્યો ? એમણે કહ્યું. "રાજન્, સાધુઓને છત્રધર રાજવીઓનો આહાર ન કલ્પે. ધર્મમાં તત્પર

એવા સાધર્મિકોને આપો." આનો મર્મ કંઇ સમજી, યક્ષા ?" મહામાત્ય તેની સામે પ્રેમભરી દૃષ્ટિથી જોઇ રહ્યા.

"હા, પિતાજી! જે આહાર સાધુઓની મતિ બગાડે, એ આહાર બીજાનું શું ન કરે! ખરેખર, રાજસેવા બહુ કપરી છે."

"કપરું કાર્ય કરી જાણવું એમાં જ કસોટી છે, બેટા!"

મહામાત્ય હસ્યા. યક્ષા પ્રણામ કરીને ઊભી થઇ બહાર જવા લાગી. યક્ષાએ યૌવનના ઉંબરમાં પગ મૂકયો હતો, પણ હજી ય નાની ભોળી બાળિકાના ભાવો તેના મુખ પર દૃશ્યમાન થતા હતા. શ્રીયક જોઇએ તેવી વિદ્યા પામી શકયો નહોતો; પણ સ્થૂલિભદ્ર અને યક્ષા તો ખુદ મહામાત્યને હાથે જ કેળવાયાં હતાં.

યક્ષા પિતાજીને બધા કરતાં વહાલી હતી. ઘણીવાર એમના દિલમાં આવી જતું કે યક્ષા મારે ત્યાં પુત્રરૂપે અવતરી હોત તો, એનાં ડહાપણ ને બુદ્ધિ પર અમાત્યપદનો ભાર મૂકી નિરાંતે દીક્ષા લઇ શકાણી હોત. પણ એ પછી તો એમના જીવનમાં ઘણા ઘણા તડકા છાયા આવી ગયા. યક્ષાની માતા ગઇ, આશાનો સ્તંભ, ભણાવેલો ગણાવેલો સ્થૂલિભદ્ર ગયો, મગધનાં જાળાં વધવા લાગ્યાં, પોતાના વિશ્વાસુ શિષ્ય વિષ્ણુગુપ્તે પણ વિદાય લીધી. હવે એમને કોઇ વાતમાં રસ રહ્યો નહોતો.

જીવનનો સ્વામી એક–એકૈશ્વર્ય વ્રત ધારણ કરી મગધની સેવા કરવી; એ વિચાર એમનો જીવનપંથ આગળ ને આગળ ધપાવતો હતો. શ્રીયકનાં લગ્ન સાથે યક્ષાનાં લગ્નની પણ ઇચ્છા હતી. પણ યક્ષા તો કહેતી. "પિતાજી, મારે સરસ્વતી બનવું છે. તમો હશો ત્યાં સુધી અહીં રહીશ, પછી સાધ્વી બની સ્થળે સ્થળે વિચરીશ."

પિતા પુત્રીના નિર્ણયને સ્પષ્ટ શબ્દોમાં આવકાર આપી શકતા નહિ; પણ અંતરમાં એને આશીર્વાદ આપતા. વિચારતા કે એક જ પિતાનાં બે સંતાન, એક જ વૃક્ષનાં બે ફળ. એકને જુવાની આવી તો ય વિકાર શું એ જ ભાન નથી.

તેઓ સૌમ્યમૂર્તિ યક્ષાને ચાલી જતી અનિમેષ નયને જોઇ રહ્યા. " સંતાન હો તો આવું હો, નહિ તો નિઃસંતાનતા સારી. "

મંત્રીરાજ ધીરેથી બોલ્યા. તેઓ પ્રાસાદગર્ભગૃહમાં જવા માટે ઊભા થતા હતા, ત્યાં અનુચરે આવી કહ્યું:—

" મહારાજ, જીવક આવ્યો છે. "

" આવવા દે ! " જીવક મહામાત્યનો કુશળ ગુપ્તચર હતો.

" સ્વામિન્, ભેદ મળી ગયો છે, વ્યવસ્થા પણ થઈ છે. દશમની રાત કે ? "

" હા, દશમની રાત, બરાબર કુશળતાથી વર્તજે. "

" નિશ્ચિંત રહો, મંત્રીવર્ય ! પણ એક વાત જરા રહસ્યમાં કહેવી છે. " જીવકે મહામાત્યની નજીક જતાં કહ્યું.

આજુબાજુ કોઇ નહોતું, છતાં વિશેષ રહસ્ય જળવાય તે માટે મંત્રીરાજ અને જીવક મંત્રણાગૃહમાં ગયા. મંત્રણાગૃહ તદ્દન સાદું હતું. પાસે પડેલા કાષ્ઠનાં આસનો પર બંનેએ સ્થાન લીધું.

" મંત્રીરાજ, મગધનું ભાગ્યચક્ર કંઇ ઊંધું વીંઝાતું લાગે છે. ગઇ કાલે હિમગિરિની યાત્રાર્થે ગયેલાં રાણીજીએ મહારાજાને કહ્યું કે : "તેઓ કુમારગુપ્તને જોઇ આવ્યાં. કુમારગુપ્ત મગધના નાશ માટે હજી ઝંખે છે. "

" જીવક, એ તો સારું થયું, મહારાજાને જરા સાવધ રહેવા જેવું લાગશે. "

" ના, ના મંત્રીરાજ ! સારું કે નરસું એ વિષે મારે કંઇ કહેવું નથી. હું જે કહેવા માગું છું, તે હવે આવે છે. આ વેળા રાણીજીના પ્રાસાદે આવેલા રથાધ્યક્ષે કંઇક વિશેષ માહીતી આપી. રથાધ્યક્ષે કહ્યું કે રંગોત્સવની રાત્રીએ એક નૌકામાં મહામાત્ય સાથે કુમારગુપ્ત અહીં આવ્યો હતો. વિષ્ણુગુપ્ત પણ સાથે હતો. "

" હા, રથાધ્યક્ષે સાચું કહ્યું છે. "

" સાચું કે ખોટું, એ હું નથી કહેતો. પણ એનો અર્થ જુદો થયો છે, એટલો વાંધો છે. વિષ્ણુગુપ્ત એ તરફ ગયાના સમાચાર મહારાજને મળ્યા છે. એમને પોતાની વિરુદ્ધ કંઇ કાવત્રુ યોજાયાની ગંધ આવી રહી છે, સાવધ રહેવા જેવું છે. "

" નિશ્ચિંત રહે, જીવક ! મહારાજાને મેં બાળપણથી જોયા છે. એમને મારા પર અવિશ્વાસ ન આવે. મારા ગૂઢ પ્રયત્નમાં પણ એ શુભની જ કલ્પના કરે. "

" પણ ગઈકાલના વર્તાવમાં એવું ન લાગ્યું. "

" તારી ભ્રમણા લાગે છે. "

" કદાચ ભ્રમણા હોય, એ જ હજો ! પણ મહામાત્ય, મગધના હિતશત્રુઓ મહારાજના મિત્ર બનતા ચાલ્યા છે. ચેતવા જેવું લાગે છે. "

" જીવક, મગધનો મહામાત્ય એકૈશ્વર્ય છે, એ જ વાત બધા છળપ્રપંચોને છેદવા સારુ પૂરતી નથી ? "

જીવક કંઈ ન બોલ્યો. મહામાત્યે દશમની રાતે ચેતીને ચાલવા સૂચવ્યું, થોડીએક વાતચીત પછી જીવક વિદાય થયો. મંત્રીરાજ શસ્ત્રાગાર તરફ ગયા. એમને જીવકની વાત પર અત્યારે વિશેષ ધ્યાન આપવા જેવું ન લાગ્યું.

## રહસ્ય-ભેદ

## [૨૧]

એ રાત્રિ કે જેની જવાબદારી જીવક માથે લાદવામાં આવી હતી, તેને આવી પહોંચતાં વાર ન લાગી. જીવક મગધનો ચરપુરુષ હતો. સાંધિવિગ્રહિક તરીકે પણ એ કામ કરતો. એનામાં બળ અને બુદ્ધિ બંનેનો સમન્વય હતો. ઘોડેસવારી, પટાબાજી કે તીરંદાજીમાં મગધના સૈનિકોમાં ચડિયાતો લેખાતો. વેશ પલટવા કે જુદી જુદી ભાષાઓ ઉચ્ચારવાની કુશળતામાં નિષ્ણાત હતો.

રાજકારણના ભેદ લેવા દિવસો સુધી એ ઘોડેસ્વાર બની મેદાનો વીંધતો પ્રવાસ ખેડતો. એવાં કામ જાતે કરવાની એના ધંધાની મોટામાં મોટી ખાસિયત એનામાં હતી, અને આ કારણે જ દરેક વાતના મૂળમાં એ ઉતરી શકતો.

સમી સાંજથી જીવક ન ઓળખાય તેવા પોશાકમાં રથાધ્યક્ષના ઘરની આગળ આંટા મારતો હતો. બૂઢો દરવાન આ કોઈ છેલછબીલાને અહીં આંટા મારતો જોઈ ચમક્યો. પણ થોડીવારે એ અદ્રશ્ય થતાં નિરાંતે ઝોકે ચડ્યો. ઊંચા ઓટલાની આડમાં જીવક થોડીવાર ઊભો રહ્યો.

બે એક પ્રહર રાત્રિ વીતી હશે. રથાધ્યક્ષના આવાસમાંથી વરરુચિ બહાર નીકળ્યો. જીવક તૈયાર હતો. એને વરરુચિનો પીછો પકડ્યો. વરરુચિ અહીંથી સીધો ગુરુવર્ય વર્ષના મકાન તરફ ફર્યો. છેલ્લા કેટલાક દિવસોથી એ ત્યાં વધુ જતો આવતો હતો, એની જીવકને પૂરતી માહિતી હતી. અને એનું કારણ કોણ હતું તે પણ તે જાણતો હતો.

વરરુચિ વર્ષના મકાનની પછીતે જઇ પહોંચ્યો, ત્યારે કોઈ રૂપાળું મોં એની પ્રતીક્ષા કરતું બહાર ડોકાઇ રહ્યું હતું. એજ આ વિદ્વાનની પ્રિયતમા ઉપકોશા ! વરરુચિએ આગમનસૂચક ધ્વનિ કર્યો. એણે ડોકું લંબાવ્યું.

"ઉપકોશા, ગુરુદેવે શું કહ્યું ?"

"ગુરુપુત્રી સાથે પ્રેમ એ પાપ છે."

"કોણે કહ્યું એ પાપ છે ? ઉપકોશા, શાસ્ત્રાધારો જોઇએ તેટલા ટાંકવા તૈયાર છું."

"શાસ્ત્ર તો કામધેનુ છે. માગો તે અર્થ કાઢી આપે." ઉપકોશા મધુરું સ્મિત કરતી હતી.

"મશ્કરી છોડી દે. ઉપકોશા ! ગુરુદેવ શું કહે છે ?"

"મહાપુરોહિત બન્યા પછી પાણિગ્રહણ."

"શ્રીયકનાં તો લગ્ન પણ આરંભાયાં છે. કેવી કેવી તૈયારીઓ ચાલે છે ? અત્યારથી પાટલીપુત્રમાં ઉત્સવ જેવું દેખાય છે." ઉપકોશા, મને લાગે છે, કે સહુ પરણી જશે, તોય આપણા વાયદા પૂરા નહી થાય."

"શી ફીકર છે, ન પરણાય તો. પરભવમાં આજ ગંગાના તીરે ચક્રવાક ને ચક્રવાકી થઈશું. કેવી મજા આવશે !"

ઉપકોશા હસતી હસતી ઝરુખામાંથી ઊતરી નીચે આવી. એની મોટી મોટી આંખો મસ્તીમાં ચકળવકળ થઇ રહી હતી. ગુરુદેવ વર્ષ મહા-મંદિરની કથાવાર્તામાં ગયા હતા. ઉપકોશાએ એક સંસ્કારવતી યુવતીને શોભે તેવાં વસ્ત્રો પહેર્યાં હતાં. રૂપેરી ટપકીઓવાળું એનું ઉત્તરીય એના સાદી રીતે ઓળેલા કેશકલાપ સાથે અત્યંત શોભારૂપ બન્યું હતું. એના મોટા ભરાવદાર અંબોડામાં પારિજાતકનું એક જ ફૂલ હતું. છતાંય એ ફૂલ એનાં મુખની મૃદુશોભા સાથે એકાકાર બની ગયું હતું.

ઉપકોશા નજીક આવતી ગઈ, એમ વરરુચિની વિહ્વલતા વધતી ચાલી. વર્ષોથી આ ઝંખના પાછળ એ મત્ત બનીને ઘૂમ્યો હતો. હવે એ સ્વપ્નો સિદ્ધ થવાની ઘડી આવી રહી હોય તેમ તેને ભાસવા લાગ્યું.

" આવતી કાલે એકાદશી. કાલે મહારાજા સમક્ષ ગંગાસ્તોત્ર સ્પીશ ને પ્રસાદ મેળવીશ. હવે આપણા લગ્નમાં વિલંબ શા માટે ? "

વરરુચિના આ શબ્દોમાં દિલને નરમ બનાવે તેવું તત્ત્વ હતું. મસ્કરી કરતી ઉપકોશા જરા શાન્ત બની. એણે કહ્યું: " પિતાજીએ હા ભણી છે, પણ હમણાં લગ્નયોગ નથી આવતો. થોડાએક માસમાં લગ્નયોગ આવે છે. શ્રીયકનાં લગ્ન વખતે જ આપણું લગ્ન થશે. પણ એ વેળા મહારાજાની પધરામણીમાં શું આપશો ? મહામાત્ય તો મણિમાણેકજડિત સિંહાસન અને તદ્દન જૂદી જાતનાં શસ્ત્રોની ભેટ કરશે. "

" મગધમાં શસ્ત્રોની ખામી છે ? "

" હા, હા, આ શસ્ત્રની તો કલ્પના પણ તમને નહિ આવે, એનાં વર્ણન સાંભળતાં પણ કંપી ઊઠશો. "

" નહિ, ઉપકોશા ! હું સાહિત્યની ભેટ કરીશ. શસ્ત્ર તો સંહારક વસ્તુ છે. સાહિત્ય સર્જક વસ્તુ છે. " વરરુચિ ઉપકોશાની વધુ નજીક આવ્યો. ઉપકોશાનો શ્વાસ એને સ્પર્શે એટલો એ સમીપ ગયો. પણ જેવો વધુ નજીક જવા જાય છે, તેવી ઉપકોશા ખસી ગઈ. એક ક્ષણમાં તો એ અંદર ચાલી ગઈ.

" વરરુચિ, ઘેર પધારો. શીલ બ્રાહ્મણનું સર્વસ્વ છે. "

વરરુચિ, વધુ પડતી છૂટ લેવાની ઇચ્છા માટે સહેજ શરમીંદો બન્યો. એ પોતાના નિવાસ તરફ જવા પાછો ફર્યો. પાછળ ભરાઈ બેઠેલો જીવક રાત્રિના અંધારામાં એની પૂંઠે લાગ્યો જ હતો. વરરુચિ આડીઅવળી ગલીઓ વટાવતો, નગરના જાણીતા સુવર્ણકારને ઘેર પહોંચ્યો. સુવર્ણકાર સુવર્ણકમળનો હાર પૂરો કરવાની ઉતાવળમાં હતો.

" કેટલી વાર છે ? "

" થોડી વાર છે. "

" શીઘ્ર પૂરો કરી નાખો. હમણાં લેવા આવું છું. "

વરરુચિ આટલું કહી આગળ વધ્યો. જીવક તેનો પીછો ન પકડતાં પોતાના ઘર તરફ પાછો ફર્યો. થોડીવારે ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે એ તદ્દન બદલાઈ ગયો હતો. ક્યાં તસતસતી જુવાનીવાળો પડછંદ જીવક અને જરાવસ્થાથી ધ્રૂજતો આ વૃદ્ધ ડોસો ક્યાં ? એના હાથની લાકડી પણ ધ્રૂજતી હતી. એની દાઢીના સફેદ વાળ પણ ધ્રૂજતા હતા.

એ ધીરેથી સુવર્ણકારના ગૃહે પહોંચ્યો. એણે લાકડી ઠબકારતાં કહ્યું: " પેલો હાર લાવ ! વરરુચિ મહારાજ સીધા રથાધ્યક્ષને ત્યાં ગયા છે. બહુ મોડું કર્યું હો ! કોઇને ભેટ તો આપ્યો નથી ને ! "

" એ શું બોલો છો ? તો તો મારી જાત લજવાય, " બોલનારની છબ પર અવિશ્વાસ કરવાનું કે વધુ ખાતરી કરવાનું તેને દિલ ન થયું.

સુવર્ણકાર પાસેથી હાર લઈ એ વૃદ્ધ પહેરેગીર વરરુચિના નિવાસસ્થાન તરફ વળ્યો. સુવર્ણકારને પણ ખાત્રી થઈ કે નક્કી રથાધ્યક્ષનો જ દરવાન છે. એ સિવાય મગધમાં આટલી માહિતી બીજાને ન હોય.

અને ખરેખર આ વૃદ્ધ વેશધારી વરરુચિના ઘેર જ પહોંચ્યો. વરરુચિ નીકળવાની તૈયારી કરતો હતો. આ વૃદ્ધે સાષ્ટાંગ દંડવત્ કરતાં કહ્યું: " મહારાજ, રથાધ્યક્ષ દેવે કહેવરાવ્યું છે, કે તેમને જરૂરના કામે અંતઃપુરમાં જવાનું થયું છે. કદાચ આવતાં મોડું થશે, એટલે તેઓએ સુવર્ણહાર મંગાવ્યો હતો, તે લઇ આવ્યો છું. આપ સીધા જ ગંગાઘાટ પર જજો ! " બોલતાં બોલતાં ય આ વૃદ્ધને થાક લાગતો હતો. એણે સુવર્ણહાર બતાવ્યો.

" આવા પ્રસંગે અંતઃપુરમાં જવાનું થયું ? કંઈ કારણ ? "

"બરાબર તો જ્ઞાન નથી, પણ બોલાવવા આવેલી રાજરાણી ચંદ્રાનનાની દાસી કહેતી હતી કે આ હિમગિરિ જઈ આવ્યાં છે, ત્યાંના કુમારગુપ્તની વાત નીકળી છે. અને એ માટે યાદ કર્યા છે."

" વારુ, વારુ, કુશળ પુરુષ, રથાધ્યક્ષ દેવને મારા આશીર્વાદ પાઠવજો ને કહેજો કે કામ બરાબર પાર પડે."

"નમસ્કાર, પંડિતરાજ !" વૃદ્ધ ધ્રૂજતો ધ્રૂજતો ચાલ્યો ગયો. વરરુચિ થોડી રાત ગાળવા વિરામાસન પર પડ્યો.

રાત્રિનો અંધકાર વધીવધીને હવે ઘટી રહ્યો હતો. સૂર્યદૂત અરુણ ઉષાના હાથે પૂર્વનું દ્વાર ઉઘડાવી રહ્યો હતો. વરરુચિ આ પહેલાં ગંગાઘાટે પહોંચી કમરબૂડ પાણીમાં શાન્તચિત્તે ખડો હતો. એના શરીરને સ્પર્શી વહ્યા જતા ગંગાના પ્રવાહ પર એ જુદાં જ કલ્પનાચિત્રો નીરખી રહ્યો હતો. એમાં ઉપકોશા હતી, મહામાત્યપદ હતું, પુરોહિતપદ હતું.

મહારાજા નંદ અને મહામાત્ય પણ વેળાસર પધારી ગયા. વરરુચિએ પણ સ્તુતિકાવ્યનો આરંભ કર્યો. આજે એને સફળતાની શ્રદ્ધા હતી. એના કંઠમાં વિજયનો નાદ પડઘા પાડતો હતો.

એક પદ, બે પદ, ત્રણ પદ, સાત ને આઠ પદ. વરરુચિની આજની સાધના એવી હતી કે ત્રીજા પદે જ કમળ-હાર મા ભાગીરથી મોકલી આપે. એને આશ્ચર્ય થતું હતું કે આજે વિલંબ કેમ થાય છે ! આ તો છેલ્લો પ્રયોગ છે. આ પછી તો એની સાધના પૂરી થશે.

પણ મા ભાગીરથીને પ્રસન્ન થતાં અવશ્ય કંઇ વિલંબ થયો. નવમું પદ પણ સમાપ્ત થયું. વરરુચિ આગળ વધ્યો. કંઠ સુધી પાણીમાં આવી ઊભો રહ્યો. એનાં નેત્રો રાજઘાટના ખૂણા તરફ લંબાયે જતાં હતાં. અવશ્ય કંઇક વિઘ્ન નડ્યું.

એણે પદ આગળ વધાર્યા; પણ આજે મા ભાગીરથી ન તૂઠ્યાં તે ન તૂઠ્યાં. વરરુચિ થાક્યો. એના કપાળ પર પ્રસ્વેદનાં બિંદુ જામી ગયાં.

એનો અવાજ બેસતો ચાલ્યો. અરેરે ! છેલ્લી પળે આ શું થયું ? રથાધ્યક્ષે દગો તો નથી દીધો !

મહારાજા બેસી બેસીને કંટાળી ગયા હતા. પ્રેક્ષકવર્ગ પણ હવે થાક્યો હતો. ધીરે ધીરે માનવમેદનીમાંથી ગણગણાટ શરૂ થયો. વરરુચિ આખરે પાછો ફર્યો, એણે મહારાજાને કહ્યું: " સ્વામિન્, મા ભાગીરથીની કંઈ આશાતના થઇ લાગે છે. કાલે પ્રસાદ મેળવીશ. "

" કોણ કહે છે, કે મા ભાગીરથીએ પ્રસાદ નથી મોકલ્યો ? પંડિતરાજ, આ રહ્યો એ તમારો પ્રસાદ ! " મહામાત્યે વસ્ત્ર નીચે છૂપાવેલ સુવર્ણકમલનો હાર બહાર કાઢ્યો. ઊગતા સૂર્યના પ્રકાશમાં એની સુવર્ણ-પાંખડીઓ ઝગારા મારી રહી.

" મશ્કરી કરશો મા ! મંત્રીરાજ, એ મારો પ્રસાદ નથી. " વરરુચિ ઉશ્કેરાઇ ગયો.

" મશ્કરી નહિ સાચી વાત. પંડિતરાજ, એનો ઘડનાર સુવર્ણકાર પણ મોજુદ છે. " મંત્રીરાજે સંકેત કરતાંની સાથે સુવર્ણકારને હાજર કરવામાં આવ્યો, ભયના લીધે એ ધ્રૂજી રહ્યો હતો. એણે મહારાજા પાસે અભયવચન મેળવી ધ્રૂજતાં ધ્રૂજતાં એવાં બે હાર બનાવ્યાનો સ્વીકાર કર્યો.

'મહારાજ, મને હીણો પાડવા મહામાત્યનું આ કોઈ કાવતરું છે." વરરુચિએ મહામાત્ય પર સીધો હુમલો કર્યો.

" કોનું કાવતરું છે, એ હવે મહારાજને સમજાઈ જશે. આજથી ગંગાના બંને કિનારા સૈનિકોથી સુરક્ષિત રહેશે, ને તમે રાજમહેમાન બનશો, એ પછી તમારો પ્રસાદ મેળવજો ! વરરુચિ, ગુનો કર્યા પછી, ગુનાના ઇનકાર માટે મગધનું શાસન વિશેષ શિક્ષા ફરમાવે છે. તમારી સામેના તમામ પુરાવા તૈયાર છે. ખોટી હઠમાં મિત્રઘાતક ન બનો ! "

પોતાની ચાલાકી મહામાત્ય જાણી ગયા, એની એને ખાતરી થઈ ગઈ. એને લાગ્યું કે વિશેષ હુંસાતુંસીમાં તેઓ બધું પ્રગટ કરી દેશે. રથાધ્યક્ષનું નામ પણ પ્રગટ થશે; અને તેમ થશે તો જબરો ઊહાપોહ

જાગશે. એણે વખત ઓળખી લીધો. તરત જ મહારાજ નંદના પગમાં ઝૂકાવ્યું.

" મહારાજ, ક્ષમા કરો ! વિદ્વત્તાના ગુમાનમાં ભાન ભૂલ્યો હતો. "

" ક્ષમા માગનારને ક્ષમા મળશે જ. " મહામાત્યે વચ્ચે કહ્યું.

" જાઓ વરરુચિ, તમારો ગુનો ક્ષમા ! પણ આ તમે સારું ન કર્યું. તમારી સાથે મારી સાહિત્યસભાની પણ જગતમાં હાંસી થઈ. "

" કૃપાનાથ, થતાં થઈ ગયું. વિશેષ શું કહું ? નાનાઓનો સામાન્ય દોષ એ ભયંકર અપરાધ લેખાય છે. મોટાઓનો ભયંકર અપરાધ સામાન્ય બીના લેખાય છે. વિશેષ વખતે જણાશે. બસ મહારાજ, સેવકને ક્ષમા કરો ! "

" વારુ ! તક્ષશિલાના તપોધનોનાં કુલ, શીલ ને સુજનતા માટે મારે હવે કંઇ કહેવાનું નથી. " મહારાજ નંદના શબ્દોમાં તક્ષશિલાની ત્રિપુટી અને તેને આણનાર મહામાત્ય તરફ કટાક્ષ હતો. મહામાત્યે કંઈ જવાબ ન આપ્યો.

વરરુચિ ધીરેથી ઊભો થયો. એને થતું હતું કે ધરતી માર્ગ આપે તો સમાઈ જાઉં. જે ઊજળે મોંએ પાટલીપુત્રમાં ફર્યા, એ જ શેરીઓમાં હવે કેમ નીકળાશે ? એને વિષ્ણુગુપ્ત યાદ આવ્યો. સ્થૂલિભદ્ર સાંભર્યો. મહાવિદ્વાન પાણિની નજર સમક્ષ તરવરી રહ્યો. વિષ્ણુગુપ્તના અપમાનનો બદલો આટલો જલદી એને મળ્યો ? શાબાશ વિષ્ણુગુપ્ત, તેં તો સ્વમાન જાળવી લીધું, ને મેં તો એ ય ખાખ કર્યું ! સ્થૂલિભદ્ર, તેં વાસના વેઠી, પણ જગતને ઇર્ષ્યા થાય તેવું સુખ મેળવ્યું. પાણિનીએ પણ પોતાનું કારજ સાર્યું ! એક મેં મારા સગા હાથે, મારી વિદ્વત્તા, મારી કુશળતા, મારી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી. તક્ષશિલાનો અજોડ વિદ્વાન વરરુચિ હવે જગત સામે કયા મોંએ ઊભો રહેશે ! સરસ્વતી ને લક્ષ્મીની ઉપાસનામાં સરસ્વતીને ફગાવી દીધી; એ વરરુચિનું સ્થાન કયાં ? રાજ્યાશ્રય એ મારું પાપ બન્યું !

વરરુચિ નીચે મોંએ, મેદનીની વચ્ચેથી સાપ કાંચળી મૂકીને જાય

તેમ ચાલ્યો ગયો. માનવમેદની પણ કોઇ અસ્પૃશ્યને માર્ગ આપે એમ બે બાજુ ખસી ગઇ. વરરુચિ થોડીવારમાં અદૃશ્ય થઇ ગયો.

મહારાજા ને મહામાત્ય શિબિકામાં આરૂઢ થયા. મહામાત્યે વરરુચિના આ પ્રપંચને સવિસ્તર સમજાવ્યો, કેવળ રથાધ્યક્ષના નામને ગોપવી લીધું. કેવી રીતે જીવકે વેશ લીધો, સુવર્ણકારને કેમ મળ્યો, કેવી રીતે હાર ઉપાડી લાવ્યો; વગેરે વિગતો કહી બતાવી, પણ મહારાજાને તો પોતાની સાહિત્યસભાના વડા વિદ્વાનની આ ફજેતીનું દુ:ખ સાલી રહ્યું હતું. જગતમાં પોતાની સાહિત્યસભા ઝાંખી લાગશે, એના વિચારો આવી રહ્યા હતા. એમણે બીજી વાતો પર ઓછું લક્ષ આપ્યું.

મહારાજાને રાજમહેલે ઉતારી શિબિકા મંત્રીપ્રાસાદ તરફ વળી. માર્ગમાં રથાધ્યક્ષ આવતો મળ્યો. એનાં મોં પર નિરાશા ઢળી ગઇ હતી. આવા કૃત્યોમાં પોતે સામેલ છે, એ વાત મહારાજા જાણે તો ? પોતાની વર્ષોની સેવાને લાંછના લાગે !

રથાધ્યક્ષને જોતાં જ મંત્રીરાજે તેને બોલાવ્યો. ધીરેથી કહ્યું. " રથાધ્યક્ષ, તમારા જેવા કુશળ નરનું નામ મેં હાથે કરીને ગોપવ્યું છે. નિ:શંક રહેજો, મગધની સેવાનો પ્રકાર ભવિષ્યમાં ઊંચો રાખજો ! "

" આપ માતપિતા છો. " વીર રથાધ્યક્ષના દિલમાં મંત્રીરાજ માટે ઉમળકો થઇ આવ્યો. એના દિલમાંથી એક મોટો ભય સરી ગયો. પોતાની લાંછના મંત્રીરાજ જેવો નીરક્ષીરન્યાયથી નરપરીક્ષા કરનારો પુરુષ જ જાણે છે, એ વિચારે સાંત્વન મેળવ્યું.

વિષ્ણુગુપ્તને એકદમ ભૂલી જનારી પ્રજા વરરુચિને એકદમ ભૂલી ન શકી. અને મગધને તજી દેનાર વિષ્ણુગુપ્તની જેમ, વરરુચિ પણ એકદમ મગધનો ત્યાગ ન કરી શકયો. એ પાટલીપુત્રના એક આવાસમાં બળેલો–ઝળેલો પડી રહ્યો. એને અપમાનતા ડંખી રહી હતી. એ ડંખનું વિષ ઉતાર્યા વિના એને ચેન પડે તેમ નહોતું. વેરનો બદલો વેરથી લેવાનો એનો નિર્ણય હતો.

# શત્રુ કે મિત્ર

## [૨૨]

**વ**રરુચિના પરાજય પછી મહારાજા નંદના દિલમાં એક વિચિત્ર પ્રકારની બેચેની કબજો જમાવી બેઠી હતી. જરા એકાન્ત મળતાં એ બેચેન હૃદયનો કાબૂ લઇ લેતી. ઊંડે ઊંડે મહારાજાને એમ લાગ્યા કરતું હતું, કે વરરુચિની વિડંબના કોઇ અંશે પોતાની સાહિત્યસભાની, પોતાની દાનશૂરતાની વિડંબના હતી.

પહાડના ઢોળાવ પર બેઠેલો માણસ એક વાર કાબૂ ગૂમાવી દે, એટલે એ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ એ નીચાણ તરફ સરતો જ રહેવાનો. મહારાજાનું પણ એમ જ બન્યું. જ્યાં શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમ હતો, ત્યાં આશંકા, કુટિલતા અને પ્રપંચે સ્થાન લીધું. જૂના જૂના પ્રસંગો એમના સ્મરણપટમાં ઊભરાવા લાગ્યા. ગાંધારના વિજયમાં મહામાત્યે મત્સ્યગલાગલ' ન્યાયની વાત કરી હતી, એ યાદ આવ્યું. વરરુચિને દાન આપતાં આડો હાથ ધર્યો હતો, એનું સ્મરણ થયું. વિષ્ણુગુપ્તના પ્રસંગે પણ તેમનું વલણ વિચિત્ર ભાસ્યું. મગધનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરનારને પોતાના પુત્રના લગ્નમાં વળી તેડું મોકલ્યું !

વિષ્ણુગુપ્ત ! ભૂલાયેલો, ઉપેક્ષિત કરી દીધેલો વિષ્ણુગુપ્ત ફરીથી મહારાજાના સ્મરણપ્રદેશમાં ઊભરાયો. રહી રહીને આજે એની પ્રતિજ્ઞા કંઇક ભયાવહ લાગવા માંડી. ઇરાદામાં હિમાલય પહાડ શો મક્કમ એ જુવાન વિદ્વાન હિમગિરિ તરફ ગયો છે. એ ત્યાં કુમારગુપ્ત ભેગો મળશે. બંને મળી ચંદ્રગુપ્તને તૈયાર કરશે. મગધ પર નવા વાવંટોળ જાગશે. નંદની પ્રચંડ સત્તાને એ ઉખેડવા મથશે. એ વેળા મારા જ હાથ દગાખોર બન્યા હશે તો ?

મારું સૈન્ય ક્યાં ? શ્રીયક આજે એને કેળવે છે. મારા ગુપ્તચરો ક્યાં ? મહામાત્યની આજ્ઞા એ માને છે. ત્યારે મારું કોણ ? પાટલીપુત્રમાં મારું વિશ્વાસુ કોણ ?

મહારાજા આ વિચારથી વિહ્વલ બની ગયા. મહામાત્યની વિચિત્ર જણાતી આજ્ઞા પર જેણે વિશ્વાસથી સદા સંમતિની મહોર મારી હતી, એનું જ મન અવિશ્વાસના ઢોળાવ પર ગબડવા લાગ્યું.

વિષ્ણુગુપ્ત ગયો એનું વેર વરરુચિ પર વાળ્યું. અરે, વરરુચિને ભૂંડો પાડવાની ઇચ્છા હતી, તો ગુપ્ત રીતે કેમ ન કર્યું ? હું એને મંત્રીને ખાતર દેશનિકાલ કરતઃ પણ આ કાર્યે મારી શરમમાં વધારો કર્યો. કાલે આર્યાવર્તનાં વિદ્વાન મંડળો મારા નામ પર હસશે. મારી સભા પર શરમ વરસાવશે. મહામાત્યે મને જગત સમક્ષ ભૂંડો દેખાડ્યો. મારી લાંછના જન્માવી.

આકાશમાં સંધ્યા આથમતી જતી હતી. એ સંધ્યાના કેસરવર્ણા પ્રકાશમાં મહારાજા ઉગ્ર બનીને ખંડમાં આંટા મારવા લાગ્યા. ઘડીભર પહેલાં જેઓના ખોળામાં માથું મૂકતાં પણ સંકોચ નહોતો થતો; એના જ પડછાયા આજે એમને ભયભીત બનાવવા લાગ્યા.

"મહારાજ, હું આવી શકું કે ?"

"કોણ રથાધ્યક્ષ, આવ ભાઇ આવ !" મહારાજાની વ્યગ્રતા હજી પૂરી થઇ નહોતી.

"મહારાજ આજે નગરચર્યા માટે નીકળે, એવી મહારાણીની ઇચ્છા છે."

"રથાધ્યક્ષ, તું તો સાચો વિશ્વાસુ છે ને ?"

"કેમ, સ્વામી ! આજે એવો પ્રશ્ન કેમ ઊભો થયો ?"

"પાટલીપુત્રમાં મિત્ર કે શત્રુ ઓળખવાનું કામ હવે કઠિન થઇ

પડ્યું છે. નગરચર્યામાં કંઇ ષડ્યંત્ર તો નથી ને?" મહારાજા પોતાના વિશ્વાસુ ભૃત્ય પાસે હૃદય ખુલ્લું કરતા હતા.

"એવી શંકા આવતી હોય તો અત્યારે જ ધડ પરથી શિર ઉતારી લો ને! સેવક એક શબ્દ પણ બોલે તો કહેજો!"

"શાબાશ મારા વીર, તમારા જેવાઓના ઉપર તો મગધ મગરૂર છે. નિઃશંક રહે, વીર! પણ વારુ, મહારાણીજીએ નગરચર્યા માટે કેમ કહેવરાવ્યું?"

"શત્રુ અને મિત્રને સાચી રીતે પરખી લેવા. એમની વિશ્વાસુ દાસી આજે કંઇક સમાચાર લાવી છે. કાલે વર્ષદેવની પુત્રી ઉપકોશા પણ એવું કંઇક કહેતી હતી."

"શું કહેતી હતી?"

"એ જ કે પાટલીપુત્રમાં જ નવાં સૈન્યો અને શસ્ત્રો તૈયાર થઇ રહ્યાં છે. પણ, મહારાજ, લોકવાર્તા પર વિશ્વાસ ન રાખી શકાય. આપણે જાતે જ નજરે નિહાળીને ખાતરી કરીએ."

"ભલે. રથાધ્યક્ષ, મને લાગે છે કે રાજસત્તાના દોર હવે મારે નવેસર હાથ ધરવા પડશે."

"તો તો મહાસુખ થાય. અમને હજાર સ્વામી કરતાં મગધના એક સાચા સ્વામીની સેવામાં અજબ મજા આવશે."

આ બધા શબ્દો સ્પષ્ટ નહોતા, કોઇનો ચોકખી રીતે વિરોધ કરનારા નહોતાઃ પણ એમાં વિસ્ફોટક રસાયનથી પણ ભયંકર તત્ત્વ છૂપાયેલું હતુંઃ એ પૂર્વાપરની સ્થિતિ જાણનારના લક્ષમાં સહેજે આવી જતું. મગધના સુસ્થિર બનેલા સિંહાસનની આસપાસ અસંતોષ, ઇર્ષ્યા, ખટપટના નવા વાયુ શરૂ થયા હતા. મધ્યાહ્ને તપતા એના શાસનસૂર્યની આજુબાજુ કાળાંઘેરાં વાદળો જમાવ કરી રહ્યાં હતાં.

સંધ્યાએ વિદાય લીધી. રાતના બે પહોર વીતી ચૂકયા. રથાધ્યક્ષ અને મહારાજા સામાન્ય પોશાકમાં ગુપ્ત દરવાજેથી નગરચર્યા માટે નીકળી પડ્યા. પાટલીપુત્રના રાજમાર્ગો હજી જનપદથી ગાજતા હતા. પણ્યગૃહોમાં ધમાલ ચાલુ હતી. સાંકડી અને અંધારી ગલીઓમાં થઇ બંને ધીરે ધરે આગળ વધી રહ્યા હતા.

અંધારી રાતે પણ મહામાત્યનો પ્રાસાદ પિછાનવો મુશ્કેલ નહોતો: ત્યારે આ બે તો સુપરિચિત હતા. તેઓ મુખ્ય દ્વારના માર્ગે ન જતાં ઉદ્યાનવાળા માર્ગથી અંદર પ્રવેશ્યા. ઉદ્યાન આખો નિર્જન હતો. પણ પ્રાસાદની નીચે રાખેલી નાની બારીઓ વાટે વેરાતું અજવાળું જોનારની આંખને ખેંચી લેતું. બંને જણા વૃક્ષો, વેલીઓ ને મોટા મોટા છોડની પાછળ લપાતા છુપાતા ચાલ્યા.

બારી વાટેથી અંદર થતા ધડામ ધડામ ધડાકા બહાર સંભળાતા હતા. બંને જણા ત્યાં જઈ બારી દ્વારા અંદરનું દૃશ્ય નિહાળવા લાગ્યા. કેટલાય કારીગરો ઉતાવળથી કામ કરી રહ્યા હતા. જુદા જુદા શસ્ત્રોના ઢગલા ચારે બાજુ પથરાયેલા હતા. સામે જ એક સુખાસન પર મંત્રીરાજ બિરાજેલા હતા. તેઓ કારીગરોને, શિલ્પીઓને ઉતાવળ કરવા કહી રહ્યા હતા.

કેટલાક કારીગરો એક નવા પ્રકારના હથિયારને તપાસી રહ્યા હતા.

" મહારાજ, વજ્ર તો બરાબર બન્યું છે."

" જો જો, પછી ખરા વખતે મારી ને તમારી મશ્કરી ન થાય ?"

" એમ બને તો અમારી વિદ્યા લજવાય. અમારો શ્રમ જાય."

" ચાલો, બધું, કામ જલદી પતાવો. તમને સહુને યોગ્ય પારિતોષિક મળશે. પણ આની રચના ગુપ્ત રાખશો."

મહારાજા નંદ વધુ જોઇ ન શક્યા. તેઓએ રથાધ્યક્ષને હાથથી સ્પર્શ કર્યો ને ચાલવા સંકેત આપ્યો. બંને જણા જેટલી સાવધાનીથી આવ્યા હતા. તેટલી સાવધાનીથી બહાર નીકળી ગયા. પણ એ વખતે

એમની પાસેથી એક કાળો પડછાયો સરી જઇ બાજુમાં ભરાઇ ગયો. મહારાજા આવેશમાં ભાન ભૂલ્યા હતા. એમણે રથાધ્યક્ષને કહ્યું:

"મંત્રી ખરા વખતની રાહ જોઇ રહ્યા છે. હા, તમે બતાવો કે ન બતાવો પણ આજે મેં મગધના શત્રુને જોઈ લીધો."

"મહારાજ, વાઘની બોડમાં વાઘ જ માથું મારી શકે."

નિરભ્ર આકાશમાંથી એક મોટો તારો ખરતો દેખાયો. રાત્રિ વધતી જતી હતી. રથાધ્યક્ષે વખત જોઈ આગળ ચલાવ્યું.

"મહારાજ, શાન્ત થાઓ. મગધના સિંહાસનને કોઇ સ્પર્શી પણ નહિ શકે. મહારાજનું ને મગધની સેનાનું રણપાંડિત્ય કયાં ઓછું છે?"

વિશેષ વાતચીત કર્યા વગર બંને આગળ વધ્યા. તેઓ હવે પાટલીપુત્રની સાંકડી ગલીઓમાંથી પસાર થતા હતા. અચાનક રથાધ્યક્ષે મહારાજને થંભાવ્યા. એક ઘરમાં કેટલાક કુમારો અને સ્ત્રીઓ વાતે વળગ્યાં હતાં. રથાધ્યક્ષે એ વાત સાંભળવા ઇશારો કર્યો. બંને જણાએ મકાનની જીર્ણ દીવાલ પર કાન દીધા. અંદર વાતચીત ચાલતી હતી.

"નવો રાજા ને નવી પ્રજા! આજે રાજા નંદનું રાજ્ય તો કાલે વળી આપણા મંત્રીરાજનું. મગધમાં એમનો પ્રભાવ જોયો?"

"અરે હા, હા, અમારા શિક્ષક કહેતા હતા કે મંત્રીરાજ શકટાલના રાજમાં તમને શસ્ત્રવિદ્યા પણ શીખવાશે. વિષ્ણુગુપ્તને બોલાવવાનો છે." બારેક વર્ષના કિશોરે કહ્યું.

"અલ્યા, ઘરડે ઘડપણે મંત્રી રાજા બનશે?"

"ના રે ના, શ્રીયક કયાં નથી: ભલે સ્થૂલિભદ્ર કોશાને ત્યાં લહેર કરે. બિચારા નંદને તો ભાગતા ભોં ભારે પડશે. વિશ્વાસુ માણસોને તો ભગાડ્યા. વરરુચિનું અપમાન કરાવ્યું. હવે પાંખ વિનાના પંખીથી કેટલું ઊડાશે?"

મહારાજા સ્તબ્ધ થઈ ગયા. આ શું ! મહામાત્યે મારા વિરુદ્ધ કેટ-કેટલી સુરંગો તૈયાર રાખી છે ! પ્રજામત પણ મારાથી વિપરીત ?

" રથાધ્યક્ષ, મિત્ર ! મગધમાં હિતશત્રુઓ ઊભરાઈ ગયા લાગે છે. તેઓ જલદી નાશ માગે છે. "

" ઉતાવળા થશો મા ! આજે આપ નામના રાજા છો. મગધ પર કાબૂ બીજાનો છે. એ કાબૂ પહેલાં હસ્તગત કરી લઈએ. "

" એ થશે, પણ એ પહેલાં મહામાત્ય સાથે તેના આખા કુટુંબનો નાશ કરવો ઘટે છે. સાપને કે સાપના ઈંડાને; એમાંથી એકે ને જીવતા ન રાખવા; જેથી ભવિષ્યમાં ડંખ દેવાની હિંમત કરી શકે. "

" મારા નાથ, એ બધું વેળાએ થઈ રહેશે. મહામાત્ય ગમે તેવા મોટા હોય, પણ એમને મોટા બનાવનાર તો આપ ને ! મહારાજ, મગધના નાથનો વાળ પણ વાંકો કરી શકનાર આ પૃથ્વીપટ પર કોઈ જન્મ્યો નથી. કાલે સત્તાઓ છીનવી લો, એટલે હતા તેના તે. ભોગ, રાજન્ય ને ઉગ્ર યોદ્ધાઓ એક હાકલે તૈયાર છે. મગધરાજના એક સંકેત પર મગધયોદ્ધાઓ લોહી વહેવરાવવા તૈયાર છે. "

મહારાજા અને રથાધ્યક્ષ પાટલીપુત્રની શેરીઓ વટાવી રાજમહેલ પર આવી ગયા હતા. એ આખી રાત મહારાજા ઊંઘી ન શકયા. પ્રાતઃકાળમાં પણ તેમના મોંની રેખાઓ જોઇ દાસદાસીઓ કંપી ઊઠયાં.

સવારે મળવા આવેલા મહામાત્યને તેઓ ન મળ્યા. મગધની સેનાને તપાસવા તેઓ જાતે આજે બહાર નીકળ્યા. મહામાત્ય આ પરિવર્તન ન સમજી શકયા, છતાં ય જે વાતની ગંધ દિવસોથી આવી રહી હતી, તે પિછાની ગયા. પિતાને સ્થાને લેખનાર મગધરાજ પોતાને મળવાથી ઇનકાર કરે, એ વાત કલ્પનાતીત હતી. પણ મગધના રાજકારણના દેગડામાં છેલ્લાં વખતથી જે શગ ચઢી રહી હતી ; એ જરા વિચિત્ર હતી.

મહામાત્યને લાગ્યું કે મહારાજાના મનનાં શંકાનાં વાદળો અવશ્ય

વિખેરવાં જોઈએ. તેઓ આ માટે લાંબો વખત રાજપ્રસાદમાં સેકાયા, પણ મહારાજા ન મળ્યા. ઘણું ઘણું કહેવરાવ્યા છતાં કંઇ ને કંઇ બહાનાંઓથી મળવાનું ટાળ્યે જ રાખ્યું.

મધ્યાન્હે રાજદેવડીએથી રાજકીય ફેરફારો થતા હોય તેવા સમાચાર મળવા લાગ્યા. જ્યાં જાય ત્યાંથી પોતાની વિરુદ્ધ જ વર્તમાન મળે. આ બધાનો ભેદ પણ ખૂલી ગયો. મધ્યાન્હે જીવક મળ્યો. મહારાજા અને રથાધ્યક્ષ ઉદ્યાનના દ્વારે થઇ અંદર પ્રવેશ્યા ત્યારે એકદમ પસાર થઇ જનાર કાળો પડછાયો આ જીવક જ હતો. અને જીવક બંનેની પાછળ પાછળ બાતમી લેતો લેતો ભમ્યો હતો. સાપને કે સાપના ઇંડાને; એમાંથી કોઇને જીવિત ન રાખવાનો નિર્ણય એણે સાંભળ્યો હતો. જે રથાધ્યક્ષને છેલ્લા પ્રસંગે બચાવી લીધો એ જ આજે સામે ચાલી ડંખ દેવા તત્પર થયો હતો. જીવકે છેલ્લે કહ્યું:

" મંત્રીરાજ, હું તો પહેલેથી કહેતો હતો, કે ચેતી જવા જેવું છે. કાચા મનના ને કાચા કાનના રાજાઓની સેવા કરી તોયે શું ને ન કરી તોયે શું ! "

" જીવક, એમ ન બોલ ! સેવા કરનારને તો કર્યાનો સંતોષ છે જ. અને તું ગમે તેટલો ચેતાવ, પણ તારો મંત્રી એકેશ્વર્ય છે. જઇને કયાં જાય ? "

" પણ હવે શું થશે ? વાદળ ઘનઘોર ઘેરાયું છે. "

" ઘેરાવા દે ! વરસી જશે એટલે ફરીથી નિરભ્ર બનશે ને સત્યનો સૂર્ય સોળે કળાએ ઝગમગશે. "

" પણ મહારાજા કંઈ અવિચારી કૃત્ય કરી ન બેસે. "

" ચિન્તા નહી જીવક, તારો મંત્રી રાજસેવા કરતો કરતો વૃદ્ધ થયો છે. એને બધું ય આવડશે. "

જીવકને છેલ્લા ઉત્તરથી શાન્તિ વળી. એ પોતાના કામે ચાલ્યો ગયો. મહામાત્ય પોતાના આવાસે આવ્યા. તેમના હૃદયમાં જબરું મનોમંથન જાગ્યું હતું.

આવાસમાં શ્રીયકના લગ્નની તૈયારીઓ ઝડપથી ચાલી રહી હતી. સાત બેનો ભાઇના શણગારના, નવવધુના સૌંદર્યના, લગ્નોત્સવના ભપકાની તરેહવાર વાતો કરી રહી હતી. નવનવાં વાદ્યો, નવનવા ગાયકો અત્યારથી તેડાવાઈ રહ્યા હતા.

આનંદોત્સવની ધૂમ એક છેડેથી બીજા છેડા સુધી મચી રહી હતી. આ બધું મંત્રીરાજ અનિમેષ નયને નિરખી રહ્યા. એમની આંખોમાં અત્યારે રણયોદ્ધાનું અપ્રતિમ નૂર ઝળકતું હતું. એમના મુખ પર ચિત્ર-વિચિત્ર ભાવો આવીને પસાર થઇ જતા હતા.

દિવસ ટૂંકો થતો ચાલ્યો.

# પ્રગટશે ખાખથી પોયણા

## [૨૩]

"વાદળ ભલે ઘેરાયું. ઘેરાવા દે. વરસી જશે એટલે ફરીથી નિરભ્ર બનશે અને સત્યનો સૂર્ય સોળે કળાએ ઝગમગી ઊઠશે."

એક જ દહાડામાં પાટલીપુત્રનું રાજકીય આકાશ મેઘાડમ્બર જમાવી બેસી ગયું. કિન્નાખોરી, વેરની અભિલાષા, કુશંકાનો પિશાચ મહામાત્યનો પીછો પકડી આખા રાજનગરને ડહોળી રહ્યો. ઘેરાયેલાં વાદળો ઘેરાં બનતાં ચાલ્યાં. આટઆટલાં વાદળો વરસી જાય તો તો પીડા શમી જાય, પણ વર્ષવા પહેલાં તો વિદ્યુત્તાંડવ મંડાય એનું શું?

સંધ્યા ઘેરાવા લાગી, એટલે મંત્રીરાજ વેશપલટો કરી નગરચર્યા માટે નીકળી પડ્યા. લોકલાગણી પરખવાની ઇચ્છા હતી. મહામંદિરોની દીવાલો સાથે ઘસાઇને એ નીકળ્યા. પુરોહિતો મહારાજ નંદના કોપથી ભસ્મીભૂત થતા મહામાત્યના ગર્વની વાત કરી રહ્યા હતા. વરરુચિને હીણો પાડ્યાનું ફળ તરત મળી રહ્યું છે, એમ કહી હસતા હતા. રાજદેવડીએ ફર્યા. બધે સંદેશા અપાઇ ચૂકયા હતા, કે કોઇએ મહારાજા સિવાય અન્યની આણ ન સ્વીકારવી. મગધના સુપ્રસિદ્ધ યોદ્ધાઓ પણ ગણ-ગણતા હતા કે ન જાણે મગધનું શું થવા બેઠું છે! વાતો એવી એવી સંભળાય છે, કે એના કરતાં આ જીવતર વહેલા ટૂંકું થઇ ગયું હોત તો સારું થાત.

ચોરે ને ચકલે એક જ વાત ચર્ચાઇ રહી હતી. એમણે ગુપ્તવેશે રાજમહેલમાં પ્રવેશ કર્યો. મહારાજા, રથાધ્યક્ષ, કેટલાએક મુખ્ય અધિ-કારીઓ કંઇક ખાનગી મસલતોમાં હતા.

"મંત્રીરાજ અંદર છે કે?" છૂપા વેશમાં જ મહામાત્યે અનુચરને પૂછ્યું.

"અંદર નથી. અને આવે તો પણ બહાર બેસાડવાનો હુકમ છે."

"એમ કે?" મહામાત્ય એટલું બોલી પાછા ફર્યા. ધીરે પગલે વિચાર કરતા તેઓ પોતાના આવાસ તરફ વળ્યા. એમની સ્મૃતિ પર મગધની મમતા ઊભરાઇ રહી હતી. માતા જેટલા વહાલથી પુત્રના મુખને નિહાળે એટલી મમતાથી એ પાટલીપુત્રને નીરખી રહ્યા હતા. એકેએક વિજયસ્તંભ, એકે એક કાંગરાને એ જાણે હર્ષથી ભેટી રહ્યા હતા.

રસ્તે જીવક મળ્યો. સેવકે સેવ્યને પિછાની લીધા. મંત્રીરાજે ધીરેથી કહ્યું.

"જીવક, સ્થૂલિભદ્રને તેડી લાવ!"

જેમણે વર્ષોથી જબાન પર તાળું મારીને પોતાના પ્રિય પુત્રનું નામ સુદ્ધાં નહોતું લીધું, એને તેડું? જીવક ચમકી ગયો. એને લાગ્યું કે નામ આપવામાં ભૂલ થઇ!

"કોને તેડી લાવું?"

"સ્થૂલિભદ્રને!" મંત્રીરાજના શબ્દોમાં ય ભાર હતો.

"વારૂ!" ચર્ચા કરતાં આજ્ઞામાં વિશેષ સમજતો જીવક વિદાય થયો. મહામાત્યના દિલમાં તુમુલ મનોમંથન જાગી રહ્યું હતું. એમને ગંગાની ટેકરીઓમાં કવિતા કરતો અને મગધના રાજમહાલયોમાં અભિનય આદરતો જુવાન શકટાલ દૃષ્ટિ સામે તરવરી રહ્યો. માથે મોરમુગટ ને ભેટે કવિતાગુચ્છ! નદીનાં નીર જેવો સ્વર, અને નિરભ્ર આકાશ જેવો નિર્દોષ!

જુવાનકવિ શકટાલ વૃદ્ધમંત્રી શકટાલને જાણે ઠપકો દેવા લાગ્યો: "રે! રાજનીતિજ્ઞ, શા માટે તેં કવિતા ફગાવી રાજકાજ પસંદ કર્યાં? મોરમુગટ કરતાં આ મણિમુક્તા જડ્યો મંત્રીમુગટ શા માટે પસંદ કર્યો?

મહત્તાએ તને મોહાવ્યો, વિજયે તને લોભાવ્યો. હવે જોજે મહત્તા ને વિજયનાં મૂલ્યાંકન ઓછા કરતો. ઊંટનો ધર્મ તારો, કવિતા રચવામાં જેવી મહત્તા છે, એવી મહત્તા તને રણમેદાનમાં મરવામાં લાગી તો હવે મૃત્યુંજય બની જા! વાદળને વરસવાની રાહ જોઈશ મા! જ્વાલામુખીના આ શિખરને લાવા ઉગળતું જ દાબી દે!"

વિચારમાં ને વિચારમાં આગળ વધ્યા જતા મહામાત્યની ભવ્ય મુદ્રા પર હાસ્યની રેખાઓ ચમકી રહી. એમણે ક્ષણવારમાં નિશ્ચય કરી લીધો. આવાસમાં પ્રવેશ કરી એક વાર તેઓ બધે ફરી વળ્યા. બીમાર ઘોડાઓની માવજત માટે ને થાકેલા નોકરોના આરામ માટે ખબર લેવા જઈ આવ્યા.

અસ્ત પામવા સજ્જ થયેલો સૂર્ય એક વાર ક્ષિતિજ પર થોભી જઈ ફરીવાર આખા જગતને નીરખી તેજકળા સંકેલી લે એવી તેજ-શોભા મંત્રીરાજના નેત્રોમાં હતી. વહાલ અને મમત્વની આખી દુનિ-યાથી જાણે વિદાઈ લઈ રહ્યા હોય તેવા એમના ભાવ હતા.

આખો આવાસ ફરીને મહામાત્ય મુખ્ય ખંડમાં આવ્યા. થોડીવારે જીવક આવ્યો. એણે સમાચાર આપ્યા કે સ્થૂલિભદ્ર નહિ આવે. પૂજ્ય પિતાની સમક્ષ આવવાની હિંમત આ અવતારે તો તેનામાં નથી. એણે સાષ્ટાંગ દંડવત્ કહેવરાવ્યાં છે.

"સારૂં. તું ફરીથી મળે ત્યારે મારા આશીર્વાદ કહેજે."

સુખ–દુઃખ, શોક–ભય, બધી લાગણીઓને દૂર હડસેલી મૂકી માનવી પ્રેમભર્યા જીવનની સફર કરતો હોય ત્યારે જેવો કંઠસ્વર હોય તેવું માધુર્ય આ શબ્દોમાં હતું. સ્થૂલિભદ્રના ન આવ્યાનું એમને લેશ-માત્ર દુઃખ નહોતું થયું. મંત્રીરાજે થોડીવારે કહ્યું:

"જીવક, સાગરનાં નીરનો તો કોઈ તાગ લાવી શકે પણ માનવીના દિલનો તાગ કોઈ લાવ્યું છે?"

"ના મહારાજ." જીવક આજે મહામાત્યની વિચિત્ર વલણ સમજી શકતો નહોતો. એણે ટૂંકો જવાબ વાળ્યો.

"જીવક! યક્ષાને અને શ્રીયકને તેડી લાવ. આજની રાત તારે અહીં રહેવાનું છે."

વધુ વિસ્મય! મહામાત્યની આજની વર્તણૂક એક પછી એક એને મૂંઝવણમાં નાંખી રહી હતી. પડતી રાતનું આકાશ આછા તારાઓથી ઝબકતું હતું. દેવાલયોના આરતીનાદ હમણાં જ શમી ગયા હતા. યક્ષા અને શ્રીયક થોડી વારમાં જીવક સાથે આવી પહોંચ્યા. પિતાની વિચાર-ગંભીર મુદ્રા જોઇ બંનેને આશ્ચર્ય થયું.

યક્ષા, શ્રીયક અને જીવક સામે બાજોઠ પર બેઠાં. મહામાત્યે ધીરેથી કહ્યું :

"યક્ષા, જીવનનું મૂળ શું?"

"પિતાજી, પ્રેમ, સમભાવ!"

"પ્રેમનું મૂળ શું? સમભાવનું મૂળ શું?"

"પિતાજી, ત્યાગ!"

"શાબાશ બેટી, પિતાની વિદ્યા તેં સફળ કરી. અને શ્રીયક, તું મોટો શૂરવીર છે. કેમ ખરું ને!" મંત્રીરાજ જાણે પરીક્ષા લેતા હતા.

"પિતાજી, આપના બોલવાનો અર્થ નથી સમજાતો." શ્રીયકે કહ્યું.

"ઉતાવળો થઇશ મા. શ્રીયક, બધો અર્થ સમજાવું છું, પણ રહસ્યવિદ્યા આપતા પહેલાં શિષ્યની ગુરુ પરીક્ષા કરે છે, એમ મારે તારી પરીક્ષા કરવી જોઇએ ને! શૂરવીર તો સાચો છે ને!"

"હા, પિતાજી!"

"એ શૂરવીરતા દેખાડવાનો પ્રસંગ ચાલ્યો આવે છે, કાલે કદાચ તારી જ તલવારથી મગધના મહાન દુશ્મનનું માથું ઉતારી લેવું પડે! એ માટે તૈયાર છે ને!"

"પિતાજીની આજ્ઞા અને મગધની સેવા એ તો મારો જીવનમંત્ર છે." શ્રીયકે શાન્તિથી કહ્યું.

"બરાબર છે. સાચા શૂરને એ જ શોભે. પણ શ્રીયક, જરાય મૂંઝાયા વગર કે આશ્ચર્ય પામ્યા વગર એ દુશ્મનનું નામ જાણી શકીશ ને! નામ જાણીને ડરી તો નહિ જાયને! દહેશત તો નહીં લાગે ને! વીરતા ઓસરશે તો નહિ ને!"

"પિતાજી, કેવું કેવું તમે કહો છો? ભલા, શ્રીયક માટે કદી કોઈએ બે શબ્દ કહ્યા છે? પણ છેલ્લા વખતથી તમને આ શું થયું છે?" યક્ષાએ વચ્ચે વાત અધૂરી રાખતા કહ્યું: "એક તરફ શ્રીયકનો લગ્નોત્સવ ચાલે છે. મહેમાનો આવી રહ્યા છે. પિતાજી, પુત્રીની ભૂલ થતી હોય તો ક્ષમા કરશો, પણ આટલું રાજસિક વાતાવરણ હજીય કેમ પથરાયે જાય છે? શું આપણો અહિંસાધર્મ કેવળ કહેવાનો? આપણા ઉત્સવો કેવળ માણવાના? શુદ્ધ, સાત્વિક ને નિર્મળ ભાવનાની કશીય આવશ્યકતા નહિ."

"યક્ષા, તું કહે છે, તે બરાબર છે. પણ નિયતિના અનંત ચક્રનો કોઈ ભેદ પામી શક્યું છે? આપણે તો એ ચક્રના વેગે ઘૂમનારા જીવ છીએ. તારા પિતાનો અભ્યાસ ક્યાં? એની વૃત્તિ ક્યાં? એ આજે શું કરે છે? એનો મગધપ્રેમ શું કહે છે? છતાં પૂછી લે આ જીવકને! મગધના મોટા શત્રુ તરીકે આજે તારા પિતાની ગણના થઈ છે."

"મગધના શત્રુ તમે?" શ્રીયકને વજ્રાઘાત જેમ થયું. "પિતા, એ બોલનારની હું જીભ ખેંચી લઉં."

"તારા કરતાં મારી સત્તા વધુ છે. હજીય આ વૃદ્ધાવસ્થાએ બીજાં બે સમરાંગણો ઘૂમી શકું તેમ છું. પણ એ સમરાંગણો કોની સામે હોય? મારા મગધની સામે ન હોય. દીકરો ગમે તેવો હોય, પણ મા તે મા. કદીય મા દીકરાના ગમે તેવા અપરાધમાં પણ ખંજર હુલાવી શકે?"

"દીકરાને મા દુશ્મન પણ ન લેખે, પિતાજી."

"શાન્ત થા શ્રીયક, તારો પિતા તો તારી શૂરવીરતાની પરીક્ષા કરવા આવ્યો છે. મગધના પ્રેમની ખાત્રી કરવા આવ્યો છે."

"સૂર્ય ચમકે છે કે નહિ એની ખાતરી, પિતાજી! આપોઆપ થઇ શકે. મશાલોનો પ્રકાશ એને ન જોઇએ. કલ્પક મંત્રીના વંશજોનો મગધપ્રેમ આજ જગપ્રસિદ્ધ છે. એની સામ્રાજ્યસેવાને તો જગત વંદે છે."

"સાચું કહે છે, શ્રીયક! પણ સાચું સંતાન પૂર્વજોનાં ઉજળાં કર્મથી ન ફૂલાય. એણે વિચારવું જોઇએ કે પોતાના પૂર્વજનું વફાદારીનું લોહી હજી એટલું જ ગરમ છે કે નહિ? લોકકલ્યાણની ભાવના હજીય એટલી ભરી છે કે નહિ?"

"પિતાજી, એની તો અવસરે પરીક્ષા થાય. એવી વેળા આવે શકટાળના કોઈ વંશજે માથું ઉતારી આપવામાં વિલંબ કર્યો નથી અને કરશે નહિ." શ્રીયકના શબ્દોમાં એની જુવાનીને શોભે તેવું અભિમાન હતું. એની આંખોમાં દઢતા ચમકતી હતી. એનું મસ્તક ટટ્ટાર થઇ ગયું હતું.

"કેવળ માથું ઉતારી આપવામાં જ બહાદુરી નથી. શ્રીયક, મરી છૂટવું એ તો કર્તવ્યપરાયણ પુરૂષો માટે નાનીસૂની વાત છે. સ્થૂલિભદ્ર હોત તો આ વાત જલદી સમજી શકત. આપણા પ્રતાપી પૂર્વજ કલ્પકના જીવનને એ પૂરેપૂરું સમજી શકયો હતો. શ્રીયક, કર્તવ્ય અર્થે પોતાના પ્રાણથી ય પ્રિય આપ્તજનની કતલ કરી, સળગતે હૃદયે સ્વ-ધર્મની સેવા બજાવવી એનું નામ ધર્મ છે." મહામાત્ય છેલ્લા શબ્દો પર વજન મૂકી રહ્યા હતા.

"પિતાજી, તમારા શબ્દો અમને ભયભીત કરી રહ્યા છે. રાજકીય વેરઝેરમાં ભાઇને લઇ જશો મા! વેર વેરથી નહિ શાન્ત થાય. અત્યારે લગ્નની ધામધૂમની ચર્ચા હોય કે આવી ડરામણી ને ભયભીત કરનારી વાતો હોય?" યક્ષાએ ફરીથી આ અપ્રિય વાતને રોકવા પ્રયત્ન કર્યો.

" નિર્વૈરનો તો હું પણ પૂજારી છું. યક્ષા, બેટા, ભયભીત વાતો કરવાનો વખત આવ્યો હોય ત્યારે જ આવી વાતો હું કરું. અને એટલે જ મગધની રાજકીય ભૂમિકા પર સળગી ઉઠેલા વેરના હુતાશનમાં મારે મારી આહુતિ આપી વેર શાંત કરવું છે. "

" કંઇ નથી સમજાતું પિતાજી ! " શ્રીયક મુંઝાતો હતો.

" બેટા, હૈયું હાથમાં રહેશે, તો હમણાં જ સમજાઈ જશે. કદાચ જ તું જાણતો હઇશ કે તારા પિતાનું નિર્માણચક્ર વિપરીત વહી રહ્યું છે. તારો પિતા આજે મગધનો હિતશત્રુ લેખાયો છે. મહારાજ નંદને અવિશ્વાસ આવ્યો છે. જેણે સદા સેવકધર્મ અપનાવવામાં ઇતિશ્રી માની એના પર જ સર્પના સ્વભાવનું તહોમત મુકાયું છે. મગધને, મગધના સામંતોને, મગધની પ્રજાને હવે આ મંત્રી જોઇતો નથી. "

" એમને મંત્રી ન જોઇતા હોય તો મંત્રીને તે નથી જોઇતા. " શ્રીયકે કહ્યું.

" એ પણ ખોટું છે. એ ભલે મંત્રીને તિરસ્કારે પણ મંત્રીને તો એ જોઇએ છે. મંત્રીને તો એ બધા પાછળ પોતાના જીવનની એકનિષ્ઠ સાધના છે. શ્રીયક, સ્થૂલિભદ્ર અને યક્ષા જેટલાં જ એ વહાલાં છે. મંત્રીને એ છોડે. મંત્રી એમને નહિ છોડે. "

" પિતાજી, બધા ય નીલકંઠ નથી બની શકતા. ઝેર પી પીને કેટલું પીવું ? ક્યાં સુધી પીવું ? અરે, અને પીને પચાવી જાણ્યું ત્યાં સુધી તો ઠીક, પણ પછી ? "

" પછી શું ? કર્તવ્યને ખાતર જીવન જીવનારને જીવનની ચિંતા હોય કે કર્તવ્યની ? તારા જ પિતાએ પોતાના વહાલા સંતાન સ્થૂલિભદ્રને કેટલા વર્ષથી ગુમાવ્યો ? એની પાછળ કેટલી આશાઓ વ્યર્થ થઇ ? છતાં ભવિષ્ય ઊજળું બને, ભૂલેલો કદી સમજે એ ખાતર જ મેં બળતું હૃદય રાખી એ વિષ પચાવી લીધું. એવો એક બીજો પ્રસંગ આજે આવીને ઊભો છે. આજે મગધ પર આંતરિક શત્રુઓનો જબરદસ્ત

હલ્લો થઇ ચૂક્યો છે. બહારના શત્રુઓના પંજામાંથી મગધ બચી શકે, પણ આ હલ્લામાંથી નહીં બચી શકે. મારી નજર નીરખી ચૂકી છે, કે જો આ ને આ સ્થિતિ રહી તો ભવિષ્ય કાળું બની જશે. અને એટલે જ મેં નિશ્ચય કર્યો છે, કે જીવનથી જે કર્તવ્યપાઠ પઢ્યો, એ જ હવે મૃત્યુથી વિશેષ પઢી બતાવું. મગધની જોગણીઓ આજે નવલખો માગે છે."

"પિતાજી, સ્પષ્ટ બોલો!"

"તારા પિતાને કર્તવ્યને ખાતર આ સંસારમાંથી કૂચ કરવાનો વખત આવી ઊભો છે. ક્ષુધાતુર થયેલી મગધની જોગણીને મારા જેવો નવલખો ક્યાં મળશે? મારા લોહીથી એને તૃપ્ત કરવાનો મેં નિર્ણય કર્યો છે. અને એ તર્પણ ધરશે મારો શૂરવીર પુત્ર શ્રીયક!"

"શા માટે તર્પણ પિતાજી?"

"મગધના ઉકળેલા ચરૂને શાંત કરવા. મારા મગધને બને તેટલું સંગઠિત રાખવા. તારો પિતા જીવતાં કેટલાય દેશ લઇ આવ્યો છે. હવે મરીને લીધેલા દેશોને સાચવી લેવા માગે છે. બેટા, તારા વીર પિતાની ભસ્મમાંથી પણ પોયણાં ખીલશે. આજે તો હું મગધનો શત્રુ છું. તારે એને શિક્ષા કરવાની."

"પિતાજી, શ્રીયકને નાનો ન માનશો. ભોળો ન કલ્પશો. મગધના મંત્રીને શત્રુ કલ્પનારાઓ સામે શ્રીયક એવો જબરદસ્ત દાવાનળ પેટાવી શકે તેમ છે, કે એ બધા ક્ષણમાં ભસ્મીભૂત બની જશે. ભોળો શ્રીયક બીજું મગધ સરજવાની તાકાત સેવે છે." શ્રીયકની જબાન પર અત્યારે લાવારસ વહેતો હતો.

મહામાત્યે એક પ્રચંડ હાસ્ય કર્યું. એ હાસ્યના પ્રવાહે લાવારસને જાણે ઠારી દીધો. એમણે શાંતિથી કહ્યું: "શ્રીયક, સ્થૂલિભદ્ર હોત તો આમ ન કહેત. કોઈ પોતાના સરજનનો પોતે વિનાશ કરે? કોઇ મા ગમે તેવાં પણ પોતાનાં સંતાનને મારે! મંત્રી એટલે આદર્શ પતિવ્રતા

માતાનો ધર્મધારક. માતાને એનો સ્વામી ધિક્કારે, નવી પત્ની લાવે, તો ય એ આદર્શ આર્યા કયો ધર્મ આચરવાની? સંતાનપાલનનો, સંતાનસંહારનો નહિ."

"પિતાજી, જે ભૂમિ જાકારો આપે એને તજી દો! ચાલો, હિમગિરિ તરફ જઇએ. ત્યાં વિષ્ણુગુપ્ત છે, કુમારગુપ્ત છે, ભદ્રબાહુસ્વામી છે. શાન્તિ લાધશે. સમૃદ્ધિ લાધશે."

શ્રીયકે પોતાના વિચાર જણાવ્યા. યક્ષા પણ અનુમોદન કરી રહી. "બરાબર કહે છે શ્રીયક."

"શાંતિ અને સમૃદ્ધિ તો ત્યાં લાધશે, પણ મારું મગધ, મારો રાજા ત્યાં ક્યાંથી લાવીશ? યક્ષા, તારો પિતા એકેશ્વર્ય છે. જીવનમાં એને બીજો સ્વામી નહિ–જીવનમાં એને બીજી પ્રજા નહિ. મંત્રી રહીશ તો અહીંનો. આ હાથ કદી બીજાને નમ્યો નથી. આ જીભે કદી પ્રભુ કે નંદ સિવાય કોઇને સ્વામી કહ્યો નથી."

"પણ તેમાં મરવાની ઘેલી વાતો શા માટે?"

"ઘેલી વાતો નથી. સાચી વાત છે. શ્રીયક, મગધના ડાઘ એટલા મોટા થયા છે, કે મારા લોહી વિના નહીં ભુંસાય. મહારાજા આજે મને નહિ પણ મારા આખા વંશને નાબૂદ કરવા તૈયાર થયા છે. મારી પાછળ જીવક જેવા મારા વિશ્વાસુ સેવકોના જાન પણ જોખમમાં છે. મારા તમામ કાર્યો પાછળ પણ તેઓની આશંકાઓ આવી ઊભી છે. આવી દશામાં હું નાસી જાઉં કે સાધુ થઇ જાઉં તેથી પણ શું વળ્યું? મારું મગધ, મારા સંતાન, મારા સેવકો, મારા કાર્યો; એ બધાં પાછળ વિનાશ ઘુમશે. વિનાશમાંથી વેર જન્મશે. બંનેને અહિત કરશે. સામ્રાજ્યની દોરી અયોગ્યના હાથમાં જશે."

"પિતાજી, અન્યાયનો પાપભાર સામ્રાજ્યને ખાઇ નહિ જાય?"

"સેવકને એ જોવાનું નથી. મારા બલિદાનથી મગધના ખળભળતા પાયા એક વાર અવશ્ય સ્થિર થશે."

" પિતાજી, તમારી ફિલસુફી તમારી પાસે ભલે રહે. મારાથી એ કામ નહિ થાય ! "

" તો મારું જીવન લજવાય. શ્રીયક, પિતાની આજ્ઞાથી વગરવિચારે બીજાનું મસ્તક ઉડાડી દેવા તૈયાર થનાર શૂરવીર, પગ નીચે બળતું આવે ત્યારે ડગે ખરો ? સર્વશ્રેષ્ઠ પ્રેમની કિંમત તું જાણે છે ? "

શ્રીયક ચૂપચાપ ઊભો હતો.

" સર્વશ્રેષ્ઠ પ્રેમની કિંમત ત્યાગ. મારા સંતાનો એ ભૂલી જાય તો હું ભવોભવ નિઃસંતાનતા જ વાંછું. આપણા પૂર્વજ કલ્પકનું દૃષ્ટાંત વિસરી ગયો. શ્રીયક ! સગી આંખ સામે ભૂખે–તરશે રીબાતાં રીબાતાં મરી જતાં સ્વજનોને કયા સ્નેહથી એ જોઇ શકયા હશે ? શ્રીયક, પુષ્પહારનો મોહ માનવીના જીવનને ગંધાવી મૂકે છે, જ્યારે ઘણીવાર તલવારનો વાર માનવીને મારતો નથી પણ જીવાડે છે. મને જીવાડી લે ! મગધને જીવાડી લે ! મગધના નાથને જીવાડી લે ! તારા પિતાને હૈયે એટલી હૈયાહૂંફ રહેવા દે કે એનાં સંતાન નમાલાં નહોતાં. શૂરવીરનો ધર્મ ભૂલેલાં નહોતાં. બેટા, સ્થૂલિભદ્રે જે ઘા મારા હૃદય પર કર્યો, એવો ઘા તું ન કરીશ. એમ થશે તો તારા પિતાનું મૃત્યુ બગડશે. એનો આત્મા અશાન્તિમાં પડશે. મારો સંસાર ઝાંઝવાના નીર જેવો હતો, એવું કોઇ ન કહે, એવું કરી બતાવ. પિતૃઆજ્ઞા માટે માતાને હણનાર જેવો પુત્ર પરશુરામ મારે ત્યાં છે, એટલું અભિમાન મને લેવા દે ! "

" પિતાજી, બીજો કોઇ માર્ગ નથી ? "

" બીજો માર્ગ હોત તો તારા પિતાને હજી તારા લગ્ન કરવા હતાં, યક્ષા અને આ છ યે પુત્રીઓને સારા ઠેકાણે મૂકવી હતી. સ્થૂલિભદ્રની સુપ્ત પ્રતિભાને એક વાર જગાડી જોવી હતી; મારે પણ આ રાજપ્રપંચમાંથી મુક્ત થઇ સાધુ થવું હતું. ભદ્રબાહુ પાસે જવું હતું. પણ એ તો હવે આવતે ભવે. આજે તો પળેપળ મગધ માટે ભારે છે. ભોગ

આપવામાં જેટલો વિલંબ એટલો સત્યાનાશનો વધુ સંભવ. કાલે મહારાજા કંઇ અકૃત્ય કરે, એ પહેલાં મારે તેમને શાન્ત કરી દેવા જોઇએ. આવતી કાલે રાજસભા ભરાવાની છે. એ વેળા તારે કલ્પક મંત્રીના વંશને ઉજળો કરવાનો છે. જોજે બેટા, હાથ ન થરથરે! તરવારનો બીજો વાર કરવો ન પડે! ઇતિહાસમાં શ્રીયક જેવા પુત્ર ને શકટાલ જેવા મંત્રીને માટે જોજે કોઇ એમ ન લખે કે સાંસારિક મોહમાં બંને પોતાનો ધર્મ ચૂકયા."

શ્રીયક કંઈ જવાબ ન આપી શકયો. એ મસ્તક નમાવી બેસી રહ્યો.

આ પછી આખી રાત કોઇ ન ઊંઘ્યું. પુત્રીઓએ આંસુની ગંગા–જમના વહાવી. જીવક પણ રડી ગયો. શ્રીયક પણ ગળગળો થયો કેવળ શાન્ત હતા મહામાત્ય!

લાંબા પ્રવાસે જતો મનુષ્ય જેમ સ્વજનોને શિખામણના શબ્દો કહે તેમ તેમણે બધું કહ્યું. યક્ષાને છેલ્લે છેલ્લે કહ્યું :

"યક્ષા, સ્થૂલિભદ્રને તો ન મળાયું. એના પર મને મોટી આશા હતી, હવે મળે તો જરૂર કહેજે, કે ભાઇ, સાચો પ્રેમ તો ત્યાગમાંથી જન્મે છે. જેમાં ત્યાગ નથી, એ પ્રેમરસ ફિક્કો છે. શ્રીયક, યક્ષા, તમને પણ મારો એ સંદેશ છે. રાજકાજ તરફ જશો નહિ. જાઓ તો જવાળામુખીનું શિખર સમજીને જજો! પાછળથી પસ્તાવું ન પડે અને લીધેલો વેશ અધૂરો ન રહે. ધર્મનું શરણુ ચૂકશો મા! જીવનનું મૂલ્ય અને મૃત્યુનું મૂલ્ય બંને મુલવી જાણજો. શકટાળનાં, અરે કલ્પકનાં સંતાન છો: એ રીતે જીવી જાણજો! મારા મૃત્યુનો હર્ષ કરજો, કારણ કે મગધ આજે તો શત્રુઓના હાથમાંથી ઊગરી ગયું. એકના મૃત્યુથી હજારનાં સુખ જન્માવી શકાતાં હોય તો બેટા, એ મૃત્યુથી રૂડું શું? એ મરવામાં ડરવા જેવું શું?"

મહામાત્યે બધાં પુત્ર–પુત્રીઓના મસ્તક સુંઘ્યાં. નભોમંડળ ઘેરાયે જતું હતું. તારલીયાઓ પ્રકાશ રેડવા વ્યર્થ પ્રયાસ કરી રહ્યા હતા.

# પિતૃહત્યા

## [ ૨૪ ]

**જ્વાળામુખીના** ગર્ભ જેવી રાજસભા કડેઠઠ ભરાઇ હતી. કંઇકંઇ અવનવા બનાવોની આગાહી પ્રજાથી લઇને મહારાજા સુધી થઇ રહી હતી. એકેએક સૈનિક આજે શસ્ત્રાસ્ત્રથી સજ્જ હતો. દુર્ગની ચોકી પર નવા જ ચોકીદારો હતા. આખો રાજમહાલય મહારાજાના વિશ્વાસુ લેખાતા ભૃત્યોથી ભરાઇ ગયો હતો.

મહારાજા નંદની આંખો ક્રોધથી લાલઘૂમ બની ગઇ હતી. એમના ચહેરાના હાવભાવ પરથી પ્રજાને ખાતરી થઇ હતી કે નક્કી આજે નવાજૂની થવાની. રાજહઠ તો જાણીતી વસ્તુ છે; રૂઠેલો રાજા શું ન કરે? મહારાજાનો ક્રોધ મહામાત્ય પર છે, એ સહુના જાણવામાં હતું. મહામાત્ય પણ મગધના બીજા નાથ જેવા હતા. આ બે વચ્ચે ચકમક ઝરશે, એ વેળા મગધનો કયો યોદ્ધો તલવાર પર હાથ મૂકી શકશે કે જબાન હલાવી શકશે. પણ ભયભીત થવાની જરૂર નહોતી. યોજના આખી તૈયાર હતી. મહામાત્યને સંકેતની સાથે કેદ કરી લેવાની, સામા થાય તો બળ વાપરીને પણ વશ કરી લેવાની. આ પછી મહામાત્યના વિશ્વાસુ સેવકો, સ્વજનો, સ્નેહીઓ બધાંની યાદી મહારાજાએ રથાધ્યક્ષને આપી રાખી હતી. સાપને કે સાપના ઇંડાને એમાંથી એકેને છૂટા મૂકવાની અને યોગ્ય લાગે તો જીવતા મૂકવાની પણ સખત મનાઇ હતી.

આખી સભાનો શ્વાસ અદ્ધર બાંધ્યો હતો. હૈયાં ધડકધડક થઇ રહ્યાં હતાં. મહામાત્યને આવતાં કંઇક વિલંબ થયો. આટલા વિલંબે તો અનેક તર્કવિતર્ક જન્માવ્યા. પ્રજાને હૈયે આજે એક પણ વિરોધનો શબ્દ નહોતો. સદાના સેવક ને મગધને સુખી કરનાર મંત્રી માટે એને

હૈયેથી જાણે હેતભાવ ઊતરી ગયો હતો. આવી નગુરી પ્રજાના પાપનો ભાર ઓછો નહોતો. પણ થોડીવારમાં મહામાત્ય દેખાયા. રોજની એ જ ગૌરવભરી, દમામદાર ચાલે આવતા નિહાળી આખી સભા એક વાર આપોઆપ નમી પડી. એમનું મસ્તક કેસરી સમાન ઉન્નત હતું. એમનાં નયનોમાં વગર શસ્ત્રે ઘા કરે એવી વીજળી ચમકતી હતી. મુખમુદ્રા પર એ જ દૃઢતા, એ જ પ્રતાપ, એ જ વિભૂતિ હતી.

"ના, ના, આવો મંત્રી વિશ્વાસઘાતી ન હોય." એક વાર આખી સભાના મન પરથી શંકાની છાયા ઊડી ગઈ. બધા હજી મનમાં કંઇ વિચાર કરી રહ્યા છે, મહારાજા પણ કઇ રીતે કામ લેવું, એની મુંઝવણમાં પડ્યા હતા, ત્યાં અચાનક એક તલવાર ઊંચકાતી ને નીચે ઉતરતી દેખાઈ. ક્ષણવારમાં મહામાત્યનું મસ્તક કપાઇને મોટા અવાજ સાથે નીચે પડ્યું. આખી સભામાં લોહીનો છંટકાવ થઇ ગયો. સામેજ લોહી ટપકતી તલવારે શ્રીયક માથું નમાવી ઊભો હતો.

સામંતો ખડા થઈ ગયા. સરદારોએ દગાના ભયથી તલવારો ખેંચી કાઢી. મહારાજા નીચે ઊતરી આવ્યા. પૃથ્વી માર્ગ આપે તો સમાઇ જવાની ઇચ્છાએ શ્રીયક જાણે માથું નીચે ને નીચે નમાવી રહ્યો હતો. ઘા બરાબર આવ્યો હતો. ગજરાજ જેવી કાયા જમીન પર એક બાજુ ઢળી પડી હતી. દિવ્ય જ્યોતિથી દીપતું મસ્તક બીજી બાજુ હતું.

"શ્રીયક, આ શું કર્યું ?"

"મહારાજ, કર્તવ્યધર્મનું પાલન."

"પણ પિતાની હત્યા ? મહામાત્યનું ખૂન ?" મહારાજા નંદના સ્વરો ફાટી ગયા હતા.

"પિતા હોય તેથી શું ? મહામાત્ય હોય તેથી શું ? મગધનો એક શત્રુ જીવતો ન રહેવો જોઇએ. મહારાજ, સાપ તો મરાયો, હવે સાપનાં બચ્ચાં હાજર છે. આજ્ઞા આપો કોઇ શૂરા સામંતને ! એમનાં બલિ

આપી મગધના ડોલતા પાયા સ્થિર બનાવો ! પિતાજી તો ધન્ય બની ગયા." શ્રીયક બોલતો નહોતો. ભવોભવની વેદનાનો આર્ત્તનાદ એમાં પડઘા પાડતો હતો.

શ્રીયકના શબ્દોએ, રક્તના કૂંડમાં તરતા મહામાત્યના ગૌરવપૂર્ણ મસ્તકે મહારાજ નંદના હૃદયને ગંગાજળની જેમ શુદ્ધ કરવા માંડ્યું. ત્યાગની વેદીપર હસતે મુખડે વેરાયેલા લોહીમાં પ્રચંડ તાકાત હોય છે. એ તાકાત બધાંનાં હૃદયોને શુદ્ધ વિચાર કરવા પ્રેરવા લાગી. વાદળાં વિખરાઇ જવા લાગ્યાં. આકાશ નિરભ્ર બનતું લાગ્યું. સત્યના સૂર્યનો ઉદય થતો ચાલ્યો.

" શ્રીયક, તારો રાજા કોઇ ભયંકર યુદ્ધમાં જેટલો મતિહીન નથી થયો, એટલો આજે થયો છે, ખુલાસાઓ થઇ શકતા હતા, આ ખૂન શા માટે ? "

" મહારાજ, મગધનું રાજકારણ એટલું ગુંચવાયું હતું કે ખુલાસાઓ બીજા ખુલાસાઓના ઉત્પાદક બનત. વહેમનાં જાળાં તૂટવાને બદલે વણાયે જાત ! મગધની ધરતીને નવલખાનો ભોગ જોઇતો હતો. મહારાજ નંદના એકૈશ્વર્ય મંત્રી સિવાય એ ભોગ બીજું કોણ આપે ? "

" એકૈશ્વર્ય મંત્રી ! " મહારાજા ધીરેથી બોલ્યા. એમને જાણે તદ્દન વિસરાયેલી કોઇ વાત યાદ આવી રહી હતી.

" અમારો એકૈશ્વર્ય મંત્રી ! " સભા ગાજી ઉઠી.

" મહારાજ, નિર્વૈર ધર્મના ઉપાસક મંત્રીરાજે કુમારગુપ્તને જીવાડી એના સંતાનોમાં વેરની ભુંડી આગ ન પેટાવી. વેર વેરથી શમતું નથી. મંત્રીરાજ મગધની ઢાલ હતા. અનેક ઉછળતી તલવારો એમણે પોતાના દેહ પર ઝીલી છે. વિદ્વાન વરરુચિને પરાસ્ત કરનાર મંત્રીને બીજો સ્વાર્થ નહોતો. એને મન મંત્રીપદ મોટું નહોતું. સેવા મોટી હતી. મગધ સમર્થ બની રહે, એ માટે એમણે મિત્રોનો પણ રોષ વહોર્યો !

પણ જ્યારે વાડે જ વેલો ગળવા માંડ્યો ત્યારે ? મગધની જોગમાયા રૂઠી. મગધ માથે પાપભાર વધ્યો. સહુની વતી એમણે એનું પ્રાયશ્ચિત્ત લીધું. યોદ્ધાનું જીવન ગાળનારને મૃત્યુનું દુઃખ નથી, પ્રસંગનું હોય છે. મગધનાથ, એ મંત્રીની સેવાના બદલામાં એના પુત્રો પણ મરવા તૈયાર છે, વેરનો એક અંશ પણ બાકી ન રાખશો. પિતાજીએ પણ છેલ્લો સંદેશ એ આપ્યો હતો. ભગવાન મહાવીરની ભૂમિને નિર્વેરથી સીંચજો !"

શ્રીયક મસ્તક નમાવી ઊભો રહ્યો. સાત સાત મેઘ વરસવા ઝઝૂમી રહ્યા હોય એવી ઘનઘોરતા એના કંઠમાં હતી. શબ્દસાંકળની કડીએ કડી વ્યથાના ભારથી તૂટી રહી હોય તેવા એ વાક્યો હતા.

" શ્રીયક, મેં ભૂલ કરી. આજે મગધે ખોટ ખાધી. આજે મારા પિતા સમાન એકૈશ્વર્ય મંત્રી ખોયો. "

મહારાજાના નેત્રોમાં ખરેખર આંસુ હતા. શું તેઓ રડી રહ્યા હતા ? ના, ના, આખી સભા પણ તેમની સાથે રડી રહી હતી. મહારાજા એકદમ આગળ વધ્યા. એમણે મહામાત્યના મસ્તકને ઊંચકી લીધું. પોતાના સિંહાસન પર સ્થાપી દીધું.

સાહિત્યના રસિયા બનેલા મહારાજાના મુખમાંથી સ્વયં કાવ્ય-પંક્તિ સરી પડી.

धीरस्यापि शिरच्छेदे
वीरत्वं नैव मुञ्चति ॥

" શ્રીયક, મગધના મહામાત્યને શોભે તેવી અંત્યેષ્ટિ ક્રિયાનો આરંભ કરો અને આ મંત્રીમુદ્રાને સ્વીકારો ! મંત્રીરાજ તો જીતી ગયા. એમણે અધૂરાં રાખેલાં લગ્ન હું પૂરાં કરીશ. શ્રીયક, તારો પિતા બની હું એનું પ્રાયશ્ચિત કરીશ. મંત્રી વિનાના મગધને સનાથ કરો ! "

પિતાના રક્તપ્રવાહે મગધના રાજકારણને પરિશુદ્ધ કરી દીધું હતું. શ્રીયકે નમન કરતાં કહ્યું :

" મહારાજ, મારો મોટો ભાઇ સ્થૂલિભદ્ર એ પદને યોગ્ય છે."

" સ્થૂલિભદ્ર ! "

આખી સભામાં નવીન ઇંતેજારી પેદા થતી લાગી.

" હા, મહારાજ ! મગધસુંદરી કોશાના આવાસે છે. રાજદૂત જાય તો હમણાં આવશે. મંત્રીમુદ્રાનો એ સાચો અધિકારી છે."

" રથાધ્યક્ષ, જાઓ, સ્થૂલિભદ્રને સન્માન સાથે તેડી લાવો."

રથાધ્યક્ષ નમન કરી ત્યાંથી વિદાય થયો. રાજસભા શોકસભાના રૂપમાં ફેરવાઇ ગઇ. મગધને શોભતી અંત્યેષ્ટિ ક્રિયા ચાલુ કરવામાં આવી. થોડાએક વખતમાં તો મગધમાં અજબ ફેરફાર થઇ ગયા હતા.

# અધૂરી રમત

## [ ૨૫ ]

ચિત્રશાળા હાસ્ય અને વિનોદના સ્વરોથી ગૂંજી રહી હતી. સ્થૂલિભદ્ર અને કોશા ચોપાટે રમવા બેઠાં હતાં. ખરો રંગ જામ્યો હતો. કોશા દાવ પર દાવ જીતી રહી હતી. સ્થૂલિભદ્રના પાસા આજે અવળા પડતા હતા. રંગભુવનની સુંદર દાસીઓ, પરિચારિકાઓ ને ગાયિકાઓનું ટોળું ત્યાં જામ્યું હતું. સહુના હાસ્યધ્વનિમાં પિંજરમાં પૂરાયેલાં શુક-સારિકા પણ સ્વર પુરાવતાં હતાં.

ચિત્રશાળાની મધ્યમાં સુવર્ણમય વિરામાસન પર સામસામા કોશા અને સ્થૂલિભદ્ર બેઠાં હતાં. વચ્ચે સુંદર કળામય બાજોઠ પર ચોપાટ બિછાવવામાં આવી હતી. ચોપાટ પર મણિમુક્તા જડ્યાં હતાં, ને એના પાસા સ્વચ્છ સ્ફટિકના હતા. પાસે સુવર્ણપાત્રોમાં મીઠાં-મધુરાં પેય ભર્યાં હતાં. થોડી થોડીવારે કોશા સ્થૂલિભદ્ર સમક્ષ પેય-પાત્ર ધરતી. મગધની અનુપમ રંગશાળા સર્જનાર કોશાની ચિત્ર-શાળા પણ અનુપમ કલા કારીગરીનો નમૂનો હતી. એ આવાસમાં પ્રવેશનારને સ્વર્ગ કે પૃથ્વીની વિમાસણ થઈ આવતી. કોશાએ એના વાળના ગુચ્છા કળામય રીતે ગૂંથ્યા હતા. અંબોડામાં એક સાદું કમળ ગૂંથ્યું હતું. એની લાંબી ખુલ્લી બે ભૂજાઓ કામદેવના શાસનદંડ સમાન શોભતી હતી. એણે નખ ચિતરી સુંદર ચિતરામણ કાઢ્યાં હતાં. વેલબુટ્ટા-વાળું ઇત્રભર્યું પારદર્શક ઉત્તરીય એણે ઓઢ્યું હતું. વારે વારે એના અર્ધકુસુમિત અધરોમાંથી માદક હાસ્યગંધ સ્ફૂરતું.

સ્થૂલિભદ્રની ગૌર, માંસલ કદાવર કાયા એક મુગ્ધ સ્નિગ્ધતાથી ઓપી

રહી હતી. એની બંકી ગરદન પર પથરાયેલા વાળ અને મોટાં નેત્રો પુરુષત્વનો પરમ વિકાસ દર્શાવતાં હતાં. સ્થૂલિભદ્રના કાંડા પર પુષ્પનાં બે કંકણો પડ્યાં હતાં. ગળામાં એક મોટો રત્નહાર એના ઢાલ જેવા વક્ષ-સ્થળ પર રમતો હતો.

"ભદ્ર, હાર પુરુષની જ થવા સર્જાઈ છે."

"ના, ના, કોશા; જીતતો પુરુષ હારતી સ્ત્રીને જીતાડીને પરમ આનંદ માને છે."

"જીત સદા સ્ત્રીને વરે છે. પુરુષની કઠોરતાથી, તલવારથી, કટારીથી જે વિજય નથી સાધી શકતા; એ સ્ત્રી એક આંખના ડોલન માત્રથી સાધી શકે છે. સ્ત્રી સંજીવની મનાઈ છે." અને કોશાએ દાવ નાખ્યો. એક વધુ જીત એને મળી. સ્થૂલિભદ્રના પાસા અવળા જ પડતા ચાલ્યા. જેમ પાસા અવળા પડતા ચાલ્યા એમ એનો પોરસ વધતો ચાલ્યો.

બરાબર રંગ જામ્યો હતો. એ જ વેળાએ અચાનક રથાધ્યક્ષ અંદર હાજર થયો. કોશા મગધના રાજદૂતને જોઈને ચમકી ગઈ. એનું જમણું અંગ ફરકવા લાગ્યું. કોઈપણ માણસને પ્રવેશ કરાવતાં પહેલાં પોતાની આજ્ઞા લેવાની મર્યાદા આજે કાં લોપાણી ?

"કુમાર, મહારાજા નંદ તમને યાદ કરે છે." રથાધ્યક્ષે વિનય દાખવતાં કહ્યું.

"આટલાં વર્ષે મને શા માટે યાદ કર્યો ?"

"જરૂરના કામે. મગધના મહામાત્ય અને આપના પિતાજીની અંત્યેષ્ટિ ક્રિયામાં ભાગ લેવા અને મંત્રીમુદ્રા સ્વીકારવા."

"શું પિતાજી ગૂજરી ગયા ?"

"ના. એમની હત્યા કરવામાં આવી."

"હત્યા ? કોને હાથે ?"

"શ્રીયકના હાથે."

" ભાઇ શ્રીયકના હાથે ? રથાધ્યક્ષ, તું સાચું બોલે છે, કે મને છેતરે છે ? હું કંઇ સમજી શકતો નથી. "

" બહાર પધારો ને પ્રત્યક્ષ કરો ! "

વર્ષોથી પિતાજીના નામસ્મરણને પવિત્ર ગણી જેણે એક ક્ષણ પણ તેમનું નામ ઉચ્ચાર્યું નહોતું; એમના જ વધના સમાચાર ! સ્થૂલિભદ્રને લાગ્યું કે એ મૂર્ચ્છિત થઈ જશે. એણે કોશાનો કમળદંડ જેવો હસ્ત પકડી લીધો. થોડીવારે સ્વસ્થ થતાં કહ્યું: " કોશા, હું જાઉં છું. "

" પણ રમત અધૂરી છે, એનો ખ્યાલ રાખશો. "

" કોશા, હું કોનો ખ્યાલ રાખું ? મેં આજ સુધીમાં કયો અને કોનો ખ્યાલ રાખ્યો છે ? ખ્યાલ રાખ્યો હોત તો અહીં હોત ! અરેરે મેં પિતાજીને વનમાં રઝળાવ્યા. એમણે મારા ઉપર આધાર રાખી નિવૃત્તિની ઘણી આશાઓ સેવી હતી. શ્રીયકે તો પિતાને તરવારના વારથી તરત મૃત્યુ આપ્યું હશે. મેં તો એ મહામના પુરુષને જીવનભર સંતાપની અગ્નિમાં જલાવ્યા. ભણેલાગણેલા, લાડ લડાવેલા પુત્રે જ પિતાને કમોત આપ્યું. મુજ પાપીનો ભાર પૃથ્વી શી રીતે ધારી શકશે ? "

સ્થૂલિભદ્ર રથાધ્યક્ષની પાછળ ચાલી નીકળ્યો. કોશાનાં સુંદર નેત્રોમાંથી સ્ફટિક મણિઓની હારમાળા જેવા અશ્રુબિંદુઓ ટપકી રહ્યાં હતાં. પણ એને આજે એનું મૂલ્ય કરવાની પણ ઇચ્છા નહોતી. જેને એકાદ પળવાર માટે પણ પાટલીપુત્રની શેરીમાં નીકળતાં શરમ દાબી દેતી. એ આજે ઉઘાડે છોગ પાટલીપુત્રની શેરીમાં થઈને નીકળ્યો. રથાધ્યક્ષ બધી રાજકીય બીનાઓ સંભળાવી રહ્યો હતો.

" રથાધ્યક્ષ, આ બધા લોકો મારા પર કેમ થૂંકતા નથી ? "

" કુમાર, તમે કાલે તો મહામંત્રી બનશો. "

રથાધ્યક્ષના શબ્દોમાં વ્યંગ હતો. ભદ્ર કાંઇ ભોળો નહોતો. એણે વિચાર્યું કે જો મહામંત્રી થવાનો ન હોત તો ખરેખર મગધના લોકો

મારા પર થૂંકયાં હોત ! મારા પર હજારવાર ફિટકાર વરસાવ્યો હોત ! અનેકવાર પ્રાર્થના કરી હોત કે કોઇ માતાને પેટ આવા પુત્રને બદલે પથ્થર પડજો !

અનંત વીંછી એક સાથે ડંખ્યા હોત, તોય આટલી કાળી વેદના એને ન થઇ હોત. હજાર તલવારના વાર પડ્યા હોત તો ય આટલો મર્મચ્છેદ ન થાત. સ્થૂલિભદ્ર એક પણ અક્ષર બોલ્યા વિના અંત્યેષ્ટિ ક્રિયામાં સામેલ થયો. પ્રજા નીચે સાદે વાતો કરતી હતીઃ

" અરેરે ! દીવા પાછળ અંધારું ! કયાં મહામાત્ય ને કયાં સ્થૂલિભદ્ર. "

પિતાના શબને ચંદનકાષ્ટમાં જલતું જોઈ સ્થૂલિભદ્ર રડી ન શકયો. લોકોએ હજાર હજાર ફિટકાર આપ્યા. નગુણો પુત્ર ! એ વિચારી રહ્યો હતો. " આ ચંદનકાષ્ઠની યોગ્યતા પણ મારામાં નહિ. પિતાજીના શબને સ્પર્શવાની શકિત એ કાષ્ઠ સિવાય કોની હોય ? પોતે બળીને બીજાને માટે સુવાસ પાથરીને જનાર માટે જ એ યોગ્ય હોય. પિતાજી, બળી મરીને પણ શું કરું ? મારા શ્વાસમાં જ સુવાસ ન હોય, પછી મારા દેહમાં કયાંથી આવે ? "

ચોધાર આંસુએ રડતો જીવક પાસે જ ઊભો હતો. એણે ધીરેથી કહ્યું:—

" મોટાભાઇ, પિતાજીએ તમને આશીર્વાદ કહ્યા હતા. અને એટલું કહેવાનું કહ્યું હતું કે સાચા પ્રેમનું મૂળ ત્યાગમાં છે. જેમાં ત્યાગ નથી એ પ્રેમરસ ફિક્કો છે. "

સ્થૂલિભદ્ર કંઇ ન બોલ્યો, પણ એણે જીવકનો એકેએક શબ્દ ગોખી લીધો. આહાર, વિહાર ને શૃંગારની તેની સૃષ્ટિમાં આજે જીવન, પ્રેમ ને ત્યાગ આ ત્રણ શબ્દો આળેખાયા. અંત્યેષ્ટિ સમાપ્ત કરીને સહુ પાછા વળ્યા. મહારાજાએ સ્થૂલિભદ્રને પોતાની પાસે તેડાવ્યો. આશ્વાસન આપતાં કહ્યું :

" સ્થૂલિભદ્ર, કેવળ તારા જ પિતા મૃત્યુ પામ્યા નથી, આજે મગ-

મના, મારા, તમામ પ્રજાના પિતા મૃત્યુ પામ્યા છે. એ મૃત્યુ ય પ્રજા માટે હતું. એમની ખાખમાંથી ય હજારો રસભર્યાં કમળો ઊગી નીકળશે. હવે આ મંત્રીમુદ્રા સ્વીકારી ઐકેશ્વર્ય મંત્રી બની મગધને શોભાવો. ”

“ મહારાજા, લાગણીઓનાં સંવેદનો એટલાં ભારે બની રહ્યાં છે, કે નિર્ણય કરવાની લેશમાત્ર શક્તિ નથી. મને એકાંત મળે એમ ઇચ્છું છું. અશોકવાટિકાની શાંતિમાં મને થોડીવાર શાંત થવા દો ! ”

“ જેવી ઇચ્છા, પણ જલદી પાછા ફરજો. ”

સ્થૂલિભદ્ર સ્નેહીજનોને મળ્યા વગર અશોકવાટિકા તરફ પાછો ફર્યો. સહુને લાગ્યું કે કોશાના આવાસ તરફ ગયો, પણ ના, દિશા જુદી હતી. એ ખરેખર અશોકવાટિકા તરફ જ ગયો. પાટલીપુત્રના પ્રસિદ્ધ ધવલગૃહની બાજુમાં આ વાટિકા આવેલી હતી. ગંગા અને સોનના પ્રવાહો બંને બાજુ સુંદર સંગીત છેડતા ચાલ્યા જતા હતા. વૃક્ષોની ઘટાઓ, નવાં ખીલેલાં પુષ્પોનો ગંધોન્માદ, સુંદર લતામંડપો અને તેમાં બેસીને અવિરત ગાન ગાતાં મનોહર પંખીઓ : માનવીને પોતાની જાત પણ ભૂલી જવાનું મન થાય તેવું સ્થળ હતું. સ્થૂલિભદ્ર પહેલાં આ સ્થળે આમોદપ્રમોદ માટે આવતો. અહીં બેસીને એને સ્વયં કાવ્યસ્ફુરણા થતી.

આજે ચિંતા, દુ:ખ અને દૈન્યના પ્રસંગે એને અશોકવાટિકા યાદ આવી. બળીઝળી રહેલું એનું હૃદય ત્યાં શાંતિ પામશે, એનો ખ્યાલ આવ્યો. પાટલીપુત્રની શેરીઓમાંથી એ સડસડાટ પસાર થઇ ગયો. પ્રજાજનો હસતાં હતાં, ટીકા કરતાં હતાં, દયા ખાતાં હતાં ; પણ એનું ચિત્ત જુદી રમણામાં હતું. આ દુન્યવી ટીકા–હાંસીથી એ પર થતો જતો હતો. ઘોર પાપીના દિલમાં પણ પુણ્યપ્રકાશની વેળાએ પશ્ચાત્તાપની ભઠ્ઠી જલી ઊઠે છે, એવી એક કારમી સ્મરણવેદના એના અંગેઅંગને ભડકે બાળી રહી હતી. આખા દેહનો કાબૂ લઈને અંદરથી જાણે કોઇ પોકારી રહ્યું હતું; “ ભદ્ર, નાસી જા, ભાગી જા ! નાદાન, મરી છૂટ ! તારો અવતાર તેં લજાવ્યો. અરે, તારી વિદ્યા, તારા વિવેકને તેં શરમાવ્યો. પિતાની હત્યાનું

તું એક નિમિત્ત બન્યો. ત્યાગ અને વફાદારીની સાક્ષાતમૂર્તિ સમા પિતાનું જીવતર તેં રઝળાવ્યું. તારાં પાપ ક્યાં છૂપાવીશ? ક્યાં ધોઈશ! ગંગા અને સોનનાં નીર પણ તારાં જીવનકલંક ધોવા અશક્તિમાન છે."

"આત્મહત્યા!" સ્થૂલિભદ્રના દિલમાં અચાનક કોઈ પ્રતિઘોષ પડ્યો. આ વિચાર એને શાતા આપતો લાગ્યો. ખરેખર અત્યુત્તમ માર્ગ! ન કોશાનાં રડતાં નયનો જોવાની ચિંતા. ન રાજાજીના કોપની આશંકા! ન કોઈ જાતની પૂર્વજીવનની શરમ કે ન કોઈ જાતની ઉત્તરજીવનની ઝંઝટ! શાંતિ, શાંતિ, શાંતિ!

ઉકળતા લાવારસ જેવું સ્થૂલિભદ્રનું મન આ વિચારથી હળવું બનતું લાગ્યું. અશોકવાટિકામાં પ્રવેશ કરી એક લતાકુંજમાં એ થોડી વાર ઊભો રહ્યો. લીલાંછમ ઝાડપાન વીંધીને વહ્યો આવતો ઠંડો વાયુ, મંદમંદ ગાતો સરિતાપ્રવાહ, કિલ્લોલ કરી રહેલાં વનવિટપો, દૂરદૂર આંખને ઠારે તેવી હરિયાળી ક્ષિતિજ અને એક બાજુ ગર્વોન્નત મસ્તકે ઊભા રહેલા નાના ડુંગરો ને ટેકરીઓ. કુદરત જાણે થનગની રહી હતી. મધુમાલતી પર ભમરાઓની શ્રેણિ ગૂંજારવ કરી રહી હતી. સારસ અને સારસી જળ-ક્રીડા કરી રહ્યાં હતાં. આટલી સુંદર પ્રકૃતિ! સ્થૂલિભદ્રનો વિચાર બદલાયો.

સામે જ એક બકુલ ફૂલ હસતું પવન લહરીઓમાં ઝૂમી રહ્યું હતું. નાના, ક્ષુદ્ર પુષ્પનું પણ કેવું સાર્થક જીવન? વનને ખૂણે પડી રહેલ નાનું ફૂલ આટલુ કૃતકૃત્ય જીવન ગાળી શકે તો શા માટે આવડો મોટો માનવી પોતાના જીવનને માધુર્યયુક્ત ન બનાવી શકે! ત્યારે આત્મહત્યા કરી વેડ-ફાયેલા આ જીવનનો અંત ન આણવો?

અને અંદરથી કોઈ પડઘા પાડતું લાગ્યું: "કાયરપુરુષ, તારું મૃત્યુ તારી શોભા બનવાને બદલે તારું કલંક બનશે. જગતનો એકે બાપ તારા જેવું સંતાન નહિ વાંછે. જગતનાં એકે માતપિતા તારા જેવું જ્ઞાન દીક-રાને નહિ આપે. તારા જીવને એક ખોટો બોધપાઠ ઊભો કર્યો. તેં તારા જેવા હજારો યુવાનોના સ્વતંત્ર માર્ગને રૂંધી નાખ્યો. અને એ ભણેલા-

ગણેલા મૂર્ખ ! હત્યા માત્રથી તારાં પાપ ધોવાઇ જશે, એમ તું માને છે ? તારી વિદ્યાને તો યાદ કર ! આ ભવે કે આવતે ભવે, આ અવતારે કે બીજે અવતારે તારાં સંચિત કર્મ તારી આસપાસ નાચ્યાં જ કરશે. બધું છોડી શકીશ, કરેલાં કર્મને શી રીતે છોડીશ ? એ તારા કૃત્યની કૃત્યાઓ જ્યાં જઇશ ત્યાં જંપ વાળીને બેસવા નહિ દે ! આત્મહત્યાનું પાપ જ તને ભવોભવ ડંખ્યા કરશે. કોશાની નયનકટારીનો તને ડર છે ? મંત્રીમુદ્રાનો તને ભય છે ? લોકલાજ ને વાસના–શરમની પીડા છે ? તો જરા જીવનને તપાવી લે ! જીવનકાંચનની શોધ કર ! કાંચનને પછી કશાની પરવા નહિ ! જેનાં જીવન તેં બરબાદ કર્યાં; એનાં જીવન સુધારી લે ! સમર્થ પિતાનો સમર્થ પુત્ર બની જા ! તારી વિદ્યા યાદ કર, તારી શક્તિ યાદ કર ! તારા સિવાય તને કોઈ સુધારી શકશે નહિ ! વૈભવી જીવનથી દૂર હટ ! ત્યાગભર્યો પ્રેમ અપનાવી લે ! વાસનાનાં વમળ ભેદી નાખ ! શરમને જીવનશોભા બનાવ. લાંછનાને તારી ટીલી બનાવ. કમળપુષ્પના એ કેદી, તારા સામર્થ્ય પાસે આ બધું કેટલીવાર ટકી શકશે ! ”

સ્થૂલિભદ્ર અંતરના આ અવાજને સાંભળી રહ્યો. એને થયું કે પિતાજીનો સ્વર્ગસ્થ આત્મા આકાશવાણી કરી રહ્યો છે. પશ્ચાત્તાપનો પાવક પ્રજ્વલી ઊઠ્યો. વાસનાબંધન ભેદાતાં ચાલ્યાં. પશ્ચિમના વાયુને ઘનઘોર આકાશ ભેદતાં કેટલીકવાર ! સ્થૂલિભદ્રને એનું શાસ્ત્રજ્ઞાન યાદ આવ્યું એકાએક શાસ્ત્રવાક્ય એના મુખમાંથી સરી પડ્યું.

धम्मो मंगलमुक्किट्ठं
अहिंसा संजमो तवो×

અહિંસા, સંજમ, તપ ! એણે લજ્જાભારથી અવનત થયેલ મુખને એક વાર ઉન્નત કર્યું. ચારે તરફ નજર નાખી. અહા, શું શબ્દસામર્થ્ય ! કંટાળો ઉપજાવી એ જ કુદરત કેવી હસી રહી હતી ! દિશાઓ કેવી પ્રફુલ્લિત હતી ! આકાશ કેવું સ્વચ્છ હતું ! એ કહેતી હતી: “ જાગ્રત થા,

× શ્રી શય્યંભવસૂરિ. દશવૈકાલિક

સ્થૂલિભદ્ર ઊઠ, ઊભો થા ! જગત હસનારની સાથે હસે છે. રોનારની સાથે રડે છે. ”

સ્થૂલિભદ્ર ઊભો થયો. એના શરીરમાં અણપ્રીછી એક કંપારી નીકળી ગઈ. એણે મુખ પર વળેલો પ્રસ્વેદ લૂંછયો. વાળ ઠીક કર્યા. અહા, પણ શરીર પર એને કંઈક ખૂંચતું લાગ્યું. અરે, એ તો રેશમી વસ્ત્રો અને કીમતી અલંકારો હતા. આગના ભડકા જેવાં એ બધાં એણે તરત ઊતારી નાખ્યાં. એક સાદું વસ્ત્ર કમર પર વીંટી લીધું. દૃઢ નિશ્ચયનો આનંદ એનો ચહેરો ભવ્ય બનાવવા લાગ્યો.

સ્થૂલિભદ્ર રાજસભા તરફ પાછો ફર્યો. આખા નગરમાં આજે ધમાલ મચી હતી. મહારાજા હિતશત્રુઓનો હિસાબ પતાવી રહ્યા હતા. વરરુચિ નાસી છૂટ્યો હતો. રથાધ્યક્ષ મહારાજાને ચરણે ઝૂકી જીવનદાનની યાચના કરી રહ્યો હતો. રાજસભામાં પહોંચીને સ્થૂલિભદ્ર એક બાજુ ઊભો રહ્યો. અલંકારહીન, વસ્ત્રહીન એની દેહછબી અત્યારે ઔર ભવ્ય લાગતી હતી. એના ગૌર માંસલ સ્નાયુઓ, મખમલી સેજ જેવી વિશાળ છાતી, મધૂરાં સ્વપ્ન જેવાં નયનો, રેશમના તાર જેવી કેશવાળીઃ સ્થૂલિભદ્ર કદી નહોતો લાગ્યો તેટલો આકર્ષક આજે લાગતો હતો.

“ ભદ્ર, પ્રિય, વિચારી લીધું ને ? ” મહારાજાના કંઠમાં મમતાની ભીનાશ હતી.

“ પૂરેપૂરું વિચારી લીધું. પિતાજીની અધૂરી રહેલી સાધના હું પૂરી કરવા મથીશ. ”

“ ધન્ય છે, ભદ્ર ! ચાલો આજે મગધને એક સમર્થ પિતાનો વિદ્વાન પુત્ર મંત્રી તરીકે મળ્યો. પ્રજાજનો ! ઉત્સવ ઉજવો ! ”

“ ઊભા રહો, મહારાજ ! મારા કહેવાનો અર્થ આપ ન સમજ્યા મગધના મંત્રીપદાની સાધના તો તેમણે પૂરી કરી લીધી હતી. તેઓ મારી યોગ્ય અવસ્થાની રાહ જોતા હતા. પછી તો તેઓ સંયમધર્મ અંગિકાર કરવાના હતા. એમને આત્માનું કલ્યાણ કરવું હતું. શાસ્ત્રાધ્યયન, ચિંતન ને મનનનો વર્ષો પહેલાં સૂકાયેલો સ્રોત પુનઃ વહેવરાવવો હતો. મારા

પાપે એ અધૂરું રહ્યું. એ પાપનું પ્રાયશ્ચિત કરવું જ રહ્યું. મહારાજ, મારા જેવો અધમ મગધનો મંત્રી ન બની શકે. હું જાઉં છું, વિસ્મૃતિના ઘોર અંધકાર તરફ. આશીર્વાદ આપો કે એ અંધકાર મારા જીવનને શાંતિ આપે. સર્વેની હું ક્ષમા યાચું છું. વિદાય, મહારાજા! વહાલા ભાઈ, વિદુષી બહેનો; મગધના મારા સાથીઓ મને પાપીને વહાલભરી વિદાય આપજો. પાપ તરફ હમદર્દી દાખવજો."

સ્થૂલિભદ્રે ચારે તરફ એક દૃષ્ટિ નાખી વિદાય લીધી. યક્ષા રડતી હતી. શ્રીયક પગે પડતો હતો: પણ સ્થૂલિભદ્રના પગ થંભાવી શકે તેવી કોઈ શક્તિ હયાત નહોતી.

"ભાઈ, પિતાજીના કુળને દિપાવો! ઘેર ચાલો. આ સમૃદ્ધિ તમારી છે."

"શ્રીયક, મને ક્ષમા કર! મારું કુળ, ઘર ને પિતા મેં ખોઈ નાખ્યાં છે. પાપભારથી હળવો થવા જાઉં છું."

"ભાઈ, પાપની સ્મૃતિ ભૂલી જા! પાપની સ્મૃતિ પણ ખોટી છે. તારો પશ્ચાત્તાપ તને ઊજળો બનાવી રહ્યો છે. શ્રીયકનો લગ્નોત્સવ પૂરો કરતો જા!"

"ઉત્સવોની દુનિયામાંથી જ ચાલ્યો આવું છું. મને ન રોક બેન! વળી કોક દિવસ મળશું."

સ્થૂલિભદ્ર ન રોકાયો તે ન રોકાયો. એને પાટલીપુત્ર ભીંસી રહ્યું હતું. એ ચાલ્યો ગયો, રડતાં સ્વજનો વચ્ચેથી માર્ગ કરીને.

"શ્રીયક, મને લાગે છે, કે ભાઈ કર્મવીર પિતાની જેવો જ ધર્મ-વીર બનશે. ન જાણે કેમ, પણ પાપી છતાં ય એની ચરણરજ પૂજવા જેવી લાગે છે, શરમથી લાજી મરવાને બદલે આવા ભાઈ માટે મને અભિમાન થાય છે."

સ્થૂલિભદ્રનાં પગલાંને એ પૂજ્યભાવથી નીરખી રહી. મગધરાજના હૈયામાં પણ ભક્તિની જ્યોત પેદા થઈ રહી. સ્થૂલિભદ્ર બહાર નીકળી અદૃશ્ય થયો, ત્યારે મહારાજે આજ્ઞા કરી.

"શ્રીયકને મંત્રીમુદ્રા પહેરાવો! લગ્નોત્સવ શરૂ કરો."

# મને સંસારશેરી વિસરી રે લોલ

## [ ૨૬ ]

**રાજવૈભવો,** રણમેદાનો, રાજકુળો, ઊંચાં નગરો, અને મનોહર ઉદ્યાનો; આ બધાંયને છોડી સ્થૂલિભદ્રને વિસ્મૃતિના ઊંડા ગર્તમાં ઊતરી જવું હતું. જ્યાં ઉપેક્ષાનો ઘોર અંધકાર પ્રસરેલો હોય, જ્યાં કીર્તિનો પ્રકાશ, સૌંદર્યની છાયા, મમતાના પડછાયા ન પડતા હોય, એવા સ્થળે બેસી જવાની એને ઉત્કંઠા હતી.

પણ એ ક્યાં જાય ? દિશાઓ એને ગભરાવી રહી હતી. પ્રકાશ એને ભૂલાવામાં નાખી રહ્યો હતો. આકાશ ઉપર, એનાં નક્ષત્રો અને ઊડુગણો ઉપર જાણે એને વિશ્વાસ જ નહોતો. ઝરણાંનો કલકલ નાદ સુંદરીના સ્વર જેવો મર્મભેદક લાગતો. લતાઓનું ડોલન એને પુરાણા પ્રેમરસની યાદ આપતું. નિરભ્ર ચાંદની એના હૃદયમાં અપાર વ્યથા જન્માવે તેમ હતી અને જંગલનાં મૃગબાળ પણ એને મમતાના કૂપ જેવાં ભાસતાં હતાં. પૃથ્વી ય માતાના ખોળા જેવી હુંફ ભરી લાગતી હતી. ત્યારે સ્થૂલિભદ્ર ક્યાં જાય ? કોની સલાહ લે ? એને મમતા, પ્રેમ, મોહ, બધું ય છોડવું હતું.

કીચડભર્યાં નાળાંઓ અને અર્ધજલ્યાં સડતાં શબોથી ઊલટી કરાવી નાખે તેવાં બદબોભર્યાં સ્મશાનોમાંથી એ ઉઘાડે પગે આગળ વધ્યો. સૂર્ય ઉપરથી આગ વર્ષાવતો હતો. ઊના હવાના સપાટા એની રોમરાજીને જલાવી રહ્યા હતા. પણ બદબો, કીચડ, કાંટા અને ઝાંખરાં સ્થૂલિભદ્રને ન મૂંઝવી શક્યાં. એને મૂંઝવી રહી હતી આટઆટલા ભર્યા સંસારમાં માર્ગદર્શક વિનાની અનાથતા. દુઃખોદધિ વચ્ચે બાંહ્ય પકડનાર કોઈ ગુરુની એને જરૂર હતી.

અચાનક એક યાદ ઊગી આવી. થોડે દૂર વાટિકામાં ધ્યાન કરી રહેલ શ્રી સંભૂતિવિજય નામના જૈનધર્મના ધોરી મુનિરાજ યાદ આવ્યા. યાદ આવતાંની સાથે જ માનસિક પ્રણામ કરતો હોય તેમ એણે મસ્તક નમાવ્યું. એ ઉતાવળા પગલે એ તરફ ચાલ્યો. પગમાં મોટા ચિરા પડ્યા હતા. મસ્તક ચૂલાની જેમ ધખી રહ્યું હતું; આખા શરીરમાં મહાજ્વર જેવી ઉષ્ણતા વ્યાપી ગઇ હતી; આંખો તો ઘેઘુર બની ગઇ હતી: છતાં એ કશાનું એને ધ્યાન નહોતું. એકલી રઢ લાગી રહી હતી, શ્રી સંભૂતિ-વિજયના નામની.

તત્કાલીન વિદ્વાન મુનિઓમાં શ્રીસંભૂતિવિજયનું સ્થાન મહત્ત્વનું હતું. તેઓ હિમગિરિ પર્વતોમાં ધ્યાન માટે વિચરી રહેલ ભદ્રબાહુસ્વામીના ગુરુબંધુ હતા તેઓ તીવ્ર તપ તપતા. શ્રુતનું ઉપાર્જન કરતા. યુગ (ધોંસરું) પ્રમાણ દૃષ્ટિએ વસુધાતલ પર વિહરતા. પ્રિય, તથ્ય ને પરિમિત વાણીના ઉચ્ચારક હતા. કુક્ષિમાત્ર શંબલવાળા, નિરીહ નિર્મમ, સમતાવાન, સંતુષ્ટ, કરુણાના સાગર, સંસારની સારાસારતાના જ્ઞાતા, કંચન–કામિનીના સર્વથા મન, વચન ને કાયાથી ત્યાગી તરીકે વિખ્યાત હતા. હજારો મુનિગણોના આદર્શ હતા. ધર્મોપદેશ આપવામાં કુશળ હતા. જૈન સંઘના તેઓ અગ્ર આચાર્ય હતા; અને પ્રભુ મહાવીરની પાટના આઠમા પટધર હતા. જ્ઞાતનંદન મહાવીરે પ્રસરાવેલા અનુપમ ઉપદેશો એમને કંઠસ્થ હતા. સુધર્માસ્વામીએ રચેલાં શાસ્ત્રોના તેઓ પારગામી હતા. એમના શબ્દોમાં સંજીવની હતી. એમની જ્ઞાન, દર્શન ને ચારિત્રની ઉપાસના અત્યંત નિર્મળ હતી. હજારો સાધુઓ અને સાધ્વીઓ એમની આણામાં હતાં. મહાપ્રભાવશાળી ને પ્રતિભાવંત જૈનસંઘો એમને સન્માનતા. બ્રાહ્મણ-વિદ્વાનો, ક્ષત્રિયરાજાઓ અને વૈશ્ય તથા શૂદ્રો એમની ચરણસેવા કરવામાં ભવોભવ નાશની શ્રદ્ધા ધરાવતા.

આર્ય ભદ્રબાહુનું સ્થાન શ્રી સંભૂતિવિજયજીથી વડેરું હતું. તેઓ સકલશ્રુતશાસ્ત્રના અને ચૌદ પૂર્વના પરમ જ્ઞાતા હતા. એમણે પ્રભુ

મહાવીરે ભાખેલાં ને પરમ ગણધર સુધર્માસ્વામીએ રચેલાં અંગો પર સ્વયં નિર્યુક્તિ રચી હતી. નવાં શાસ્ત્રો અને સૂત્રો પણ બનાવ્યાં હતાં. પરમ સિદ્ધિઓના તે ધારક હતા; અને સમસ્ત જીવન ઉત્કૃષ્ટ ધ્યાન અને વિદ્યાસાધના પાછળ ગાળતા હતા. હિમગિરિની ભયાવહ ઠંડી એમની કાયાને કંપાવી ન શકતી. વર્ષતી મેઘમાળાઓ એમને સ્પર્શી ન શકતી. ટાઢ, તાપ, ભૂખ, ક્ષુધા તો જાણે એમનાં દાસ હતાં. એમના વદન પર સિદ્ધિની એક પરમજ્યોતિ સદા ઝળહળ્યા કરતી. એમના શબ્દો મંત્ર-સમાન સામર્થ્યવાળા ને પરિમિત હતા. શ્રી સંભૂતિવિજયને શ્રી સંઘની સંભાળ સોંપીને મોટો ભાગ તેઓ નેપાળ તરફ, હિમગિરિનાં એકાંત ભવ્ય શિખરોમાં વર્ષોસુધી ધ્યાનસ્થ રહેતા. છતાં ય જૈનસંઘોના શ્રેયાર્થે એમની ચિંતા ઓછી નહોતી. કોઈપણ પ્રકારના ઉપદ્રવ વખતે તેઓ સ્વયં ઉપસ્થિત થતા ને પોતાના પ્રચંડ જ્ઞાન ને આત્મબળથી તે ઉપદ્રવોનું નિવારણ કરતા.

આ બે મહાપ્રાણ આત્માઓ જે સંઘના હતા, એ આર્હતસંઘ કે જૈનસંઘ હતો. જાતિમદથી જડતાને પામેલી વર્ણો તથા વર્ણશંકર જ્ઞાતિઓના અનેક ખંડો તથા તેના અનિષ્ટ નિયમોનો નાશ કરવા તેની સ્થાપના જ્ઞાતનંદન પ્રભુ મહાવીરે કરી હતી. પ્રજાતંત્રના, લિચ્છવી ગણના, સિદ્ધાર્થપુત્ર આ રાજકુમારે આ ધર્મમાં નવો પ્રાણ પૂર્યો હતો. આર્યાવર્તના હિંસક યજ્ઞોમાં પશુઓને બદલે આત્માના કષાયોના બલિનો સંદેશ આપ્યો હતો, જીવો અને જીવવા દો, આત્મા એ જ આત્માનો ઉદ્ધારક છે, સર્વે વર્ણ ક્રિયાજન્ય છે, વગેરે સંદેશા પાઠવ્યા હતા. આર્યાવર્તના અનેક રાજાઓ એમની અહિંસાને, સત્યની ઉપાસનાને વર્યા હતા. આર્યાવર્તના ભૂષણ સમાન મહાન બ્રાહ્મણવિદ્વાનો એમના ગણધર તરીકે ખ્યાત થયા હતા.

આ મહાન ગણધરોના હાથ નીચે અનેક સાધુગણો ને સાધ્વીગણો રહેતાં ને અધ્યયન કરતાં. આવા અગિયાર ગણધરોમાંથી નવ તો પ્રભુની હયાતીમાં જ મુક્તિ પામ્યા હતા. બાકી રહેલ બ્રાહ્મણશ્રેષ્ઠ ગૌતમ ઇંદ્રભૂતિ

અને સુધર્માસ્વામીએ પ્રભુની ઉપદેશધારાને સંગઠિત કરી સાધુગણોને જિહ્વાગ્રે મૂકી. ઉગ્ર દેહદમન અને સ્વાધ્યાય એમનો ધર્મ કર્યો.

આ મહાન ગણધરો પછી છેલ્લા મહાન જ્ઞાનધારક અને જેમને છેલ્લા કેવળી કહેવામાં આવે છે, તે વૈશ્યપુત્ર જમ્બૂસ્વામી થયા. વીરના નિર્વાણ પછી સો વર્ષ સુધી સર્વ સિદ્ધાંત અબાધિત રહ્યા અને સર્વ ત્યાગ સંપૂર્ણ રહ્યા.

આ પછી ક્ષત્રિયપુત્ર પ્રભવ, શ્રી શય્યંભવસૂરિ ને શ્રી યશોભદ્રસૂરિ પાટે આવ્યા. શ્રી યશોભદ્રસૂરિને શ્રી ભદ્રબાહુસ્વામી અને શ્રી સંભૂતિ-વિજય: એમ આ બે મહાન રત્ન લાધ્યાં. જૈનધર્મનો કંઈક શિથિલ થતો પ્રવાહ તેઓએ ઉન્નત કર્યો. આવા તરણતારણ શ્રી સંભૂતિવિજય-જીની યાદ સ્થૂલિભદ્રને આજે એકદમ ઊગી આવી.

નગરથી થોડે દૂર, જનકુળોથી વેગળી, ખૂલ્લી સ્વતંત્ર કુદરતની વચ્ચે નાની એવી વાટિકામાં તેઓ પોતાના સમુદાય સાથે ઊતર્યા હતા. બાર માસમાં આઠઆઠ માસ સુધી પરિભ્રમણ કરવાના ધર્મના ઉપાસક મુનિરાજ આજે આમ નજીકમાં જ ભેટી ગયા; એ સ્થૂલિભદ્રને પોતાનું પરમભાગ્ય લાગ્યું. કાયોત્સર્ગમાંથી નિવૃત્ત થઇ મહામુનિ શાંતચિત્તે સ્વા-ધ્યાય કરી રહ્યા હતા. સ્થૂલિભદ્રે ત્યાં જઈ ભૂમિ પર મસ્તક અડકાડી નમસ્કાર કર્યા.

"ધર્મલાભ!" સમગ્ર સુખનું મૂળ ધર્મને માનનાર મુનિપુંગવે ધર્મલાભનો જ આશીર્વાદ આપ્યો. સ્થૂલિભદ્ર સામે વીરાસને બેઠો. મહા-મુનિનાં અનુભવી નેત્રો આ સુકોમળ નરના દેહ પર રમી રહ્યાં હતાં. એ નેત્રોમાં પણ કેવી કરુણા હતી!

"ગુરુદેવ! મુજ પતિતને ઉદ્ધારો!" એની આંખોમાં આંસુ હતાં. શબ્દો પાછળ પશ્ચાત્તાપની વેદના હતી.

"ભાઇ, વીરવાણી તારો ઉદ્ધાર કરશે."

"દેવ, એટલો સામાન્ય પાપી હું નથી. મારો પાપભાર હિમગિરિથી ય વધુ ભારે છે. આ અંગો વર્ષોનાં ગણિકાસહવાસી છે. આ મસ્તક પર પિતાના મૃત્યુનું નિમિત્ત બનવાનો આરોપ છે. મહામાત્ય ધર્મપ્રાણ શકટાલ મારા પિતા, ને બ્રાહ્મણશ્રેષ્ટ નાગરકુલ એ મારું કુલ પણ મારાં કૃત્યો......"

"વધુ વક્તવ્યની જરૂર નથી. સ્થૂલિભદ્ર, તારો જીવનવૃત્તાંત મેં જાણી લીધો. તારા શબ્દોમાં જે હૃદયજ્વાલા પ્રગટ થઈ રહી છે, એ તારા સાચા પશ્ચાત્તાપની–પાપથી પ્રતિક્રમણ કરવાની સાબિતી રૂપ છે. તું કાંચન છે. ગમે તેવું મેલું કાંચન એકવાર અગ્નિપરીક્ષામાંથી પસાર થઇ ગયું, પછી એને શુદ્ધ થતાં વાર લાગતી નથી. તારો સાચો અંતઃકરણપૂર્વકનો પશ્ચાત્તાપ તારાં પાપોનો નાશ કરી રહ્યો છે. પાવકજ્વાલાએ કાંચન પ્રવેશ્યું છે. એની વિશુદ્ધિ થતાં વિલંબ નહિ થાય." ભવોભવનો થાક ઉતારે તેવા હુંફાળા આ શબ્દો હતા. બળીઝળી રહેલા સ્થૂલિભદ્રને વગર સ્પર્શ્યે એ આરામ આપી રહ્યા હતા.

"પણ, મારો આત્મા શાન્ત થશે ? જીવનના સૂક્ષ્મતમ ભાગમાં રહેલા વિકારોને એ ભસ્મ કરશે ?"

"શા માટે નહિ કરે ? દેહની ક્ષણભંગુરતા ચિંતવ, અનિત્ય ભાવનાઓનું અધ્યયન કર. સકામ રૂપતૃષ્ણા જેને ભ્રમવશ થઇ તું પ્રેમ માને છે, એ છોડી દે ! બાળકની જેમ હસતાં શીખ ! વૃદ્ધની જેમ વિકારો તરફ દૃષ્ટિ કેળવ ! રોગીની દૃષ્ટિએ ભોગને નિહાળ ! આ રીતે ઈંદ્રિયવિજય સાધતાં આ તારું બેસૂરું સંગીત આપોઆપ સ્વર્ગીય સૂરાવલિ સાથે પ્રગટ થશે. નવો અવતાર લે !"

"પ્રેમ એ પાપ છે ?"

"જેમાં મોહ નથી, જેમાં સ્વાર્થ નથી, જેમાં અંગત વિકારોને પોષણ નથી, જે એકબીજાના ત્યાગ પર નભે છે; એ પ્રેમ દિવ્ય છે. છદ્મસ્થો માટે શોભારૂપ છે. સ્થૂલિભદ્ર, આટઆટલી વિદ્વત્તા છતાં પ્રેમની

જૂઠી વ્યાખ્યાએ તને છેતર્યો. તારી વિદ્યા તને છેતરનારી બની. એ વિદ્યાનો સદુપયોગ કર! તારા બુદ્ધિબાહુલ્યનો વિકાસ સાધ. એક વેળા આ સ્થાન તારું હશે, એમ મારો અંતરાત્મા કહે છે."

"આપના શબ્દોમાં શ્રદ્ધા કરું છું. ગુરુદેવ, આપની સત્ય ને કરુણાભરી દુનિયામાં મારું પામરનું સ્થાન હજો!"

સ્થૂલિભદ્ર ફરીથી ગુરુચરણમાં નમ્યો. એણે કમરે વીંટાયેલું રત્નમય કંબલ છોડી દીધું. મુનિગણોમાંનો એ એક પામર મુનિ બની ગયો. વડીલ, ગ્લાન ને સમવયસ્ક મુનિઓની સેવાચાકરી એનો પ્રિય વ્યવસાય બન્યો. સ્વાધ્યાય એનો ધર્મ બન્યો. તપ, દેહદમન ને ઇંદ્રિયજય એને કષ્ટસાધ્ય ન લાગ્યાં. દીક્ષાપર્યાયે નાના પણ જ્ઞાન–તપસમૃદ્ધિએ મોટા સ્થૂલિભદ્રની સુવાસ આખા સાધુસંઘમાં પ્રસરી ગઈ. લઘુતા પામવા મથતા મુનિરાજ સ્થૂલિભદ્રની આત્મપ્રભુતા પાંગરતી જતી હતી.

વિસ્મૃતિનો ગહન પટ એમની ચારે તરફ પથરાઈ ગયો હતો. જે શાન્તિની એમને ખેવના હતી, તે હવે લાધી હતી. જે હાસ્યમાં મગધની સુંદરીઓ મદનવશ બની દેહભાન ભૂલી જતી; એ હાસ્યમાં બાળક જેવી નિર્દોષતા આવી વસી હતી. માનવીને એ હાસ્ય જોઈ આત્મભાન જાગી જતું. જે હાવભાવ અને અંગમરોડમાં લાવણ્ય હતું, દંભ હતો; અંગ શોભાની ખોટી મોહજાળ હતી; એમાં એટલી નિખાલસતા આવી વસી હતી; કે માનવીને આત્મમંદિર સમા દેહમંદિરના દર્શનનો લહાવ લીધાનો આનંદ મળતો. દેહશોભા અને મુખસૌંદર્યમાં પણ લાલસાના મનોહર સર્પો સદા ફેણ વિસ્તારી ડંખ દીધા કરતા હતા, એમાંથી જાણે સાવ વિષ નીકળી જ ગયું હતું.

સ્થૂલિભદ્ર સાધુઓના શિરમોર બન્યા હતા.

# વીરભોગ્યા વસુંધરા

## [ ૨૭ ]

નગાધિરાજ હિમાલયનાં ગગનચુંબી શિખરો અને નીલરંગી જળે-ભર્યાં સ્વચ્છ ધવલ સરોવરના પ્રદેશોમાંથી ધનુષ્યની પણછ પરથી તીર સર્યે જાય એમ એક જુવાન સર્યે જતો હતો. હિમાચ્છાદિત શિખરો પર બાલસૂર્ય મોહક કળા કરી રહ્યો હતો: અને નાનાં, રંગબેરંગી પતંગો ને પંખીઓ ચારે તરફ ગાન ગાતાં ગાતાં વિહરી રહ્યાં હતાં. શાંત સમાધિસ્થ ચંદ્રમૌલીશ્વરની પ્રતિમૂર્તિ જેવું કૈલાસશિખર દૂર દૂરથી પ્રવાસીને આમંત્રી રહ્યું હતું.

આ બધી મહાન પ્રાકૃતિક શોભા વચ્ચેથી પસાર થતા યુવાનનું દિલ કંઇક બીજે હતું. ગિરિકંદરાઓ, નાનાં નાનાં ગિરિશિખરો, સઘન લતા-મંડપો ને ગીચ વનરાજિમાં થઇને એ ચાલ્યો જતો હતો. દેહ પર કેવળ એક ઉત્તરીય હતું, ને મસ્તક પર લાંબી શિખા હવામાં ફરફરતી હતી. પુષ્ટ ને સશક્ત દેહ પર પડેલી યજ્ઞોપવીત યોદ્ધાના કમરબંધ જેવી શોભતી હતી. એના હાથમાં નાળીયેરનું બનાવેલું જળપાત્ર હતું. દિવસોનો પ્રવાસી હોય એમ એની શ્રમભરી મુખમુદ્રા કહી આપતી હતી.

હિમાચલની તળેટીમાં એક નાનો એવો જનપ્રદેશ વસેલો હતો. નાનાં નાનાં ઝૂંપડાંઓ અને નાના નાના લતામંડપો બાંધીને ત્યાં લોકો રહેતા હતા. ચારે તરફ હિમગિરિના ઉચ્ચ પાર્વતીય પ્રદેશે એમને ગઢ કરી રક્ષણ આપ્યું હતું. મા વસુંધરા એમને થોડી મહેનતે ખાવા અન્ન આપતી: અને હિમાચલ ફળફૂલ—મેવા મીઠાઇના થાળ છલકાવી નાખતો. આ જનપ્રદેશના લોકો સાહસી, શૂરા ને સ્વભાવે ભોળા હતા. સરસ્વતી-

વાહન મયૂર એમનું પ્રિય પક્ષી હતું. આખા પ્રદેશમાં ભાગ્યે જ એવુ કોઈ સ્થળ હશે કે જ્યાં બે ચાર મયૂરો કળા કરી કેલિ રચી રહ્યા ન હોય. આ મયૂરપાલક પ્રજાને લોકો મૌર્ય કહેતા:

દીર્ઘપ્રવાસી યુવાનને આ પ્રદેશ ગમી ગયો હોય તેમ લાગ્યું. એણે એક સરોવર–તીરે મા–કાલીના મંદિરની ધર્મશાળામાં પડાવ નાખ્યો. કુદ્દરતી શોભા અલૌકિક હતી, ગમે તેવા પાપીને પણ પાપ પખાળવાની ઈચ્છા થઈ આવે તેવું આહ્લાદક વાતાવરણ હતું. બ્રાહ્મણયુવાને સંધ્યા આદિ કર્મ કરી ભિક્ષા માગી લાવી ઉદરતૃપ્તિ કરી લીધી. મધ્યાહ્નનો સમય મંદિરની છાયામાં ગાળી એકાશનવ્રતી આ યુવાન ગામમાં લટાર મારવા નીકળ્યો. ઠેર ઠેર કળા કરી રહેલા મયૂરો, ફળ વીણતી પાર્વતીય પ્રદેશની સૌંદર્યભરી કન્યાઓ, જૂનાં શસ્ત્ર અસ્ત્રોથી રમતા યુવાનો નીરખતો એ ચાલવા લાગ્યો.

એકાએક થોડે દૂર કંઈક શોરબકોર સંભળાયો. એક સાદી પણ સ્વચ્છતાના નમૂના સરખી ઝૂંપડીની બહાર સ્ત્રી–પુરુષોનું મોટું ટોળું એકઠું થયું હતું. સહુના મોં પર ચિંતા હતી. એકબીજાં ઉતાવળાં કંઇ ચર્ચા કરી રહ્યાં હતાં. સહજ ઉત્સુકતાપૂર્વક બ્રાહ્મણ યુવાન તે તરફ વળ્યો. એણે ત્યાં ઊભેલાં સ્ત્રી–પુરુષોને આટલી બધી હોહો ને ચિંતાનું કારણ પૂછ્યું. એકી સાથે બે ત્રણ જણાએ એકશ્વાસે કંઇક વાત કહી નાખી. આ યુવાને એમાંથી તારવી લીધું, કે આ પ્રદેશના મુખીની પુત્રી ગર્ભવતી છે. પૂરા માસ થયા છે, પણ સંતાન અવતરતું નથી. તેને ચંદ્રપાન કરવાનો દોહદ જાગ્યો છે. એ ન પૂરો થાય તો સંતાન પ્રસવ નહિ થાય અને તેમ થશે તો મુખીની વહાલામાં વહાલી ને એક માત્ર ઉત્તરાધિકારિણીનું દુઃખદ મૃત્યુ નજીક નોતરી લાવે તેમ હતું. ચંદ્રપાન કેમ થાય ? એ તે કોઇ પ્રાપ્ય વસ્તુ છે ? આખા જનપ્રદેશની મૂઝવણનો પાર નહોતો.

યુવાને ક્ષણમાત્ર વિચાર કર્યો: એને તરત જ કંઇ સ્ફૂરી આવ્યું.

એણે એકઠી થયેલી જનમેદની વીંધીને આગળ વધતાં કહ્યું: " અરે, એમાં શું મોટી વાત છે! એ દોહદ હું પૂર્ણ કરી આપીશ, પણ તમારે એક પ્રતિજ્ઞા કરવી પડશે. એ વીર ક્ષત્રિયકુમારને મારો સાથીદાર બનાવવા માટે મને સોંપવો પડશે."

બ્રાહ્મણની માગણી વિચિત્ર લાગી. છતાં બધાએ તે વાત માન્ય રાખી. એણે ધીરે ધીરે બધાને વિખરાઈ જવા ને સવારે આવવા કહ્યું. આ પછી મુખીને બોલાવી એણે ઝૂંપડી ઉપરનું છાપરું કઢાવી ત્યાં દ્રાક્ષની લતાઓ ચઢાવરાવી, અને તેમાં વચ્ચે એક થોડી ખુલ્લી જગા રાખી. વૈદકશાસ્ત્રના અને માનસશાસ્ત્રના જ્ઞાતા આ યુવાને બીજી પણ ઘટતી તૈયારીઓ કરાવી પોતે સંધ્યાઆદિ કર્મથી નિવૃત્ત થવા ચાલ્યો ગયો.

પૂર્ણચંદ્રના એ દિવસો હતા. સંધ્યા થતાં હિમગિરિનાં ધવલશિખરો પર રૂપેરી ચાંદની ઢાળતો ચંદ્ર આકાશમાં ઊગ્યો. યુવાન બ્રાહ્મણ મુખીની ઝૂંપડીએ પહોંચ્યો ત્યારે એ બધી કળાએ ખીલી ચૂક્યો હતો. મુખીની પુત્રીની પાસે જ સુગંધમય ગાયના દૂધથી ભરેલું કાચનું સ્વચ્છ પાત્ર મૂક્યું. એમાં ચંદ્રની પ્રતિછાયા પડતાં જ દૂધ ચમકી ઊઠ્યું. યુવાને મીઠા શબ્દોમાં ગર્ભવતી સ્ત્રીને કહ્યું:

" બેન, ચંદ્રદેવનું આવાહન થઈ ચૂક્યું છે. જો સર્વ જ્યોત્સ્ના સાથે આ પાત્રમાં આવીને બેઠા. અમૃતમય ચાંદનીનું પાન કરી લે!"

આખી ઝૂંપડીમાં અંધકાર ઘેરાયેલો હતો, કેવળ આ પાત્ર જ પૂર્ણ જ્યોત્સ્નામાં દીપી રહ્યું હતું, યુવતીએ એ પાત્ર લઈ મુખે માંડ્યું. શો સ્વાદ! બ્રાહ્મણ યુવાનના સંકેત મુજબ ઝૂંપડીનો ઉપરનો ખૂલ્લો ભાગ દૂધના પીવા સાથે થોડો થોડો બંધ થતો ચાલ્યો. એક તરફ પાત્ર ખાલી થયું, બીજી તરફ ચંદ્રનો પ્રકાશ અદૃશ્ય થયો.

" હાશ, હવે શાન્તિ વળી!" મુખીની પુત્રી શાન્તિથી પથારીમાં પડી અને ઘસઘસાટ ઊંઘવા લાગી. સવારે એ અત્યંત સ્ફૂર્તિમાં આવી ગઈ. મુખીના દુઃખે દુઃખી થનાર આખા ગામમાં આનંદ આનંદ પ્રસરી

ગયો. બ્રાહ્મણ યુવાનને પાલખીમાં બેસાડી આખા ગામમાં ફેરવ્યો. આ વેળા એક યુવાને ટોળામાંથી બહાર આવી બ્રાહ્મણને કહ્યું:

"વિપ્રવર્ય, આ આખા ગામની ગાયો આપને દક્ષિણામાં આપું છું. આપ તે લો અને સંતુષ્ટ થાઓ!"

"કુમાર, એ ગાયોના સ્વામી તમે નથી. બીજાની ગાયો લઇ જઈ મારે હાડકાનું ચૂર્ણ નથી બનાવવું."

પેલો કુમાર બ્રાહ્મણને આ પ્રમાણે બોલતો સાંભળી ખડખડાટ હસી પડ્યો. તે બોલ્યો:

"વિપ્રવર્ય, વિદ્વાન્ થઇને કાં ભૂલો કે વસુંધરા તો વીરભોગ્યા છે. આ મારું ધનુષ્ય–બાણ જોયું?"

વિદ્વાન બ્રાહ્મણ સામુદ્રિક શાસ્ત્રનો જાણકાર હતો. એની નજર રાજ-તેજથી દેદીપ્યમાન કુમારના મુખ પર કંઇ વાંચવા લાગી. ક્ષણવારમાં તો એણે જાણે રેખેરેખા વાંચી લીધી. એ બોલ્યો:

"હે ગામજનો, આ કુમારને હું તમારી પાસેથી માગી લઉં છું. હું એને રાજા બનાવીશ. કેમ કુમાર, રાજા બનવું ગમશે ને!"

"શા માટે નહિ? વિપ્રવર્ય, તમે તો પૃથ્વી ઘૂમેલા લાગો છો. મારી આ દુનિયા મને અત્યંત નાની પડે છે. કૃપા કરીને મને એવી વિશાળ દુનિયા પર લઇ જાઓ, જ્યાંથી આ મારા ધનુષ્યનો ટંકાર દિશાના સિમાડાઓને વીંધી નાખે!"

"એ માટે જ યોજનોની મજલ કાપીને આવ્યો છું. કુમાર, તારું નામ?"

"ચંદ્રગુપ્ત."

"કોણ ચંદ્રગુપ્ત? કુમારગુપ્તનો પૌત્ર?"

" હા વિપ્રવર્ય, મારા પિતામહનું નામ તે જ છે. આપે એ ક્યાંથી જાણ્યું ? "

" કુમાર, હું એ પણ જાણું છું, કે ઐશ્વર્યશાલી મગધનો સાચો વારસ પણ તું જ છે. "

" આપ ત્રિકાળજ્ઞાની લાગો છો ! ભૂત, ભવિષ્ય ને વર્તમાન આપને પ્રત્યક્ષ ભાસતાં લાગે છે. "

" ત્રિકાળજ્ઞાની છું કે નહિ તેની પરીક્ષા પછી થશે, પણ મારે અત્યારે તો આર્યાવર્તમાંથી અધમ રાજ્યને વિદાય આપવી છે ! ચંદ્રગુપ્ત, હું ધનુષ્ય બનીશ. તને બાણ બનવાની શ્રદ્ધા છે ? એ શ્રદ્ધા હોય તો ચાલ્યો આવ ! વીરભોગ્યા વસુંધરાની કહેવત સફળ બનાવીએ. "

" આવું છું, મારા ગુરુદેવ ! આવું છું. વર્ષોથી અંતરમાં જેની ઊણપ હતી; એ આજે પૂરી થાય છે. કોકવાર કોઇ સાદ સંભળાતો. એ મારી શક્તિને, મારી ભુજાઓને આવાહન આપતો, પ્રેરણા પાતો; પણ પાછો અદશ્ય થઈ જતો. મને લાગે છે, કે એ શંખભેરી જેવો સાદ તમારો હતો, કર્તવ્યાકર્તવ્યના ઘોર અંધકારે સજ્જ થઇ ઊભેલા મારા જેવા યોદ્ધાને હે ગુરુદેવ ! આપે આગળ આવી પ્રકાશ ધરી માર્ગ બતાવ્યો. રાજા થઇશ કે નહિ, એનો લોભ નથી; એક વાર આ મારી ભુજાઓનું પાણી તો અજમાવી લેવાશે. આપનું નામ કહેશો ? "

" મારું નામ......" બ્રાહ્મણ યુવાન થોભી ગયો. એણે કુમારને જરા નજીક બોલાવ્યો. કાન પાસે મુખ રાખી કહ્યું: " કુમાર, મારું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય ! "

" ત્યારે ચાણક્ય ગુરુ ને ચંદ્રગુપ્ત શિષ્ય એમ જ ને ! "

" એ નિર્ણય વેળાએ થશે. અત્યારે તું પ્રાચીન અને અર્વાચીન શસ્ત્રાસ્ત્ર વિદ્યાથી વાકેફ બની જા ! સરખે સરખા કુમારોનું સૈન્ય જમાવ ! કુમારગુપ્ત ક્યાં છે ? "

" એ મૃત્યુને પિછાને છે." દૃઢતાપૂર્વક બોલતા કુમારના અવાજમાં કંઈક ભીનાશ આવી. " આર્ય ભદ્રબાહુ અહીં પધાર્યા છે. જલદી પધારો, નહિ તો એ તો આકાશગામિની વિદ્યાના ધારક છે."

" કુમાર, તેમને આકાશગમન કરતાં તેં નીરખેલા છે."

" હા, ગુરુદેવ ! અનેકવાર નજરોનજર નિહાળેલા છે. એ તો અનેક વિદ્યાઓના ધારક છે."

" એવાના આશીર્વાદ આપણું કાર્ય અત્યંત સરળ બનાવશે."

" ના, ના. તમે એમની સામે હિંસક વાત પણ નહીં કરી શકો. એમની જ્યોતિ જ એવી છે, કે નિર્વૈરતા હૃદયમાં આપોઆપ જાગ્રત થઇ જાય છે. પૂજ્ય પિતામહે થોડા દિવસ પહેલાં જ મને મગધની બધી વાતો કરેલી, છતાંય ભદ્રબાહુસ્વામીએ ઠપકો આપેલો. એમણે કહેલું કે ચંદ્રગુપ્તને મારે ઋષિ બનાવવો હતો, પણ વિધિના વિધાને જ તારી પાસે તેના દિલમાં એક ડંશ ભરાવ્યો. એ ડંશ એને હવે રાજર્ષિ બનાવશે !"

" તું રાજા બનીશ એમ તો તેઓએ કહ્યું જ છે ને !" વિષ્ણુગુપ્ત વિચાર કરતો બોલ્યો.

" હા, અને વળી વૃદ્ધ પિતામહે હસીને જ્યારે કહ્યું કે મહારાજ મારો પુત્ર રાજા બનવાનો છે, પણ એને કોણ રાજા બનાવશે ? એકલો ક્ષત્રિય રાજ્ય જીતી શકે પણ ચલાવી ન શકે ! ત્યારે તેમણે કહ્યું કે યોગ્ય સમયે મદદગાર આવી ઊભો રહેશે. ગુરુદેવ, મને લાગે છે, કે મદદગાર તે આપ પોતે જ."

" ચાલો, ચાલો, ચંદ્રગુપ્ત ! આપણે તેઓ પાછા ચાલ્યા ન જાય તે પહેલાં તેમનાં દર્શન કરી આવીએ."

આખા ટોળામાંથી બંને જણા જુદા પડી ગયા. જનપ્રદેશની વચ્ચે આવેલા એક નીલસરોવરને કિનારે, સુંદર લતામંડપમાં વૃદ્ધ કુમારગુપ્ત છેલ્લા શ્વાસ ખેંચી રહ્યો હતો. એ યોદ્ધાનો કરડો ચહેરો હજી તેવો ને

તેવો જ હતો. આંખોની લાલાશ સહેજ ઓછી થઇ હતી, પણ ખૂમારી તો એની એ જ હતી, જાણે વૃદ્ધ કેસરી બિછાને પડ્યો હોય એમ એ થોડી થોડી વારે ગર્જના કરી ઊઠતો.

પાસે જ એક ભવ્ય, મહાન તેજસ્વી મહર્ષિ બેઠા હતા. યોગસિદ્ધિનું તેજ એમની મુખમુદ્રાની ચારે તરફ ભામંડલ રચતું હતું. એમની રૂપેરી કેશવાળી અને સુદીર્ઘનયનો માનવીને ઘડીભર વેર ભૂલાવી દે તેવાં હતાં. એ પરિમિત બોલનારા હતા. એમના શબ્દોમાં મંત્રનું અવંધ્ય સામર્થ્ય હતું.

" ચાણક્ય અને ચંદ્રગુપ્ત ! "

" નમસ્કાર છે મહારાજ ! " વિષ્ણુગુપ્તે નમ્રતા બતાવી.

" કોણ વિષ્ણુગુપ્ત ? મહામાત્ય શકટાળનો પ્રિય શિષ્ય ! કેમ ભાઈ, મહામાત્ય કુશળ તો છે ને ! " સૂતેલો કુમારગુપ્ત પોતાનાં સ્વપ્નાં અણુ-સિદ્ધ રાખનાર મુરબ્બીની કુશળતા પૂછવા લાગ્યો.

" સાપના અધમ સ્વભાવને વરેલા નંદરાજાઓ પોતાના સ્વભાવ પર ન જાય ત્યાં સુધી તો કુશળ ખરાને ! " વ્યંગમાં વિષ્ણુગુપ્તે જવાબ વાળ્યો.

" શતશરદ જીવ વિષ્ણુગુપ્ત ! તને પણ એ રાજાઓનો પરચો પડ્યો ખરો ત્યારે ? હાશ, ગુરુદેવ ! મારા જીવને શાન્તિ વળે છે. હું તો ચાલ્યો, પણ કુમારગુપ્તના દિલની આગ બીજાના દિલમાં જલતી છે એ જોઇને ! વિષ્ણુગુપ્ત, મારા લાડકા પુત્રને તને ભળાવું છું, સર્પને કે સર્પના ઇંડાને ! " કુમારગુપ્ત વિશેષ ન બોલી શક્યો.

" પિતાજી, મેં પણ તેમને ગુરુદેવ તરીકે સ્વીકાર્યા છે. " ચંદ્રગુપ્તે કહ્યું.

આર્ય ભદ્રબાહુસ્વામી શાન્ત, અર્ધનિમિલિત નેત્રે બેઠા હતાઃ આ ત્રણે મહારથીઓની પાછળ ઊભેલા કઠિન કષાયોને તે નિહાળી રહ્યા હતા. કુમારગુપ્તના છેલ્લા શબ્દો તેમણે ધીરેથી ઉચ્ચાર્યા;

" સર્પને કે સર્પનાં ઈંડાને ! "

" દેવ, એમ કેમ બોલો છો ? " ચાણક્યે પ્રશ્ન કર્યો.

કરુણાના સાગર શા મહર્ષિ ફરીથી હસ્યા. કેવું મધુરું, મન પવિત્ર કરનારું હાસ્ય ! એ બોલ્યાઃ " રજ્જુ સર્પ ભાસે છે, માનવીનાં મન સર્પનાં બન્યાં. સહુને પોતાની દુન્યવી મહત્વાકાંક્ષાને આડો આવતો માનવી સર્પ જ ભાસે છે. એવા આભાસ પાછળ જ—એ આભાસને ફેડવા માટે જ તો મહામાત્ય શકટાલે હાથે કરીને મસ્તક ઉતારી આપ્યું, જ્યારે એના જ સાથીઓ અને શિષ્યો હજી એ આભાસ પાછળ ઘેલા છે. "

" શું મહામાત્ય મૃત્યુ પામ્યા ? "

" હા જીવન ધન્ય કરી ગયા. વેરનો કાંટો નિર્મૂલ થાય એ માટે કુરબાની કરી ગયા, સંસારમાં એક ઉત્તમ પાઠ મૂકતા ગયા. કુમારગુપ્ત, છેલ્લી ક્ષણ સુધારી લે ! નિર્વૈરતાનું ધ્યાન ધર ! મુક્તાત્માઓનાં ચરિત્ર સંભાર. વત્સ, કલ્યાણ થાઓ તારું. હવે હું જાઉં છું "

આર્ય ભદ્રબાહુના શબ્દોએ આ બધાને સ્તંભિત કરી દીધા. પોતે કેટલા પામર હતા, તેનું પ્રત્યક્ષ ભાન કરાવી દીધું. પોતાની વાતો માટે તેઓ પોતે જ શરમાઈ રહ્યા હતા. આર્ય ભદ્રબાહુ ઊઠ્યા. તેઓ બહાર નીકળ્યા. એમની વિશાળ પીઠ દુર સુધી દેખાઈ રહી.

" મહારાજ, મને તારો ! માર્ગ બતાવો ! " ચંદ્રગુપ્તે બૂમ મારી.

ગગનના ગુંબજમાંથી આવતા હોય તેવા શબ્દો સંભળાયા. " પૂર્વ કર્મ કોઈને છોડે તેમ છે ? ચંદ્રગુપ્ત, અત્યારે આ વિદ્વાન બ્રાહ્મણના માર્ગે જા ! ધર્મવિજયી રાજા થા ! મારો પણ વખત આવશે, ત્યારે વગર બોલાવ્યો આવી પહોંચીશ. "

જ્યોતિમાં જ્યોતિ મળી ગઈ. કુમારગુપ્તે સૂતાં સૂતાં નમસ્કાર કરી સદાને માટે આંખો મીંચી લીધી. દૂર દૂર અરુણોદય થતો હતો.

# પુનઃ કોશાને મંદિરિયે

## [ ૨૮ ]

કોઇ ગિરિકંદરાના જળસ્રોતની જેમ કાળસ્રોતનો પ્રવાહ પણ વેગે વહે જતો હતો. મુનિ બનેલા સ્થૂલિભદ્ર આજે ન ઓળખાય તેવા વેશમાં સ્વાધ્યાયમાં રત બની ગયા હતા. હવે એ ઊર્મિઓનાં તોફાન નહોતાં. એ જૂનાં પુરાણાં દુઃખદ મનોમંથનો નહોતાં. નિત્ય ભોગ ને નિત્ય નવી લાલસાની ફેરફુદડીઓ નહોતી. સુકોમળ અને શુષ્ક, સાચું અને નરસું, પ્રિય અને અપ્રિયઃ આ બધી દુવિધાની દુનિયામાંથી તેઓ બહાર નીકળી રહ્યા હતા.

સ્વાધ્યાય, સંયમ અને ગુરૂજનોની સેવાને જ એમણે જીવનનું ધ્રુવ બનાવી લીધું હતું. સંયમની સાત વાડો અને સાધુતાના દશ ગુણો એમણે મેળવી લીધા હતા. મનથી માયાને પૂરેપૂરી અળગી કરી દીધી હતી. કાયાને તપના તાપથી નિર્મળી બનાવી હતી. આકાંક્ષા, ઉત્સુકતાને સ્થાને શાન્તિ ને સંયમનો આનંદ વરસી રહ્યો હતો. સાધુને યોગ્ય ટૂંકી નિદ્રા સિવાય અહોનિશ તેઓ આત્મા અને પરમાત્માના વિચારમાં લીન રહેતા. વર્ષોથી ભૂલાયેલી વિસ્મૃત વિદ્વત્તાનો સ્રોત પુનઃ વહેતો થયો હતો. પણ એ સ્રોતમાં હવે જૂઠાં રોદણાં નહોતાં. નવજીવન પામ્યાનો આનંદ હતો. આત્મતત્ત્વના દિવ્ય દર્શનની ઝલક હતી.

કામનું ઔષધ કામ, એમ ગુરુ–ઉપદેશ સાંભળી ક્ષણ પણ મન અને તનને નવરા ન પડવા દેતા. નિત્યક્રિયા, ગુરૂજનસેવા, તપ, સ્વાધ્યાય ને મનન–ચિંતનમાં અહોનિશ મસ્ત રહેતા. એમના મુખ પર અહર્નિશ

સંતોષની છાયા ઝળહળી રહેતી. મનની સિતારી અલૌકિક સૂરે ગૂંજ્યાં કરતી. દુન્યવી દુઃખદ અવસ્થા છોડી સ્થૂલિભદ્રે હવે જ જીવનની ખરી અમીરાત માણવી શરૂ કરી હતી. એમને લાગ્યા કરતું કે હવે સંસારી જીવનના વાવંટોળોમાંથી પોતે પર થઈ ગયા છે. આ દેહને કોઈ નયન-કટારી વીંધી શકે તેમ નથી, આ અવયવોને કોઈપણ સ્ત્રીની અનુપમ સુકુમારતા રણઝણાવી શકે તેવી શકયતા જ નથી. અવિકારી, તપ–ત્યાગભર્યાં નયનોમાં વિષય બુઝવવા જેટલી શક્તિ તેઓ મેળવી શકયા હતા.

આ શક્તિના પ્રતાપે સ્થૂલિભદ્રની સ્થિતિ આજે ભિન્ન પ્રકારની હતી. વિકારની દશાથી દૂર રહેવા જેઓ જનપ્રદેશથી નાસતા ફરતા, સ્ત્રીઓના શબ્દમાત્રથી પણ કુમળા છોડની જેમ ધ્રૂજી જતા, એને જ આજે ગુરૂ-પ્રતાપથી, ધર્મપ્રતાપથી, તપસ્તેજથી એવી શક્તિ પ્રાપ્ત થઈ હતી કે તેઓ સ્વયંભોગના ભાગી થવાને બદલે ભોગ એમના જ તપસ્તેજનો ભોગ થઈ પડતો.

શ્રી સંભૂતિવિજય જેવા મહાજ્ઞાનીની દૃષ્ટિ આ મહાન શિષ્ય તરફ હંમેશા આકર્ષિત રહેતી. તેઓનું જ્ઞાન તેમને કહી રહ્યું હતું, કે મારા પછી જ્ઞાનનો મોટામાં મોટો ને છેલ્લામાં છેલ્લો વારસદાર આ જ થશે. એક વેળા એવી પણ આવશે કે સ્થૂલિભદ્ર જ જ્ઞાનનો આધાર બની રહેશે. એનું ભવ્ય લલાટ, એની અજબ પ્રતિભા. સાગરગંભીર અવાજ, સિંહસમ્રાટ જેવી નિર્ભયતાઃ તમામ સાધુઓથી એને જુદો તારવી દેતાં હતાં. ગુરુ થોડા દીક્ષાપર્યાયવાળા સ્થૂલિભદ્ર મુનિને દીર્ઘપર્યાયવાળા મુનિઓ કરતાં અદકું સ્થાન આપતા.

તેજોદ્વેષી સાધુઓમાં આ કારણે એક પ્રકારનો અસંતોષ વ્યાપેલો રહેતો. ઘણીવાર સાધુઓ અંદરો અંદર વાતો કરતાઃ " કયાં આ બ્રહ્મ-ચારી સાધુઓ અને કયાં વર્ષો સુધી પતિતાના ઘેર રંગરાગ ઊડાવનાર આ નાનો શો મુનિ ! એવા મુનિઓ હોય છે જબરા છદ્મવેશી, પણ એકાદ મીઠી હવાના ઝપાટે પાછા એવા જ બની જવાના. "

બીજા મુનિ કહેતા: “ આપણે આપણું સામર્થ્ય ગુરુદેવને દર્શાવવું જોઇએ. આ નૂતન મુનિને પણ આપણું પાણી બતાવી આપવું જોઇએ, જેથી ગુરુદેવ એને મોટો બનાવે પણ પોતે જ મોટો બનતાં ડરે. આપણી સિદ્ધિઓ કંઇ અધૂરી નથી. ”

મુનિ સ્થૂલિભદ્ર આ બધું જાણતા. તેઓ એ તેજોદ્વેષી મુનિઓનો વિનય કરતા, પણ જેમ તેઓ વિનય કરતા તેમ તેઓનો પૂર્વગ્રહ વધે જતો. આખરે એક દિવસ ગુરુદેવ સામે જ બધા હરીફાઇમાં ઊતરી ગયા.

આકાશમાં આષાઢી વાદળો જામવા લાગ્યાં હતાં. મુનિરાજો ગુરુદેવ પાસે ચાતુર્માસ માટે આજ્ઞા યાચવા આવ્યા. તેજોદ્વેષી મુનિઓમાંના એકે પ્રાર્થના કરી.

“ ગુરુદેવ, દક્ષિણાપથ પર એક નરમાંસભક્ષક વ્યાઘ્ર રહે છે. એ વ્યાઘ્રગુફાના દ્વાર પર ઉપવાસી બની હું ચાતુર્માસ નિર્ગમન કરીશ. ”

“ તથાસ્તુ. ” ગુરુદેવે સંમતિ આપી. તેઓ જાણી ગયા હતા કે સાધુઓને અકાળે પોતાની શક્તિનું પ્રદર્શન કરવાની ઇચ્છા જાગ્રત થઇ છે. આત્મિક વિકાસના માર્ગ સિવાય સાધુ બીજે માર્ગે પોતાની શક્તિ ન જ વાપરે. શાસ્ત્ર કહે છે કે, અહંતા પણ મોટકું પાપ છે.

“ ગુરુદેવ, અહીંથી થોડે દૂર, એક ભયંકર જંગલમાં ફુત્કાર માત્રથી નાશ કરનારો દૃષ્ટિવિષ સર્પ રહે છે. આજ્ઞા હોય તો ચાતુર્માસ ઉપવાસી થઇને ત્યાં ગાળવા ઇચ્છું છું. ”

“ જેવી ઇચ્છા. ! ” ગુરુદેવ એક વાર આ શિષ્યોને સાચું ભાન કરાવવા ઇચ્છતા હતા.

“ અને પૂજ્યપાદ ! ” ત્રીજા એક મહાતપસ્વી શિષ્યે હાથ જોડી, મસ્તક નમાવી વિનંતી કરી: “ મારી ઇચ્છા કૂવાના ભારવટ પર કાયોત્સર્ગમાં રહી, ઉપવાસાદિ તપશ્ચર્યા કરતાં ચાતુર્માસ નિર્ગમન કરવાની છે. ”

" તમારા ઇચ્છિત સ્થળે જાઓ અને તમારી આત્મિક ઋદ્ધિ વૃદ્ધિ પામો ! " ગુરુદેવે આશીર્વાદ આપ્યા. સ્થૂલિભદ્ર પાસે જ બેઠા હતા. ગુરુએ તેમના તરફ જોતાં કહ્યું:

"કેમ, મુનિરાજ, તમારો શો વિચાર છે ? "

" ગુરુદેવ, મારો વિચાર ? " એક ક્ષણ તેઓ વિચારમાં પડી ગયા. એમને વ્યાઘ્રગુફા, સર્પબીલ ને પનઘટ પર જનાર મુનિરાજોના નિર્ણયમાં કંઇક પોતાના પ્રત્યે આવાહન હોય તેવો ભાવ લાગ્યો હતો. તેઓ થોડો વિચાર કરી તરત બોલ્યાઃ " ગુરુપાદ આજ્ઞા આપે તો હું પાટલીપુત્ર જવા ઇચ્છું છું. ત્યાં કોશાની ચિત્રશાળામાં, તમામ જાતના રસોથી ભરપૂર અને માદક આહાર લેતાં તપ અને સ્વાધ્યાયની ઉચ્ચ શ્રેણીએ ચઢતાં ચાતુર્માસ ગાળવા ઇચ્છું છું. "

ગુરુદેવે એ વિનતિનો પણ સ્વીકાર કર્યો. બીજે દિવસે આ પાદવિહારી મુનિઓ પોતપોતાના સ્થળ તરફ રવાના થયા. મુનિરાજ સ્થૂલિભદ્ર પણ પોતાની ભોગવિલાસની ભૂમિ તરફ ચાલ્યા. પાટલીપુત્રના લોભામણા કાંગરાઓ, જાણે જન્મોજન્મનો સંબંધ લઇને જન્મેલી સૌંદર્યમૂર્તિ કોશા, એ મખમલી આસનો, પીઠિકાઓઃ એ સુંદર લતામંડપો, નિર્ઝરગૃહો, નીલરંગી સરોવરોઃ વિધવિધ રીતે ભોગવિલાસ માણેલી ભૂમિ ! એનો અણુએ અણુ જાણે એક પ્યારી યાદ લઇને ઊભો હતો !

મહામોહરાજાના મંદિર તરફ વધી રહેલા મુનિરાજની સ્મૃતિમાં જાણે આ કશું જ નહોતું. વિષયકીચનો મહાસાગર ખદબદતો પડ્યો હોય, ને તેના ઉદ્ધારાર્થે પોતે જઇ રહ્યા હોય, તેવો ઉત્સાહ હતો. એ કીચમાંથી કોશાને તારશે, એનાં દાસદાસીઓને અધમજીવનમાંથી ઊંચે ચઢાવશે; ને એ પર–ઉપકાર કરતાં સ્વયં સધાતો એવો આત્મોપકાર પણ સાધશે. નિર્વાત પ્રદેશમાં ઝગમગી રહેલો દીપક આ વાવંટોળમાં કેવો સ્થિર રહે છે, તે જોવા પણ મળશે.

# દિલનાં સંગી

## [ ૨૯ ]

**આ**ષાઢી આભમાં વાદળીઓ ઘેરાવા લાગી હતી. ગર્જનાના ઘનઘેરા ઢોલ ગાજવા લાગ્યા હતા. વીજળી પૃથ્વી–આભને વીંધતી વીંધતી ઝગમગાટ કરી રહી હતી. મેઘરાજાની રાહમાં પવન સ્તબ્ધ થઇ ખડો હતો. વૃક્ષોની ડાળીઓ કોઇની સ્મૃતિમાં જાણે સ્થિર થઇ ગઇ હતી.

ગગનઘેરી વાદળીઓ આકાશને એક છેડેથી બીજે છેડે ઉમટયે જતી હતી અને વાદળીઓના થર જામતા જોઇ કોયલ કૂજી રહી હતી. બપૈયાઓ નાચતા ફરતા હતા. નગરને ઊંચે ગોખે ચઢી મયૂરો કેકારવ કરી રહ્યા હતા.

પ્રિયતમની યાદ સહેજે જાગે તેવી રાત જામી હતી. આણું વળી વળીને અનેક કોડભરી નવોઢાઓ પ્રિયતમને ઘેર આવી હતી. ચિરપ્રવાસી પતિ પણ આ સુંદર સમયે પ્રવાસ પડતો મૂકી વિયોગી પત્નીને ભેટવા દોડ્યાં આવતા હતા.

એ રંગભરી રાતો નવનવા રસભરી જામતી. પ્રૌઢ થયેલાં દંપતીઓને પણ આવી રીતે નવું તારુણ્ય પાંગરતું. આકાશના તારકો પણ તારિકાઓને મહેલે જઇ અદૃશ્ય થયા હતા. પૃથ્વીનાં પંખીઓ પણ સ્નેહીજનોની હુંફમાં રાતને મીઠી બનાવી રહ્યા હતા. નગરનાં રસિક નરનારીઓનાં શયનખંડોમાંથી વહ્યો આવતો મેઘમલ્હારનો કંઠસ્વર સુકાએલાં જીવનઝરણમાં જાણે નવપ્રવાહ વહાવતો હતો.

રસમદભર્યાં મીઠા જાગરણો અને મદભરી માઝમ રાતોની આ ઋતુમાં પણ પાટલીપુત્રની એક અભાગી નારી શૃંગારવિહોણી, ગૌર ગાલ પર કોમળ કુંપળ જેવી અંગુલી મૂકી કંઇક વિચારમાં મગ્ન બની બેઠી હતી. એની આંખોમાં જાગરણની લાલી હતી. ગવાક્ષમાં બેઠી બેઠી એ ગોરંભો જમાવી રહેલાં વાદળોમાં હૈયાંચીરતી નજર નાખતી હતી. એને એના પ્રિયતમની રાહ હતી. રાતની રાતો આ રીતે એણે વિતાવી હતી. પણ એ અભાગીનારીનો પ્રિયતમ આવ્યો નહોતો.

મખમલી સેજ એના દેહને બાળી રહી હતી. ને કુસુમકળીના શણગારો એને અપ્રિય લાગતા હતા. શૃંગારમંજૂષાઓ તો દિવસોથી અણસ્પર્શી પડી હતી. શુકસારિકાના રસવ્યંગભર્યા ટહુકા હવે એને મીઠા નહોતા લાગતા. તેલ અને ઇત્રભર્યા દીપકો એના દેહને બાળવા લાગતા, ત્હોય આકાશદીપ તો પેટાવતી. ભલા, શા માટે ?

એનો પ્રાણાધાર પ્રિયતમ અંધારી રાતે આવીને પાછો ન ફરી જાય એ માટે ! એના કંઠમાંથી સંગીત સુકાઈ ગયું હતું. કદી એ ગાતી તો માનવીને રડવાનું મન થાય તેવું. વિયોગની વ્યથા, અંતરના ભડકે જલતા હુતાશનની વેદના, બળેલા હૃદયના આર્તનાદ એમાં કડાકા કરતા. વીણા, મૃદંગ ને બીજા વાદ્યો દિવસોથી તદ્દન નિરુપયોગી થઇ પડ્યાં હતા.

શૃંગારવિહોણી એ ગોરી કાયા શૃંગારથી ય અદકી શોભા ધરી બેઠી હતી કાજળ વિનાની એ કાળી ભમ્મર આંખો અને કમળફુલ વિનાનો એ કેશકલાપ, માનવીનાં મનને મુગ્ધ કરતા હતા. સૌંદર્યની ધારા જાણે સતત એ દેહમાંથી વહ્યા કરતી હતી.

રાત જામતી જતી હતી, ને એ રૂપવતી વિયોગી નારીને હૈયા કાળી બળતરા જાગતી જતી હતી. દિવસોની પ્રતીક્ષાઓ પાછળ કાયા નિચોવી નાખી હતી. સખીઓ વિનવીને કહેતી:

“ હવે આરામ કરો. એ તો ગયા ને મુનિવ્રત પણ લઇ લીધું. આમ કાયા કરમાઇ જશે. ”

"દાસી, કાયામાંથી આત્મા ચાલ્યો જ જાય તો પછી એ કરમાય તેમાં જ તેની શોભા. પણ મને કહ્યા વગર એ ચાલ્યા ન જાય! અમારો કોલ છે. સંસારની સાધારણ સ્ત્રી જેવો અમારો નેહ ન હતો. પ્રકૃતિ-જોડ્યાં અમારા જોડાણ હતાં."

"હા, પણ એથી શું?"

"એથી શું?" વિયોગી નારી અકારણ ગુસ્સે થઇ જતી. "એથી શું? જોતી નથી કે આવી માઝમ રાતે કોઈ પણ પ્રિતમ પોતાની પ્રિયતમાને ભૂલી શકે? દાસી, તેં મને કેવળ ગણિકા જ જાણી? નૃત્ય નખરાં ને નયનબાણની જ અધિકારી કલ્પી? જાણતી નથી કે સંસારના કોઈ પણ પદાર્થ કરતાં એ પ્રિતમ પર મારો અનહદ પ્યાર છે. મારો વિશ્વાસ છે કે એને હૈયે એની વિજોગણ પ્રિયાની વેદના જાગશે. એ મારે મંદિરિયે પધારશે."

અને કોશા એકદમ ઉત્સાહી બની કંઇ કંઇ ગણગણતી ગાવા લાગી.

"બા, એ તમારી ભ્રમણા છે. ડહાપણનાં ભંડાર થઇને આટલું કાં ભૂલો છો? પ્રવાસે ગયેલો પાછો આવે, સમુદ્રસફરે ગયેલો પાછો વળે, પણ આ તો અણગારોમાં ભળી ગયા. એ તો નવો અવતાર થાય તો જ આવે. કામિનીદર્શન જ એમને પાપ લેખાય."

"પાપીને પાપ લાગે. મારા સ્થૂલિભદ્ર કયાં એવા પાપી છે! દાસી, તું સ્થૂલિભદ્ર જેવો પ્રિતમ ન પામે ત્યાં સુધી તને મારી પીડની શી ખબર પડે? ભવોભવમાં એના જેવો પતિ દુર્લભ છે. મને સ્વીકારીને એણે જગતની સ્ત્રીઓને મા–બેન માની લીધી છે. એ આવશે જ. એ પ્રિયાના નાદાન દિલને રીઝવવા દુનિયાના દુર્દમ્ય પહાડો ભાંગીને–ભેદીને પણ આવશે. મારો સંસાર ફરીથી હર્યો ભર્યો બની જશે. એક વાર પુનઃ આ ઝરણાં ગાવા લાગશે ને આ તારી સખી નૃત્ય કરશે. અમારી અધૂરી રમત પૂરી થશે."

અને એ ઘેલી નારી ફરીથી વાદળોના ઘટાટોપ તરફ તાકી રહેતી, જાણે એ ભેદીને હમણાં વીજળીના પ્રકાશે પોતાનું ઘર પૂછતો પ્યારો પ્રિતમ ચાલ્યો આવતો દેખાશે.

આ અભાગી નારી બીજી કોઇ નહિ, પણ મગધની પ્રતાપી ગણિકા કોશા હતી. અધૂરી રમત મૂકીને રાજાજીને મળવા અને પિતાના અંત્યેષ્ટિ સંસ્કાર કરવા ગયેલ સ્થૂલિભદ્રની એ રાહ જોઇ રહી હતી. એ રાહ પળની કે ઘડીની નહોતી. દિવસો અને માસ વીતી ગયા હતા. શ્રીયક આવીને એને મનાવી ગયો હતો, તોય સ્થૂલિભદ્રની યાદ એ ભૂલી શકી નહોતી. રસિકજનોએ ફરીથી એનાં ચરણે તન, મન, ધન કુરબાન કરવા ધાર્યાં હતાં; પણ ઠોકર મારવા સિવાય એણે કશો ય સ્વાગતવિધિ કર્યો નહોતો. વિરહની વેદનાથી કદી ય વ્યાકુળ ન થનાર કોશાને વિરહના વાયુ સ્પર્શી ગયા હતા. એના આખા પ્રમોદભુવન પર દુઃખની છાયા ફરી વળી હતી. રંગશાળાની દિશા જ કોશા વિસરી ગઇ હતી.

એવી કોશાને આજ આષાઢી વાદળીઓના વરસવા ટાણે પ્રીતમની યાદ અસહ્ય થઈ ઉઠી હતી. એણે મુનિરાજો નીરખ્યા હતા. સુકુમાર સ્થૂલિભદ્ર પણ શું એવો મુનિ થઇને કોઈ પહાડની તળેટીમાં, વનની વનરાઇમાં નિરાધાર વાયુ ને વર્ષાની હેલીઓ ઝીલતો ધ્રૂજતો હશે! કાંટા અને કાંકરાભર્યાં બિછાનાઓ એને અંગે અંગ કાળી વેદના જન્માવતાં હશે! વિવિધ રસનાં ભોજનો જેન જોઇતાં હતાં, એ શું ખાતો હશે ને શું પીતો હશે!

દિવસો સુધી માણેલી રસભરી રાત્રિઓનાં સ્મરણો શું મુનિ થયે એ ભૂલી ગયો હશે! શું એ એવો ધુતારો હતો? ના, ના, મારો સ્થૂલિભદ્ર જરૂર આવશે. કોશા વિચાર કરતી કરતી અચાનક દાસીને કહેવા લાગી.

"દાસી, આકાશદીપમાં તો પૂરું તેલ ભરેલું છે ને! જોજે, એ આવીને પાછા ફરી ન જાય! અને મારાં નેત્રોમાં પણ શ્રમ ને ક્ષુધાથી જોજે નિદ્રા પ્રવેશી ન જાય! એ આવશે. મારું હૃદય સાક્ષી પૂરી રહ્યું છે, કે એ નક્કી આવશે. એ એના પ્રાણને ભૂલી શકે તો કોશાને ભૂલી

શકશે. અને રે આળસુ દાસીઓ, તમે બધી ય સજગ રહેજો ! એ આવે અને એવું ન થાય કે ઉચિત સ્વાગત પણ ન કરી શકાય. એટલું નક્કી કરી રાખજો કે એ જરૂર આવશે."

"એ જરૂર આવશે." સુવર્ણપિંજરની મેનાએ ટહુકો કર્યો.

"કોણ એ બોલ્યું ? મારી વહાલી સારિકા ! દાસી, એને તાજી તાજી દાડમની કળીઓ આપ. એનું મોં મીઠું બનાવ ! વહાલી સારિકા, તારા શબ્દો ફળશે ને એ આવશે તો તને સોને મઢાવીશ. પેલા ધુતારા શુક સાથે તારાં લગ્ન કરી આપીશ. તારા કાજે આખા ઉદ્યાનમાં મરચાં, દાડમ ને જમરૂખ વવરાવીશ."

દાસી અજબ મૂઝવણમાં પડી હતી. પોતાની સ્વામિનીની ઉદાસીનતા દૂર કરવા એણે કેટકેટલા ફૂટડા રાજકુમારો અને શ્રેષ્ઠિપુત્રોને નોતર્યા હતા; પણ એ આંખ ઉપાડે તો ને ! નૃત્ય, ગાન, વાદન તરફ તેનું મન વાળવા ઇચ્છયું પણ એમાં ય નિષ્ફળતા મળી. જે જે ઉપાયો કરવામાં આવ્યા, એ બધાએ એનું દુઃખ ઓછું કરવાને બદલે વધારી મૂક્યું. કોશાનો ઉન્માદ, ઘેલછા, ધૂની સ્વભાવ વધતો જ ચાલ્યો. ઔષધો પણ આણ્યાં, છતાં મનનો રોગ તનનાં ઔષધોથી શી રીતે જાય !

"નક્કી બાને કુમાર સાથે પૂર્વભવની પ્રીત છે. નહિ તો ક્યાં એક ગણિકા ને ક્યાં એક મંત્રીપુત્ર ! ખરા છે દિલનાં સંગી !"

ઉજાગરે ઘેરાતી આંખો લાલઘૂમ બની ગઇ. ઝરમર ઝરમર વાદળો વરસી ગયાં. પૃથ્વીએ તો જાણે નવો અભિષેક કર્યો. અને કોશાની લાલ આંખડી જેવું સવિતાનારાયણનું લાલ બિમ્બ સામે ક્ષિતિજ પર ઊંચું થયું. સાગરોમાં કમળો ખીલ્યાં ને ભ્રમરો ગુંજારવ કરતા મધુ પીવા આવી પહોચ્યા. આખું અંગ આળસથી તૂટી રહ્યું હતું. કોશા ઊગતા સૂર્યબિમ્બ સામે જોઈ રહી હતી. અચાનક એણે બૂમ પાડી.

" દાસી, જો જો, પેલા સૂર્યબિમ્બમાંથી મારો કુમાર ચાલ્યો આવે ! જોયુંને શરમની લાલીથી એનું મુખ કેવું રક્તવર્ણું થઈ ગયું છે. પ્રિયનો ઠપકો મળશે એવો મને ભય છે. જો જો, કોઈ ઉપાલંભનો એક શબ્દ પણ મારા કુમારને કહેશો નહિ. આખરે એ આવ્યો. મને વિશ્વાસ હતો કે એ આવશે. "

કોશા ઊભી થઈ ગઈ. એ ગવાક્ષમાંથી ઉતાવળે નીચે ઊતરવા લાગી.

" અરેરે, બાને ગાંડપણ વળગ્યું. " બોલતી બોલતી દાસીઓ એને ઝીલી લેવા દોડી.

" જાઓ શૃંગાર સજો ! ચિત્રશાળા શણગારો ! મારા માટે અંગ-વિલેપન તૈયાર કરો ! આવા વેશમાં મને જોઈ એ કેવો ઠપકો આપશે ? જુઓ, મ્હણે ચાલ્યા આવે ! "

દાસીઓએ એ દિશા તરફ નજર કરી. પ્રભાતની નિર્જનતામાં દૂર દૂર સુધી કોઈ દેખાતું નહોતું. પણ હા, સૌષ્ઠવભરી ચાલે કોઈ એકાકી પુરુષ ભુવન તરફ જ ચાલ્યો આવતો હતો. અરે ! એ તે સ્થૂલિભદ્ર હોય !

ના, ના, અરે એ જ છે. મંત્રીપુત્ર નહિ પણ મુનિરાજ સ્થૂલિભદ્ર ! કેવો વરવો વેશ ! પણ કંઈ દેહની કાન્તિ, મુખની શ્રી છાની રહે છે !

" બા, એ જ સ્થૂલિભદ્ર ! કુમાર પધાર્યા ! "

" ઘેલી દાસીઓ હું નહોતી કહેતી કે આવશે. જાઓ, જલદી તૈયારીઓ કરો ! જાઓ, કોઈ ચિત્રશાળાને સજાવો ! કોઈ હિંડોળાખાટો, પલંગો, ધૂપદાનીઓ સજાવો ! કોઈ કેસર, કસ્તૂરી ને ગંધમાલ્ય તૈયાર કરો ! ગાયકો, વાદકો ને વિટોને એમનાં સાજસામગ્રી સાથે સજ્જ રહેવાનું કહો, આસનો ગાદીતકિયા, પીઠિકાઓ અને નિર્ઝરગૃહોનાં વિરામાસનો જરા ય અસ્વચ્છ ન રહે એ જો જો ! અને આ મારા દેહ સામે તો જુઓ ! અરર ! આવી તે હતી હશે એની પ્રિયતમા ! લાવો,

ઝટ મને શણગાર સજાવો, અંજન લાવો, કેસર લાવો, સિંદૂર લાવો, મારાં રત્નમય પટકુળ લાવો. જુઓ એ આવી પહોંચ્યો મારો પ્યારો પ્રીતમ !"

અને ખરેખર શાન્તભાવે, સ્થિર પગલે, જીવનનો જય સાધીને આવતો હોય તેવો સ્થૂલિભદ્ર આવી રહ્યો હતો. એની દૃષ્ટિ ભૂમિને પ્રમાર્જી રહી હતી અને પ્રમાર્જેલી ભૂમિ પર પગલાં દેતો એ ચાલ્યો આવતો હતો. એની ચંચળતા ક્યાં ય અલોપ થઈ ગઈ હતી. એ તરસ્યા વિલાસના પ્રતીકશા સદા અણઉઘડ્યા રહેતા એના ઓઠ અત્યારે દૃઢતાથી બિડાયેલા હતા.

મુનિ સ્થૂલિભદ્ર કોશાને દ્વાર આવી ઊભા રહ્યા. આજ્ઞા વિના અંદર પ્રવેશવાનો એમનો ધર્મ નહોતો. બિચારો દરવાન શું આજ્ઞા આપે ! ત્યાં તો સૌંદર્યગિરિના સ્વચ્છંદ ઝરણ જેવી કોશા ધસી આવતી દેખાઇ. યૌવનોન્માદની એક આછી લહેરમાં એનું કેસરવર્ણું ઉત્તરીય ઊડી રહ્યું હતું. તાજી જ ગૂંથેલી વેણી, તાજાં જ લગાડેલાં કાજળ–સિંદુર. સુવર્ણ-સળીથી ગૂંથેલું એનું અંગવસ્ત્ર ભૂમિ પર ઘસડાતું હતું.

"પધારો !" કોશાએ પ્રણામ કર્યા. એ આટઆટલાં દાસીઓ વચ્ચે પણ નિર્લજ્જ બની સ્થૂલિભદ્રના ચરણ પૂજવા આગળ ધસી. એને ત્યાં જ અટકાવી કહ્યું:

"કોશા, ચાતુર્માસ રહેવાની ઇચ્છા છે. ચિત્રશાળા મળશે ?"

"મારા મનના દેવ ! આ શરીર, આ ધન અને પરિજન બધું જ આપનું હોય ત્યાં શું આપવાનું ને શું પૂછવાનું ! આ દાસી ય આપની છે. ચિત્રશાળા તો આપની જ છે ને !"

"મારે કેવળ ચિત્રશાળા જ જોઈએ છે." કહી સ્થૂલિભદ્રે ભુવનમાં પ્રવેશ કર્યો. કોશાનો આનંદ ત્રિલોકમાં સમાતો નહોતો. આત્મા વગરના દેહ જેવા રંગભુવનમાં ફરીથી આત્મા સંચર્યો હતો.

મનોહર ચિત્રશાળાના એક ખૂણામાં સ્થૂલિભદ્રે પોતાનું આસન જમાવ્યું. એ તરત જ પોતાની નિત્યક્રિયામાં મશગૂલ બની ગયા. કોશા વનવન રઝળીને આવેલા પ્રિયજનને કાજે જાતજાતનાં પકવાન્નો, પેયો ને ખાદ્યો બનાવરાવી રહી.

યોગ્ય સમયે કોશા ષટરસાહારના થાળ સાથે હાજર થઈ. ભોજનની સોડમથી આખી ચિત્રશાળા મહેકી ઊઠી. કોશાએ અત્યારે નવો શૃંગાર સજ્યો હતો. એણે ગૌર દેહનાં અર્ધ અંગોને વસ્ત્રોથી એવી રીતે આચ્છાદિત કર્યાં હતાં, કે નિમિષ માત્રમાં એક હાવભાવની સાથે એ સ્પષ્ટ થતાં, ને એની સ્નિગ્ધતા પ્રગટ કરી પુનઃ આચ્છાદિત બની જતાં.

મુનિરાજે શાન્ત ચિત્તથી કંઈ પણ આનાકાની વગર આહાર કર્યો. સુંદર મુખવાસ લઈ પુન: પોતાના આસન પર જઈ બેઠા.

" યોગાશ્રમોની હવા જ વિચિત્ર છે. માણસને બહાવરો બનાવી નાખે છે, સ્થૂલિભદ્ર જાણે જડ બની ગયો છે ! એની ચેતનાશક્તિને જગાડવી પડશે. "

કોશા સમય અને સંગીતના યોગ્ય મેળથી જ્ઞાત હતી. મધ્યાહ્ન જવા દઈ, સાંજ પડતાં એણે સોળ શૃંગાર સજ્યા. તમામ અંગપ્રત્યંગોને દર્શાવે તેવું ઝીણું ચિવર પહેર્યું. ચિત્રશાળાના દીપકો પેટાવવામાં આવ્યા.

એનું એ જ આકાશ ફરી ગોરંગો જમાવી બેઠું હતું. વીજળી ને ગર્જારવ આંખકાનને ચમકાવી રહ્યા હતા. વીણાના તારને એ વખતે કોશા છેડી બેઠી.

સમય, સ્વર અને સંયોગો એવા હતા, કે મુનિજનની વર્ષોની યોગ-સમાધિ ચળી જાય. સંસારમાં સ્ત્રી આટલી મોહક છે, એની તત્ક્ષણ સાબિતી થઈ જાય. કોશા મીઠું લહેકેદાર સંગીત ગાઈ રહી.

" આશ નિરાશ કર્યાં અમને;
પ્રીતમજી ન ઘટે તુમને.

રસીલા સાથે અમે રમશું,
નાટક રંગ રસે કરશું;
દાવ લહી દિલડું હરશું.*

પૃથ્વી પર ઝરમર ઝરમર વરસી રહેલી વર્ષાના સ્વરો સાથે આ ગીતમાધુરી અપૂર્વ મેળ સાધી રહી. દીપકો ય સાથે ગાતા હતા, ને આકાશવિદ્યુત પણ સાથે નાચતી હતી. સ્વયં કામદેવને આમંત્રણ દેતી રતિ અહીં સોળે કળાએ સ્મરાવાહન કરતી બેઠી હતી. ભલભલા યોગીનો યોગભંગ થાય તેવો તાલ જામ્યો હતો. સ્વરો આગળ વધ્યા.

"માસ અષાડે અનેક ફૂળે, દવદાધી તરુવેલી વળે;
વલ્લભ વિરહે દેહ બળે, રસીલા સાથે અમે રમશું.
એહ સગાઇ નવી કરવી, પિયુ ઘટે ન મતિ એ ધરવી;
પૂરવ નારી પરિહરવી, રસીલા સાથે અમે રમશું.

આશ નિરાશ કર્યાં અમને;
પ્રીતમજી ન ઘટે તમને."

મૃદંગનો તાલ લઇને કોશાએ એક મૃદુ સ્વર હવામાં તરતો મૂકયો. બારી વાટે ઠંડી હવાના સૂસવાટા કાયામાં મીઠી કંપન ઉપજાવતા હતા. સ્વરનું કામણ એવું હતું કે દાસીએ દાસી, પક્ષીએ પક્ષી, જડે જડ અને ચેતને ચેતન આલિંગતું લાગ્યું. કોશા મુનિરાજના સુકુમાર મુખ સામે તાકી રહી હતી. આટઆટલા હાવભાવ ને નૃત્યગીતની અસર એ પરખી રહી હતી. એ જાણતી હતી કે પુરુષત્વાભિમાની કોઇ પણ નરમાં કામવેદના જગાવવા માટે આટલી સામગ્રી વિશેષ હતી.

મુનિરાજનું મુખ સ્થિર ને હોઠ સ્વાભાવિક દૃઢતામાં બિડાયેલા હતા. આંખોમાં પ્રેમભરી એક દિવ્ય જ્યોત્સ્ના બિરાજતી હતી. ચક્ષુએ

* શ્રી ઉદયરત્ન કૃત શિયળવેલીમાંથી.

ચક્ષુ દ્વારા નયનામૃત પીતાં જે કદી તૃપ્ત નહોતાં થયાં. એ જ નેત્રો સામે આજ કોશા મીટ માંડી શકતી નહોતી.

કોશાએ સંગીત ચાલુ રાખ્યું. એ મહિનાના રંગ ગાવા લાગી.

શ્રાવણીઓ સીંચે ધરતી, મોરલડી ટહુકા કરતી;
વાદળીઓ કામવશે ઝરતી, રસીલા સાથે અમે રમશું.
ભાદરવો ભર જળ વરસે, પંખીયુગલ માળે ઠરશે;
વિરહે નારી કિશ્યું કરશે, રસીલા...............

સ્વરો સાથે ભાવનું સંમિશ્રણ કર્યું. કોશા જાણે ઠંડીથી કંપતી કમળદંડ સમા કોમળ હસ્ત લંબાવી કોઈને ગ્રહવા વ્યાકુળ બની હતી. એનું ઉત્તરીય સરી ગયું હતું. છાતી ધબક ધબક થઈ રહી હતી. ઉન્મત્ત યૌવનનો કોઈ વાયુ એને ધ્રૂજાવી રહ્યો હતો.

સ્થૂલિભદ્ર ચક્રવાકી જેવી આ નારીને હમણાં સાંત્વન આપશે. એનું હૃદય હમણાં યોગને ફગાવી દેશે; પણ ના, એ તો નિર્વાત વૃક્ષની જેમ શાંત જ હતા.

કોશા આગળ વધી.

“ આસો માસે દિવાળી, સાકર, સેવ ને સુંવાળી;
છોડી થાળી પીઉ ભાળી, રસીલા સાથે અમે રમશું.
કારતકે કેલીતણાં વનમાં, દેખી દેખી સાલે ઘણું મનમાં;
દૂધ સીતા શશી ભોજનમાં, રસીલા સાથે અમે રમશું.
માગસીરે મન્મથ જાગે, મોહનબાણ ઘણાં વાગે;
દુઃખ મોહન મળતાં ભાગે, રસીલા સાથે અમે રમશું.
પોષ તે શોષ કરે ધ્યાન, શું કરે સોપારી પાન;
વલ્લભ વિણ ન વળે વાન, રસીલા સાથે અમે રમશું.
માહ માસે ટાઢ્યો પડશે, શીતળ વાયુ વપુ ચડશે;
નામ અનંગી ઘણું નડશે, રસીલા સાથે અમે રમશું.

કોશાને વિરહનો અગ્નિ અકળાવી રહ્યો હતો. દિવસોની પ્રેમ-વિહોણી રાતોનો આજે ખંગ વાળવો હતો. પણ મુનિ તો ધ્યાનમાં મસ્ત હતા. આ બધા ય વાતાવરણથી પર થઇને જાણે એમની દૃષ્ટિ અગમનિગમમાં રમી રહી હતી.

રાત જામી હતી. ગાયિકાનું ગળું પણ જામ્યું હતું. વાદ્યના સ્વરો પણ જામ્યા હતા.

“ ફાગુણે ખડખડતી હોળી, પહેરી ચરણાં ને ચોળી;
કેસર ઘોળી મળી ટોળી, રસીલા સાથે અમે રમશું.
લોક વસંત મધુ રમશે, કોયલ અંબ વને ભમશે;
તે દિન મુજ સાથે ગમશે, રસીલા સાથે અમે રમશું.
વૈશાખે સરોવર જઈશું, કેતકી ચંદનવન રહીશું;
દેખી ચંદ્ર શીતળ થઈશું, રસીલા સાથે અમે રમશું.
જેઠ બપોર ભણી ભેળાં, પંખી–પશુ–પ્રમદા મેળા;
જાણીએ મધ્યનિશિ વેળા, રસીલા સાથે અમે રમશું.
મોહન મહાલો મહેર કરી, દયિતા દેખી દુઃખભરી;
બારે માસ વિલાસ ધરી, નાટક રંગ રસે કરશું.

ગીત પૂરું થયું. માધુરીની રેલ વહી રહી. આકાશે ગર્જનાના શંખ ફૂંકાયા. કોમળ વેલી સમ નારી મુનિના ચરણની પાસે ઢળી પડી. દાસીઓ ચાલી ગઈ, ગાયકો ને વાદકોએ વિદાય લીધી. ઝગઝગાટ બળી રહેલા દીપકો પણ હોલવાવા લાગ્યા. કેવળ શીતળ હવાના સૂસવાટા આખી ચિત્રશાળાને ધણધણાવી રહ્યા હતા.

“ કોશા, જાગ્રત થા ! શા માટે આટલો પરિશ્રમ કરી રહી છે ? દિલની નાની એવી પ્યાસ બૂઝવવા કયો મોટો કૂવો ખોદી રહી છે ? ”

“ કુમાર, એવું ન બોલો. વૈરાગ્યની વાતો ભૂલેચૂકે ન કરશો. મારા હૃદયની બળતરા તમે શું સમજો !.મારા પ્રાણ નીકળી રહ્યા છે. ”

" કોશા, સાવધ થા. ઊભી થઈ સ્વસ્થ બેસ ! તારું જ્ઞાન તારા આત્માની ચિંતામાં લગાવ ! "

" આત્માની વાતો કરશો મા, મુનિરાજ ! જેમાં દેખાતા દેહને શાન્તિ ન લાધે, એમાં અદશ્ય એવા આત્માની શાન્તિની કાલ્પનિક વાતો તમારા આશ્રમો માટે રાખો ! મારી આગ બુઝાવો ! "

" તારી આગ બુઝાવવા માટે જ આવ્યો છું. અને કોશા, બુઝાવીને જ જઈશ. "

" શું મને સ્વીકારશો ? આ ઉદાસીનતા છોડી મને પ્રેમ કરશો ? "

" અવશ્ય પ્રેમ કરીશ. એ પ્રેમ મને ને તને પૂર્ણ બનાવશે. તારા આત્મા પર મારો પ્રેમ ગાઢ છે. "

" મુનિરાજ, મુનિઓની ભાષામાં વાત ન કરશો. "

" કોશા, તું ઇચ્છીશ એમ જ થશે, પણ આજે પાછી જા ! આત્મા અને દેહ પર કંઈક વિચારજે ! કાલે ફરી મળશું ! "

" કાલે ? કુમાર, કાલે મારી પ્યાસ બૂઝાશે ? "

" અવશ્ય. "

કોશા સ્વસ્થ થઈ થોડીવાર સામે બેસી રહી. એ દહાડે ફૂલહારથી બનાવેલી સેજ ખાલી પડી રહી. કોશા પણ ચિત્રશાળાના એક ખૂણે જમીન પર નિદ્રાધીન થઈ ગઈ.

એ જ કડેડાટો અને ગડેડાટો સાથે રાત્રી આગળ વધતી રહી.

સાગરને તીરે ચક્રવાક ને ચક્રવાકી આખી રાત એકબીજાને પુકારતાં રહ્યાં.

# કામવિજેતા

## [ ૩૦ ]

વાયદાનો એ દિવસ એવી જ રીતે વ્યતીત થઈ ગયો, અને કોશાની પ્યાસ અણબૂઝી રહી. એવું જ આકર્ષક નૃત્ય, એવા જ મદભર્યા હાવભાવ, એ જ સૌંદર્યઝરંતા અંગમરોડઃ અને ત્હોય કોશાને એ રાત ચિત્રશાળાની કઠોર ભૂમિ પર એમ ને એમ વ્યતીત કરવી પડી.

તૃષાતુરને સરિતાનો સુંદર પ્રવાહ ભેટ્યા છતાં જલપાન કરવાની તક ન મળે, બે હાથમાં આવી પડેલું અમર ફળ માનવી મોં સુધી ન પહોંચાડી શકેઃ ત્યારે એના તરફડાટ કરુણાજનક હોય છે. એ વેળા અંગેઅંગમાં એક અવ્યક્ત વેદના જાગે છે, આકાશપાતાળ એક કરવાના મનસુબા જન્માવે છે.

કોશાની સ્થિતિ પણ એવી જ હતી. એ આખી રાત સૂતી સૂતી વિચારતી કે કાલે તો દોડીને એનાં ચરણો જ પકડી લઉં. એના કંઠની આસપાસ ભુજપાશ નાખી દઉં. કહી દઉં કે કાં તો મારો અગ્નિ શાંત કરો અને નહિ તો મને જીવનમુક્ત કરો. પણ એ બધાય મનોરથો બીજે દિવસે દિવાસ્વપ્ન જેવા અફળ નીવડતા. મુનિરાજનાં નેત્રો જોતાં જ અરુણને જોઈ રાત્રી ગળી જાય, એમ એના નિશ્ચયો ગળી જતા. એના પગ ભારે થઇ જતા. જે જીભ પર હજારો મનુષ્યોને નચાવવાનો જાદુ હતો, એ જ જીભ આજે બોલતાં બોલતાં થોથડાતી.

ઘણીવાર એના અંતરમાં કોઈ સાદ પાડતુંઃ ‘ તું ગણિકા, તારે વળી આ ભવાડા શા ! કામવિરહ વળી ગણિકાને કેવો ? એ તો કોઇ નવવધૂને, કોઇ મુગ્ધાને, કોઈ કુમારિકાને સ્પર્શે ને સતાવે. ગણિકા તો સ્વયં

કામમૂર્તિ કહેવાય.' પણ કોશા આ વિચાર સામે પોતે જ યુદ્ધ માંડતી. 'કોણ કહે છે કે હું ગણિકા ! અને જો ગણિકા હોઉં તો કામવિરહ કાં સતાવે ! ગણિકાને અને કામવિરહને શો સંબંધ ?'

વગર કહ્યે કામની વ્યાધિ લાગુ પાડે તેવાં વાજીકરણો અને વશીકરણો રચવામાં કોશાએ કંઇ કમી રાખી નહોતી. નિત્યનિત્ય નવનવાં રસભર્યાં પકવાન્નો, નવનવાં પેયો ને ખાદ્યો. પુરુષત્વહીનને પણ પોરસ પ્રગટી નીકળે એવી બધી રસપકવાન્નની ભોજન સામગ્રીઓ સ્થૂલિભદ્ર રોજ જમતા, છતાં કંઇપણ વિકારનું ચિન્હ ન દેખાતું. હજાર હજાર સરિતાઓને ઉદરમાં શમાવીને શાન્ત પડેલા સાગરની જેમ મુનિરાજની મુખમુદ્રા, હાવભાવ બધુંય નિર્દોષ, નિર્દંશ ને નિખાલસ હતું.

દિવસો વધતા ગયા અને તેમ તેમ કોશાની વિરહજ્વાલા શત શત શિખાએ ભભકવા લાગી. મદભરી રાત્રિઓ એમ ને એમ અફળ ચાલી જતી હતી. આજે એણે નિર્ણય કરી લીધો, છેલ્લામાં છેલ્લી કળા દર્શાવી મુનિરાજને ડગાવી દેવાનો. એને વિશ્વાસ હતો કે મનુષ્ય કે દેવ સુદ્ધાંની મગદુર નથી કે પોતાનું આ નૃત્ય જુએ અને કામવિહ્વલ થઈ પોતાના ચરણ ન ચૂમે ! આજ મુનિનું માન ઊતારી નાખવાનો નિશ્ચય હતો, અને કામવિહ્વલ થઈ ને ધસ્યા આવતા મુનિને કેટલીય પળો સુધી દૂર રાખી તલસાવી પોતાના મન કલેશનો બદલો લેવાનો હતો.

સમી સાંજથી ચતુર દાસીઓ કામે લાગી ગઈ હતી. પ્રબલ વાજીકરણોના મિશ્રણથી સુંદર પકવાન્ન બનાવીને આરોગવામાં આવ્યા હતા. આખી ચિત્રશાળા શણગારાઇ રહી હતી. પારિજાતક, ચંમેલી અને કમળનાં તોરણો બંધાઈ રહ્યાં હતાં. ઝગઝગાટ કરતાં સુવર્ણ પાત્રોમાં સુગંધી ધૂપ ગુંચળાં વળતો હતો. ચંદનનો ચારે તરફ છંટકાવ થયો હતો. તમામ રૂપવતી દાસીઓએ આજે ઉદ્ભટ વેશ ધારણ કર્યો હતો. ગાયક અને વાદક તરીકે પણ મગધની રૂપવતી ગણિકાઓ આણવામાં આવી હતી. રંગશાળાના નિર્માણ કરનારની કલ્પના આજે એના ઉન્નત શિખરે પહોંચી

હતી. તમામ દાસીઓ ઈંદ્રની અપ્સરાઓની કલ્પનાને મૂર્ત કરતી હતી. કોઈકે કેવળ ફૂલહારથી દેહ ઢાંકયો હતો, કોઈએ અલંકારોથી જ લજ્જા ટાળી હતી. કોઈએ કાળાભમ્મર અંબોડા પર મુગટ પહેર્યા હતા, ને કોઈએ મેઘશ્યામ ચિવરોથી શરીરને એવું આચ્છાદિત કર્યું હતું કે દૃષ્ટિ ત્યાં જ થંભી જાય. કામદેવની સેના પૂરાં શસ્ત્રો સાથે મેદાને પડી હતી.

કોશાનો ઠસ્સો આજે ઔર બન્યો હતો. એની ગોરી ગોરી કાયાને પારિજાતકનાં પુષ્પોથી શણગારવામાં આવી હતી. કમર પર રત્નજડિત મેખલા પહેરી હતી અને કમળ જેવા પગો નૂપુરઝંકાર કરતા હતા. કામદેવના ઉદ્યાન સમા એના વક્ષસ્થળ પર રત્નાવલિઓથી ભરપૂર કંઠો ઝૂલી રહ્યો હતો. ભરાવદાર ગુચ્છાવાળા વાળને રૂપેરી તારોથી ગૂંથીને એ ઉપર એણે હીરાથી જડેલી દામણી બાંધી હતી. એના કેળના સ્તંભ જેવા લીસા બંને હાથ ખૂલ્લા હતા. ને બે મોટાં કંકણો એ પર રમતાં હતાં. એની શંખાકાર આંખોમાં કાજળ પૂરાઈને અપૂર્વ તેજ આપતુ હતું. નખ પર એણે રંગ પૂર્યો હતો, ને પગે મેંદીની તાજી લાલાશ ભરી હતી.

રતિના દ્વિતીય દેહ જેવી કોશાને નિહાળવી એ જીવનના પરમ સૌંદર્યકાવ્યને માણવા જેવું હતું. કવિઓની રમણીય કલ્પનાઓ અહીં સાકાર બની રહી હતી. દેવો પણ ઈર્ષ્યા કરે એવું એનું રૂપ બન્યું હતું. અપ્સરાઓ ઝાંખી લાગે તેવી દેહશોભા ખડી કરી હતી. દાસીઓ પોતે જ કોશાના આ દેહશૃંગાર પર વારી જતી હતી. આજે મુનિ ચલિત થશે જ, એ પરત્વે કોઈને પણ લેશમાત્ર સંદેહ નહોતો.

યથાસમય સંગીત શરૂ થયું. એક પછી એક રૂપસૌંદર્ય નીતરતી દાસીઓ આવીને નૃત્ય કરવા લાગી. એકે મૃદંગ લીધાં, એકે વીણા લીધી. બીજાં કેટલાંય નાનાં વાદ્યો શરૂ થયાં. કોશા તો આજે નૃત્ય કરવાની હતી. ગાનાર તરીકે સંગીતકળાકુશળ ગાયિકા યોજવામાં આવી હતી. બધું બરાબર વ્યવસ્થિત થતાં વાદળમાંથી વીજ ઝબૂકે એમ કોશાએ ચિત્રશાળામાં પ્રવેશ કર્યો.

નૂપુરઝંકાર સાથે નૃત્યનો આરંભ થયો. મીઠું દર્દભર્યું ગીત છેડાયું.

"મંજન–ચીર તિલક આદ્યંત, ચતુર શણગાર સફાર ધરી;
મનોહર શિર પર ચિવર ચંભી, કૌસંભી કી શોભ કરી.
ચિહું દિશ ભાળી ફૂલકી જાળી, દીપકમાળી જોત ધરી;
ધુર પરણામ સકામ હરામા, રામા રંગે ગેલ કરી.
નવ નવ છંદે છંદ છપઈઆં, ઉમરિયાં રસગુણભરિયાં;
ઠમક ઠમક પગ ભૂતલ ઠમકે, ઝમકે રમઝમ ઝાંઝરિયાં.

નૂપુરનો ઝંકાર વધ્યો. સૌંદર્યનાં પૂર કોશાના દેહમાં ઉમટવા લાગ્યાં. એનો એકેએક અંગમરોડ, એકેએક અભિનય વાતાવરણને માદક બનાવવા લાગ્યો. સ્વર્ગનું રૂપ દેહ ધારણ કરીને પૃથ્વી પર નાચવા આવ્યું હોય તેવો ભાસ થવા લાગ્યો. પુરુષના પુરુષત્વને પડકાર થતો હોય, જાણે મદનનો બૂંગીયો ઢોલ કામના ધર્મને જાગ્રત કરતો હોય; એવી કળા રચાણી હતી.

હૃદયાનંદન કેતકી ચંદન, ફૂલ અમૂલ મલક ઝમકે;
ખલક ખલક કર કંકણ ખલકે, ઝલક ઝલક ટીકો ઝલકે.
ઝરમર ઝરમર મેહુલો વરશે, જળસે ભરી ભરી વાદળિયો;
ધનન ધનન ધનઘોર અઘોર, ગાજે રાજે વીજળિયો.
હુહુક હુહુક અવિવેકા નેકા, ભેકા શોર સજોર ઘને;
કુહુક કુહુક રસીલા નીલા, કોકિલા સહકાર વને.
બહુત પિપાસી મેઘજલાશી, ફળી 'વનવાસી વેલડીઓ;
પ્રેમતણા રસરેલા ચાલ્યા, પણ સ્થુલિભદ્ર નવિ પડીઆ"

કોશાએ અંગ સંકોચી લીધું. નાની એવી વેલડી થઈને ઝૂમવા લાગી. હમણાં પડી જશે, એ પડી; એવો શોર થઈ ગયો. પણ એ તો નૃત્યનો પ્રકાર હતો. ઉસ્તાદ નર્તિકાઓ પણ કોશાનું નૃત્યચાપલ્ય જોઈ સ્તબ્ધ બની ગઈ.

પણ ચિત્રશાળાના એક ખૂણામાં બેઠેલ મુનિરાજ સ્થૂલિભદ્ર શાન્ત ને સ્થિર હતા. મહામેઘની ઝડીઓ અને વાયુદેવનાં તાંડવની

વચ્ચે હિમગિરિ જેવો શાન્ત ને સ્વસ્થ ઊભો રહે એવા જ એ શાન્ત ને સ્વસ્થ હતા. પણ એ શાન્તિનો નાશ કરવાનો મહાનિર્ણય કરીને જ કોશા આવી હતી. સમસ્ત નર્તનશક્તિ ને સંપૂર્ણ સૌંદર્યને એણે આજે હોડમાં મૂકી દીધું હતું.

ગીત આગળ ચાલ્યું.

ટહુક ટહુક ગિરિ કેકા છેકા, કરતા કેકી મહાલે છે;
વૈરીની પરે એ વરસાલો, વિરહીને ઘણું સાલે છે.
ધમમમ માદલકે ધોકારાં, કંસ તાલ વીણા સખરી;
તા થેઇ, તા થેઇ, તાન ન ચૂકે, મૂકે નેત સહેત ધરી.
ફરસત ખિણુતર કુંતલ ભુતલ, ચંચળ અંચલ કર લેતી;
ગીત, રીત, મદ, મોહ વિનોદે, ફરક ફરક ફૂદડી લેતી.

કોશા નૃત્યનો વાવંટોળ જમાવી રહી. એણે નૃત્યના તાલમાં આખી દેહને ભૂલાવી દીધી. ગોળ ગોળ ઘૂમરી લઈ -રહેલી કોશા અદૃશ્ય બની. કેવળ સૌંદર્યનો એક પુંજ થનકારા લઇ રહ્યો. વાદ્યોએ એમાં ઝંકાર ભર્યો. નૃત્ય, ગીત અને વાદ્યની હદ થઈ. બાજુમાં ધીમો ધીમો તાલ આપી રહેલ દાસીઓ પણ નૃત્યમાં ભળી

ચિત્રશાળા આજે સુભગ બની ગઈ. કામદેવ, રતિ, વસંત, મધુ બધા સ્વયં હાજર થઈ ગયા. એકેએકના દિલને મદનના અશ્રાવ્ય ટંકાર થવા લાગ્યા.

આહ, કોશાએ હાથ લંબાવ્યા. દેહની આગ બુઝાવવા એણે મદનરસની માગણી કરી. પણ વ્યર્થ ! સ્વર્ગમાંથી ચલિત થયેલી શાપિત અપ્સરાની જેમ એ જમીન પર ફસડાઇ પડી. એનાં નેત્રો નૃત્યથી ઘેઘૂર બન્યાં હતાં. ગાત્રો કંપી રહ્યાં હતાં. ગમે તેવા નિષ્ઠુરને દયા આવે તેવી સ્થિતિ હતી. પ્રથમના સંકેત મુજબ દાસીઓ ને ગાયિકાઓ એને એ સ્થિતિમાં મૂકીને અદૃશ્ય થઈ ગયાં. તેઓએ આશા રાખી હતી કે રૂપનૃત્યથી ન વિંધાયેલ મુનિ દયાથી પણ વિંધાઈ ને કોશાને સ્પર્શ કરશે. અને કોશાનો સ્પર્શ એટલે ?

પણ નિષ્ઠુરતાની તે કંઈ હદ છે ! ધ્રૂજતી, કંપતી, આંસુ સારતી કોશાને સ્પર્શ કરવાની વાત તો દૂર રહી, આશ્વાસનનો એક શબ્દે ન કહ્યો. શું મુનિ થયા એટલે દયા છોડી દીધી ! આટલી નિષ્ઠુરતા પાષાણમાં પણ ન હોય ! કોણે આવો સાધુધર્મ સમજાવ્યો ?

કોશા ખરેખર રડી. એ રડતાં રડતાં બોલી: "ઓ નિષ્ઠુર પુરુષ, તને એક જીવ પર દયા આવતી નથી ! તને કોણે શીખવ્યો આવો ધર્મ ? મારો તો જીવ ઊડી જાય છે, અને તને ધ્યાનના ઢોંગ સૂઝે છે."

મુનિ શાન્ત હતા. સ્થિર ને સ્વસ્થ હતા. આ નૃત્ય, આ હાસ્ય, આ દયા, આ રુદન જાણે એ બધાથી તેઓ ઘણે દૂર નીકળી ગયા હતા. એવી કોઇ લાગણી તેમને સ્પર્શતી નહોતી. કોશા રડતી હતી. એનાં સુંદર નેત્રોમાંથી મોતીશાં આંસુઓ ઝરી રહ્યાં હતાં.

"કોશા."

"કોણે મને બોલાવી ?" કોશા એકદમ બેઠી થઇ ગઇ.

"મેં."

"શું તમારું પાષાણહૃદય પીગળ્યું ?"

"કોશા, જાગ્રત થા ! ઊર્મિનાં તોફાનોને જરા શાન્ત કર !"

"ના, ના, પુરુષો ધૂતારા હોય છે. પહેલાં તમે કહો કે તમે મને પૂર્વવત્ સ્નેહે સ્વીકારી છે."

"જરૂર. દેહથી નહિ તો આત્માથી. જેનો દેહ આટલો સુંદર, એનો આત્મા કેટલો સુંદર હશે, વારુ !"

"સાધુઓની ગહનવાણીમાં ન બોલો. સંસારી ભાષામાં કહો !"

"કોશા, શું તારે આત્મા જ નથી ? પુરુષ–ભોગનું તું એક રમકડું જ છે ? માનવીને પાપમાં પાડનારી રૂપાળી પૂતળી, એટલું તારું વ્યક્તિ-

ત્વ ! તારે કોઈ આદર્શ નહિ ? કોઇ ધર્મ નહિ ? કોઈ મૂલ્ય કે કર્તવ્ય નહિ" સ્થૂલિભદ્રના કંઠમાં જાણે દેવપૂજાના શંખ ફૂંકાતા હતા.

"હું એક રમકડું ?" કોશાને પોતાનું સ્વમાન ઘવાતું લાગ્યું. એણે મગધમાં એવો કોઈ જોયો નહોતો, જે આવા કઠોર શબ્દે એને વીંધી નાખે. જ્યાં જતી ત્યાં એ એના માદક હાસ્યની, એના અંગડોલનની, એના સભર સૌંદર્ય દેહની પ્રશંસા જ સાંભળતી.

"હા, હા, કોશા, તું એક રમકડું. તારું જીવન, તારી ધનદોલત; તારું સૌંદર્ય અને તારો આ બુદ્ધિવૈભવ; કેવળ એક રમકડાની માયા. સુંદર હોય ત્યાં સુધી સહુ ચાહે, ઉપાડે, રમાડે, ફેરવે, પછી એ જૂનું થતા, જીર્ણ થતાં, એનો રંગ ઊડી જતાં, કોઈ સામે પણ નહિ જોવાનું. કોશા, તારું નૃત્ય અદ્ભુત હતું, પણ મેં તો એથીય અદ્ભુત આ સંસારનું મહાનાટક નીરખી લીધું છે. કેટલું ભવ્ય કેટલું રોમાંચકારી !"

આ શબ્દો પાછળ હૃદયની દિવ્ય જ્યોતિ પ્રકાશતી હતી. પશ્ચાતાપના અગ્નિએ પાવન કરેલી સુરભિ ગૂંજતી હતી. કોશાને કંઈક આશાયેશ મળતી લાગી. એ સ્વસ્થ થઈ સામે બેઠી.

"કુમાર, કોઈ ઘોર અંધકાર મને મુંઝવી રહ્યો છે. માર્ગ દેખાડો."

"માર્ગ દેખાશે. કોશા, જિંદગીને પળવારમાં આનંદ માટે ખર્ચી ન નાખ. એને દિવ્યાનંદ તરફ લઈ જા !"

"એ દિવ્યાનંદ કેવો છે ?"

"અવર્ણનીય છે. અશ્રુત છે, દેહની તૃષા ત્યાં બુઝાય છે. નિતનિત દેહને શેકી રહેલા વિકારો ત્યાં શાન્તિ પામે છે. મનને પાપના ઉદ્યાનોમાં ફેરવનાર વૃત્તિઓ ત્યાં હોતી નથી. ત્યાં દુઃખ આનંદ સ્વરૂપ લે છે. શોક ઉલ્લાસ બને છે, વૃદ્ધાવસ્થા ત્યાં પીડતી નથી. મૃત્યુ ત્યાં સંતાપતું નથી."

"એ કેવી રીતે બને ?"

“ ધર્મના અપૂર્વ સૌંદર્યને પિછાણવાથી. એના શરણે જવાથી. ”

“ ધર્મનું શરણ ? એક ગણિકાને ધર્મ કેવો ? ”

“ ગણિકાને પણ ધર્મ છે. અને પાપાત્મા ચાંડાલને પણ ધર્મ છે. ધર્મને એક જ આંખ છે. એની નજરે પાપાત્મા કે પુણ્યાત્મા સરખાં છે. એનું શરણ લેનારને એ બધાં દુઃખસંતાપથી દૂર કરે છે. કોશા, ઐહિક સંપત્તિનું સામર્થ્ય કેટલું ? સૌંદર્ય, ધન, દાસ, દાસી કેટલા દિવસનાં ! ઐહિક સંપત્તિ પર અભિમાન ન કર ! આંતરસમૃદ્ધિ તરફ જો ! ”

“ ભદ્ર...કુમાર...ના...ના...મુનિરાજ ! બોલે જાઓ. મારા ઠંડાગાર જીવનમાં કંઇક ઉષ્મા સ્પર્શતી જણાય છે. ” કોશાની વિચારધારા પલટાતી જતી હતી. એ પોતાના અર્ધનગ્ન વેશ પર શરમાઇ ઊઠી. એણે એક વિરામાસન પર પાથરેલી ચાદર લઇ દેહને આચ્છાદી લીધો.

“ કોશા, દેહને ભૂલી આત્માનો વિચાર કર ! સાપ ને વીંછી જેવા આ સૌંદર્યને ભૂલી જા ! પાશવિક કામલિપ્સાના સ્વરૂપને પિછાની લે ! વાસનાની વેદી પર તારા દેહનો નાશ ન કર ! તારા સ્વરોથી મનુષ્યની પાપભાવનાને ન પ્રફુલ્લાવ ! જરા રોગનો વિચાર કર ! વૃદ્ધાવસ્થાનો ખ્યાલ કર ! બદરૂપતા ને મૃત્યુનો પરામર્શ કર ! ભયંકર વેદનાની ભઠ્ઠી તરફ ધસતી થોભી જા ! ધર્મનું શરણ લે ! વીતરાગની ઉપાસના કર ! ”

“ ધર્મ મને સ્વીકારશે ? ”

“ શા માટે નહિ ! દેહથી ગમે તેવા પાપીનો પણ આત્મા રૂપાળો હોઇ શકે છે. જેને ત્યાં હરિકેશીબળ જેવા શુદ્ધ થયા, જેણે રોહિણેય જેવા ઘોર પાપીને મુક્તિનો માર્ગ બતાવ્યો, જેના સમવસરણમાં એક આસને બેસીને શ્રેણિક જેવો ભૂપ ને નિત્ય પાંચસો પાડાનો કૃતાન્ત કાલકસૂરિયો કસાઇ ધર્મશ્રવણ કરી શકે, એને ત્યાં કોશા શા માટે તિરસ્કારાય ? મારો ધર્મ પાપને નિંદે છે, પાપીને નહિ. માનવી ભૂલે

નથી. બૂરાઈ એની વૃત્તિઓમાં છે. એ વૃત્તિઓ દૂર કરવાની માત્ર ઈચ્છા કરનારને પણ એ ધર્મ માયાળુ હુંફ આપે છે. કોશા, તારા રૂપાળા આત્માને શ્રાવિકા ધર્મથી શોભાવ ! ”

“ હું શ્રાવિકા બની શકીશ? મુનિરાજ, ઓ ગુરુદેવ! ” કોશા નમી પડી. એ રડતી રડતી બોલી: “ ધિક્કાર હજો મને! નરકમાં પણ મને સ્થાન ન મળજો: મેં પાપાત્માએ જ તમારા જેવા રત્નને કષાયકીચથી આવરી લીધું હતું. અહો, કેટલા અનર્થોનું હું મૂળ બની? મેં કેટકેટલા દિલમાં ઈર્ષ્યાની આગ પેટાવી? ”

“ ધન્ય, કોશા! હું જાણતો જ હતો, કે તારો આત્મા પણ સૌંદર્યથી ભરપૂર છે. ” મુનિરાજ હસતા હતા.

“ મારી વેદના પર તમે હસો છો? ભલે હસો. કોઈને ગમે તો ભલે ઘૃણા કરે! તરછોડે! ”

“ શાન્ત થા, કોશા, હું હસી રહ્યો છું. મારે માટે આ હસવાની વેળા છે. તારો પશ્ચાત્તાપ જાગી ગયો. મુરઝાયેલી તારી પુણ્યવૃત્તિ સચેત બની. હું તને શ્રાવિકા બનાવીશ. ”

“ બનાવો, ગુરુદેવ! જે બનાવવી હોય તે બનાવો! હવે કંઈ અભિમાન નથી રહ્યું. ”

“ કોશા, શ્રાવિકાનાં બારવ્રત સ્વીકારી લે; આંતરશુદ્ધિ પર લક્ષ આપ! જગત કેટલું દુ:ખી છે. એનો વિચાર કર! આ અખૂટ સંપત્તિનો દીન, અતિથિ ને સાધુનો સત્કાર કરવામાં ઉપયોગ કર! ઈંદ્રિયદમન સાધ! ગુણપક્ષપાતી બન! ન્યાયસંપન્નદ્રવ્ય ઉપાર્જન કર! પાપભીરુતા, શિષ્ટાચાર, કૃપા, દયા, કૃતજ્ઞતા વિકસાવ! વિચારણામાં, ભાવનામાં, વ્યવહારમાં નિર્દંભ, નિર્દોષ ને નિખાલસ થા! સુંદર વર્તન, આત્મઓજસ અને ત્યાગ તરફ રુચિ કેળવ! મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ ભાવનાથી રહેતાં શીખ! સત્યની ઉપાસના કર! કરુણાની ઝંખના કર! જરા અને જન્મની ભયંકરતાથી છૂટવા નમ્ર થા. ”

મુનિરાજના શબ્દોમાં ભવોભવનાં પડ ભીસાઇને તૂટતાં હોય તેવો ટંકાર હતો.

“પણ માથાના વાળ જેટલી મારી વાસનાઓ છે. એમાંથી હું કેમ છૂટીશ?” કોશાએ જિજ્ઞાસુ ભાવે પ્રશ્ન કર્યો.

“સાધકને કશું ય અસાધ્ય નથી. કોશા, હૃદયની દુર્બળતા ફગાવી દે! સ્વાધ્યાય કર! પ્રાયશ્ચિત, વિનય, યોગ ને કાયોત્સર્ગમાં રસ લે! ઘનઘોર રાત્રીનો અંધકાર લૂછવા એક અરુણ જ પૂરતો છે. આત્માની અનંત શક્તિને પિછાન! જીવન જીવવાની કળા જાણી લે! આનંદ મેળવવાની દિશા પિછાની લે! કોશા, ભવાટવીઓનાં અંધારાં તને નહિ મુંઝવે! તારો ઉદ્ધાર થશે.”

“એક સમર્થ સાધુની વાણી! મારો ઉદ્ધાર થશે.” કોશા ભાવાવેશમાં આવી ગણગણી રહી. એ ઊભી થઇ અને ધીરેથી બહાર ચાલી ગઇ.

થોડીવારે એ પાછી ફરી ત્યારે એણે સાદાં વસ્ત્રો પહેર્યાં હતાં. એના મુખ પર તૃપ્તિનો આનંદ હતો. એના નેત્રોમાં વિહ્વળતાને બદલે શાન્તિનો ભાવ હતો. એ પ્રણામ કરી મુનિરાજ પાસે બેઠી.

દિલનાં સંગીની એ રાત અપૂર્વ બની ગઇ. વાદળો વરસતાં હતાં. હવા મંદમંદ વહી રહી હતી. જાણે ક્યાંય ઉન્માદ, વ્યથા કે વ્યાકુળતા હતાં જ નહિ!

આકાશમાં આઘે આઘે, અરુણોદય થયો. સરોવરમાં સુવર્ણ પદ્મો ખીલ્યાં. પંખીઓએ સુંદર ગાન આરંભ્યાં ને એવી જ એક પંખિણી સમાન કોશાએ હાસ્ય પ્રફુલ્લિત ચહેરે ચિત્રશાળાની બહાર પગ મૂક્યો. સર્વત્ર એક મીઠી સંતોષની છાયા છવાયેલી હતી. નિત્યક્રમની રોજિંદી ક્રિયાની શાન્તિ બધે પથરાયેલી હતી.

આ શાન્તિ અને સંતોષ લઇને આવેલી કોશાએ દાસીઓને હરખાવી. આખરે મુનિરાજ માન્યા ને પોતાની સ્વામિનીનો વિરહાનળ બુઝાયો, એ એમને મન ઉચિત જ ઘટના હતી, આનંદવા યોગ્ય હતી. પણ એમનાં ક્ષુદ્ર મનને એ વાત સમજતાં વાર લાગી કે કોશા દિનપ્રતિદિન સાદાઈ, નમ્રતા ને વિનય તરફ કેમ ઢળી રહી છે! એનો દેહ પરથી જાણે કામવાસના જ લુપ્ત થતી જતી હતી, અલંકારો એ ભાગ્યે જ પહેરતી. શૃંગાર માટે એને બહુ મોટી ચીડ પેદા થઈ હતી. એનાં ગીત પણ હવે વિરહને બદલે વૈરાગ્ય તરફ ઢળતાં.

નક્કી મુનિરાજે જાદુ કર્યું. ભભૂત લગાવી.

સદા જય સાધતી કોશા હારી ગઈ? એ હારવામાંય એણે મોટી જીત મેળવી હતી.

# એક દર્દનાં દરદી

## [ ૩૧ ]

**પાટલીપુત્રની** શેરીએ શેરીએ આજે કેટલાક સમાચારો પ્રસરી રહ્યા હતા. મહામાત્ય શકટાલની વિદુષી પુત્રી યક્ષા પોતાની છ બેનો સાથે દીક્ષિત થઇ સાધ્વી બની હતી. શ્રીયકે ઘણું ઘણું સમજાવ્યું પણ યક્ષા ન માની તે ન માની. એણે તો સ્પષ્ટ કહ્યું કે પિતાજીને કાજે જ મેં સાધ્વીધર્મ નહોતો સ્વીકાર્યો. મારે તો શાસ્ત્રાભ્યાસ કરવો છે. સંસારની માયા મારે મન તુચ્છ છે. જુઓને, આટઆટલા શાસ્ત્રોના ઢગ પડ્યા છે. જિંદગી નાની ને જાણવાનું કેટલું ? મને સ્વાધ્યાયમાં મગ્ન બની જવા દો ! રૂપગુણભરી દેવકન્યકા સમી આ સાતે કુમારિકાઓને નિષ્કિંચનભાવે પાટલીપુત્ર છોડતી નિહાળી નગરજનોની આંખમાં આંસુ છલકાઈ આવ્યાં. સમર્થ પિતાનાં સમર્થ સંતાનોનો સત્યયુગ ફરીથી પ્રત્યક્ષ થતો લાગ્યો.

બીજા સમાચાર સ્થૂલિભદ્ર ચાતુર્માસ માટે કોશાને ત્યાં આવ્યાના હતા, પણ આ સમાચાર જરા મોડા હતા. ચાતુર્માસ નિર્ગમન કરી સ્થૂલિભદ્ર વિદાય થઇ ગયા હતા.

ત્રીજા સમાચાર વિચિત્ર હતા. હિમાચળમાં ધ્યાન ધરતા આર્ય ભદ્રબાહુસ્વામી હાલમાં મગધમાં વિચરી રહ્યા હતા. તેઓએ ભવિષ્યવાણી ભાખી હતી કે મગધ પર થોડા વખતમાં દુષ્કાળ ઉતરશે. સાધુઓનું ભરણપોષણ અશક્ય બનશે. માટે સહુએ સગવડતાએ દરિયાકીનારા તરફ ચાલ્યા જવું. આવી ભવિષ્યવાણીઓમાં લોકો અજબ શ્રદ્ધા ધરાવતા. અને તેઓનો અનુભવ હતો કે એ અચૂક સિદ્ધ થતી, એમાં પણ આર્ય ભદ્રબાહુસ્વામીનાં વચનો માટે શંકા લાવવી એ પણ અધર્મ લેખાતો.

પણ મગધના રાજકારણમાં અંદરખાનેથી એવો આતશ જલતો હતો કે કોઇને યક્ષા કે સ્થૂલિભદ્રના સમાચારોમાં કંઇ નવીન ન લાગ્યું. અલબત્ત, મહામાત્યના સમર્પણથી મગધની ગાદી એકવાર સ્થિર થઇ ગઇ હતી, હિતશત્રુઓ દૂર થયા હતા; પણ પુનઃ તેઓનું જોર જામવા લાગ્યું હતું. શ્રીયકને પણ રાજખટપટમાંથી રસ ઓછો થતો ચાલ્યો હતો. કર્મની વિચિત્રતા ને દુનિયાની સ્વાર્થાન્ધતા પર તિરસ્કાર પેદા થતો હતો. મગધની સેના એશઆરામી અને અભિમાની બનતી ચાલી હતી. સાહિત્ય તથા શસ્ત્રખેલ બંનેની ભૂમિકાઓ ભ્રષ્ટ થઇ હતી.

આ વેળા એક સુંદર યુવાન પાટલીપુત્રમાં આવ્યો હતો. એ ધનુર્વિદ્યામાં, અશ્વવિદ્યામાં, ખડ્ગવિદ્યામાં ને રથિકકળામાં અપૂર્વ હતો. એનાં મા–બાપનાં નામ કંઇક સ્પષ્ટ નહોતાં, પણ મહારાજા નંદની આંખોમાં એ વસી ગયો હતો. એમનો ધવલ અશ્વોથી સુશોભિત હંસરથ જોડાતો ત્યારે આ યુવાન જ સારથિ તરીકે બેસતો. એક તો સુશોભિત નાગચિન્હની ધ્વજાવાળો રથ, સુંદર શ્વેત અશ્વો અને સૌષ્ઠવભર્યો એનો હાંકનારો !

ધનુર્વિદ્યામાં પણ એ એક્કો હતો. ખડ્ગવિદ્યામાં તો મગધમાં તેની જોડ નહોતી. આ છેલછબીલો મગધવાસીઓની આંખમાં રમી ગયો હતો. આટલેથી જ આ વાત અટકી હોત તો તો કંઇ વાંધો નહોતો, પણ મહારાજ નંદની પુત્રી સુરૂપાનો પણ એ ચિત્તચોર બન્યો હતો. આ ચિત્તચોરે એને પ્રેમવશ બનાવી મહારાજના અંતઃપુરને પણ ભેદી નાંખ્યું હતું.

આટઆટલો પ્રિય થઇ પડેલો કુમાર કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ એક દિવસ એકાએક અલોપ થઇ ગયો. મહારાજાએ ઘણી ઘણી શોધ કરાવી પણ એ ન મળ્યો. છેલ્લે છેલ્લે ગુપ્તચરો સમાચાર લાવ્યા હતા, કે એ કુમારનું નામ ચંદ્રગુપ્ત છે, ને બ્રાહ્મણયુવાન વિષ્ણુગુપ્ત એની સાથે છે. આ બંને જણા સૈનિકો એકત્ર કરી રહ્યા છે, અને મહારાજા નંદના

શાસનવિરુદ્ધ અસંતોષ પ્રસરાવી રહ્યા છે. બંને જણા પાટલીપુત્રની સામે બંડ જગાવવાના પ્રયત્નમાં છે.

આ ખબરથી અત્યંત ચિંતા પેદા થઈ અને સહુએ આખા નગરને છેતરી જનાર યુવાન પર વેર લેવા કમર કસી. પણ એ યુવાન અત્યારે તો હિમાલયની ટેકરીઓમાં અશ્વ ખેલાવતો હતો, અને રાજા બનવાની પ્રથમ ભૂમિકા સમાન આજુબાજુના પ્રદેશમાં લૂંટ ચલાવી કોશ, સૈન્ય ને સામંતો એકઠા કરી રહ્યો હતો. સમાચાર લાવનાર ગુપ્તચર વર્ણવતો હતો, કે કુમાર અવશ્ય ભલો છે. પણ પેલા વિષ્ણુગુપ્તથી ડરવાનું છે. એની આંખમાંથી અગ્નિ વરસે છે. એની જિહ્વા પર જ્યારે એ સૈનિકોને પાનો ચઢાવે છે; ત્યારે રણભેરી બજતી હોય એવા સૂરો નીકળે છે.

શ્રીયકને આ ઘટના પછી મનમાં બહુ લાગી આવવા માંડ્યું. એને રાજકારણ અપ્રિય લાગવા માંડ્યું. કદાચ કાલે જ આ બે યુવાનો સામે યુદ્ધ જાગે તો પોતાના પિતાએ બચાવેલા એક મહાન વંશજ સામે અને પોતાના પિતાના શિષ્ય સામે જ શસ્ત્રો ઊચકવાં પડે. કેટકેટલી હત્યાઓથી આ હાથ રંગવાના ? પિતાજીના સમર્પણનું એ દૃશ્ય તો હૃદયને સારું સારું ત્હોય ડંખતું રહ્યું છે. શૂરવીર છતાં સરળપરિણામી શ્રીયકને આ રાજકારણો દંશ દેવા લાગ્યાં. વળી એને સદા પિતા કે ભાઈ સમાન હૂંફ આપનાર બેન યક્ષા એ પણ ગઈ. યક્ષા એને સદા પ્રેરણા આપ્યા કરતી. આટઆટલી નિરાશાઓ, ઉદ્‌વેગ હૃદયમાં સંઘરી શ્રીયક મગધના સ્વામીની સેવા કરી રહ્યો હતો. વિષ્ણુગુપ્ત અને ચંદ્રગુપ્તના બળવાના ખબર પછી પાટલીપુત્રમાં ફરીથી રણખેલ તરફ પ્રીતિ જાગી હતી. યોદ્ધાજીવન અળગું કરીને બેઠેલા મહારાજ નંદ પણ હવે સૈન્યની કેળવણી માટે રણમેદાનમાં ઉપસ્થિત રહેતા.

એક દિવસ શ્રીયક આ બધાં તોફાનો વચ્ચેથી કેમ માર્ગ કાઢવો એનો વિચાર કરતો હતો; ત્યાં રાજકુમારી સુરૂપા સોનાની પાલખીમાં

ત્યાં આવ્યાં. રાજકુમારીના એકાએક આવવાથી શ્રીયકને અત્યંત આસ્ચર્ય થયું. સુરૂપા કંઈક વ્યગ્ર હતી.

"મંત્રીરાજ, એક ગુપ્ત વાત પૂછવા આવી છું. આપ તો મારા વડીલને સ્થાને છો." સુરૂપાના શબ્દોમાં ભીનાશ હતી.

"રાજકુમારી, ગુપ્ત કે પ્રગટ કોઈપણ વાત પૂછો! સંકોચ કે સંદેહ અળગો કરી નાંખજો."

"મહારાજની સેવામાં રહીને એકાએક ચાલ્યા જનાર પેલા યુવાનનું નામ ચંદ્રગુપ્ત જ ને? રથાધ્યક્ષ વાત કરતો હતો કે વિષ્ણુગુપ્ત અને ચંદ્રગુપ્ત સાથે સ્વર્ગસ્થ મંત્રીરાજ સારો સંબંધ ધરાવતા હતા."

"હા, તેઓને બંને પ્રાણસમ પ્રિય હતા."

"શું ચંદ્રગુપ્ત મગધની ગાદીના સાચા વારસ છે?"

"રાજકુમારી, વસુંધરા તો વીરભોગ્યા છે."

"મંત્રીરાજ, એમ કહીને ભેદ ન છુપાવશો. તમારા જેવા વડીલજન પાસે હૃદય ખોલીને પૂછવા આવી છું. અંતરમાં કંઈ સંદેહ ધરશો નહિ. રાજકારણની પ્રેરી તમારી સમક્ષ નથી આવી, સ્નેહ-કારણની સંતાપેલી આવી છું." રાજકુમારી બોલતાં બોલતાં શરમાતી હતી. એના રક્તભર્યા મોં પર લાલલાલ ફૂલોના ગલ ઉપડી આવ્યા હતા.

"સુરૂપા, બધાંયને પ્રેમકારણ પીડતું રહે છે?" શ્રીયક જેવા સ્વસ્થ પુરુષને આ પ્રેમકટારીને વિષે અત્યંત આશ્ચર્ય હતું, કારણકે એના ઘા એને કદી નહોતા લાગ્યા. શ્રીયકને થતું કે માનવીને રસ્તે ચાલતાં બે આંખો એકઠી થતાં આ પીડ એકદમ કેમ જાગી જતી હશે. વિચિત્ર જાતનું આ કોઈ ચેપી દર્દ લાગે છે!

"મંત્રીરાજ, ઘા નથી વેઠ્યા એને રણમેદાનની કિંમત ન

સમજાય. પણ આજે નિર્લજ્જ થઇને આવી છું, અને તે એક વાત કહેવા. કાલે લડાઈ થાય, ચંદ્રગુપ્ત હારી જાય, એ વેળા એને મરતો બચાવી લેવા માટે વિનંતી કરું છું. ખોળો પાથરું છું. એ રત્ન મારું છે. મંત્રીરાજ! કોઇ એના પર ઘા કરવા જાય તો ઝીલી લેજો! બીજું બધું ગમે તે કરજો, પણ ચંદ્રગુપ્તને લેશમાત્ર હાનિ ન પહોંચે તે ધ્યાન રાખજો."

"કુમારી, મગધના એક વેરી પ્રત્યે મારાથી એ વર્તન ન કરી શકાય."

"અને કુમારગુપ્ત જેવા હડહડતા વેરીને બચાવી વર્ષો સુધી હિમગિરિમાં સંઘરનાર પિતાના વર્તન વિષે તમારો શો જવાબ છે? દરેક વસ્તુને બે બાજુ છે. એકને સાચવતાં આવડે તો બીજાને ઊની આંચ પણ ન પહોંચે! મહામાત્ય શકટાળના પુત્રને એ સમજાવવું પડે તો કુદરતને હવે મોરનાં ઈંડાં ચિતરવાં પડશે." પ્રેમની શક્તિ અનુપમ છે. સુરૂપામાં એ શક્તિ પ્રગટી હતી. એણે શ્રીયકના બરાબર મર્મભાગ પર ઘા કર્યો. ઘડીભર એ વ્યગ્ર બની ગયો.

"રાજકુમારી, પિતાના એ સામર્થ્યનો મારામાં અંશમાત્ર નથી. એમણે તો વિષ અને અમૃત બન્ને પચાવ્યું હતું. એ નીલકંઠ હતા."

"તમે પચાવી જાણો. તમારા ભાઇ સ્થૂલિભદ્ર કોશાને ત્યાં ચિત્રશાળામાં ચાતુર્માસ રહ્યા ને કોશાના કામી દિલને જીતી ગયા. કોશા ઉદ્ધરી ગઈ. એણે ધર્મવ્રત સ્વીકાર્યાં. જેના કુટુંબમાં આટઆટલા વિલક્ષણ પુરુષો હોય; એ જ કુટુમ્બનો એક પ્રતાપી પુરુષ નાની એવી વાતમાં આટલી આનાકાની કરે?" રાજકુમારી કોશાને પિછાણતી હતી. નાટ્યશાસ્ત્રનું જ્ઞાન એની પાસેથી જ લીધું હતું. કોશાની દાસીઓએ તેને બધી હકીકત વર્ણવી હતી. અને એટલે જ પોતાના મદદગાર તરીકે એણે શ્રીયકને પસંદ કર્યો હતો.

"કુમારી, વિષ્ણુગુપ્તની પ્રચંડ શક્તિઓ જ એની રક્ષા કરશે. ચિંતા કરશો મા!"

"તમે પણ અણિની વેળાએ એની જાતનું રક્ષણ કરજો, એટલું વચન યાચું છું." રાજકુમારી ઓશિયાળો ચહેરો કરી ઊભી રહી.

"વારુ, રાજકુમારી; જાઓ શ્રીયકનું વચન છે."

રાજકુમારી પ્રણામ કરી ચંદ્રગુપ્તના રક્ષણની ખાતરી લઇ વિદાય થઇ. શ્રીયક વિચારી રહ્યો હતો, આ દુનિયાના અજબ રંગ! એ સમજતો હતો કે પિતા અને ભાઇ કાજળની કોટડીમાં પ્રવેશીને સ્વસ્થ રહી શક્યા, તેવી સ્વસ્થતાનો પોતાનો સ્વભાવ નહોતો.

રાજકુમારીની સુવર્ણ–પાલખી અદૃશ્ય થઈ હતી. આકાશમાં ઘોળાતા વિવિધ રંગો તરફ એ જોઈ રહ્યો.

# અનુકૂળ ઉપસર્ગ

## [ ૩૨ ]

**કારતકી** પૂર્ણિમાનો ચંદ્ર આકાશમાં દેખાયો, અને શરદનો વાયુ ઝાડ–પાનને ડોલાવી રહ્યો: ત્યારે સ્થૂલિભદ્રે કોશાના પ્રાસાદથી વિદાયની તૈયારી કરી. ચાર ચાર માસની ધર્મચર્ચાએ કોશાના હૃદયને પશ્ચાત્તાપ કરતું કરી મૂક્યું હતું. જે આત્માના અસ્તિત્વને સ્વીકારવા તૈયાર નહોતી, જેને દુન્યવી લાલસા સિવાય બીજી વાંછના નહોતી; એ આજે પરલોક અને પરમ આત્માઓની ચર્ચા કરતી. રોજ કોઈ ને કોઈ સિદ્ધાત્માનું ચરિત્ર શ્રવણ કરતી. તારણહાર પ્રભુ મહાવીરે ઉદ્ધારેલાં પાપાત્માઓ, ચોરો, વ્યભિચારીઓ અને હતભાગી જનોની કથાઓ બહુ જ પ્રેમપૂર્વક સાંભળતી. કેટલીક વાર એ ખરેખર રડી પડતી.

મુશળધાર વર્ષામાં ગંદુ થયેલું ઝરણાંનું નીર જેમ ધીરે ધીરે સ્વચ્છ થતું ચાલે, એમ દિનપ્રતિદિન એ આત્માના વિચાર તરફ વળી રહી હતી. એણે અનેક અમુલખ સુવર્ણપિંજરોમાંથી શુકસારિકાઓને મુક્ત કર્યાં હતાં. દાસદાસીઓ પ્રત્યે પણ તે દયાળુ બની હતી. જપતપમાં પણ ઉત્સાહ ધરાવતી હતી. એનાં વસ્ત્રોમાં સાદાઈ આવી હતી. હવે નખ રંગવા, વિવિધ કલામય કેશ ગૂંથવા, શરીરને કેસર, કસ્તૂરીથી વિલેપિત કરવું; એ બધું છોડી દીધું હતું.

પૂર્ણિમાનો ચંદ્ર આથમ્યો અને સ્થૂલિભદ્રે કોશાની વિદાય લીધી. હવે એ વિરહાનલની વ્યથાઓ નહોતી પણ ભક્તહૃદયનો સાત્વિક અનુરાગ હતો. ધર્મબંધે એ આત્માઓ બંધાયાં હતા.

" પધારો મુનિરાજ, પણ આપણો ધર્મનો સંબંધ વિસરશો મા ! "

"કોશા, આત્માનાં ઐકય અદ્ભુત હોય છે. સિદ્ધાત્માનાં ચરિત્રોને યાદ કરજે. હજી ય વધુ પરમ શાન્તિને પામીશ, અને તારા હૃદયમાં સદા આનંદનો એવો સ્રોત વહ્યા કરશે, જે તારું ઐહિક અને પારલૌકિક કલ્યાણ કરશે."

કોશા નમી: દાસદાસીઓ નમ્યાં. સહુને ધર્મલાભની શુભાશીષ આપતા મુનિરાજ પંથે પડ્યા. કોશા ગોખે અને ઝરૂખે ચઢી એ મુનિજનને જોઇ શકાય ત્યાં સુધી જોઇ રહી. ક્ષણવાર એનું કોમળ હૈયું એકલતા અનુભવી રહ્યું. આખા પ્રાસાદનો પ્રાણ ચાલ્યો જતો હોય તેવો ભાવ થઇ આવ્યો. પણ કોશામાં હવે પહેલાનું હૃદય-દૌર્બલ્ય નહોતું. એણે મન વાળી લીધું.

મુનિરાજ પાદપ્રયાણ કરતા ગુરુચરણમાં જઇ ઊભા રહ્યા. વયોવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ ગુરુજનનાં નેત્રો સ્થૂલિભદ્રની મુખમુદ્રા પર રમી રહ્યાં હતાં. તેઓને પોતાના અતૂલ જ્ઞાનદ્વારા આ જાણી લેતાં વાર ન લાગી કે કોલસાની ખાણમાંથી હીરો એ જ વિશુદ્ધપ્રભા સાથે પાછો ફર્યો છે. વાઘની બોડ અને બીજે ગયેલા શિષ્યો પણ પાછા ફર્યા હતા.

સહુ પોતાનું ચાતુર્માસિક નિવેદન રજૂ કરી રહ્યા હતા. વ્યાઘ્રગુફાવાળા મુનિએ કહ્યું:

"ગુરુદેવ, વ્યાઘ્રગુફામાં પ્રારંભમાં તો વ્યાઘ્રે મનુષ્યનો સંચાર જોઇ ખૂબ જ ધમપછાડા કર્યા. એ ગર્જનાઓ ઉપર ગર્જનાઓ કરવા લાગ્યો. પણ મેં તો શાન્તિપૂર્વક એનાં નેત્રો સાથે નેત્રો મિલાવી જોયા જ કર્યું. એ થોડો આગળ ધસ્યો એટલે મેં મારો હાથ તેની સામે ધર્યો અને કહ્યું: 'લે, ભાઈ, તારી ક્ષુધા બુઝાવ.' યમરાજ જેવો વાઘ આશ્ચર્યમાં પડી ગયો. એ દિવસે તો ગર્જના કરતો કરતો તે ચાલ્યો ગયો. પુનઃ પાછાં ફરતાં એણે મને ત્યાં જ ઊભેલો જોયો ત્યારે એ ફરીથી ક્રોધાન્વિત થયો. ભયંકર ગર્જનાથી જંગલો કંપાવવા લાગ્યો. મેં તો એ જ પ્રેમભરી દૃષ્ટિથી એને જોયા કર્યું. એ નજીક

આવ્યો એટલે મેં મારા બે હાથ આગળ ધર્યા. મારી વર્તણૂક જોઈ એને આશ્ચર્ય થતું હોય તેમ લાગ્યું. તે શાન્ત થઇ ગયો. મારી નજીક આવી ઘુરઘુરાટ કરતો બેઠો, અને પછી તો એણે નમ્રસેવક તરીકે મારી સાથે વર્તન રાખ્યું. ગુરુદેવ, એ પ્રદેશ ફરીથી નિર્ભય બન્યો છે. મનુષ્યોની અવરજવર પુનઃ ચાલુ થઇ છે. એની પીઠને ઘસાઇને મનુષ્ય ચાલ્યો જાય તો ય એ કોઇને ઇજા પહોંચાડતો નથી.”

“ખરેખર, તમે દુષ્કર કાર્ય કર્યું. તમારી સાધુતાને ધન્યવાદ છે.”

“અને ગુરુદેવ, દૃષ્ટિવિષ સર્પનો ઉપદ્રવ કંઈ ઓછો નહોતો. આખું ગામ એના ત્રાસથી ઉજ્જડ થઈ ગયું હતું. લોકો પહેલાં તો એનો નાશ કરવા ખૂબ મથેલા, પણ પેલો હાથમાં આવે તો ને ! એવો ઊડીને ક્યાં ય અદૃશ્ય થઇ જાય કે ફરીથી એના ડંખેલા બે ચાર મડદાં મળી આવે ત્યારે તેની દિશાનો પણ પત્તો મળે. સહુ ભર્યાં ઘરબાર છોડીને બિચારાં હિજરત કરી ગયેલાં. મને પણ લોકોએ ત્યાં જતાં ઘણો વાર્યો, પણ ગુરુદેવના આશીર્વાદથી ત્યાં પહોંચતાની સાથે જ એ મારા પ્રત્યે નમ્ર બની ગયો. બે પાંચ વાર એ પોતાના સ્વભાવ પર ગયો, પણ પુનઃ શાન્ત કરી શકાયો. મેં પોતે જ નગરનિવાસીઓને બોલાવ્યા. તેઓ તો આશ્ચર્યાન્વિત થઇ ગયા. મારા અને મારા ગુરુના ગુણ ગાવા લાગ્યા. નગર ફરીથી વસ્યું ને સહુ આનંદથી રહેવા લાગ્યાં. એ નાગ તે જાણે પહેલાંનો કાળરૂપ નાગ જ નહિ. નાનું બાળક પણ એને લઇને રમાડે.”

“તમે પણ ખરેખર દુષ્કર કાર્ય કર્યું. તમારી સાધુતાને ધન્યવાદ છે.”

“પૂજ્યપાદ, પનઘટ પર જઇને કૂવાના ભારવટ પર મેં રાત્રિદિવસ એટલી જાગરૂકતામાં પસાર કર્યાં, કે જો જરા ભૂલું તો ભયંકર કૂવામાં જ જઇને પડું. નાનો એવો ભારવટ, અવાવરૂ એટલે સાપ, વીંછી વગેરે ઝેરી પ્રાણીઓનો ડર ખરો જ. એક રાતે તો અચાનક મધપુડાની માખીઓ ઊડેલી. મેં કાયોત્સર્ગ કરેલો, નરભક્ષક મક્ષિકાઓએ, મારા

આખા દેહને ચાળણીની જેમ વીંધી નાખ્યો. પણ મેં ધ્યાન છોડ્યું નહિ. ભયંકર વાવટોળ, પ્રચંડ આંધી ને મૂશળધાર વરસાદમાં પણ કાષ્ઠવત્ ત્યાં જ સ્થિર રહ્યો. કૂવે પાણી ભરવા આવતી સ્ત્રીઓએ આ વાતનો ઠેરઠેર પ્રચાર કર્યો. લોકો મારી સિદ્ધિઓની વાતો કલ્પવા લાગ્યા. એ ભારવટ જાત્રાનું ધામ બન્યો. સહુ મેવામીઠાઈ, ફૂલઅક્ષત આજુબાજુ ફેંકવા લાગ્યા, અને જેમ એ ફેંકાતું ગયું તેમ ઝીણી વિષધર કીડીઓ, ઘીમેલો ને અનેક જંતુઓ મને પીડવા લાગ્યાં. ગુરુદેવ, આખો દેહ નાના પ્રકારના ડંખથી ચાળણી જેવો થઈ ગયો; પણ આપની કૃપાથી કાયોત્સર્ગથી ન ડગ્યો."

"તમે ખરેખર દુષ્કર કાર્ય કર્યું. તમારા મુનિપણાને ધન્યવાદ ઘટે છે. અને સ્થૂલિભદ્ર તમે ?" ગુરુદેવે મુનિરાજ સ્થૂલિભદ્ર તરફ જોતાં કહ્યું. તેઓએ ટૂંકમાં નમ્રતાપૂર્વક કહ્યું.

"દેવ, મેં કોશાની ચિત્રશાલામાં, કોશાના ત્રિલોકવિજયી સૌંદર્ય-ભર્યાં નૃત્યો જોતાં, વાજીકરણભર્યાં ખાદ્યો ખાતાં, એક જ શાળામાં ઊઠતાં બેસતાં, ચાતુર્માસ નિર્ગમન કર્યું. આપની કૃપાથી વાસના મને સતાવી ન શકી. મારા એક રુંવાટામાં પણ કામદેવનો સ્પર્શ ન થયો. મેં એક પહાડની જેમ નિશ્ચલ રહી કોશાને ત્યાગમાર્ગ તરફ વાળી, એ શ્રાવિકા બની છે."

"અનેકવાર ધન્યવાદ છે તમને, સ્થૂલિભદ્ર ! તમે બધા કરતાં અત્યંત દુષ્કર કાર્ય કર્યું છે."

ગુરુદેવના આટલા શબ્દો સાંભળતાં પેલા ત્રણ મુનિઓ ચમકી ઊઠ્યા.

"શું કહે છે ગુરુદેવ ? વાઘની બોડમાં વસવું, દૃષ્ટિવિષ સર્પની સાથે મૈત્રી સાધવી, ભારવટ પર ધ્યાનમગ્ન રહેવું: એ બધું કેવલ દુષ્કર કાર્ય અને આમોદપ્રમોદભરી દુનિયામાં રહી, મેવામીઠાઈ ઊડાવતાં વેશ્યાના ત્યાં લહેર કરવી એ દુષ્કરાતિદુષ્કર ! આ વિધાન ગુણપક્ષપાતતાના કારણે છે કે કુળપક્ષપાતતાના કારણે છે. એનો ખુલાસો જરૂરી છે." મુનિઓ અંદરઅંદર ચર્ચા કરવા લાગ્યા.

ગુરુદેવ જ્ઞાની હતા, એમણે શિષ્યની અવસ્થા પિછાની કહ્યું. "મુનિજનો ! સંસારમાં પ્રતિકૂળ ઉપસર્ગ કરતાં અનુકૂળ ઉપસર્ગ અત્યંત ભયાવહ હોય છે. કામદેવની શક્તિ અપાર છે. વળી સ્થળ, સમય અને તેવા સંયોગ મળતાં તેની શક્તિ માયાવી અસુર જેમ વિસ્તરે છે. મોટા મોટા મુનિઓ પણ આ અનુકૂળ ઉપસર્ગોથી ચલિત થયેલા છે. મહાન કાષ્ઠને ભેદી શકનાર રસલોભી ભમરો સંધ્યાકાળે કમળપુષ્પ બીડાઇ જતાં એમાં પૂરાઇ જાય છે. આખા કાષ્ટનાં કાષ્ટને છેદનારો એ ભ્રમર કોમળ એવા કમળપુષ્પનાં પડને ભેદી શકતો નથી. ને કોઈ હસ્તિના મુખનો કવળ બની જાય છે. મધુબિંદુનું દૃષ્ટાંત તમે જાણો છો જ ! એટલે હું આટઆટલી કામસામગ્રી મળ્યા છતાં, નિર્લેપ રહી પાછા ફરનાર સ્થૂલિભદ્રને પુનઃ અભિવાદન આપું છું."

સત્યવક્તા ગુરુનાં વચનોએ બીજા મુનિરાજોના દિલમાંથી ઇર્ષ્યાનો દાધ દૂર કર્યો, પણ વ્યાઘ્રગુફાનિવાસી મુનિના દિલમાં મત્સર ભરાયો. એમણે નક્કી કર્યું કે ગુરુદેવ મંત્રીપુત્રનો પક્ષપાત કરે છે. વ્યાઘ્રગુફામાં પ્રવેશ કરનારને વાઘનો ભય ન લાગ્યો તો પછી એક વેશ્યા શું કરનાર છે ? હું એ કાર્ય કરી બતાવી ગુરુદેવને એમનો પક્ષપાત પ્રગટ કરાવીશ.

દિવસો જતાં કંઇવાર લાગે છે ?

ફરીથી આભમાં આષાઢી વાદળીઓ ઘેરાણી. ગર્જનાના ઢોલ પિટાયા. કોશાના મંદિરિએ જવા માટે વ્યાઘ્રગુફાનિવાસી મુનિએ આજ્ઞા માગી.

"મુનિજન, અહંતા એ પણ મોટું પાપ છે. મુનિજનોએ નમ્ર બનવું ઘટે !"

"ગુરુદેવ, આપે જે કાર્યને અત્યંત દુષ્કર બતાવ્યું એ કેટલું સુકર છે, તે બતાવવા ઇચ્છા છે."

"આ કાર્ય અત્યંત દુષ્કર છે. મુનિજન; એમાં તો મેરુ પર્વત જેટલી અચળતા જોઇશે."

“ નાની એવી ટેકરીને મેરુ પર્વત કહે, કંઇ વાસ્તવિક મેરુ નાનો બની જાય છે ? ગુરુદેવ, આજ્ઞા આપો ! ”

“ આજ્ઞા છે, પણ જોજો, પૂર્વ તપસ્યાને પણ ભંગ ન થાય ! ” મુનિજન મસ્તક નમાવી વિદાય થયા. પાટલીપુત્રમાં પોતાના પ્રાસાદના ગોખે ચઢી કોશા મુનિજનની જ રાહ જોતી હતી. એને આશા હતી કે પોતાનું ધર્મમય જીવન વિશેષ ઉજ્જવળ કરવા કદાચ મહામુનિ સ્થૂલિભદ્ર પધારે ! પણ એમના બદલે એવા જ બીજા મુનિરાજ પધાર્યા. મુનિજનોની તો એ સેવિકા હતી.

“ કોશા, મુનિને ચાતુર્માસ વસવા ચિત્રશાળા આપીશ કે ? ” શબ્દોમાં એક પ્રકારની ઘૃણા ગૂંજતી હતી.

“ ચિત્રશાળા શું, આ દાસી પણ સેવામાં હાજર છે ! ” કોશાએ નતવદને કહ્યું. એના શબ્દોમાં કંઇક લાલિત્ય હતું. મુનિજનને લાગ્યું કે હૃદયમાં સુકાયેલ કોઈ ઝરણુ વહેતું થયું છે, પણ વ્યાઘ્રગુફાનિવાસી મુનિને ડર શાનો ? ભીતિ કોની ?

“ ષટ્રસાહાર જોઇશે. ”

“ ઇચ્છશો તે આપીશ. ”

મુનિરાજે ચિત્રશાળામા આસન જમાવ્યું.

કોશાએ કિંમતી વસ્ત્રાલંકારોનો ત્યાગ કર્યો હતો, પણ એની રૂપશોભા એને છોડી ગઇ નહોતી. તાંબૂલવિહોણા એના અધર પર હજી એ જ લાલાશ તગતગતી હતીઃ અને એનાં કંઇક ભરાવદાર ને ઘાટીલાં અવયવો જોનારને સાદા સૌંદર્યની પ્રતીતિ કરાવતાં હતાં. અંગરાગ એણે ઓછા કર્યા હતા. પણ એના દેહમાંથી જ હાથીના ગંડસ્થળમાંથી ઝરે તેવો સુગંધમય મદ ઝર્યા કરતો. સાદી રીતે ઓળેલા વાળ હજી નાગપાશ જેવા જ ભયંકર હતા. ગૌર કપોલપ્રદેશ હજી રમણીય હતો. હાથમાં કંકણો નહોતાં, પણ કદળીસ્તંભ જેવા બાહુની સુકુમારતા કામીને બાળી નાખવા માટે બસ હતી.

મુનિરાજે ઘણી સ્ત્રીઓ નીરખી હતી, પણ એમાં કોશા અપૂર્વ લાગી. કોશાની ચિત્રશાળા ય અપૂર્વ હતી. યદ્યપિ આજે એ પ્રાચીન ઝગઝગાટ નહોતો રહ્યો, તોય એની રચના એવી હતી કે માનવી સૂતાં કે બેસતાં વિલાસનું જ સ્મરણ કરી શકે.

કોશા ભોજનના થાળ લઇને પોતે જ મુનિજનને આરોગાવવા માટે આવી. સ્થૂલિભદ્ર સરીખો મુનિજન એને સ્થૂલિભદ્ર જેટલો જ સ્નેહભાજન લાગ્યો. મુનિએ શાન્તિપૂર્વક ભોજન કર્યું. વચ્ચે વચ્ચે કોશા વિનોદ કરતી. કઠોર સાધનાવાળા મુનિને ભોજન કરતાં એ વિનોદમાં વધુ મીઠાશ લાગી. એમનાં નેત્રો કોશાની દેહયષ્ટિ પર ઠરવા લાગ્યાં પણ તરત જ મનમાં સંયમ આણી અનિત્ય ભાવના સ્મરી મન વશ કરી લીધું.

સૌંદર્યના પુંજ સમી કોશા ચાલી ગઇ. એની દાસીઓ પણ ઓછી રૂપવતી નહોતી. એ રાત્રિએ મુનિરાજને સ્વસ્થ નિદ્રા ન આવી. સ્વપ્નમાં અપ્સરાના ચિત્રો દોરાવા લાગ્યાં. તરત તેઓ સાવધ થઈ બેઠા થયા, ને બાકીની રાત્રિ સ્વાધ્યાયમાં પસાર કરી.

થોડા દિવસો આ રીતે વ્યતીત થઇ ગયા. પણ દિનપ્રતિદિન સ્વર્ગમાં વસનારી અપ્સરાઓનાં સ્વપ્નાં તેમને સતાવવા લાગ્યાં. દિવસે એ સ્વપ્ન દેહધારી અપ્સરા જેવી જ કોશાને જોતા ત્યારે અજબ મંથન જાગતું. કોશાનું દેહલાવણ્ય અનિચ્છાએ પણ તેમની આંખોને આકર્ષી બેસતું. એનો સામાન્ય અંગમરોડ પણ એમના સ્મરણપ્રદેશ પર અંકિત થઇ જતો.

આ અંકિત થતી છબીથી એ નિતનિત વ્યાકુળ બનતા ચાલ્યા. દિવસ અને રાત તેઓ કંઇ કલ્પનામાં જ ઊતરી જતા. હવે તો આખી રાત અપ્સરાઓ સ્વપ્નમાં થનગનતી. દેહ પણ જરા વિશેષ ઉષ્ણ માલૂમ પડતો, ને માથામાં દર્દ ઉપડી આવતું. આ દેહને ઠંઠા ને કોમળ હસ્તની જરૂર હતી.

આજના સ્વપ્નમાં તો અજબ વસ્તુ બની ગઇ. ફૂલોની શય્યા પર

રડતી રડતી માથું ઢાળીને એક અપ્સરા પડી હતી. એનાં ગૌર અંગો મખમલી કુમાશ ધરી બેઠાં હતાં. એના લાંબા બાહુ જાણે કમળદંડ સમાં લાગતાં હતાં. મુનિ એ સદાય રડતી અપ્સરાને બચાવવા આગળ ધસ્યા. મારી સાધનાનું અન્તિમ પણ સ્વર્ગ ! એ સ્વર્ગમા મીઠામાં મીઠી; વસ્તુ અપ્સરા જ છે ને ! એ અપ્સરા આજે પૃથ્વી પર મળી, પૃથ્વી જ સ્વર્ગ બની. આવો એક ઝાંખો વિચાર આવીને ડોકિયું કરી અદૃશ્ય થઈ ગયો.

આકાશમાં એક ઘનઘોર ગર્જના થઇ. મુનિ ચમકી ગયા. જોયું તો પોતે ચિત્રશાળાની બાજુમાં કોશાના શયનખંડની નજીક ઊભા હતા.

એક વિદ્યુતરેખાનો ઝગઝગાટ થયો.

મુનિજને જોયું તો અંદર એક મખમલી સેજ પર કોશા શાંતિથી નિદ્રા લઇ રહી હતી. એની કોમળ ડોક જરા નમેલી હતી, ને અસ્તવ્યસ્ત વસ્ત્રોમાંથી ગોરાં ગાત્રો ખુલ્લું આવાહન આપી રહ્યાં હતાં. વિશાળ વક્ષસ્થળ મનોરમ રીતે ધબકી રહ્યું હતું. સુઘટિત પૂર્ણચંદ્ર જેવા મુખ પર ઘનશ્યામ કેશાવલિની બે ચાર અલકલટ હવામાં ઊડી રહી હતી.

“અહા, મારા દેહ અને પ્રાણની પરમ અધિષ્ઠાત્રિ ! આ કઠોર યોગ કરતાં ઓ ભુવનમોહિની : તારો અને મારો યોગ અત્યંત ઉત્કૃષ્ટ છે. મુજ ક્ષુધાતુરની ક્ષુધા, મુજ તૃષાતુરની ઓ તૃષા ! મારા અનન્તતાના આંબાવાડિયાની ઓ કોયલ !”

વર્ષાનો ઠંડો વાયુ દેહયષ્ટિ કંપાવી રહ્યો હતો. કોશાના કુસુમકળી જેવા હોઠ જરા હલ્યા.

“આહ, મને જ આમંત્રણ પાઠવે છે. ઓ મારા યોગજીવનની પરમ સિદ્ધિ ! મારી આનંત તપશ્ચર્યાનું રમણીય ફળ ! તારા આ સ્વર્ગીય રૂપનું શું વર્ણન કરું !”

મુનિ સ્વયં કવિ બની બેઠા. તેઓ ધીરે ધીરે બોલવા લાગ્યા:

"શરદ પૂનમનો ચંદ્રમા, મુખ દેખી હરાવે;
અધર અરુણ પરવાલની, પણ ઉપમા ન પાવે.
દંત જીસ્યા દાડમ કળી, ફૂલ વયણે ખરતાં;
નાસા ઉપમા ન સંભવે, શુક ચંચુક ધરતાં.
લોચનથી મૃગ લાજીઓ, શશીમંડળ પેઠો;
સુંદર વેણી વિલોકીને, ફણિધર ભૂમિ પેઠો.
પાણિ-ચરણને જોઈને, જળ પંકજ વસિયાં,
કળશ ઉરોજને દેખીને, લવણોદધિ ધસિયાં.
લખ કટી-તટ કેસરી ગિરિકંદર નાઠા;
મોહિની મંત્ર મિલુ ઘડી વિધાતે ઇહાં વાસી."*

કાવ્યદ્વારા કોશારૂપ વર્ણવતા મુનિએ શાયનખંડમાં પ્રવેશ કર્યો. પરજનનો પગરવ થતાં જ ચતુર કોશા જાગી ગઇ. એણે જોયું તો મુનિરાજ સામે ઊભા છે. પોતાના દેહને આખો ને આખો ગળી જવા ઇચ્છતા હોય તેવા એમના હાવભાવ હતા. કામીજનોની પરીક્ષામાં નિપુણ કોશાને આખી પરિસ્થિતિ કલ્પી લેતાં વાર ન લાગી. એણે ત્યાં ને ત્યાં નિર્ણય કર્યો કે મુજ પતિતને ઉદ્ધારનાર સ્થૂલિભદ્રના આ ગુરુભાઇ મુનિજનને પતનને માર્ગેથી અવશ્ય પાછા વાળવા. એટલું પણ થઇ શકશે તો ગુરુઋણ અદા કર્યાનો આછો સંતોષ પણ મળી શકશે,

"મુનિરાજ, આ શું ? એક સ્ત્રીના શયનગૃહમાં આવી બહાવરી દશામાં ?"

"કોશા ! હું બહાવરો બન્યો છું."

"તમારું તપ, તમારી સાધના, તમારો આ વેશ ! કંઇક તો વિચારો !"

---

* શ્રી વીરવિજયજીકૃત શિયળવેલીમાંથી.

" એ બધું મને આ સ્વર્ગીય સુખની પ્રાપ્તિમાં વિઘ્ન કરે છે, માટે મેં ફગાવી દેવાનો નિર્ણય કર્યો છે. કોશા, આ તારા સુકુમાર ભુજપાશમાં મને સ્થાન આપી મારો અગ્નિ શાન્ત કર ! "

" મુનિરાજ, માર્ગ ન ભૂલો. શ્રી સ્થૂલિભદ્રને સ્મરો! પરમગુરુ ભદ્રબાહુને સ્મરો ! દાસીઓ જાગી જશે. ઝટ ચાલ્યા જાઓ. "

શ્રી સ્થૂલિભદ્ર અને ભદ્રબાહુસ્વામીના નામ સાથે મુનિના હૃદયમાં આઘાત લાગ્યો. એ ધ્રૂજતા પગે પાછા ફર્યા. પણ એ પગ બીજી રાત્રિએ પુનઃ એ જ ખંડમાં જઈ ઊભા રહ્યા. કોશા જાગતી હતી.

" કોશા, મેં નિર્ણય કર્યો. જીવવું અશકય થઇ પડયું છે. કાં સ્નેહદાન દે, કાં મૃત્યુદાન દે ! ઓ કોશા, તારી પાસે સુરસુંદરીઓના વર્ણનો ફીક્કાં લાગે છે. તારા અધરો સમક્ષ આ જપતપ વ્યર્થ વિડંબના ભાસે છે. તારા એક સ્નેહાલિંગન પાછળ ભવોભવ હારવાની બાજી લગાડવા તૈયાર છું. હવે અધિક ન સતાવ ! "

" મુનિરાજ, હું કોણ છું. જાણો છો ? " કોશાએ સમજાવટનો માર્ગ બદલ્યો. " મારા આ અધરોષ્ઠની કિંમત જાણો છે ? મને પ્રાપ્ત કરવા માટે તમારે શું આપવું પડશે, તેની કલ્પના છે ? અમારો દેહ, અમારાં ગાત્રો વાતોથી નહિ, ખુશામતથી નહિ પણ ધનથી ખરીદી શકાય. સ્થૂલિભદ્રે જ સાડા બાર કોટિ ધનનો આ દેહ પાછળ વ્યય કરેલો છે. અહીં પ્રેમની કિંમત નથી, દ્રવ્યની છે. "

" મારી પાસે ધન ક્યાંથી ? "

" તો એક સૌન્દર્યવતી નારીનું તન શી રીતે ખરીદી શકશો ? "

" તું કહે તે રીતે. મારું શકિતસામર્થ્ય તું નથી જાણતી ? કહે તારા માટે હું શું કરું ? "

" જાઓ, નેપાલ દેશનો રાજા પૂર્વે નહિ આવેલા નવીન સાધુને

એક રત્નકંબલ આપે છે. મારે માટે એ લઈ આવો ! એ પછી કોશા મળશે. ”

“ નેપાળ શું, તું કહે તે દેશમાં જાઉં. કહે તો ગગનમંડળ વીંધું, પણ કોશા, પછી તારો સ્વર્ગીય પ્યાર મને મળશે ? આ અપૂર્વ લાવણ્યભરી દેહમૂર્તિ મારી બનશે ? ”

“ પહેલું ધન પછી બીજી વાત. ”

વિલંબ અસહ્ય હતો. વહેલી સવારે ખડતલ દેહવાળા મુનિરાજે નેપાળ પ્રતિ પ્રયાણ કર્યું. વર્ષા પૂરવેગમાં વરસી રહી હતી. ઠંડીનો હિમાળુ પવન ગાત્રોને થરથર કંપાવતો હતો. નદી, નાળાં ભરચક્ક હતા; પણ આ મુનિરાજને કશી જ પરવા નહોતી. કોશાનું લાવણ્ય સ્મરતાં સ્મરતાં તેઓ પંથ કાપી રહ્યા હતા.

# શોક કોનો કરવો?

## [ ૩૩ ]

**મ**ગધના સીમાડા પર જ્યારે બાલરવિ પોતાના કુમકુમવર્ણાં કિરણો પ્રસારતો હતો ત્યારે બે ઘોડેસવારો ધીરે ધીરે પસાર થઈ રહ્યા હતા. એમની રાંગમાં પાણીદાર ઘોડાઓ હતા; અને બંને જણાના પોશાકો એકબીજાથી ભિન્ન પડવા છતાં; પ્રતિભાવંત હતા. એકે રાજવંશી પોશાક ધારણ કરી ઉત્તમ શસ્ત્રો લટકાવ્યાં હતાં. બીજાનો પોશાક સામાન્ય હતો, છતાં બંનેના મુખ પર જે અપ્રતિમ તેજ ભભૂકી રહ્યું હતું, એ ગમે તેવા વિરોધને વશ કરવા માટે પૂરતું હતું.

દૂરદૂર નાની નાની ડુંગરીઓની ઓથે અને ગીચ વૃક્ષલતાઓની મધ્યમાં નાની નાની ઝુંપડીઓ બાંધેલી હતી. એમાં એક લંગોટી અને ધનુષ્ય–બાણની માયામૂડી સાથે ફરતા પાર્વતીય લોકો હતા. તેઓને વૃક્ષો પર ચડવું, નદી–નાળાં ઓળંગવાં, ડુંગરાઓ ને સઘન વનરાજિઓ ભેદતાં દોડ્યા જવું રમત વાત હતી.

“કુમાર, સૈન્ય કેળવાયું લાગે છે.”

“ગુરુદેવ, આપના જેવા સાક્ષાત યુદ્ધમૂર્તિ હાજર હોય પછી એમાં પૂછવા જેવું શું?”

“હવે ત્યારે પાટલીપુત્રને ભેદી નાખીએ. આજે તો મગધ મહામાત્યવિહોણું છે. વાર નહિ લાગે.”

“દેવ, તમામ પ્રદેશોમાં ગુપ્તચર મોકલી આપ્યા છે. નવી મદદ ન આવી શકે માટે સીમાડાઓ બાંધી લીધા છે. આપ આજ્ઞા આપો તેટલો વિલંબ છે.”

"આજ્ઞા તો આપી દઉં, પણ સ્વામી ભદ્રબાહુની યાદ આવે છે. હું બ્રાહ્મણ, શાંતિનો ઉપાસક, વિદ્યાનો અવતાર: મારે શા કારણે આ શસ્ત્રાસ્ત્ર ને ખૂનામરકી! મહર્ષિપદ મારો આદર્શ!"

"ગુરુદેવ, આ વિષાદ શા માટે?"

"વિષાદ એટલા માટે કે આ રાજકાજમાં પડીને પણ મહામાત્ય શકટાળ જેવી જ દુરવસ્થા જોવાની. જેટલો શસ્ત્રોનો વિશ્વાસ એટલો રાજાઓનો. હાથ ફેર થયો કે જાણે પૂર્વાપરનો કશો ઋણાનુબંધ જ નહિ."

"એટલે આપ એ કહેવા માગો છો, કે હું વિશ્વાસઘાતી નીવડીશ. આપને પણ મહામાત્ય જેવા દિવસો જોવા પડશે? ગુરુદેવ, માનવી હૃદય ચીરી શકતો નથી. કોઈનું હૃદય કોઇ વાંચી શકતું નથી. પણ કોઈ આજ્ઞા ફરમાવો. શિષ્યની પરીક્ષા લઇ જુઓ! ગુરુદેવ, આપની પ્રતિજ્ઞા........."

"મારી પ્રતિજ્ઞા! હા, હા, એક નહિ, પણ ત્રણ ત્રણ પ્રતિજ્ઞાઓ માથે લઈને ફરું છું."

"ત્રણ?"

"હા, એક તો નંદોને સમૂળ ઉખેડી નાખવાની, બીજી તને રાજા બનાવવાની ને ત્રીજી મહર્ષિ બનવાની. ચાલો, પણ એ વાતો તો લાંબી છે. સૈન્યને કૂચ કરવાનો આદેશ આપો. સીધું પાટલીપુત્ર ભેદી નાખીએ. નંદોનો વિનાશ કરીએ."

આ બે ઘોડેસવારો તે ચંદ્રગુપ્ત અને ચાણક્યની જોડી હતી. તેઓએ જંગલી જાતિના લોકોને કેળવ્યા હતા. મગધના કેટલાક સામંતો મદદે આવ્યા હતા. ખજાનાઓ ભાંગવા, લૂંટફાટ કરવી: ધાડાં પાડવાં વગેરે દ્વારા તેઓએ સારું દ્રવ્ય એકઠું કર્યું હતું. વિષ્ણુગુપ્તની અજબ વિદ્યાએ પક્ષીઓને પણ કુશળ બનાવ્યાં હતાં. ખાવા મળ્યું તો ઠીક, ન મળ્યું તો પણ ઠીક: દિવસો સુધી અર્ધભૂખ્યા પેટે લડનાર જંગલી જાતિઓનું સૈન્ય એકત્ર કર્યું હતું.

નાના એવા રણશીંગાનો નાદ વનપ્રદેશમાં ટેકરીએ ટેકરીએ પડઘો પાડવા લાગ્યો. જોતજોતામાં ડુંગરાઓમાંથી, ગીચ જંગલોમાંથી, નદી કિનારેથી જંગલી–યોદ્ધાઓ બહાર નીકળી આવ્યા. સહુ એક સરખા વ્યૂહમાં ગોઠવાઈ ગયા. કૂચ શરૂ થઇ.

પાટલીપુત્રના કાંગરાઓ થોડા દૂર હતા. એક રાતે પડાવ પડ્યો હતો. ચોકીપહેરા સિવાયના બધા સૈનિકો ઊંઘમાં હતા. અચાનક એક ગુપ્તચર પંખી કલબલાટ કરી ઊઠયું. લૂંટફાટની માહિતી આપનાર પંખી-દળમાંનું આ પંખી હતું. સૈનિકોએ ચારે દિશામાં નજર નાખી.

કાળા શ્યાહી અંધારામાં ય કોઈ ચાલ્યું આવતું હતું. સૈનિકોએ એક હાકલ કરી. આવનાર થોભી ગયું. સૈનિકો દોડ્યા. તરત જ એને પકડી લીધો.

ઉપરથી પંખી બોલ્યું:

" લક્ષ છે. "

" લક્ષ ? " બે વસ્ત્રભેર ચાલ્યા આવતા આ માનવી પાસે લક્ષ ક્યાંથી ? સૈનિકોએ તપાસ કરવા માંડી, પણ કંઇ ન મળ્યું. પક્ષી તો જંપતું જ નહોતું. એ તો લક્ષ છે, લક્ષ છે; એમ બોલ્યા કરતું. ન જાણે એણે ક્યાંથી વ્યક્તિનો પીછો લીધેલો !

સૈનિકોએ ઘણી શોધખોળ કરી પણ કંઈ પત્તો ન લાગ્યો. આખરે ગુપ્તચર તરીકે કેદ કરી સવારમાં એને ચંદ્રગુપ્ત પાસે રજૂ કર્યો. કુમાર ચંદ્રગુપ્તે તરત જ પિછાની લીધા કે આ મુનિ છે. વિષ્ણુગુપ્ત પણ પાસે જ હતા. એમણે કહ્યું:

" મુનિરાજ, હશે તો અપરિગ્રહી, પણ મારું પક્ષી પણ અમૃષા બોલનારું છે. મુનિ છો એટલે અવધ્ય છો, એની ખાતરી રાખજો. જોખમ હોય તો બોલજો. ઠેઠ પાટલીપુત્ર સુધી રક્ષકો પહોંચાડી જશે. "

" મારી પાસે રત્નકંબળ છે. નેપાળના રાજવીની આપેલી છે. પાટલીપુત્ર જ જવું છે. "

" કોના શિષ્ય છો ? "

" આર્ય સંભૂતિવિજયના "

" સ્વામી ભદ્રબાહુના ગુરુબંધુ ! મુનિરાજ નમસ્કાર પાઠવજો અમારા અને એક કામ કરશો ? પાટલીપુત્રમાં કોઈ મળે તો ખબર આપજો કે મગધનો સાચો સ્વામી ચાલ્યો આવે છે. મિત્ર હોય એ આવીને મળી જજો, શત્રુ હોય એ સજ્જ થઇને બેસજો. "

મુનિરાજ પંથે પડ્યા. એ બેએક દિવસના સતત પ્રવાસદ્વારા પાટલીપુત્ર આવી પહોંચ્યા, ત્યારે સંધ્યાની છેલ્લી લાલીમા ભૂંસાઈ રહી હતી. કોશાને દરવાજે પહોંચ્યા ત્યારે એ સંધ્યાપૂજનમાં મશગૂલ હતી. દાસીઓ ધર્મકથાશ્રવણની તૈયારીઓ કરી રહી હતી.

" રત્નકંબલ લાવ્યો છું. " હસ્તમાં રહેલ દંડ પછાડતાં એમણે અત્યાનંદપૂર્વક કહ્યું. આ રત્નકંબલ પાછળ જીવનું જોખમ ખેડયું હતું. ભૂખ-તૃષા, ટાઢ-તડકો, નદી-નાળાં, વરસાદની હેલીઓ અને પ્રચંડ ડુંગર-માળા એમણે ભેદી હતી. પ્રેમની પાછળ ફકીરી લીધા સિવાય આટલાં દુઃખદર્દ કોણ વેઠી શકે ? ઉનાળાનાં વૃક્ષો જેવા એમના ચહેરા પર પરિશ્રમની કઠોર રેખાઓ સ્પષ્ટ હતી.

કોશા અંદરના ખંડમાં હતી. મુનિ ત્યાં ધસી ગયા. એમના ધૈર્યનો પ્રવાહ હવે તૂટુ તૂટુ થઇ રહ્યો હતો.

" આવી ગયા કે ? પરિશ્રમ તો જપ-તપથી ય અધિક પડ્યો હશે. ? "

" અરે જપ-તપ તો કશી વિસાતમાં નથી. કોશા, કયાં નેપાળ ને કયાં પાટલીપુત્ર ! પણ કોશા, તારે માટે મેં શું નથી વેઠયું ! ઓ પ્રિયતમે, " મુનિરાજ આવેગમાં આગળ ધસવા ગયા.

" જરા ઊભા રહો. અશુચિ છું. સ્નાન કરી લેવા દો ! "

કોશા સ્નાન કરવા ચાલી ગઇ. થોડીવારમાં એક મોટું વસ્ત્ર વીંટાળી એ ત્યાં આવી. એના સુદીર્ઘ કેશમાંથી પાણી ટપકતું હતું.

" લાવો, કયાં છે રત્નકંબલ ? "

" આ રહી. "

" સુંદર છે, હો ? અમુલખ રત્નકંબલ ! " કોશાએ રત્નકંબલ હાથમાં લઇ એનાથી વાળ લૂછયા, ડિલ લૂછયું, પગ લૂછયા, ને પાસેની ખાળમાં ફેંકી દીધું.

" અરરર, કોશા, આ શો ગજબ ! અમૂલખ રત્નકંબલની આ દશા ? મારો પરિશ્રમ, મારી જહેમત બધું વ્યર્થ ! "

" મુનિરાજ, તમારા રત્નકંબલનો શોક ન કરો, તમારા આત્માના રત્નમય ગુણોનો શોક કરો ! જે અશુચિને તમે પ્રિય માની બેઠા છો, એનો વિચાર કરો ! એની પાસે આવી તો અનેક રત્નકંબલો તુચ્છ છે. "

" કોશા, આશ્રમોની ભાષા બંધ કર ! તારી ગણિકાની જબાનમાં બોલ ! મારા દેહમાં જ્વર ભરાઇ રહ્યો લાગે છે. "

" તમારા સ્વાધ્યાયને સ્મરો ! સંયમને યાદ કરો ! કઇ પ્રતિજ્ઞા લઈને તમે અહિં આવ્યા હતા ? વાઘની બોડમાં નિર્ભીક રીતે વસનાર, જગતની એક કમજોર ઓરત સામે ધ્રૂજી ગયા ? વિચારની કોઇ ઉન્નત શ્રેણિ તમને બચાવી લે, એ માટે મેં તમને પ્રવાસે મોકલ્યા હતા. "

" કોશા, હજાર વાઘના પંજાઓ સાથે રમવું સહેલું છે, એના આગળ દેહને ભક્ષ તરીકે સોંપી દેવો સુકર છે, પણ સૌંદર્યવતી નારીના એક નેત્ર સાથે રમવું દુષ્કર છે. " મુનિરાજ પોતાની નિર્બળતા પ્રગટ કરી રહ્યા હતા.

" બાહ્ય અગ્નિને બુઝવવામાં મશગૂલ રહેનાર મુનિરાજ, અંતરના અગ્નિને પણ બૂઝાવવો પડે છે. માકડાં તો મદારી ય નચાવી લે, વનના વ્યાઘ્રને કોઇ શૂરવીર પણ વશ કરી શકે; છતાં મન જેવા નાનકડા માકડાને કે વિષયવાસના જેવા વ્યાઘ્રને કોઇ નચાવી કે વશ કરી શકયું નથી. સંસારમાં એવો પુરુષ હોય તો એક જ છે. "

" એનું નામ ? "

" સ્થૂલિભદ્ર. "

" કોશા, સ્થૂલિભદ્રની જૂઠી મહત્તા ન વધાર ! વર્ષો સુધી વાસના ભોગવનાર અગર બે પાંચ વર્ષ ન ભોગવે તો શું ? "

" ભૂલો છો, મુનિરાજ ! વાસનાને મન ભોગાભોગનો કોઈ ભેદ નથી, બલ્કે અનુભૂત ભોગવિલાસ તો અનુકૂળ પળે ભલભલા મહારથીને પતિત કરે છે. નરમાંસ ખાનાર વ્યાઘ્ર કદી નરમાંસનો સ્વાદ છોડી શકતો નથી; તેમ ભોગવેલા ભોગનો ધણી છતી એકાંતે, સામે રતિયાચના કરતી સજ્જ પ્રિયતમાએ સ્વસ્થ નથી રહી શકતો. એનાં સંસ્મરણો ગમે ત્યારે એને ચલિત કરવા ભૂતોની સેના જેમ ધસી આવે છે. અનનુભૂતને એવી કોઇ ઉપાધિ હેરાન કરતી નથી. એ સ્વસ્થ રહે છે, એનાં સંસ્મરણો નિર્દોષ રહે છે. મુનિરાજ, મન નિર્મળ કરો, સ્થૂલિભદ્રનું ધ્યાન ધરો. રતિયાચના માટે અણનમ નિશ્ચય કરીને, સૌંદર્યની સજીવતા ધારણ કરી નીકળેલી કોશા કોઇને બારણેથી પાછી નથી ફરી પણ એક પળે એનું ગુમાન ગળી ગયું. એને એક જ ગુરુ મળ્યો, એણે મારા જીવનને મુક્ત કર્યું. સદા ય ડંખી રહેલ જીવન આજે કોઇક નવી રીતે વહી રહ્યું છે. "

મુનિરાજનું આખું શરીર મહાજ્વરવાળાની જેમ ધખધખી રહ્યું હતું. ધીરે ધીરે આખા શરીર પર પ્રસ્વેદ વળ્યો, કંઇક શાન્તિ વળી.

" મુનિરાજ, ખુશી થાઓ કે તમારું રત્નકંબલ તો મેં બગાડ્યું, પણ તમારો રત્નમય ગુણોથી યુક્ત આત્મા નથી દુભવ્યો. નહિ તો

પશ્ચાત્તાપનો પાર ન રહેત, અને એ વિષથી બચવા-અંતર વ્યાધિથી ડરીને તમે સ્ત્રી-નિંદાથી શાસ્ત્રોને ભરી દેત! અને એટએટલી જગતની સ્ત્રીઓ પ્રત્યે દુર્ગંછા પેદા કરવા છતાં ય તમે સ્વસ્થ ન થઈ શકત. બધા કંઇ સ્થૂલિભદ્ર નથી. એણે યક્ષા જોઇ છે, ઉપકોશા જોઇ છે, કોશા જોઇ છે. આત્માનાં સૌંદર્યને એ પરખું છે. સ્ત્રી કે પુરુષ, કામી કે કામઃ કોઇ ભેદ એને મન નથી."

"કોશા, તારું જ્ઞાન જોઇ સ્તબ્ધ થઇ જાઉં છું. ક્યાં મારી પામરતા ને ક્યાં તારી મહાનુભાવતા. કોશા, અહંતા મોટું પાપ છે, ગુરુવચન હતું, પણ અહંતાએ મને ભૂલવ્યો. માતા, તારું કલ્યાણ હજો!"

મુનિરાજ ઊભા થઇ ગયા. તેઓ વિદાય લેવા લાગ્યા. કોશાએ એક રાત રોકાઇ જવા પ્રાર્થના કરી; પણ એમણે કહ્યું:

"કોશા, મારા આંતર શત્રુઓ નષ્ટ થયા છે, હવે વિદાય લેવા દે! કાલે પાટલીપુત્ર ઘેરાશે."

"કેમ?"

"ચંદ્રગુપ્ત ને વિષ્ણુગુપ્ત સસૈન્ય આવી રહ્યા છે."

"કેટલે દૂર છે?"

"નજીક જ. એમણે સંદેશો કહાવ્યો છે કે મિત્ર હોય તે મળી જાય. શત્રુ હોય તે સજ્જ થઇ જાય!"

"બ્રાહ્મણે પણ હથિયાર બાંધ્યાં? અરેરે, એકલી વિદ્યા યે નક્કામી. માણસ બ્રહ્મરાક્ષસ બની જાય. આજે તો મહામાત્ય પણ નથી. બિચારા શ્રીયકને ઉપાધિ છે. પિતાના મિત્ર સામે લડવું પડશે."

"પરશુરામે બ્રહ્મણ જ હતા ને! મને લાગ્યો તો ધર્મીષ્ટ ને છે તો મહર્ષિ જેવો સંસ્કારી!" મુનિરાજે પોતાનો અનુભવ કહ્યો.

"એમ તો એ ય બીજો નાનો પરશુરામ છે, પણ શ્રીયકનું શું?"

સ્થૂલિભદ્રનાં સ્વજન કોશાને મન પોતાનાં સ્વજન હતાં. એ શ્રીયકને સમાચાર પહોંચાડવા તૈયાર થઇ. મુનિરાજને હવે અહિં એક ક્ષણુ પણુ થોભવું ઉચિત ન લાગ્યું. એ તરત જ બહાર નીકળી ગયા. એમનું હૈયું કોશા પ્રત્યે હાર્દિક પ્રેમથી દ્રવતું હતું.

સમુદાયમાં પહોંચી તરત ગુરુચરણુ પકડી લીધા. આંસુઓની ધારા વહાવી.

“ ગુરુદેવ, સ્થૂલભદ્ર જેવો સાધુ કોઇ નથી. મને પ્રાયશ્ચિત્ત આપો. ”

“ તારું હૃદય જ પ્રાયશ્ચિત લઇ રહ્યું હોય ત્યાં હું શું નવું પ્રાયશ્ચિત આપું. તારું કલ્યાણુ થાઓ. ”

“ ગુરુદેવ, સાચા આશીર્વાદ એ પરમ શ્રાવિકા કોશાને આપો ! એણે મારું જીવન તાર્યું. મારો બૂડતો બેડો બચાવ્યો. ”

“ ખરા આશીર્વાદ તો સ્થૂલભદ્ર જેવા વીર સાધુને ઘટે છે. એની સાધુતાને અનેકશઃ ધન્યવાદ છે. ”

“ સાચું છે, ગુરુદેવ ! એ કામવિજેતાને મારા પણુ નમસ્કાર છે. ”

# અજબ અનુભવો

[ ૩૪ ]

**ચંદ્રગુપ્ત** અને વિષ્ણુગુપ્તની સેનાએ એક વંટોળીયાના વેગે પાટલીપુત્રને ઘેરી લીધું, પણ ધારેલી બાજી ધૂળ મળી. કુશલ કલ્પેલા યોધ્ધાઓ શત્રુની સામે બરાબર ઝીક ઝીલી શક્યા નહિ. મહારાજા નંદ, મંત્રીરાજ શ્રીયક અને રથાધ્યક્ષ જેવાના રણકૌશલ્ય પાસે તેઓને પાછા હઠવું પડ્યું. આખી પ્રજાને છેતરી જનાર ચંદ્રગુપ્ત પર નગરવાસીઓને પૂરતો ખાર હતો. કોશાએ શ્રીયકને અગમચેતી આપી હતી. શ્રીયકે આખા નગરને સાવધ કરી નાખ્યું હતું.

છતાં ય ક્ષત્રિયવીર ચંદ્રગુપ્ત ઓછો પરાક્રમી નહોતો. એણે બાણોની ઘનઘોર વર્ષા કરી. વિષ્ણુગુપ્ત થોડા લશ્કરે વધુ લશ્કર લાગે તેવા વિવિધ વ્યૂહ રચી રહ્યો હતો. છતાં મહારાજ નંદનું પરાક્રમ અસામાન્ય હતું. અને તેથી ય વધુ અસામાન્ય કાર્ય કર્યું રથાધ્યક્ષે. ગુપ્ત રીતે શત્રુઓની સેના વીંધી એ પાડોશના ખંડિયા રાજાઓ પાસે પહોંચી ગયો. તેઓની કુમક લઇને પાછળથી ચંદ્રગુપ્તને ઘેરી લીધો.

મહારાજ નંદ આજે પ્રતિજ્ઞા કરીને ગજે ચઢ્યા હતા, કે ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્તને જીવતા અથવા મરેલા પકડીને પાછા ફરવું. મગધના શત્રુઓને ઊગતા દાબ્યા વગર છૂટકો નહોતો. એમણે ચંદ્રગુપ્તની સેનામાં ભંગાણ પડતું જોઈ ગજરાજને સેનાની વચ્ચે હાંક્યો. ચંદ્રગુપ્ત જીવ પર યુદ્ધ ખેલી રહ્યો હતો. હાથવેંત બાકી હતું.

વિષ્ણુગુપ્તે અણીની પળ ઓળખી. તેને શિબિકામાંથી કૂદકો માર્યો. એક સૈનિક પાસેથી ઘોડો માગી લીધો. અશ્વ પર આરૂઢ થઈ અશ્વને

બરાબર મધ્યભાગમાં છલંગ મરાવી તરત જ ચંદ્રગુપ્તની નજીક વિષ્ણુગુપ્તના સંકેતની સાથે એક વીર સૈનિકે એનો મુગટ ખેંચીને પહેરી લીધો.

"ચંદ્રગુપ્ત, ધીરેથી મારી પાછળ ચાલ્યો આવ !"

આકાશમાંથી જોતજોતામાં પવનવેગે વાદળીઓ સરી જાય એમ બંને જણા સરકી ગયા. લડાઇ ભયંકર ચાલી. નંદરાજનો ગજ લગભગ નજીક પહોંચી ગયો હતો. પેલો વીર સૈનિક વીંધાઇને નીચે ગબડી પડ્યો. ભેદ ફૂટી ગયો. મહારાજાએ રણગર્જના કરી:

"રણમાંથી પીઠ કરીને નાસી જનાર એ કુટિલ નીતિવાળા બંનેનો પીછો પકડો."

અને મહારાજ મોખરે થયા. વિજયનો દુંદુભિનાદ ગાજી રહ્યો હતો. અચાનક બખ્તરધારી શ્રીયક આવી ઊભો રહ્યો ને વીરસ્વરે બોલ્યો:

"મહારાજ, રણમાં પીઠ બતાવી નાસી જનાર એ જમ્બૂકોને પકડવા મગધનાથ જાય એમાં એમની શોભા નહિ. સેવક તૈયાર છે. આપ દુર્ગ સાચવો અને શરણે આવેલા શત્રુઓને અભયદાન આપો. જોતજોતામાં બંનેને બંદીવાન બનાવી હાજર કરું છું."

શ્રીયકે પ્રત્યુત્તરની રાહ જોયા વગર ઘોડા મારી મૂક્યા. એના સવારોએ એનું અનુકરણ કર્યું, પણ શ્રીયકનો ઘોડો પવનવેગી બન્યો હતો. એનો એકે દાબડો પૃથ્વી પર પૂરો પડતો નહોતો. જોતજોતામાં એ અદશ્ય બની ગયો. ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્ત ઘોડા પર નાસ્યા જતા હતા, પણ એમના ઘોડા થાકેલા ને ઘવાયેલા હતા.

શ્રીયક જોતજોતામાં નજીક પહોંચી ગયો. એણે બૂમ મારી.

"વિષ્ણુગુપ્ત, ઘોડો થંભાવો !"

"કોણ શ્રીયક, વાહ, આવ ભાઈ આવ ! તારા હાથે મોત પણ મીઠું લાગશે."

પણ આ પહેલાં તો ચંદ્રગુપ્તે તલવાર કાઢી એનો પ્રહાર શ્રીયક પર કરી દીધો. આ રણશૂર યોદ્ધો ચૂકે તો નિમિષમાત્રમાં એના બે કટકા થઈ જાય, એણે ખૂબીથી આડી ઢાલ ધરી દીધી.

"ચંદ્રગુપ્ત, તલવારનો શોખ હોય તો પૂરો કર ! મારાથી તો ઢાલ સિવાય બીજું શસ્ત્ર નહિ વપરાય."

"ચંદ્રગુપ્ત, તલવાર મ્યાન કર. નમસ્કાર કર. આ તો શ્રીયક !" વિષ્ણુગુપ્તે બૂમ મારી.

"સ્વામીદ્રોહી શ્રીયક ?" ચંદ્રગુપ્તે તલવાર મ્યાન કરતાં કહ્યું.

"કેમ ?"

"મગધરાજાનું લૂણ ખાઈ મને જીવતો જવા દે છે ?"

"તને જીવતો રાખવા માટે જ તો એના પિતાએ સર્વસ્વ અર્પણ કર્યું હતું."

શ્રીયકે એ વાતને ત્યાં જ અટકાવી કહ્યું.

"એ વાત પછી, તમે બંને ઘોડા મૂકી પગ રસ્તે ઝાડીઓ વીંધી પસાર થઇ જાઓ. મહારાજનું સૈન્ય લગોલગ છે. ચંદ્રગુપ્ત, રાજકુમારી સુરૂપાનો આભાર માનજો."

"સુરૂપાનો ?"

"હા, હા, પણ એ બધું પછી, નાસો !"

વિષ્ણુગુપ્તે શ્રીયકની સલાહમાં રહેલું ડહાપણ પારખ્યું. બંને જણા નીચે ઊતરી ઝાડીમાં અદશ્ય થઈ ગયા. શ્રીયકે પણ આડ માર્ગે ઘોડો ફેરવ્યો. સવાર વિનાના બે ઘોડા ઊંચી નીચી ટેકરીઓ વીંધતા દૂર દૂર દોડ્યા જતા હતા. બધા તેમની પાછળ દોડ્યા. આખરે શ્રીયકે બૂમ મારી.

"બંને જણા દગો રમ્યા. ઘોડાઓ પરથી ઊતરી નાસી છૂટ્યા. ચાલો, આજુબાજુ તપાસ કરો !"

બધા ચારે તરફ શોધ કરવા લાગ્યા.

પણ ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્તના નસીબમાં કસોટી થવાની લખી હતી. કમનસીબી તેમનો પીછો પકડી બેઠી હતી. પાટલીપુત્રથી થોડે દૂર રહી ગયેલ એક ઘોડેસવારનું નસીબ જાગી ગયું.

એણે બે જણાને પગપાળા નાસતા જોયા. એણે પરખી લીધું કે આ બેમાંનો એક તો લડાઈના મધ્ય ભાગમાં લડનારો પેલો ક્ષત્રિય કુમાર! એ જ ચંદ્રગુપ્ત! આજે મારું ભાગ્ય ખીલી નીકળ્યું. મગધનો મહાસામંત બનતાં હવે વાર નહિ લાગે. એને જીવતો જ પકડી લઉં. અને આ ખુશનસીબ સવારે ઘોડાને ઝાડીમાં ઝીક્યો. ચતુર અશ્વને માર્ગ ટૂંકો કરતાં ન લાર લાગી. ઘોડાના દાબલા ગાજવા લાગ્યા. ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્તે પાછળ આવતા ભયને પારખ્યો.

" કુમાર, સામેના તળાવમાં ઊતરી જાઓ. "

ચંદ્રગુપ્ત તળાવના મધ્ય ભાગમાં ચાલ્યો ગયો. વિષ્ણુગુપ્ત કિનારે નિરાંતે ઊભો રહ્યો. સવાર લગોલગ આવી પહોંચ્યો. વિષ્ણુગુપ્તના દેહ પર એક પણ શસ્ત્ર નહોતું. ઘોડેસવારે એને સામાન્ય માણસ કલ્પી પૂછ્યું:

" ચંદ્રગુપ્ત જોયો ? "

" હા, હા, એ રહ્યો પ્હણે પાણીમાં. "

" પાણીમાં ? "

" હા, હા, જો જો હમણાં ડુબકી મારી છે. "

થોડીવારે પાણીની સપાટી પર ચંદ્રગુપ્ત દેખાયો. અસવાર ખુશ થઇ ગયો. એણે મગધના મહાન દુશ્મનને જીવતો પકડી મોટું ઇનામ રળવા નિશ્ચય કર્યો. શસ્ત્રભાર ને વસ્ત્રભાર ઓછો કરી એ તળાવમાં પ્રવેશ્યો.

" વીર પુરુષ, મારું ઇનામ પણ ખરુંને ? "

" અવશ્ય, બ્રાહ્મણ તને એવી દક્ષિણા અપાવીશ કે તું નિહાલ થઈ જઈશ. "

પણ એના શબ્દો પૂરા થાય તે પહેલાં તો આ બ્રાહ્મણે એની જ તલવાર લઈને પ્રચંડ ઘા કર્યો. ઈંદ્રના વજ્ર જેવી ભારે વજનની તલવાર તણખલાની જેમ હવામાં વીંઝાતી, સૈનિકના મસ્તકને ઊડાવી દઇ આગળ વધી ગઇ. પાણી લાલ રંગે રંગાઇ ગયું.

ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્ત મૂઠીઓ વાળીને નાઠા. ભૂખ્યા પેટે, લોહી નીંગળતા દેહે બન્નેએ સાંજ સુધી દોડ્યા કર્યું અને રાત પડી તોય નિરાંતનો શ્વાસ લેવા વખત મળ્યો નહિ. આખરે થાકીને તેઓ એક ગામને પાદર આરામ લેવાને થોભ્યા. ભૂખ તો કહે મારું કામ. ચંદ્રગુપ્ત નરમ બની કહેવા લાગ્યો.

" ગુરુદેવ, પેટપૂજા કર્યા વગર પ્રાણ નીકળી જાય છે. એટલી ક્ષુધા લાગી છે, કે આ ઝાડના થડને પણ બટકાં ભરવાનું દિલ થઈ જાય છે. "

" ચાલ, આપણે ધંધો શરૂ કરીએ. " વિષ્ણુગુપ્તના દિલમાં કંઇક ખૂંચતું હતું. બન્ને જણા લથડતા પગે ઊભા થઇને આગળ વધ્યા. ગામડાગામના ઘરોમાં નાના દીવા જલી રહ્યા હતા. માર્ગ પર અંધકાર વ્યાપેલો હતો. કેટલાંએક ઘરો વટાવતા તેઓ એક નાના ઘર પાસે આવીને ઊભા રહ્યા. ઘર જીર્ણ અવસ્થામાં હતું ને દીવાલમાં નાનાં બાકોરાં પડ્યાં હતાં. બંને જણાએ અંદર ડોકિયું કર્યું.

અંદરથી ભોજનની મીઠી સોડમ આવી રહી હતી. એક જાજરમાન લાગતી ડોશી પોતાના બે દીકરાઓને ખીર પીરસી રહી હતી. ખીરની સોડમે ચંદ્રગુપ્તને ઉશ્કેરી મૂકયો. દિલ થઈ આવ્યું કે એક આંચકે આખું પાત્ર ઉપાડી લઉં. ક્ષુધા પાંસળીઓ તોડી રહી હતી.

એકાએક એક છોકરે બૂમ મારી. ખીરની થાળીમાં વચ્ચોવચ હાથ નાખવાથી એની આંગળીઓ દાઝી હતી. ડોસી ધણધણી ઊઠ્યાં.

" મારા રોયા તું ય પેલા ચંદ્રગુપ્ત ને વિષ્ણુગુપ્ત જેવો હૈયાફૂટો છે. પહેલાં વચમાં હાથ નંખાય કે પહેલાં આજુબાજુથી ખવાય ? "

વિષ્ણુગુપ્ત આ સાંભળી ચમકી ગયો. શું અમારા પરાજયના સમાચારો ગામડે ગામડે પ્રસરી ગયા ? અને એક સામાન્ય ડોશી પણ અમારાં દૃષ્ટાંત આપે ?

સાહસિક બ્રાહ્મણવીર એકદમ આગળ વધ્યો. એ ડોસીમાને પ્રણામ કરી ઊભો રહ્યો, ને બોલ્યોઃ " માજી, તમે હમણાં વિષ્ણુગુપ્ત ને ચંદ્રગુપ્તનું નામ લીધું તેજ અમે ? તમારા કહેવાનો ભાવાર્થ સમજાવશો ?"

" ના રે બેટા, એ તો અમરશ્રી ! આ લૂલી છે ને તે આમે વળે ને તેમે વળે. " ડોસીમાએ આટલા ઘડપણે પણ સાબૂત રહેલ દાંતની બત્રીસી ચમકાવતાં કહ્યું.

" માજી, એમ બહાનાં કાઢશો એ નહિ ચાલે. એ ભાવાર્થ સમજ્યા વગર તો અમે નહિ જઈએ. "

" બેટા, એમાં સમજવા જેવું શું છે ? તું તો મોટો પંડિત છે. હું તો છોકરાને સમજાવતી હતી કે ભાઈ પહેલાં ખીર આજુબાજુથી ખા. પછી વચ્ચેથી ખાજે. અને તે માટે તમારું દૃષ્ટાંત દેતી હતી, કે એ બે જણા પહેલાં આજુબાજુના મુલકો જીત્યા વગર સીધા રાજધાની જીતવા ગયા, તો પીઠ ફેરવી ભાગવું પડ્યું. "

" માજી, આપનું કહેવું સત્ય છે. પોથી જ્ઞાન કરતાં અનુભવ જ્ઞાન મોટું છે. તમે અમને સાચો માર્ગ સુઝાડ્યો, આશીર્વાદ આપો કે મા, અમે જીતીએ. "

" બેટા, યતો ધર્મસ્તતો જયઃ, જાઓ મારા આશીર્વાદ છે. પણ ઊભા રહો, થોડું જમતાં જાઓ. "

"ના, હવે અમારાથી આપના પુત્રોના ભાગમાં ભાગ ન પાડી શકાય. "

" આટલું જમતા જાઓ. રાજા થાઓ ત્યારે રાજભાગ ઓછો લેજો. આ ડોસીને એટલું વળતર આપજો. "

પોતાને માટે એજ બેહાલ હાલત રાખીને પ્રજાને માટે લાભ માગનાર ડોસીનું અન્ન જરૂર ખાવું, એમ કલ્પી વિષ્ણુગુપ્તે ચંદ્રગુપ્તને કહ્યું.

" કુમાર, રાજાઓએ આ અન્ન પેટમાં નાંખવું જોઇએ. પ્રમાણિકતા અને પરોપકારની ભાવના જળવાઇ રહે. "

ડોસીએ જોતજોતામાં નવું ભોજન બનાવી દીધું. ચારે જણાની પાસે બેસી, આગ્રહ કરીને ખવરાવ્યું. ચંદ્રગુપ્તને પણ માની યાદ નહોતી. વિષ્ણુગુપ્ત તો અનાથતામાં જ ઊછર્યો હતો. મોટી ઉંમરે તેઓએ માની મમતા માણી.

" બેટાઓ, પરસાળમાં એક ગોદડું નાખી દઉં ? "

"ના, માજી! જાસુસો અમારી પાછળ પડ્યા હશે. અમારે તો કોઈ પહાડની બખોલ કે ઝાડની ઊંચી ટોચ શોધવી પડશે."

"હશે ભા, ધર્મે જય એટલું યાદ રાખજો! "

"નહિ ભૂલીએ." બંને જણા સાષ્ટાંગ દંડવત્ કરી બહાર નીકળી અંધારામાં ભળી ગયા. અથડાતા-કૂટાતા એક ખીણને કિનારે આવી પહોંચ્યા. બંને જણા એક મોટા વડની ટોચ પર ચઢી રાત ગાળવા બેઠા. ગગનમંડળમાં તારાઓ ઝગઝગી રહ્યા હતા. બેમાંથી એકને સૂવાનું હતું, બીજાને ચોકી કરવાની હતી. વિષ્ણુગુપ્તે સૂવા માટે ઘણાં વલખાં માર્યાં, પણ ઊંઘ આવી જ નહિ.

"ગુરુદેવ, ઊંઘ કેમ આવતી નથી?"

"કુમાર, ઘણા ઘણા વિચારો હેરાન કરી રહ્યા છે. વારુ, એક પ્રશ્ન પૂછું?"

"પૂછો."

"કુમાર, પેલા સૈનિકને જ્યારે મેં કહ્યું કે ચંદ્રગુપ્ત પ્હેણે પાણીમાં ઊભો, જા જઈને પકડી લે. વારુ, એ વખતે તારા દિલમાં કેવો ભાવ જન્મ્યો હતો?"

"સાચું કહું, ગુરુદેવ! મતિમંદ કહો તો મતિમંદ, પણ મેં તો એમજ કલ્પ્યું કે ગુરૂ જે કરતા હશે, એ સારા માટે જ કરતા હશે."

"ધન્ય છે. કુમાર, તારી પરીક્ષા કરી લીધી. હવે તને હું ગમે તે ભોગે પણ રાજા બનાવીશ. પેલા નિમકલાલ સૈનિકની હત્યાથી મારો બ્રાહ્મણનો આત્મા ડંખતો હતો. પણ ડોશીમાના શબ્દોએ મને ઉત્સાહ આપ્યો છે. પણ ચંદ્રગુપ્ત, શ્રીયક જેવા ટેકીલા વીર જોઈશે! અને માજીનો સંદેશ સાંભળ્યો ને, ધર્મે જય!"

"આર્ય ભદ્રબાહુ સ્વામીએ મને એ જ પાઠ પઢાવ્યા છે, પણ દિલ ક્ષત્રિયનું એટલે તમારી હાકલ પડતાં ચેન ન પડયું."

"મારી હાકલ?

અને એ શબ્દ અડધે રહ્યો. દૂરદૂર માનવીનો પગસંચાર સંભળાતો હતો. સૂકાં પાંદડાંઓ પર પડતાં પગલાં રાત્રીની નિઃશબ્દતામાં ખુબ અવાજ કરતાં હતાં. તેઓ જાણી ગયા કે મગધરાજના ગુપ્તચરો આવી રહ્યા છે. બંને જણાએ ભય ઓળખ્યો. વૃક્ષનો સાથે વૃક્ષ જેવા થઈ ગયા.

રાત્રી આગળ વધતી રહી. મગધરાજના ગુપ્તચરો પણ આગળ વધી ગયા.

# સર્વોત્તમ કળા કઈ ?

## [૩૫]

**દુનિયા** દુરાચરણની હમેશાં પીઠ થાબડે છે, અને સદાચરણની સામે સદા વિઘ્ન કરે છે. પુણ્ય કરતાં પાપની સેના સંખ્યા યે વિશાળ હોય છે, આ વાતનો શ્રાવિકા બનનાર કોશાને દિનપ્રતિદિન પરિચય થઇ રહ્યો હતો. એના અંગરાગની પૂજા કરનાર, એના સૌંદર્યની શતશત જિહ્વાએ પ્રશંસા કરનાર, એને દેવી માની સદા હૃદયમાં સ્થાપન કરનાર મનુષ્યોની પાટલીપુત્રમાં ખોટ નહોતી. આવતી કાલે એ રંગશાળામાં પગ મૂકે તો ફરીથી માનવમેદની ઊભરાઇ પડે તેમ હતું: પણ એના શ્રાવિકા તરીકેના વ્રતમાં કોઇને ખાસ રસ નહોતો. એની ગુણશ્રેણી વધે તેમાં કોઇની ઈંતેજારી નહોતી; પણ એની રૂપશ્રેણી માટે તો કાવ્યમાળાની ઝડીઓ વરસતી, એના એક ચિબુક પર કોઇ કવિએ મોટું કાવ્ય ગૂંથ્યું હતું. એના રક્તગૌર ગાલ પર પડતા ગલ ઉપર કોઇએ શાસ્ત્ર રચ્યું હતું.

માણસનાં પૂર્વકૃત કર્મ કદી એને છોડતાં નથી. કોશા શ્રાવિકા બની પણ લોકોની જિહ્વાએ તો એ ગણિકા જ હતી. કોશા પણ આમાં પોતાના પાપનો પશ્ચાત્તાપ લેખતી. પોતાને હીન કલ્પનાર સંસારના મનુષ્યો સામે એને ઘણું ઘણું કહેવાનું હતું; પણ હવે એમાં એને રસ નહોતો. કોઇને શબ્દબાણથી વીંધવામાં ય એ પાપ કલ્પતી.

આમ નિષ્પાપ બનતી કોશાને શિર આજે એક નવી ઉપાધિ આવી. ચંદ્રગુપ્તના બંડને શમાવી દેવાના બદલામાં સરદાર, સામંતોને મોંમાગ્યાં ઇનામો આપી મહારાજ નંદ લશ્કરી જુસ્સાને કાયમ બનાવી રાખતા હતા. આ વેળા શ્રીયકે નિવૃત્તિ માગી. મહારાજાએ પણ મોંમાગ્યું આપ-

વામાં વિલંબ ન કર્યો. મહામાત્ય વિના મગધનું ગાડું ચાલ્યું તો આવા ભોળા માણસ વિના મંત્રીપદાં નહિ ચાલે ? શ્રીયકની ઉદાસીનતાનો તેમને ખ્યાલ હતો.

મહામાત્યનો છેલ્લો અંગભૂત શ્રીયક, હવે તે પણ ગયો. રથાધ્યક્ષે આ પ્રસંગ વર્તાયો. અને એણે મહારાજા સમક્ષ માગણી કરી: હિરણ્ય, રૌપ્ય કે ભૂમિની નહિ; પણ માનવીના દિલમાં સાકાર બની વસી રહેલી હતી, તે કોશાની.

" મહારાજ, મારે કોશા જોઇએ. "

" મળશે. મારા વીર યોદ્ધાઓને માગે તો ઇંદ્રાસન આપું. કોશાનાં ભાગ્ય ખીલ્યાં. તેને મગધનો એક વીર નર સાંપડ્યો. "

મહારાજાએ પ્રશંસાની હદ વટાવી. તેમણે તરત જ કોશા પર રથાધ્યક્ષને પોતાનો દેહ અર્પણ કરવાની આજ્ઞા લખી. આજ્ઞાપત્ર વાંચી એક વાર કોશા નિર્બળ થઈ ગઇ. એ રડી પડી. રડતાં રડતાં એણે સ્થૂલિભદ્રનું ધ્યાન ધર્યું. એકદમ હિંમત ઊગી આવી. એ સ્વસ્થ થઇ ગઇ. પોતાને માટે પુરુષ એક જ: અને તે સ્થૂલિભદ્ર. એ પોતાની પ્રતિજ્ઞાને પુનઃ પુનઃ સ્મરવા લાગી.

રથાધ્યક્ષ યથાસમય આવી પહોંચ્યો. વર્ષોની વાસના આજ પાછી જાગી હતી. એને નાનપણનાં સ્મરણો ઊભરાયાં હતાં. કોશાના બે હરીફ ! એક સ્થૂલિભદ્ર અને બીજો પોતે. જે પોતાના સિવાય બીજાને નહિ ચાહે; એમ માનેલું એજ કોશાએ એને તરછોડ્યો.. સ્થૂલિભદ્રની સાથે સંસાર માંડ્યો. અને પોતે નિર્જન રણવગડામાં એરંડા જેવો ઝૂરતો રહ્યો.

આ પછી તો ઘણી નવા–જૂની થઇ ગઇ. સંસારની ઘટમાળ ઘટી ગઇ, પણ રથાધ્યક્ષ કોશાને પોતાની બનાવવાની હિંમત કરી ન શકયો. વખત પલટાયો. આજે કોશાનું કોઇ નહોતું. એણે નાચરંગ છોડ્યા હતા.

નૃત્યખેલન અને ગીતપ્રવાહ બંધ કર્યા હતા. એવી વેળાએ એક ગણિકાનું કોણ? મધુ હોય તો જ ભ્રમર ગૂંજે ને?

કોશાની વય વધી હતી. એનાં જે અવયવોમાં સુંદર મૃદુતા હતી, તે કંઇક સ્થૂલ થવા લાગ્યાં હતાં, પણ પ્રકૃત્તિદત્ત સૌંદર્ય જ એવું છે, કે કોઇ પણ અવસ્થામાં એ ઓપી નીકળે. એને ગમે તેવું બદરૂપ વસ્ત્ર કે આભૂષણ સ્પર્શીને એક રૂપ થઇ જાય. એનો અંગમરોડ, ગતિડોલન, નયનનૃત્ય હજી ય કામીને વીંધી નાખવા પુરતાં હતાં. વીર એવો રથાધ્યક્ષ વર્ષોની ઝંખના આજ મૂર્તિમંત કરતો હતો. આવું સૌંદર્ય મળી જાય તો શસ્ત્રખેલ છોડી દઇ શાન્ત જીવન જીવવાના એ મનોરથો કરતો હતો. કોશાની પ્રાપ્તિ પછી સંસારની કોઇ પણ સ્ત્રી તરફ એ નજર નહિ નાખવાનો.

પણ કોશા તો રૂઠેલી હતી. રૂઠેલી હૃદયરાણીના સૌંદર્યમાં બમણો જાદુ જાગે છે. પણ જો રૂઠેલીને મનાવતાં ન આવડી તો ઊલટો ખેદ થઇ પડે છે. રથાધ્યક્ષ એક શુદ્ધ સૈનિક હતો. મગધરાજ પ્રતિ વફાદારી સિવાય એ વિશેષ કંઇ શીખ્યો નહોતો. સૈનિકજીવનમાં શોભારૂપ બનતું બુદ્ધિનું એકાંગીપણું એનામાં સભર ભર્યું હતું અને એ જ એકાંગીપણાને લીધે એ વિદ્વાન વરરુચિની જાળમાં ફસાઇ ગયો હતો. એક વાર જાળમાં આવી ગયેલું માછલું, પછી છૂટવા ગમે તેટલાં ફાંફાં મારે તો પણ વિશેષ બંધાતું જાય છે; એમ રથાધ્યક્ષ માટે પણ બન્યું. જે મહામાત્યે વરરુચિને ઉઘાડો પાડ્યો ને પોતાને ઢાંકયો, એ જ મહામાત્યના મૃત્યુનું નિમિત્ત પોતે બન્યો!

આવો ભોળો સૈનિક રૂઠેલી હૃદયરાણીને શી રીતે મનાવી શકે? સ્થૂલિભદ્ર જેવો શાસ્ત્રાભ્યાસ, એના જેવું કાવ્ય કે કવિતા એમાંનું કશુંય એને આવડતું નહોતું. બળજબરીથી વાઘ વશ થાય પણ વનિતા વશ ન થાય, એ વાતનો જાણકાર રથાધ્યક્ષ બહુ મૂંઝાયો. આખરે સૈનિકને શસ્ત્ર યાદ આવ્યાં. એણે પોતાનું પ્રચંડ ધનુષ્ય મંગાવ્યું.

*મગધના ઓછા મહારથીઓ આ ધનુષ્ય વાપરી શકતા. રથાધ્યક્ષ*

પોતાની કળા બતાવવા કોશાને લઈ ગૃહોદ્યાનમાં ગયો. અહીં એ જ લતામંડપો ને એ જ નિર્ઝરગૃહો હતાં; જ્યાં સ્થૂલિભદ્ર અને કોશાએ અનેક મધુર જ્યોત્સ્નાભરી રાતો પસાર કરી હતી. એક લતાના ઝૂલા પર બેસતાં રથાધ્યક્ષે કહ્યું.

"કોશા, મારું રણકૌશલ્ય તો જો! જગતભરમાં એનો જોટો નહિ મળે."

અને રથાધ્યક્ષે શરસંધાન કર્યું. એક ભયંકર ટંકાર સાથે બાણ દૂર દૂર દેખાતા આમ્રવૃક્ષની ટોચ પર રહેલ નાની એવી કુંપળને ભેદીને ચાલ્યું ગયું.

બીજો એક ટંકાર, અને પવનથી પણ અતિશય વેગે બાણે એથીય વધુ દૂર રહેલ આમ્રવૃક્ષ પર લટકતી એક આમ્રફળની લુંબને મૂળથી વીંધી નાખી.

"હૃદયરાણી કોશા, આ તો મારી સામાન્ય કળા છે. ગંગાનાં નીર ભેદીને વરરુચિને સુવર્ણપદ્મોનો હાર પહેરાવનાર પણ મારી જ કળા હતી. આ બાણોની શક્તિ સામાન્ય ન સમજીશ. એ આગ પણ વર્ષાવી શકે. અને વિષ પણ વરસાવી શકે. તું કહે તો સાગરના પેટાળમાં જતો મત્સ્ય વીંધું ને કહે તો આસમાનના પેલે પાર ઊડતા પંખીને હાજર કરું."

"એવી હિંસાની વાતો બંધ કરો. મને નથી રૂચતી."

"વારૂ, કોશા, પણ મારી શક્તિની તો પરીક્ષા કર. આ ભુજબળને તો પિછાણ! જો, દૂર દૂર દેખાતા આમ્રવૃક્ષ પરથી પેલું પકવ આમ્રફળ તારે માટે તોડી મંગાવું છું."

રથાધ્યક્ષે લક્ષ્યવેધ કર્યો. હવામાં સૂસવાટા કરતું તીર જોતજોતામાં પેલા આમ્રવૃક્ષ પાસે પહોંચી ગયું. પાકી એવી આમ્રફળની લુંબ વીંધી એની સાથે તીર પાછું ફર્યું. આમ્રફળની લુંબ રથાધ્યક્ષે ઝીલી ને કોશાને અર્પણ કરી. તીર ભાથામાં પ્રવેશી ગયું હતું.

"કોશા, આવી કળા કદી નિહાળી હતી ? કેવી અપૂર્વ ?"

"અપૂર્વ ?" કોશાને રથાધ્યક્ષનું આ અભિમાન ગાળી નાખવાની ઇચ્છા થઈ આવી. "અપૂર્વતા નિહાળવી છે ? તો જુઓ !"

કોશા ઊભી થઇ. એણે દાસીને બોલાવી. દાસીએ આજ્ઞા પ્રમાણે સરસવનો ઢગલો કર્યો. એ ઢગલા પર એક મોટી લાંબી સોય ઊભી મૂકી એની ચારે બાજુ પુષ્પો પાથરી સોયના અગ્રભાગ સિવાય બધું ઢાંકી દીધું. કોશા ઊભી થઇ. એણે કોમળ બે હસ્તસંપુટ ભેગા કરી તાલ લીધો, પગને ધીરે ધીરે નચાવવા લાગી. આખો દેહ તાલમાં થનગનવા લાગ્યો.

"રથાધ્યક્ષ, જરા મારી કળા નિહાળો" અને કોશાએ ધીરેથી કૂદકો માર્યો. એ પુષ્પના ઢગલા પર ચઢી ગઇ ને નૃત્ય કરવા લાગી. જાણે અસ્થિ માંસના ભારવિનાની જ પવન–પ્રકાશની કાયા ન હોય ? અનેકવિધ નૃત્યના પ્રકારો રજૂ કરવા છતાં સોયથી એના પગની પાની વિંધાણી નહિ. એક ફૂલ ચંપાયું નહિ. સરસવનો એક દાણો પણ સરી પડ્યો નહિ.

"ધન્ય કોશા, ધન્ય ! માગ માગવું હોય તે. તારૂં કૌશલ્ય દુષ્કર છે."

અને જાણે હવામાં તરતી હોય એમ એક ધીરા લહેકા સાથે કોશા નીચે ઊતરી ગઈ. રથાધ્યક્ષનું માનખંડન થયું હતું. કોશાએ હસતાં હસતાં કહ્યું.

"વીરપુરુષ, આમાં કશું ય અશક્ય નથી. અભ્યાસથી સિદ્ધ થઇ શકે તેમ છે. અભ્યાસથી ન સિદ્ધ થઇ શકે એવી એક જ વસ્તુ છે, અને તે માણસના દિલમાં વસતી કામવાસના !"

"કામવાસના અસાધ્ય છે ?" રથાધ્યક્ષ જાણે નવી વાત જાણતો હતો.

" અવશ્ય અને એમ ન હોય તો કોઇ બીજાનું વમન કરેલું ખાય ? સંસારની દુર્ગંધ–નાળ જેવી ગણિકાને માન, પ્રતિષ્ઠા, કુળ, શીલ મૂકી કોઇ ચાહવા જાય ? "

" તું દુર્ગંધનાળ ! "

" અવશ્ય જેની પાસે પ્રેમ જેવી વસ્તુ નથી, જેને મન માણુસનું શીલ બજારની વસ્તુ છે, જેનો ધંધો જ માનવીનાં પાપ પર ચાલે છે; જે ધન લેવા છતાં, તનને તપાવ્યા છતાં; મનને જીર્ણશીર્ણ કર્યા છતાં; કદી કોઇ પુરુષની બની નથી. એને માટે બીજું શું કહી શકાય ? "

" કોશા, તું એવી નથી. તારો જોટો તો જગતમાં પણ જડવો મુશ્કેલ છે. તારા માટે તો તન, મન ને ધન તો શું. સ્વયં સ્વર્ગ છોડવું સહેલું છે. "

" અહાહા, કામવાસનાને હજાર હજાર વાર ધિક્કાર હજો. ખરેખર એ માણુસને અંધ બનાવે છે, માટે જ હું કહું છું કે દુનિયામાં એક તીરથી સ્વર્ગને છેદ પાડી શકાય, અને ઉત્તમ પ્રકારના નૃત્યથી હવામાં નાચી શકાય; એમાં આશ્ચર્ય નથી; પણ કામને જીતવો દુષ્કર છે. વાજીકરણોથી મઘમઘતાં ભોજન, વર્ષો સુધી જેની સાથે ભોગ ભોગવ્યા છે, એવી સ્વાધીન પૂર્ણ તારુણ્યભરી પ્રેમિકા; ચિત્રશાળામાં વાસો અને આખી રાતનાં એકાંત. એક તરફ કામથી વિહ્વળ બનેલી માનુનીનો વ્રત ભંગ કરવાનો નિર્ણય ને બીજી તરફ કરુણારસભરી બે આંખો ! રથાધ્યક્ષ, સંસારમાં સ્ત્રીની સમક્ષ સંયમશીલ રહી શકે એ જ પુરુષ કહેવાય. અને મારા જીવનમાં એવો પુરુષ એક જ દીઠો. "

ભોળો રથાધ્યક્ષ સ્તબ્ધ બની સાંભળી રહ્યો હતો. બાળપણમાં સામાન્ય પરિચયવાળી કોશાએ એના જીવનને સ્મરણમાત્રથી કેટલું જલાવ્યા કર્યું, ત્યારે વર્ષોના પરિચયવાળી માનુની સાથે સંયમ શી રીતે સધાય ? નક્કી એ પુરુષ કોઇ યોગી જ હશે !

" એ પુરુષનું પવિત્ર નામ ? "

" ચમકશો નહિ. સ્થૂલિભદ્ર ! તમારો બાળમિત્ર. તમારે મન કોશા ગણિકા હશે, પણ વાસ્તવિકતાને ચોપડે તો કોશા તમારી મિત્રવધૂ છે."

" તું મિત્રવધૂ ? સ્થૂલિભદ્ર આટલો સંયમી બન્યો ? " રથાધ્યક્ષના હૃદય પર ઘેરાયેલાં કામનાં કાળાં વાદળો વિખરાવા લાગ્યાં.

" રથાધ્યક્ષ, કેવળ માણસોની હત્યા માત્રથી વીરતા વરતી હોય તો કસાઈ સહુથી વધુ વીર લેખાવો જોઈએ. વીરતા તો જીવનને સંયમશીલ બનાવવામાં છે, ઉન્માર્ગે જતાને રોકવામાં છે. તમારું વીરત્વ સિંહ, વ્યાઘ્ર ને ચિત્તાઓમાં પણ ભર્યું છે. પણ જાણો છો, કે પરાક્રમે જ એમને પશુ બનાવ્યાં. આ પશુતા છોડો. ધર્મને યાદ કરો, જીવનનો એક પળવાર તો વિચાર કરો ? "

કોશાના શબ્દોમાં માર્દવતા અને આર્જવતા ભરી હતી. રથાધ્યક્ષ નમ્ર બની ગયો. એ બોલવા લાગ્યો.

" કોશા, તેં જીવનનો સાચો રાહ બતાવ્યો. વિષસિદ્ધિના ગુમાનમાં જીવનસિદ્ધિ સાધવી ભૂલ્યો. કેટલીય રૂપવંતી રાણીઓના નિસાસા, કેટલીય હત્યાઓ, કેટલાંય ષડ્યંત્રો મારા હાથે થયાં ! અરે, મહામાત્યની હત્યા કરાવવામાં હું જ નિમિત્ત બન્યો ! "

" મહામાત્ય તો જીતી ગયા. એમના પવિત્ર લોહીએ કેટલાંને શુદ્ધ બનાવ્યાં ? જીવનનો સાચો રાહ મેળવવા માટે મારો આભાર ન માનો. મહામુનિ સ્થૂલિભદ્રનો માનો. એણે તારા જેવા અનેકને તાર્યા છે. "

" કોશા, આજથી તું મારી ગુરુ ! ચાલો, સ્થૂલિભદ્રને વંદન કરવા જઈએ. કોશા. આ પાપી જીવનથી એ મને તારશે ? મારા તરફ ઘૃણા તો નહિ દાખવે ? "

" ઘૃણા ને પાપથી એ પર છે. "

બંને જણાં રથમાં બેસી દર્શને નીકળ્યાં. બંનેની વિચારશ્રેણી ઉન્નત બનતી જતી હતી.

# મગધ-વાચના

## [ ૩૬ ]

**આર્ય** ભદ્રબાહુસ્વામીની ભવિષ્યવાણી સાચી પડતી લાગી. આ વર્ષાઋતુએ મેઘાડમ્બર જામ્યો, ઘનઘોર ગર્જનાઓ થઇ, વરસાદ તૂટી પડવા માટે ઝઝૂમી રહ્યો હોય તેમ લાગ્યું: પણ આશાઓ નિરર્થક ગઇ. ઝીણી ઝરમર વરસાવી મેઘરાજા ન પધાર્યા તે ન પધાર્યા.

આ વર્ષે વળી આકાશ તાંબાના પતરાની જેમ તપતું રહ્યું. ધોળાં વાદળો આકાશમાં ગોટેગોટ ઉભરાવા લાગ્યાં. કોકવાર આડમ્બર થઇ જતો, પણ વરસાદ ન આવ્યો તે ન આવ્યો. ખૂલ્લાં ખેતરો ખાવા ધાવા લાગ્યાં, નવાણે જળ ખૂટયાં. તરસ્યાં ને ભૂખ્યાં ઢોર મરવા પડ્યાં. પ્રજા એ વેળા દાણાનો સંઘરો કરવામાં કુશળ હતી. દરિદ્ર પ્રજાની રાજ તરફથી થોડીઘણી ખબર લેવાતી.

પણ આ બધું ક્યાં સુધી ? કેટલા દિવસ ? ઉપરાઉપર વર્ષો એવાં જ આવતાં ચાલ્યાં. જૈનસંઘો આર્ય ભદ્રબાહુસ્વામીની આજ્ઞા મુજબ સાધુઓને દરિયાકિનારે અને સજલ પ્રદેશોમાં મોકલવા લાગ્યા. પ્રભુ મહાવીરે પાવન કરેલી ધર્મભૂમિ પરથી સહુથી મહાન સાધુ સમુદાય ચાલ્યો ગયો. જેનું જંગલે જંગલ, ગામે ગામ, ઉપવને ઉપવન ક્રિયાશીલ ને જ્ઞાનશીલ સાધુઓથી ભરેલું હતું; ત્યાં હવે સાધુનામ સાંભળવા પણ મળતું નહિ. બાર બાર દુકાળીની વાતો થઇ રહી હતી. પ્રજા સંઘરામાંથી અન્નનો એક પણ દાણો ફાલતુ કાઢવા માટે તૈયાર નહોતી, આવે વખતે સાધુને અન્ન કોણ આપે ?

કેટલાક વયોવૃદ્ધ સાધુઓને પોતાના પરમ તારણહાર પ્રભુએ પાવન

કરેલ આ ભૂમિ, આ સ્થળ ને આ જળ છોડવાં ન ગમ્યાં. યુવાન શિષ્યોને સલાહ-શિખામણો આપી વિદાય કર્યા, અને પોતે સ્વયં અનશન કરી બેસી ગયા. જીવન અને મૃત્યુ માટે આથી વિશેષ સારી ભૂમિ એમને મન સ્વર્ગમાં પણ નહોતી. આ ભૂમિ પર જીવન દુષ્કર બન્યું હોય તો ભલે એમાં મૃત્યુ જ મીઠાશ મૂકે !

જૈનસંઘો માટે આ બહુ કઠિન વખત ઉપસ્થિત થયો હતો. એક તરફ ધર્મપાલકો પર આફત, બીજી તરફ પ્રજાનું રક્ષણ અને ત્રીજી તરફ સાધુઓની વ્યવસ્થા આ બધાને તો પહોંચી શકાતું પણ એક નવી જ વિપત્તિ આવીને ઊભી રહી. અત્યાર સુધીનું તમામ જૈન સાહિત્ય કંઠસ્થ હતું. સાધુઓ ઉગ્ર વિહાર ને ક્ષુધા-પિપાસાની પીડામાં પડ્યા. જ્ઞાનનું સ્મરણ કરવાની શાન્તિ ને સ્વસ્થતા લુપ્ત થઈ. વૃદ્ધ સાધુઓએ અનશન આદર્યાં, ત્યારે શ્રુતજ્ઞાનની શી સ્થિતિ ?

ધર્મનો સાચો વારસો લુપ્ત ન જ થવા દેવાય. જૈન સંઘોએ આ માટે યોગ્ય સાધુઓને રોકી લેવા માંડ્યા. શ્રી સમ્ભૂતિવિજય કાળધર્મ પામ્યા હતા. આર્ય ભદ્રબાહુસ્વામી મહાપ્રાણ ધ્યાનની સાધના માટે પુનઃ નેપાલ તરફ ગયા હતા. શ્રી સંભૂતિવિજયજીએ તેમની અનુપસ્થિતિમાં સાધુસંઘ શ્રી સ્થૂલિભદ્રને સોંપ્યો હતો. જૈનસંઘે શ્રી સ્થૂલિભદ્રને રોકી લીધા. એમની આજ્ઞા નીચે બીજા પાંચસો સાધુઓને પણ રાખી લીધા, અને સંઘે વિનંતી કરી કે આપ સર્વેની વિનય વૈયાવચ્ચ કરવાનો ભાર અમે ઉપાડીએ છીએ. કૃપયા આપ સર્વે અમને શ્રુતજ્ઞાન સંગ્રહી આપો.

પોતાનાં તારણહારનાં ઉપદેશરત્નોને અક્ષરજીવન× આપવાનો સુંદર ધર્મ અદા કરવાનું પોતાના નશીબમાં છે, એ જાણી શ્રી સ્થૂલિભદ્રના આનંદનો પાર ન રહ્યો. પાંચસો સાધુઓ અને જૈનસંઘો સહિત એમણે

× કેટલાકના મતે મગધવાચના, માથુરીવાચના અને વલ્લભીવાચનામાંથી આ ત્રીજી વાચના વખતે આગમો ગ્રંથારૂઢ થયાં.

પાટલીપુત્રમાં જ શ્રુતજ્ઞાનનો ઉદ્ધાર કરવો શરૂ કર્યો. કેવો અમુલખ સમય! દેશ દેશથી જેઓ આવી શકતા, તે બધા આવ્યા. કોશાના હર્ષનો પણ પાર નહોતો. રથાધ્યક્ષ આ વેળા સાધુ બની ચૂકયો હતો. યક્ષા અને શ્રીયક પણ આ સમુદાયમાં હતાં. જાણે પુનઃ પ્રભુ મહાવીરની દેશનાના પડછંદા પડવા લાગ્યા. એક મહાન જ્ઞાનોત્સવ શરૂ થયો.

પ્રભુ મહાવીરે ઉપદેશેલા અને ગણધરોએ ગુંથેલા બાર અંગોમાંથી પ્રથમ આચારાંગનો ઉદ્ધાર શરૂ કર્યો. જૈન સાધુઓએ કેવી રીતે વર્તવું, આચાર, ગોચરી, સ્વાધ્યાય, શય્યા, ઉપધિ, ભક્તપાન, તપ વગેરેનું દિગ-દર્શન કરાવ્યું. જે એક જાણે છે, તે બધું જાણે છે, અને સર્વ જાણે છે, એ એક જાણે છે. પ્રભુવીરના આ નાના છતાં મહાન સૂત્રનો વિશદ અર્થ વિચારીને તો સહુ છક્ક થઇ ગયાં. એક વસ્તુને તેના સર્વ રૂપ, પર્યાય અને વિવિક્ષા સાથે જાણનાર સર્વવસ્તુને જાણે છે. આચારાંગ સૂત્ર તેના સ્કંધ અને અધ્યયન સાથે રૂઢ થઇ ગયું.

સૂત્રકૃતાંગની વાચના શરૂ થઈ. જેને જે યાદ હતું તે સહુ સ્મૃતિ-આધારે ટાંકવા લાગ્યા. આ ગ્રંથનું મૂળ વક્તવ્ય એ હતું કે અહિંસા ધર્મના મૂળરૂપ ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ છે. આ ધર્મ અને તેના આચારો: તેમ જ તે અંગે જ્ઞાન, વિનય આદિ ગુણોની ચર્ચા કરવામાં આવી. સાથે સાથે પ્રભુ મહાવીરના સમયમાં પ્રવર્તતા અન્ય ૩૬૩ મતોની નિય-માવલિની તુલના કરી. આ ૩૬૩ માં પણ ૧૮૦ ક્રિયાવાદી છે. ૮૪ અક્રિયાવાદી છે, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વિનયવાદી છે, સારાંશમાં એમ જણાવવામાં આવ્યું છે, કે મદ બધા તિરસ્કારવા યોગ્ય છે, અને વિનય એ પ્રધાન ભૂષણ છે. દેહ તે અન્ય અને હું તે અન્ય: એવી ભાવના આમાંથી કેળવાય છે. સ્કંધ અને અધ્યયનપૂર્વક આ બીજું અંગ સમાપ્ત થયું.

શ્રુતજ્ઞાનની આ ઉપાસનાએ પાટલીપુત્રનો ચહેરો ફેરવી નાખ્યો હતો. આવી તક ફરી ફરીને મળવી દુર્લભ હતી. ખંડ ખંડ થયેલ અંગને સંગ્રહતા દિવસો જતા, પણ કુશળ સાધુઓ તરત એને વ્યવસ્થિત કરી દેતા.

ત્રીજું અંગ સ્થાનાંગ શરૂ થયું. જીવ અને અજીવનું આમાં વર્ણન કરવામાં આવ્યું. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાલ અને આકાશ આ દ્રવ્યોમાં જીવ સિવાય અન્ય અજીવ છે. જીવો પણ ત્રણ પ્રકારના છે. સ્થાવર, સકલેન્દ્રિય ને વિકલેન્દ્રિય. કર્મબંધનવાળા જીવો સંસારી કહેવાય છે, કર્મબંધનથી વિમુક્ત સિદ્ધ કહેવાય છે. આમાં વિરોધી ધર્મો (સાત નિહ્નવ)નું ખંડન ને સ્વધર્મનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ અંગ આ રીતે સમાપ્ત થયું.

ચોથું અંગ તે સમવાયાંગ. આ અંગમાં કોટાનુકોટિ જીવોના ને અજીવોના ભેદો ને તેમના ગુણપર્યાયોની મીમાંસા છે.

પાંચમું અંગ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શરૂ થયું. એક એક અંગ સંગ્રહિત કરતાં દિવસોના દિવસો વ્યતીત થઇ જતા પણ કોઇને ઉતાવળ નહોતી. શ્રી સ્થૂલિભદ્રની વિદ્વત્તા નિહાળી સર્વ સાધુઓ અને સંઘના મુખથી ધન્ય ધન્યના સ્વરો સ્વયં નીકળી પડતા. વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ એટલે ગૌતમસ્વામી આદિ શિષ્યોએ પ્રભુ મહાવીરને પૂછેલા પદાર્થોના ભગવાન મહાવીરે સ્વયં કરેલા ખુલાસાઓનો સંગ્રહ. આજ પદાર્થોનું નિરૂપણ સુધર્માસ્વામીએ જમ્બૂસ્વામીને કહેલું. સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સંબંધી તેમજ જ્ઞેય પદાર્થોની વ્યવસ્થા, જીવ આદિ વિષેના ૩૬૦૦૦ હજાર પ્રશ્નોનો આમાં સમાવેશ થયો છે. આજીવિકો ને પાર્શ્વાપત્યો વગેરેનાં વર્ણનો પણ છે. ગણધરો, શિષ્યો એને વિરોધીઓનાં પણ વર્ણનો છે. હિંદની તત્કાલીન સોળ જાતિઓનું પણ તેમાં વર્ણન છે.

પણ આ પછી જે અંગો આવ્યાં તે સામાન્ય જનતાને પણ અત્યંત રસિક લાગવા માંડ્યાં. પ્રભુએ ઉદાહરણરૂપ ધર્મતત્વપ્રધાન કથાઓ કહેલી તેનો સંગ્રહ તે જ્ઞાતાધર્મ કથાંગ. એમાં સસલાને બચાવવા મરનાર હાથીની કથા, મોરનાં ઇંડાંની કથા, નંદી ફલની કથા, મેઘકુમારની કથા, માકન્દીની કથા, દ્રૌપદીની કથા વગેરે વગેરે ધર્મબોધ આપનારી ને રસિક કથાઓનો સંગ્રહ સાંભળી સહુ અત્યંત પ્રસન્ન થયા. જાણે સહુના અનુ-

ભવની બીના અને છતાં તેમાં કેટલું ગૂઢ રહસ્ય સમાયેલું હતું. આમાં ૭૨ કલા ને અઢાર દેશી ભાષાઓની ચર્ચા આવી.

હવે રસિક અંગો આવી રહ્યાં હતાં. સાતમું અંગ ઉપાસક દશા આવ્યું. જેઓ સાધુઓ નથી બની શકતા છતાં સંયમપ્રધાન ધર્મના ઉપાસક બનવાનું પસંદ કરે છે, તેઓનાં જીવન ચર્ચતું આ અંગ અનેક મગધવાસીઓને પ્રિય બન્યું. ભગવાન મહાવીરનાં દશ ઉપાસક શ્રાવકોનાં જ આમાં ચરિત્ર છે. આ ચરિત્રો સાંભળી સહુને આ તરણતારણહારની કરુણા પ્રત્યે અસંત ભક્તિ જાગી.

આઠમું અંગ અંતકૃત દશાંગ. આમાં કર્મનો અને તેના નિમિત્તરૂપ સંસારનો ત્યાગ કરી સંસારનો અંત કર્યો છે, એવા તીર્થંકરોના પુણ્ય-ચરિત્રો છે. આ પછી નવમું અંગ 'અનુત્તરોપપાતિક દશાંગ' સંગ્રહાયું. આમાં અનુત્તર નામના સ્વર્ગમાં રહેનાર અને તે પછી એક જ ભવે મોક્ષપ્રાપ્તિ કરનાર જીવોનાં વર્ણન છે. દશમું પ્રશ્નવ્યાકરણ દશાંગ. આમાં જે દ્વારા કર્મો આવે છે તે અને જેથી કર્મો આવતાં બંધ થાય છે, તેનું વર્ણન છે.

અગિયારમું અંગ તે વિપાકસૂત્ર. આ કાળે દેખાતાં કર્મફળોનું કારણ વગેરેની આમાં દૃષ્ટાંત સાથે ચર્ચા કરવામાં આવેલી છે. આમાં પ્રભુ મહાવીરદેવે સ્વયં કથાઓ કહી બોધ આપ્યો છે. આમ ધીરે ધીરે શ્રી સ્થૂલિભદ્રની નિશ્રાએ અગિયાર અંગો સંગ્રહિત કરવામાં આવ્યાં. આ અંગો અર્ધમાગધી ભાષામાં હતાં, પણ હવે છેલ્લું સંસ્કૃત-ભાષાનું અંગ દૃષ્ટિવાદ બાકી રહ્યું. આ અંગ એક મહાન અંગ હતું. એમાં સર્વ પદાર્થોની ગંભીર પ્રરૂપણા કરવામાં આવી હતી. એના પાંચ વિભાગો રચવામાં આવ્યા હતા; અને તેમાં પૂર્વ નામના વિભાગના ચૌદ પૂર્વો હતાં.

એ ચૌદ પૂર્વોમાં અનેક ચમત્કારિક વસ્તુઓ હતી, અનેક વિદ્યાઓ, શક્તિઓ અને સામર્થ્યનો તેમાં સંચય હતો. પણ તે જાણવા માટે પણ અધિકાર મેળવવો પડતો. સામાન્ય સાધુને એ સંભળાવવામાં પણ ન આવતું

આ વેળાએ આખા આર્યાવર્તમાં આર્ય ભદ્રબાહુસ્વામી સિવાય દૃષ્ટિવાદનાં ચૌદ પૂર્વોનું કોઇ જાણકાર નહોતું. શ્રી સંઘ અત્યંત વિચારમાં પડ્યો. આર્ય ભદ્રબાહુસ્વામી નેપાળ જેટલે દૂર હતા. આવા કડકડતા દુષ્કાળમાં શું બને? પણ આખરે બહુ વિચારણા બાદ નિશ્ચય કરવામાં આવ્યો કે આર્ય ભદ્રબાહુને અહીં જ નિમંત્રવા. બે યુવાન સાધુઓ આ નિમંત્રણ લઈને જવા તૈયાર થયા.

બીજે દિવસે બે ધર્મસેવક સાધુઓએ નેપાલ તરફ વિહાર કર્યો. સૂકા–આગ વરસાવતા વાવંટોળો ને ભયંકર અટવીઓ ધર્મના નામ પર એમને થોભાવવા સમર્થ નહોતી.

## પાંચસોમાં પરમ

### [ ૩૭ ]

નેપાળ ગયેલા સાધુઓની પાછા ફરવાની રાહ આખું મગધ કાગના ડોળે જોઇ રહ્યું હતું. દિવસો વ્યતીત થઇ ગયા હતા. આટલું કાર્ય પૂર્ણ થાય એટલે જૈન સંઘ અને પાંચસો સાધુઓને પોતાની આ મહાન જહેમત માટે સંતોષ થાય તેમ હતો.

આખરે સૂકાયેલા, કૃશ થઈ ગયેલા, થાકીને લોથ થયેલા બંને સાધુઓ દડમજલ ચાલતા પાટલીપુત્રમાં આવી પહોંચ્યા. પણ એમના ચહેરા પર ઊજાશ નહોતો, કાર્યસિદ્ધિની એકે હર્ષદ રેખા જોવાતી નહોતી. તેઓએ શ્રીસંઘને સંદેશો સંભળાવ્યો:

" આર્ય ભદ્રબાહુસ્વામીએ શ્રી સંઘને વંદન કરતાં જણાવ્યું છે, કે હાલમાં મેં મહાપ્રાણ નામક ધ્યાન શરૂ કરેલ છે. આ ધ્યાનની સિદ્ધિ થતાં જરૂરને વખતે સર્વ પૂર્વના સૂત્ર અને અર્થની એક મુહૂર્તમાં ગણના થઈ શકશે. આ ધ્યાનને હમણાં સમય લાગશે, માટે હાલમાં હું આવી શકીશ નહિ. "

જૈન સંઘ આ ઉત્તર સાંભળી અજબ વિમાસણમાં પડી ગયો. પાંચસો પાંચસો સાધુની વૈયાવચ્ચ અને આટલી જહેમત બાદ જો એક અંગ અપૂર્ણ રહી જાય તો ફરીથી સંધાવું અશક્ય છે. તેઓએ બહુ વિચાર કર્યો. આખરે માર્ગ શોધ્યો. તેઓએ નિર્ણય કર્યો કે આ વખતે સંઘની આજ્ઞા તરીકે જણાવીએ. મહામના, સર્વ શાસ્ત્રપારગામી આર્ય ભદ્રબાહુસ્વામી જરૂર પોતાનો આગ્રહ છોડશે, પણ આ માટે બીજા બે સાધુઓ કોણ તૈયાર છે ! પાછા ફરનાર સાધુઓની હાલત જોઇ હિંમત

હારી બેસાય તેવું હતું, છતાં ધર્મ માટે પ્રાણાર્પણ કરવા બીજા સાધુઓ તૈયાર થઇ ગયા. તેઓ સંઘની આજ્ઞા સાથે વિદાય થયા.

ગિરિકંદરા, અટવીઓ, મહાનદીઓ પસાર કરતા કરતા, મોતના મુખમાંથી સહેજમાં બચતા બંને મુનિરાજો આર્ય ભદ્રબાહુસ્વામીને આશ્રમે પહોંચ્યા. સ્વામી ધ્યાનમાં હતા, તેમાંથી નિવૃત્ત થતાં સાધુઓએ વંદન કરી પ્રશ્ન પૂછયો:

"સ્વામિન્, મગધના સંઘને એક સંદેહ ઉપસ્થિત થયો છે, અને તે કારણે વિવાદ જાગ્યો છે."

"કયો સંદેહ?"

"સંઘની આજ્ઞા નહિ માનનારને શી શિક્ષા થઇ શકે?"

"સંઘ–બહારની."

"સ્વામિન્, તો મગધનો સંઘ જણાવે છે, કે આર્ય ભદ્રબાહુસ્વામીએ પોતે તેમ કર્યું છે, તો શું આ શિક્ષા તેમને થઇ શકે?"

આર્ય ભદ્રબાહુસ્વામી આ સાંભળી ચમકી ગયા. તેમને નિમિષ માત્રમાં ખ્યાલ આવી ગયો કે પોતે કેવી ભૂલ કરી છે! તરત નમ્રતાના અવતારસમા તેમણે કહ્યું:

"શ્રીમાન્ સંઘને એમ ન કરવા હું વિનતિ કરું છું. હું વાચના આપવા માટે તૈયાર છું. પણ શ્રીસંઘે મારા પર પ્રસાદ કરવો જરૂરી છે. તેઓ બુદ્ધિમંત મુનિઓને અહીં મોકલે. હું મારા ધ્યાન–કાર્યની સાથે તેમને વાચના પણ આપીશ. મારું પણ કાર્ય સિદ્ધ થશે. સંઘનું પણ કાર્ય સિદ્ધ થશે."

સાધુઓ આવા મહાપુરુષની નમ્રતા જોઇ અત્યંત આશ્ચર્ય પામ્યા. તેઓ પુનઃ વંદન કરતા તેમનો સંદેશો લઇ વિદાય થયા. એજ કષ્ટ અને એજ દુઃખદ યાત્રા; પણ સાધુજીવન જ એ માટે હતું ને? આવાં

કષ્ટોમાં તો સાધુઓને આનંદ આવે ! મુનિરાજોએ પાટલીપુત્ર પહોંચી બધો સંદેશો કહી સંભળાવ્યો. તરત શ્રી સ્થૂલિભદ્ર તૈયાર થઇ ગયા. એમની પાછળ પાંચસો સાધુઓ પણ સજ્જ થયા.

જૈન સંઘને માથે કપરી ફરજ આવી પડી. પણ સાધુઓનો ઉત્સાહ અપૂર્વ હતો. શ્રી સ્થૂલિભદ્ર જેવાનું નેતૃત્વ તેમને હર્ષાવી રહ્યું હતું. એક સવારે પાંચસો સાધુઓ સાથે શ્રી સ્થૂલિભદ્રે વિહાર શરૂ કર્યો. વિઘ્ન અને આફત સાધુઓને જ સુખ માટે છે. એનાથી કોઇ ડરે તેમ નહોતું. ભૂખ્યા રહેતા, તરસ્યા રહેતા, સાપ–વીંછીની વચ્ચે વિહાર કરતા બધા ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક નેપાળ તરફ આગળ વધવા લાગ્યા.

આખરે વાદળથી વાતો કરતી યમની ટેકરીઓ દેખાવા લાગી. સાતકોશી ને સપ્તગંડકી સરિતાના પ્રવાહો ભેટવા લાગ્યા. રૂના પોલ શો હિમગિરિ દૂર દૂર દેખાવા લાગ્યો ને પોતાના સૂર્યોદય અને સૂર્યાસ્તના મનોહર દેખાવોથી આંજવા લાગ્યો. ફૂલોના દૂર દૂર સુધી વિસ્તરતા ઉદ્યાનો અને હર્યોભર્યો પ્રદેશ. દુષ્કાળનું તો નામોનિશાન નહિ. એની ભૂમિ પણ મખમલી. પત્થરનું દર્શન માત્ર ન મળે. સાધુઓ હોંશભેર હિમગિરિની ટેકરીઓ ચઢી આર્ય ભદ્રબાહુસ્વામીને ચરણે પડ્યા.

ધર્મલાભના મૃદુ શબ્દોથી તેમણે સર્વનો પ્રવાસશ્રમ હરી લીધો. બીજે દિવસ સુમુહૂર્તે અધ્યયનનો આરંભ કર્યો. કયાં કેવલ અધ્યયન માટે જ આવેલા આ મુનિરાજો અને કયાં આ મહાધ્યાનમાં મગ્ન યોગીરાજ. અધ્યયન બહુ જ અલ્પ ચાલવા માંડ્યું, તેમાં વળી દૃષ્ટિવાદના પૂર્વ જેવો અત્યંત ગહન વિષય.

પાટલીપુત્ર છોડે દિવસો વ્યતીત થયા, પણ હજી અધ્યયન બહુ જ અલ્પ થયું હતું. ધીરે ધીરે સાધુઓ કંટાળવા લાગ્યા. કેટલાક નિરાશ થઇને નેપાળના સુંદર પ્રદેશોમાં ચાલ્યા ગયા. એક દિવસ મહામુનિ સ્થૂલિભદ્રે જોયું કે પાંચસોમાં પોતે એક જ બાકી હતા, છતાં તેઓએ ધૈર્ય ન તજ્યું. જેટલું મળે તેટલું અધ્યયન ચલાવવા લાગ્યા.

આખરે આર્ય ભદ્રબાહુસ્વામીએ શિષ્યની ધીરતા પારખી. સ્થૂલિભદ્ર સ્વામીની આવી પ્રવૃત્તિથી કંઇક ઉદાસીન અવશ્ય હતા, પણ પૂર્ણ વિનય વિના વિદ્યા ન આવે, એ માટે તેઓ કંઇ પણ ન બોલતા. સ્વયં ભદ્રબાહુસ્વામીએ પ્રશ્ન કરતાં તેમણે જણાવ્યું:

" ભગવંત, હતોત્સાહ નથી. વિદ્યામય જીવન તો મને અત્યંત પ્રિય છે, વળી આપની સેવા કયાંથી ? પણ આટલું અધ્યયન મને અલ્પ લાગે છે. "

જિજ્ઞાસુ શિષ્યની વૃત્તિને પિછાની તેઓએ સાંત્વન આપતાં કહ્યું:

" વિવેકી મુનિ, હવે મારું ધ્યાન પૂર્ણ થવા આવ્યું છે. પછી તને હું પૂરતી વાચના આપીશ. "

" ગુરુદેવ, મારે કેટલું જાણવાનું બાકી છે ? "

" સાગરના એક બિંદુ જેટલું તેં જાણ્યું છે, અને બાકીનાં જળબિંદુ જેટલું જાણવાનું છે. "

સ્થૂલિભદ્ર આથી નિરાશ ન થયા. થોડા દિવસોમાં દશ પૂર્વ લગભગ જ્ઞાન મેળવી લીધું. આ તરફ મગધમાં શાન્તિ પથરાતી જતી હતી. આર્ય ભદ્રબાહુસ્વામીએ સર્વને સાથે લઇ પાટલીપુત્ર તરફ વિહાર કર્યો.

# ભાઇ–બેન

## [ ૩૮ ]

મહારાજ નંદે શ્રીયકને દીક્ષા લેવાની રજા આપી, એ દિવસે શ્રીયકના હૃદય પરથી જાણે આખો પહાડ ઊતરી ગયો હોય એવું લાગ્યું. અમૃત અને વિષને, સાપને અને મયૂરને એક સાથે રાખી જીરવી શકવાની એની શક્તિ નહોતી. કદાચ શક્તિ હોય તો એના સ્વભાવથી વિરુદ્ધ હતી.

મગધનાથના દરબારમાં ગૃહદાહ શરૂ થયો હતો. પોતાનાં ને પારકાંની સાઠમારી જામી હતી. એવી વિચિત્ર રાજરમત ખેલાઇ રહી હતી, કે કયું પ્યાદું કયારે કોની સામે આવીને ઊભું નહિ રહે ! એમાં પણ છેલ્લા વિજયે મહારાજ નંદને પોતાની શક્તિઓનું ભારે અભિમાન ઉપજાવ્યું હતું. જેઓ હમેશાં માનતા કે સુમંત્રી અને સારા સરદારો રાજકાજ માટે પોતાના જેટલા જ મહત્ત્વના છે; તેઓ આજે માનતા હતા કે વિધાતા જેને રાજા બનાવે એને પૂરતી શક્તિ આપે જ છે. રાજા સમર્થ તો બીજું બધું સ્વયમેવ સમર્થ બની જાય છે.

આ સ્થિતિમાં મહામાત્ય શકટાળ કે સ્થૂલિભદ્ર દિવસો વીતાવી શકે, પણ એમાં બેધારી તલવારના વારનો અનભિજ્ઞ ભોળો શ્રીયક અસમર્થ હતો. રાજકુમારી સુરૂપાને આપેલા વચન મુજબ કુમાર ચંદ્રગુપ્તને મોતના મોંમાં જતો બચાવ્યો, પણ એ જ વાતની નંદરાજને ખબર પડે તો ? કુમારગુપ્ત ને પિતાજીવાળી ઘટના ફરીથી ઉપસ્થિત થાય.

દીક્ષા લેવાની અનુજ્ઞા મળતાં આ બધાં દુ:ખદર્દનો અન્ત આવ્યો. એણે પોતાની મિલકતની અને સંતાનોની યોગ્ય વ્યવસ્થા કરી દીક્ષા સ્વીકારી લીધી. બેન યક્ષા સાથે ગામેગામ વિચરવા લાગ્યો.

યક્ષાનું જીવન નાનપણથી કઠોર હતું. એશઆરામભર્યા પિતાના ઘરમાં પણ એ સાધ્વીના સ્વભાવથી રહેતી હતી. એને મન દીક્ષિત જીવનની કઠોરતા વિશેષ નહોતી; પણ શ્રીયકે તપ–જપ કદી કર્યાં નહોતાં. દિવસમાં કેટલીય વાર એને ખાવા જોઇતું. એશઆરામના જીવનમાં ઊછરેલાને નવી દુનિયા સહેજ કઠોર પડતી હતી, છતાં શ્રીયક નિશ્ચયમાં અણનમ હતો. એ શકય હોય તેટલી રીતે કઠોર સાધના કરતો. આ રીતે એનું શરીર યોગ્ય સગવડોના અભાવે તેમજ દુષ્કાળ હોવાને કારણે સારાં અન્ન–પાણી ન મળવાથી ઘસાતું ચાલ્યું, પણ અન્તે તો શ્રીયક યોદ્ધો હતો. યોદ્ધાની અચળતાથી એ દેહદમન સાધી રહ્યો હતો.

આ વખતે પર્વાધિરાજનો પ્રસંગ આવ્યો. જપ–તપનો એ અમૂલો ઉત્સવ ! યક્ષાએ ભાઇને પણ કંઇક તપ કરવા કહ્યું.

" પોરસી કરીશ. " શ્રીયકે પ્રત્યાખ્યાન લીધું.

પોરસીનો સમય આનંદપૂર્વક પસાર થઇ ગયો. આ જોઇ ભાઇની વિચારશ્રેણી ઉત્તમ કરવા યક્ષાએ કહ્યું:

" આ પર્વ અતિ દુર્લભ છે. પોરસી કરી શકયો તો પુરિમુદ્ધ તો કરી જો ! "

શ્રીયકે પુરિમુદ્ધનું પ્રત્યાખ્યાન લીધું.

દેહ તો કૃશ હતો, પણ નિશ્ચયનો આત્મા બલવાન હતો. પરિમુદ્ધનું પ્રત્યાખ્યાન કર્યું. સાનંદ સમય વ્યતીત થઇ ગયો. શ્રીયક ચઢતે રંગે હતો. યક્ષાએ અપાર્ધનું પ્રત્યાખ્યાન કરાવ્યું.

અપાર્ધ વીતતાં વાર ન લાગી. શ્રીયક પણ ઉત્સાહમાં હતો. તપશ્ચર્યાનું અનભ્યસ્ત શરીર આમ ટેવાઇ જાય: તેમાં તેને કૃતકૃત્યતા ભાસવા લાગી. શ્રીયકને ઉત્સાહમાં જોઇ યક્ષાએ કહ્યું:

" ભાઇ આટલો વખત કાઢી નાખ્યો તો હવે ઉપવાસનું પ્રત્યાખ્યાન કરી લે ને ! રાત્રિ તો એક ઊંઘે વ્યતીત થઇ જશે. "

શ્રીયકે ઉપવાસનાં પ્રત્યાખ્યાન કરી લીધાં. જીવનમાં પહેલીવાર ઉપવાસ કરતો હતો. રાત્રિના પ્રારંભમાં શાન્તિ રહી, પણ મધરાત થતાં એનો કૃશ દેહ તૂટવા લાગ્યો. તૃષા એને સતાવવા લાગી. ક્ષુધાએ તો જાણે દેહમાં અગ્નિ પ્રજાળ્યો. દેહકષ્ટ વધતું ચાલ્યું, એમ શ્રીયક શાન્તિ રાખવા પ્રયત્ન કરવા લાગ્યો. એ મહાપુરુષો પર પડેલાં દુ:ખો ને વિપત્તિઓ યાદ કરવા લાગ્યો. એ વિપત્તિઓ અને દુ:ખો સમક્ષ પોતાનું આ દુ:ખ કેવું સામાન્ય છે, એની કલ્પના કરવા લાગ્યો.

છતાં કલ્પનાથી વાસ્તવિકતા દૂર થાય તેમ નહોતી. શ્રીયકને પણ થોડીવારમાં લાગ્યું કે જો પ્રત્યાખ્યાન-ભંગ નહિ કરું તો પ્રાણ નીકળી જશે, પણ આ વાતનો વિચાર તરત તેને દુ:ખદ લાગ્યો. વહેલોમોડો તો પ્રાણ નીકળી જવાનો છે, તો ભલે અત્યારે શાન્તિ પામે! એણે મનથી તમામ જીવોની ક્ષમા યાચવા માંડી. ધ્યાનની શ્રેણી ઉચ્ચ બનાવવા માંડી.

દેહકષ્ટ વધે જતું હતું, પણ શ્રીયક હવે દેહને વિસરી આત્માના વિચારમાં ઊતરી ગયો હતો. આત્મા અજર-અમર છે, અરે, ન એ ખાય છે, ન એ પીવે છે. ખાનાર અને પીનાર તો આ દેહ છે, જે ખાતાં છતાં ક્ષુધાતુર છે, ને પીતાં છતાં તૃષાતુર છે; એ જ રોગનું મંદિર છે, એને જ ભોગ જોઈએ છે. આત્મા તો આ બધાથી દૂર દૂર છે. આ દેહ મારો નથી, આ આત્મા મારો છે. આત્માને દેહમાં ગુંગળાવી નાખનાર તો કામ, ક્રોધ, લોભ વગેરે કષાયો છે. મારા-તારાની મારામારીઓ છે. અહા, મારું કોઈ નથી, અને હું કોઈનો નથી. મને કોઈના પ્રત્યે વૈર નથી. કોઈને મારા પ્રત્યે ન હજો! હું તમામ જીવોને મન, વચન ને કાયાથી ક્ષમા આપું છું, સહુ મને ક્ષમા આપો!"

શ્રીયકે અનશન વ્રત સ્વીકારી લીધું. થોડીવારમાં એનું પ્રાણપંખેરું કૃશ, જીર્ણ ને રુગ્ણ દેહને છોડી કોઈ ઉન્નત ભોમ તરફ ચાલ્યું ગયું. નિર્જીવ કાયા પડી રહી.

કષાય સ્વરૂપી અંધ રાત્રી આગળ વધતી રહી. સવારે યક્ષા શ્રીયકની

ખબર પૂછવા આવી. જુએ છે તો મુનિ સ્તબ્ધ બેઠેલા છે. કાયોત્સર્ગમાં હશે, સમજી યક્ષા થોડીવાર ઊભી રહી. પણ મુનિનું એકે અંગ ફરકતું નથી. શું કારણ? યક્ષા નજીક ગઇ. જોયું તો મુનિ કાળના ધર્મને પામેલા જણાયા.

યક્ષાના સંતાપનો પાર ન રહ્યો. એને તરત ખ્યાલ આવી ગયો કે નવજાત પુષ્પ સમાન કોમળ ભાઇ ક્ષુધા અને તૃષાને કારણે મૃત્યુ પામ્યો. એ મૃત્યુ નિમિત્ત હું બની. મેં પ્રત્યાખ્યાન કરાવ્યું ન હોત તો એની આ દશા ન થાત! અરેરે! મેં અભાગણીએ બંધુહત્યા, અને તેથી ય અદકી મુનિહત્યા કરી.

યક્ષાના હૃદયમાં દારુણ વેદના જાગી. એ શ્રમણસંઘ પાસે ગઇ, અને શ્રમણસંઘને વિનતિ કરવા લાગી.

" હું પાપિણી છું. મેં મુનિહત્યા કરી છે. મને પ્રાયશ્ચિત્ત આપો!"

શ્રમણસંઘે અથથી તે ઇતિ સુધી બધી હકીકત સાંભળી, આખરે તેમણે કહ્યું:

" યક્ષા, પરિણામે બંધ એ આપણું સૂત્ર છે. આપણો ધર્મ સાદી આંખે દેખાતા દોષને દોષ ગણતો નથી. એ દોષના હાર્દને તપાસવાનું કહે છે. તમે જેને દોષ કહો છો, એનું હાર્દ અમે તપાસ્યું છે. તમે આ કાર્ય શુદ્ધ ભાવથી કર્યું છે. તમારા મનનાં પરિણામ ઉચ્ચ હતાં. તમે નિર્દોષ છો, ધર્મ તમને પ્રાયશ્ચિત્ત ફરમાવી શકતો નથી."

સંઘનો આ નિર્ણય અણિશુદ્ધ હતો, પણ યક્ષાને એ શાન્ત ન કરી શકયો, એનો સંતાપ દિનપ્રતિદિન વધતો ચાલ્યો. જીવન અસહ્ય થઇ પડયું. સંઘની એક શ્રેષ્ઠ વિદુષી સાધ્વી આ રીતે વ્યગ્ર રહે, એ જોઇ સંઘે શ્રીયકની શાન્તિ ખાતર કાયોત્સર્ગ વગેરે ધર્મકાર્ય શરૂ કર્યાં. આટઆટલાં પ્રયત્ન કર્યા છતાં યક્ષાના દિલને શાતા ન વળી.

અન્તે એક દિવસ સ્વયં ધ્યાનમાં બેસી ગઇ. ખાનપાન વગેરે વોસ-

રાવી દીધું. કાયોત્સર્ગ કરી લીધો. મનની શાન્તિ ન થાય તો આ કાયોત્સર્ગ હવે છૂટવાનો નહોતો ! દિવસો વીતતા ચાલ્યા, યક્ષા તો કાષ્ઠની જેમ કાયોત્સર્ગમાં લીન હતી. સંઘને નિશ્ચય થયો કે આપણે એક સાધ્વીરત્ન ગુમાવી બેસીશું.

પણ સહુના આશ્ચર્યના વચ્ચે યક્ષાએ એક દિવસ આંખો ઊઘાડી કાયોત્સર્ગ પૂરો કર્યો. દિવસોથી નિરાહાર રહેવાને કારણે દેહમાં અશક્તિએ વાસ કર્યો હતો, છતાં તેનું મુખ એક દૈવી આભાથી ઝળહળી રહ્યું હતું. તેણે શાન્તિપૂર્વક કહ્યું:

" શાસનદેવી મને પ્રત્યક્ષ થયાં છે. તેઓ મને મહાવિદેહ ક્ષેત્રમાં લઇ ગયાં. ત્યાં સીમધંરસ્વામી બિરાજમાન હતા. તેમની સમક્ષ મેં મારા તમામ સંદેહો રજૂ કર્યા. તેઓશ્રીએ આ સાંભળી ફરમાવ્યું; " ભરતક્ષેત્રની આ આર્યા નિર્દોષ છે." તેમ જ તેઓશ્રીએ મને ચાર અધ્યયન ભેટ કર્યાં."

" ચાર અધ્યયન ?" જ્ઞાનસંપતનો પૂજારી સંઘ ખુશી થઇ ગયો.

" હા, ચાર અધ્યયન. ભાવના, વિમુક્તિ, રતિકલ્પ અને વિવિક્તચર્યા એ એનાં નામ છે; અને હું હમણાં જ તમને સંભળાવી જઇશ."

શ્રીસંઘના આનંદનો પાર ન રહ્યો. પુનઃ ધર્મોત્સવ શરૂ કરવામાં આવ્યો. ચતુર્વિધ સંઘ એકત્રિત થયો. યક્ષાએ ચારે અધ્યયન ક્રમબદ્ધ કહી સંભળાવ્યાં. જેઓ યક્ષાની મહાવિદેહ જવાની વાત વિષે અશ્રદ્ધાળુ હતા, તેઓ પણ આ સાંભળી શ્રદ્ધાવંત બન્યા. શ્રી સંઘે આ જ્ઞાન નષ્ટ ન થાય, તે માટે ચાર અધ્યયનમાંથી બે અધ્યયનોને આચારાંગ સૂત્રની ચૂલિકા તરીકે સ્થાપ્યાં ને બીજાં બેને દશવૈકાલિક સૂત્રની ચૂલિકા તરીકે મૂકયાં. યક્ષાની વિદ્યા ને સંસ્કાર અમર બન્યાં. શ્રમણસંઘ એનું અધ્યયન કરવા લાગ્યો ને એક પરમ વિદુષી સાધ્વીને બહુમાન આપવા લાગ્યો.

આ વેળા શ્રીસંઘે ખબર આપ્યા કે આર્ય ભદ્રબાહુસ્વામીનું ધ્યાન સંપૂર્ણ થયું છે. તેઓ પાટલીપુત્ર તરફ પધારે છે.

" આર્ય સ્થૂલિભદ્ર સાથે હશે ? " યક્ષાએ પ્રશ્ન કર્યો.

" હા, હા, એ જ એમના પટ્ટધર છે. પૂર્વનો અભ્યાસ કરી રહ્યા છે. "

યક્ષા આ સમાચાર સાંભળી અત્યંત આનંદિત થઇ ગઇ. વર્ષો બાદ, એક મહાન શ્રુતજ્ઞાની બનીને આવતા, જૈનસંઘના ધર્મધોરી બંધુને મળવા એનું દિલ ઝંખી ઊઠયું.

એ સામે પગલે ચાલી.

# સિંહ નહિ—પુરુષસિંહ

## [૩૯]

**પાટલીપુત્ર** નગરની બહારના ઉદ્યાનમાં આજે વગર વસંતે વસંત ખીલી હતી. આખું ઉદ્યાન જનકુળોથી ભરાઇ ગયું હતું, જાણે વસંતોત્સવ શરૂ થયો. કોઇ હાથી તો કોઇ ઘોડા પર, કોઇ પાલખીમાં તો કોઇ પગે ચાલતા આવી રહ્યા હતા.

આ ઉદ્યાન વિષે ભગવાન ભદ્રબાહુ પધાર્યા હતા. જ્ઞાનના એક માત્ર આધાર, સિદ્ધિઓના નિધાન, ભૂત–ભવિષ્ય ને વર્તમાનના જ્ઞાતા એવા આ આર્યના દર્શન કરવા, વંદન કરીને પાવન થવા કોણ ન આવે?

પણ અરે મહામુનિ સ્થૂલિભદ્ર કયાં? પાટલીપુત્ર છોડે ઘણો વખત વહી ગયો હતો. પોતાના પ્રિયમંત્રીના પુત્રને નીરખવા જનમેદની વ્યાકુળ બની હતી. સ્થૂલિભદ્ર મુનિ તો શાન્તચિત્તે અભ્યાસમાં મગ્ન હતા. એમનું દૈવી તેજ અને અનેરી આભાથી ઓપતું મુખ જોઇ બધાનાં મસ્તક સ્વતઃ નમી જતાં. સંસારમાં હતા ત્યારે પણ જેમને જોઈને પાપની કલ્પના જ નષ્ટ થઇ જતી, એને આજે આવી સ્થિતિમાં જોઇ માનવીના દિલને શું ન થાય?

યક્ષા પોતાની છ સાધ્વીએનો સાથે ઉદ્યાનમાં આવી હતી. આર્ય ભદ્રબાહુને વંદન કરી પૂછયું.

"દેવ, સ્થૂલિભદ્ર મુનિ કયાં છે?"

"અહીં નજીકમાં જીર્ણ દેવકુળમાં છે."

યક્ષા અન્ય સાધ્વીઓ સાથે ત્યાં ગઇ. પણ આ શું? સિંહગર્જના સંભળાવા લાગી.

અરે અહીં સિંહ ક્યાંથી? સાધ્વીઓ ધીરે ધીરે દેવકુળની નજીક પહોંચી. પાસે જઇને જુએ તો એક મહા વિકરાળ સિંહ ધીમું ધીમું ગર્જતો બેઠેલો. ભવ્ય એવી કેશવાળી અને વિશાળ નેત્રોથી ડર ઉપજાવવાને બદલે કંઇક સોહામણો લાગતો હતો.

મુનિ ક્યાં? સિંહ તેમનો ભક્ષ તો નથી કરી ગયો ને? સાધ્વીઓ ગભરાયેલે ચહેરે પાછી ફરી, અને આર્ય ભદ્રબાહુસ્વામીને બધી બીના કહી સંભળાવી. તેઓ ક્ષણભર આશ્ચર્યમાં પડી ગયા, પણ તરત કંઇક વિચાર કરી કહ્યું:

" એ સિંહ નથી, પણ પુરુષસિંહ તમારો ભાઇ છે. સ્થૂલિભદ્ર જ છે. જાઓ, વંદના કરો! "

સાધ્વીઓ લેશમાત્ર ભય વિના આર્યના વચનને પ્રમાણ ગણી પુનઃ ત્યાં ગઈ. જઇને જુવે છે તો પોતાનો વહાલો બંધુ સ્થૂલિભદ્ર! ભાઇ અને બેનોએ એકબીજાની કુશળતા પૂછી. યક્ષાએ ગદ્‌ગદ કંઠે શ્રીયકના મૃત્યુની વાત કરી: ઉપરાંત પોતે પ્રાપ્ત કરેલ ચાર અધ્યયનની પણ વાત કરી.

મહામુનિ સ્થૂલિભદ્ર આ સાંભળી અત્યંત સંતુષ્ટ થયા. ઉપરાંત કહ્યું:

" યક્ષા, શ્રીયક તારે હાથે સદ્‌ગતિ પામી ગયો. પિતાજીનાં બધાં સંતાનોમાં એણે પોતાનું કલ્યાણ જલદી સાધ્યું. ભોળાના ભગવાન. જેવો એ સરલ હતો, નિરભિમાનતા ને આજ્ઞાંકિતતાની મૂર્તિ હતો, એવું એનું જ સુંદર મૃત્યુ થયું. સુંદર મૃત્યુ એ પણ હવે તો ઉત્સવરૂપ છે. કાળ કેટલો કઠિન છે? અને યક્ષા, તને જોઇ મારું મન આનંદિત થાય છે. તેં પિતાજીની ઇચ્છા પૂરી કરી. "

સાધ્વીઓ વંદન કરી વિદાય થઇ. રોજના ક્રમ મુજબ વાચના લેવાનો સમય થઇ જવાથી મહામુનિ સ્થૂલિભદ્ર ભદ્રબાહુસ્વામી પાસે ગયા. પણ સ્વામીએ તો સ્પષ્ટ કહી દીધું.

" તમે વાચનાને અયોગ્ય છો. "

ગુરુદેવના આ શબ્દો સાંભળી મહામુનિ સ્તબ્ધ થઈ ગયા, અરે પોતે કયો અપરાધ કર્યો ? કદી નહિ, આજે ગુરૂદેવ આમ કેમ બોલે ? પોતાનો દોષ શોધવા ઘણો ઘણો વિચાર કર્યો, પણ કંઈ લક્ષમાં ન આવ્યું.

નમ્ર થઇ, ગુરુચરણુમાં પડી કહ્યું: " ગુરુદેવ, બહુ બહુ આલોચી જોયું, પણ મારો દોષ સ્મરણમાં આવતો નથી. કૃપયા દર્શાવો અને પ્રાયશ્ચિત્ત આપો. "

ગુરુદેવ શિષ્યનો વિનય જોઇ પ્રેમપૂર્વક બોલ્યાઃ " મુનિરાજ, તમારા દોષને તમે અપરાધ કરીને માનતા નથી, તો તમારું તે પાપ શાંત થાઓ. "

ગુરુદેવે ગુફામાં સિંહ બનીને બેસવાના કૃત્યની યાદ આપી. અને સાથે સાથે સૂચવ્યું કે પોતાનો પ્રભાવ દર્શાવવા માટે સાધુ કદી ચમત્કારનો આશ્રય ન કરે.

" ગુરુદેવ, એક વાર ક્ષમા કરો. પુનઃ એવો અપરાધ નહિ કરું. "

" મહામુનિ, મને વિશ્વાસ છે, કે તમે હવે પુનઃ એવો દોષ નહિ કરો, પણ જે અપરાધ થયો છે; એના જ કારણથી હું આગળ વાચના નહિ આપું. "

સ્થૂલિભદ્રને અત્યંત વ્યથા થઇ. પોતાની ભૂલના કારણે સંસાર પરથી એક મહત્ત્વનું જ્ઞાન નષ્ટ થશે, એ વિચારે એમને ઊંઘ કે આરામ હરામ બનાવ્યાં. ગુરુદેવ એમ માને તેમ નહોતા, તેમજ તેમનો નિશ્ચય ફેરવવો પણ અશક્ય હતો, આવા એકવચની પુરુષોને સમજાવવા માટે તેઓ શ્રીસંઘ પાસે ગયા, અને નિખાલસતાપૂર્વક પોતાની કૃત્યની અને આર્ય ભદ્રબાહુસ્વામીના નિર્ણયની વાત કરી.

શ્રીસંઘ ગુરુદેવ પાસે ગયો અને મહામુનિની વતી પોતે ક્ષમા યાચી, તેમજ અધ્યયન કરાવવા પ્રાર્થના કરી.

ગુરુદેવે શાન્તિપૂર્વક જવાબ આપ્યો. " તમારી વાત સાચી છે. હું મહામુનિ સ્થૂલિભદ્રને દોષ આપતો નથી, પણ એ દ્વારા વિચાર કરી રહ્યો છું કે જ્યારે મહામુનિ સ્થૂલિભદ્ર જેવા પરાક્રમી અને પ્રતિભાશાળી સાધકને વિદ્યાનું અભિમાન થઇ જાય, ત્યારે અન્ય મંદસત્ત્વવાળા મુનિઓનું શું ? કાળ વિષમ ચાલ્યો આવે છે. ચમત્કારો તરફ સાધુઓ જલદી ઝૂકશે. એ વેળા વિદ્યા વગોવાશે. આત્મધર્મ વિસરાશે. માટે ભવિષ્યના સાધુઓના બોધ માટે અવશિષ્ટ ચાર પૂર્વ ભલે મારી પાસે રહ્યાં. કાળ એવો આવે છે, કે સ્થૂલિભદ્ર જેવા મુનિઓ દુર્લભ બની જશે. એ વેળા મુનિઓ ઐહિક કીર્તિ તરફ લોભાશે. વિદ્યા ઐહિક કીર્તિનું સાધન બનશે. સરસ્વતી લક્ષ્મીને હાટ વેચાશે. માટે મારો આગ્રહ સદર્થે છે. "

અગમનિગમમાં નજર નાખી શકનાર આર્ય ભદ્રબાહુસ્વામીની આ વાણીમાં શ્રીસંઘ અજબ શ્રદ્ધા ધરાવતો હતો. પણ મુનિ સ્થૂલિભદ્રની વેદના ભારી હતી. તેમની વેદના લક્ષમાં લઇ શ્રીસંઘે પુનઃ વિનંતી કરી.

" સંઘ–આજ્ઞા શિરોધાર્ય છે. એ મુનિને હું ચાર પૂર્વો શીખવીશ, પણ તેમણે હવે પછી બીજા કોઈને ન શીખવવાની પ્રતિજ્ઞા કરવી પડશે. "

મહામુનિ સ્થૂલિભદ્રે એટલો તો એટલો લાભ લઈ લેવા ઇચ્છયો. આર્ય ભદ્રબાહુસ્વામીએ છેલ્લાં ચાર પૂર્વોની સૂત્રમાત્રથી વાચના આપી. સ્થૂલિભદ્ર અન્તિમ ચૌદ પૂર્વધર બન્યા. આર્ય ભદ્રબાહુસ્વામીએ શ્રીસંઘને સૂચના કરી, કે મહામુનિ સ્થૂલિભદ્રને યુગપ્રધાનપદે સ્થાપો ! પોતે નિવૃત્ત થશે.

પાટલીપુત્રમાં એક ભારે ઉત્સવ શરૂ થયો.

# યુગપ્રધાન

## [૪૦]

**પાટલીપુત્રના** પ્રદેશથી જરા હિમગિરિ તરફ વળીએ. મહાપ્રયત્ને પ્રાણરક્ષા કરીને નાસી છૂટેલા ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્ત ચાણક્ય ફરીથી સેના એકત્રિત કરી રહ્યા હતા. નાના નાના પ્રદેશો જીતી રહ્યા હતા. જીતેલા પ્રદેશો પર આણ વર્તાવતા અને ત્યાં નવીન સૈન્ય સામગ્રી જમાવતા તેઓ આગળ કૂચ કરી રહ્યા હતા.

હિમવત્‌કૂટના રાજા પર્વતકને પણ તેઓએ પોતાની મદદમાં લીધો હતો. આ મદદના બદલામાં તેને મગધનું અડધું રાજ્ય આપવાનું વચન આપ્યું હતું. વિષ્ણુગુપ્તને હવે વિલંબ પોસાતો નહોતો. ચંદ્રગુપ્ત તો ગુરુ-આજ્ઞા મળતાંની સાથે રણમેદાન માટે સજ્જ હતો.

આખરે બધી તૈયારીઓ થઈ ચૂકી. પાટલીપુત્ર પર ચઢાઈનો દિવસ પણ નક્કી થયો. આ છેલ્લો પાસો હતો. જીવન કે મૃત્યુ એ બે સિવાય ત્રીજી વાત મંજૂર કરવાની નહોતી. કૂચની પહેલી રાતે બંને ગુરુશિષ્ય ભદ્રબાહુસ્વામીનાં ચરણોમાં જઈ ઊભા રહ્યા.

" આશીર્વાદ આપો, ગુરુદેવ ! "

" હું સાધુ શા આશીર્વાદ આપું ? હું તો ઇચ્છું છું કે આ રણ-મેદાનથી ય વધુ ભયંકર કષાયોના મેદાનનાં તમે જયવંતા નીવડો. ચંદ્રગુપ્ત, ક્ષત્રિય છે, તો કષાયોથી ડરીશ મા ! લડવૈયો બનજે ! વિષ્ણુગુપ્ત, બ્રાહ્મણ છે તો બ્રહ્મ એ જ તારું સર્વસ્વ બનજો. "

" પણ પ્રભો, કંઈક શિખામણ. હું તો આજે રાજા બનવા ચાલ્યો છું. "

"શિખામણ એક જ. ધર્મવિજયી થજે. રાજા બનીને સંયમ અને સર્વધર્મસમભાવ એ બે વાત ભૂલીશ નહીં. બાકી તો આ રાજ્ય એક દહાડો તમને નાનું પડશે; અને નવા વિશાળ રાજ્યની ઝંખના સતેજ બનશે. પણ એ દિવસની વાત એ દિવસે."

બંને પ્રણામ કરી, ચરણરજ માથે ચઢાવી ચાલી નીકળ્યા. બીજે દિવસે કૂચના ઢોલ પિટાયા. ભયંકર ડમરી ચઢી, સૈન્ય રવાના થયું. પાટલીપુત્રને ઘેરો ઘાલવામાં આવ્યો.

યુદ્ધ ભયંકર જામ્યું. મહારાજ નંદ પોતે મેદાને પડ્યા, પણ એમનું અભિમાન પળવારમાં ધૂળમાં મળ્યું. કસાયેલા ને અનુભવી યોદ્ધાઓની ખોટ ખરે વખતે દેખાઇ આવી. પાસેના પ્રદેશો જીતાઇ ગયા હતા. નવી કુમક મળી શકે તેમ નહોતી, અને ચંદ્રગુપ્તના પક્ષમાં આજના વ્યૂહ મહર્ષિ ચાણક્ય પોતે રચતા હતા. જૂના વ્યૂહથી તેઓ જ્ઞાતા હતા. એ તોડતાં એમને વિલંબ ન થતો. ધીરે ધીરે મગધના વીર યોદ્ધાઓ કામ આવી ગયા. યુવાન રાજપુત્રો પણ ખપી ગયા.

મહારાજ નંદના હૃદયમાં આ વેળા એક નવો વિચાર ઉદ્‌ભવ્યો. પાટલીપુત્ર શા માટે બાળી ન નાખું? પરાજય નિશ્ચિત છે. મોતના મુખમાં કાં ધસવું? હાથે કરીને વિનાશ શા માટે નોતરવો? જીવતો નર ભદ્રા પામશે.

એમણે સંધિનું કહેણ મોકલ્યું. પાટલીપુત્રના દરવાજા ઊઘડાવી નાખ્યા. ચંદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્તનાં સૈન્યે અંદર પ્રવેશ કર્યો. કેટલા યોદ્ધાઓ મરી છૂટ્યા, કેટલાક નાસી છૂટ્યા ને બીજાઓએ શસ્ત્ર હેઠાં મૂકી શરણ યાચી લીધું.

"ચંદ્રગુપ્ત, ધર્મવિજયી બનો! આ બધાંને તમારી સેવામાં લો!" વિષ્ણુગુપ્તે આદેશ આપ્યો. આજે એની પ્રતિજ્ઞા ફળી હતી. નંદના તમામ રાજકુમારો હોમાઇ ગયા હતા. વૃદ્ધ નંદ એકલવાયો બન્યો હતો.

ચંદ્રગુપ્ત બધાને સાંત્વન આપતો આગળ વધ્યો. તેણે વિશ્વાસુ ઘોડેસવાર સાથે સંદેશો મોકલ્યો:

"મહારાજ નંદ મારા શિરછત્ર છે. એક રથમાં રત્નમાણેક જેટલાં લેવાં હોય તેટલાં લઇને રાજધાની છોડી જાય. એમનો વાળ પણ વાંકો કરવામાં નહિ આવે."

આ સંદેશાએ પ્રજા પર જાદુ કર્યો. હડહડતા દુશ્મન પર પણ આટલી માયા? થોડી વારમાં તો મહારાજ નંદનો રથ આવતો દેખાયો. વિદાય લેતા રાજવીનું માન જાળવવા ચંદ્રગુપ્ત, પર્વતક ને વિષ્ણુગુપ્ત એક બાજુ ઊભા રહી ગયા. રથમાં હિરણ્ય, રૌપ્ય, રત્ન, મણિ ને માણેકનો ઢગલો હતો. સાથે પોતાની બે રાણીઓ અને પુત્રી સુરૂપા હતી.

મહારાજ નંદને સહુએ સન્માન આપ્યું. એક વારનો પ્રબલ કેસરીસિંહ સમાન રાજાધિરાજ આજે એક માત્ર રથભરેલી સંપત્તિ લઇને વિદાય લેતો હતો. સહુને આંખમાં આંસુ આવ્યાં. કર્મના પરિબલની વાત યાદ આવી. અરે, એક દહાડો બિચારા કુમારગુપ્તને એણે આથી ય વધુ નામોશીભરી રીતે હાંકી કાઢ્યો હતો ને.

મહારાજ નંદ બધાના નમસ્કાર ઝીલતા આગળ વધ્યા. અચાનક સુરૂપા રથમાંથી ઊતરી પડી. એ લજ્જાવનત મુખે નીચે ઊભી રહી કહેવા લાગી:

"પિતાજી, મેં કુમાર ચંદ્રગુપ્તને મનથી વરી લીધા છે."

મહારાજ નંદની આંખોમાં આ શબ્દોથી અગ્નિ પ્રગટ્યો, પણ શું કરે? પરિસ્થિતિ વિપરીત હતી, છતાં ય કદાચ સુરૂપા ચંદ્રગુપ્તને પરણે તેમાં તેઓ વિઘ્ન ન કરત, કોમળ વેલીને વનવન રઝળાવવા કરતાં આવા સારા સ્થાને જતી જોઈ પોતે ખુશ થાત, પણ એક મુંઝવણ એમના દિલમાં થઇ રહી હતી. તેઓ માનતા હતા કે રાજમહેલમાં જતાંની સાથે

ચંદ્રગુપ્ત જીવતો નહિ હોય. અને કાલે પાછા પોતાને ગાદીએ આવવું પડશે. પણ એ બધી વાતનો એક શબ્દ પણ બોલી શકાય તેમ નહોતું.

રૂપલાવણ્યની મૂર્તિ સુરૂપા વિષ્ણુગુપ્તના અશ્વ પાસે જઈ વિનતિ કરવા લાગી.

" મહારાજ, મારો હાથ પાછો ઠેલાવશો મા ! "

" વાસ્તવિક છે, ચંદ્રગુપ્ત ! આ તો ભાગ્યલક્ષ્મી સ્વયં વરમાળા આરોપવા આવી છે. તને યાદ હોય તો શ્રીયકને હાથે તારો જીવ બચાવનાર એ જ હતી. સપ્રેમ સ્વીકારી લે ! મગધના જૂના રાજવંશને નવા રાજવંશ સાથે સાંકળી લે, એટલે શૂરા સરદારોને પણ શાન્તિ થાય. "

મહારાજા નંદ એક મોટા નિશ્વાસ સાથે વિદાય થયા. બીજી તરફ સૈન્યને આખો શહેરનો કબજો લઇ શાન્તિ સ્થાપવાની આજ્ઞા આપી. બધા રાજશાહી અશ્વો રાજભુવન તરફ વળ્યા.

હિમવત્કૂટનો રાજા પર્વતક તો ઉતાવળમાં હતો. એ આકડે બેઠેલા મધ જેવા રાજમહેલના એક ખૂણેથી બીજે ખૂણે લૂંટમાર કરતો ફરવા લાગ્યો. શું ધન ? કેટલું હિરણ્ય ! કેટકેટલી નવસુંદર સ્ત્રીઓ ! મહારાજ નંદનો ભંડાર તો કુબેરનો ભંડાર હતો. ગરીબ પ્રદેશનો આ રાજવી ઘેલો બન્યો. એની ઘેલાઇ બેફામ લૂંટ ચલાવવા લાગી. રાજમહેલના ખંડેખંડે એ ભમવા લાગ્યો. ભમતો ભમતો એ એક સુંદર ખંડમાં આવી પહોંચ્યો.

આખો ખંડ અપૂર્વ રીતે શણગારેલો હતો, ખંડની મધ્યમાં મણિજડિત બાજોઠ પર એક ઉન્મત્ત યૌવના બેઠી હતી. આ શું ? સ્વર્ગની કુ અપ્સરાને મહારાજ નંદે કેદ તો કરી નથી ને ? એનાં રૂપલાવણ્યથી ચમકતાં ગૌર ને માંસલ અંગો પ્રકાશ પાડતાં હતાં. કેવલ ફૂલોની ચાદરથી આચ્છાદિત એનો દેહ માનવીને મૂંઝવી નાખે તેવો રમણીય હતો. એની વેણીમાં ફૂલોની કળા કરી હતી, ને એ કેશની બન્ને વેણી વક્ષસ્થળના ઉન્નત પ્રદેશ પર રમતી હતી.

ખરેખર દેવાંગના ! એ ધીરેથી ઊભી થઇ, ને પર્વતકને ચરણે પડી. પર્વતક ભૂલ્યો. એણે ફૂલની કળી શી એ નમન કરતી સુંદરીને ઊચકી લીધી. એના સ્પર્શમાં પણ કેટલું સુખ ? પર્વતકે ભાન ભૂલીને હૃદય સાથે ચાંપી દીધી. એણે પોતાનો વિજય ભ્રષ્ટ કર્યો. અસુરવિજયી રાજા બન્યો. મહારાજ નંદે મહેલમાં પહોંચતાં જે મૃત્યુની આશંકા કરી હતી, એનો પહેલો ભોગ પર્વતક બન્યો. શત્રુને પદદલિત કરવાનું આ સાધન નિષ્ફળ તો ન જ નીવડ્યું,

ચંદ્રગુપ્ત ને ચાણક્ય પડહ વગડાવી રહ્યા હતા, કે અમારે મન સહુ સમાન છે. પ્રત્યેક સ્ત્રીનું શિયળ અમારે મન કિંમતી છે, પ્રત્યેક નગરવાસીની દોલત એની પોતાની જ છે. સર્વ ધર્મ અમારે સરખા છો.

શાન્તિ સ્થાપવા માટે બંને ચારે તરફ ફરવા લાગ્યા. અચાનક સમાચાર આવ્યા કે રાજા પર્વતક કોઇ ભયંકર વ્યાધિથી ઘેરાઈ ગયા છે. બધા શીઘ્રતાથી પાછળ ફર્યા. ખરેખર રાજા પર્વતક દારુણ વેદનામાં પડ્યો હતો. મખમલી સેજમાં ય એના દેહને આગ લાગી હતી. જળનો છંટકાવ વ્યર્થ હતો. અનેક દાસદાસીઓ આ નવા રંગીલા વિજેતાની સેવા ચાકરી કરી રહ્યાં હતાં. એક દાસીએ ધીરેથી નિવેદન કર્યું, કે રાજાજીએ છેલ્લો સમય પાસેના ઓરડામાં બેઠેલી સુંદરી સાથે ગાળ્યો હતો. ત્યાંથી બહાર આવતાંની સાથે આ કાળી વેદના જાગી છે.

" ક્યાં છે એ સુંદરી ? "

તરતજ પાસેના ખંડમાંથી અર્ધનગ્ન સુંદરીને ત્યાં લાવવામાં આવી. એને જોતાં જ ચાણક્યે બૂમ પાડી:

" પર્વતક, તારો રાજધર્મ તેં ભ્રષ્ટ કર્યો, આ સુંદરી તો વિષકન્યા છે. અરેરે તું અસુરવિજયી રાજા બન્યો ! ચંદ્રગુપ્ત, રાજધર્મ આ કારણે સ્વીકારાતો હશે ? "

" ગુરુદેવ, સંયમ અને સમભાવનાનો આપનો ઉપદેશ મારું કલ્યાણ

કરો ! આપનો શિષ્ય રાજકુળને ઊજાળી બતાવશે. પર્વતકને એનું પાપ ખાઇ ગયું. મહારાજ નંદની વિષકન્યા પર એ વ્યાકુળ બન્યો.”

પર્વતકના દર્દની કોઇ દવા નહોતી; દારુણ વેદનામાં તરફતો થોડી વારમાં એ મૃત્યુ પામ્યો. મગધના અર્ધભાગનો સ્વામી પતંગની જેમ રૂપ–દીપકમાં જલીને ખાખ થઇ ગયો. ભદ્રબાહુસ્વામી અને આર્ય વિષ્ણુગુપ્તનો શિષ્ય મગધની સમસ્ત રાજલક્ષ્મીનો સ્વામી બની ગયો. એનું સંયમીજીવન શોભી ઊઠ્યું.

થોડીવારે મગધના એક માત્ર અધિકારી ચંદ્રગુપ્તના રાજ્યાભિષેકની તૈયારીનો પડઘ ગડગડી રહ્યો. ભદ્રબાહુના એક શિષ્યનો પુત્ર જ્યારે મગધના રાજસિંહાસને ચઢી રહ્યો હતો ત્યારે......

......એમનો બીજો શિષ્ય ધર્મને સિંહાસને આરૂઢ થઇ રહ્યો હતો. આર્ય સ્થૂલિભદ્ર ભદ્રબાહુસ્વામીની પાટના અધિકારી તરીકે, સમર્થ ને પ્રતિભાવાન જૈન–સંઘના યુગપ્રધાન તરીકે નિયુક્ત થઇ રહ્યા હતા. એક જબરદસ્ત ઉત્સવ મંડાયો હતો.

આટલું મોટું ભાગ્ય કોને સાંપડતું હતું ? પ્રભુ મહાવીરની જ ગાદી પર, જેના પર આર્ય સુધર્માસ્વામી ને જમ્બૂસ્વામી જેવા બિરાજમાન થયેલા, જેના પર શ્રી સંભૂતિવિજય ને શ્રી ભદ્રબાહુસ્વામી બિરાજમાન થયેલા: એ મહાન સ્થાન પર આજે ચૌદ પૂર્વધર, મહાન જ્ઞાની, અજોડ તપસ્વી, પરમ સિદ્ધિના જાણકાર આર્ય સ્થૂલિભદ્ર બિરાજમાન થતા હતા.

બબ્બે ઉત્સવોએ આખું આર્યાવર્ત ઘેલું બન્યું હતું. આ વેળા એક કોટ્યાધિપતિ બ્રાહ્મણ ગૃહસ્થે આવી પ્રણામ કરી, ગદગદ કંઠે કહ્યું:

“ મારા તરણતારણ દેવ ! કહો હું શું કરું ? રત્નોના, મણિમાણેકના ઢગલા સાથે લેતો આવ્યો છું. પ્રભો, આપે કેટલું ધન બતાવ્યું ! કેટલું હિરણ્ય ! જલદી કહો, આ બધું ધન આપનું છે. હું આપ કહો તે કરવા તૈયાર છું. ”

આખો ઉત્સવ સ્થંભી ગયો. બધા વિચાર કરવા લાગ્યા કે એક પરમ નિર્ગ્રંથ સાધુ સમક્ષ નિહાલ કરવાની ને ધનવાન બનાવવાની વાતો શી? આર્ય સ્થૂલિભદ્રે ખુલાસો કરતાં શાન્તિથી કહ્યું:

" મહાનુભાવ, હું તો એક જ વાત કહું છું. શ્રાવક થા! તારા આત્મિક હિતોની વાતો સાંભળવામાં ને આચરવામાં તત્પર બન, એ તારી શ્રાવક તરીકેની પ્રથમ ફરજ! સભાજનો, આ બધું તમને વિચિત્ર લાગશે, પણ વાત એવી છે, કે શ્રાવસ્તીનો એ મારો સંસારી મિત્ર છે. એના ઘરમાં નિધાન હતું, છતાં એ નિર્ધન હતો. એની નિર્ધનતા એવી હતી કે પોતાના પરિવારને મૂકી ભૂખ્યો ને તરસ્યો દેશદેશ ભટકતો હતો, છતાંય કંઇ પામતો નહોતો. મારા જ્ઞાનથી જણાયું કે એનું દુઃખ દૂર થઇ શકે તેમ છે; તો શા માટે ન કરવું? ધર્મ, ધર્માચાર્ય ને ધર્મ-પાલક એ ત્રણની તો ત્રિપુટી છે, સમસુખદુઃખનાં ત્રણે ભાગી છે, ધર્મ-પાલક સારો ન હોય તો ધર્મ કેવી રીતે ઊભો રહેવાનો? न धर्मो धार्मिकैर्विना। પ્રાણવાન ને ખાધેપીધે સુખી ધર્મપાલકો ધર્મને શોભાવી શકે છે. ભૂખ્યો ધર્મને આરાધી શકતો નથી. એની જલતી ભઠ્ઠી જેવી જઠરમાં સત્ય–અહિંસાને સ્થાન નથી હોતું. મારા જેવો એક જાણીતો આચાર્ય આખા વરઘોડામાંથી જુદો પડી એક ગરીબની ઝૂંપડીમાં જઇને ઊભો રહે એ સહુને અત્યંત આશ્ચર્યમય લાગેલું. એને ત્યાં જઇ મેં તેની પત્નીને સંકેતથી સ્તંભ બતાવ્યો ને ધર્મલાભના આશીર્વાદ આપ્યા. મહા-નુભાવો, ધર્મનાયકની ફરજ છે કે ધર્મપાલકોની ઉન્નતિ માટે પોતાની મર્યાદામાં રહી પ્રયાસો કરવા. ફરીથી કહું છું કે न धर्मो धार्मिकैर्विना

સહુ આર્ય સ્થૂલિભદ્રની નિખાલસતા ને શાસનપ્રેમ માટે મગરૂર થઈ ગયા.

ઉત્સવોના દુંદુભિનાદ ગગન ભેદવા લાગ્યા. એ દિવસે મગધને સીમાડે રાજસિંહાસને ને ધર્મસિંહાસને બે યુગપ્રધાન પુરુષો આવ્યા. મગધ ઘેલું બન્યું. જૂનું ભૂલી જતાં ને નવું અભિનંદતા એને વાર ન લાગી.

# અ મ ર ગા થા

## [ ૪૧ ]

દિવસો અને મહિનાઓ પછીનું એક પ્રભાત હતું. ઊગતા સૂર્યના રક્તવર્ણા પ્રકાશમાં એક સ્ત્રી ને પુરુષ પાટલીપુત્રના દુર્ગમાં પ્રવેશતાં હતાં.

અનન્તતાના આંબાવાડિએ આશાની અનેક કોયલો ટહુકી ગઇ હતી. વર્ષોનાં અનેક ચક્રો ઘૂમી ગયાં હતાં. પાટલીપુત્રને આંગણે ધર્મવિજયી રાજવી ચંદ્રગુપ્તે અને ધર્મધુરંધર યુગપ્રધાન આચાર્ય શ્રી સ્થૂલિભદ્રે વહાવેલી સંસ્કાર, સંયમ અને સામર્થ્યની ત્રિવેણી સંગમશી સરિતાઓમાં આખું આર્યાવર્ત સ્નાન કરી રહ્યું હતું.

મગધ બડભાગી હતું, અને એ બડભાગી દેશની રાજધાની ઔર બડભાગી હતી. પાટલીપુત્રમાં આવેલ પ્રવાસી પ્રૌઢ ઉંમર વટાવી ચૂકયાં હતાં. વૃદ્ધાવસ્થા ઘેરાતી હતી. છતાં સંસ્કારની છાપ અછતી રહેતી નહોતી. નગરવાસીઓએ હજી હમણાં જ મીઠી નિદ્રાનો ત્યાગ કર્યો હતો. મંદિરોમાં હજી હમણાં જ ઘંટનાદ થયા હતા.

પાટલીપુત્રમાં પ્રવેશ કરનાર સ્ત્રી-પુરુષે રાજમાર્ગના એક બાજુએ ઊભા રહી ગાવા માંડ્યું. પ્રભાતનો મંદમંદ વહેતો પવન ઉદ્યાનોમાંથી આવતી ઠંડી મીઠી પુષ્પસૌરભ અને સાથે આ બે કંઠની અપૂર્વ માધુરી!

અરે પાટલીપુત્રવાસીઓને સુપરિચિત એવો આ ગીત-પ્રસંગ હતો.

"શ્રી સ્થૂલિભદ્ર મુનિગણુમાં સિરદાર જો,
ચોમાસું આવ્યા કોશા-આગાર જો!
ચિત્રામણુશાળાએ તપ-જપ આદર્યાં જો!

સાથે ગાતાં સ્ત્રી-પુરુષ થોભ્યાં ને એકલી સ્ત્રીએ ગીત ઉપાડ્યું.

" આદરિયાં વ્રત આવ્યાં છો અમ ઘેર જો,
સુંદરી સુંદર ચંપકવરણી દેહ જો;
અમ-તુમ સરીખો મેળો આ સંસારમાં જો.

સ્ત્રીના ગીતનો પ્રત્યુત્તર હોય તેમ પુરુષે ગીત ઉપાડી લીધું.

" સંસારે મેં જોયું સકળ સરૂપ જો,
દરપણની છાયામાં જેવું રૂપ જો;
સુપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો.

રાજમાર્ગ પર ગાતાં આ પ્રવાસીના સ્વરથી અનેક લોકો આકર્ષાયા, કેવા સુંદર સ્વરો ! અરે, આ સ્વરોમાં તો પોતાને પરિચિત કોઈ પ્રસંગ રજૂ થાય છે.

સ્ત્રી ફરીથી પુરુષના પ્રશ્નનો ઉત્તર આપવા લાગી.

" ના કહેશો તો નાટક કરશું આજ જો,
બાર વરસની માયા છે મુનિરાજ જો;
તે છોડી કેમ જાઉં હું આશાભરી જો.

પુરુષે ગીત ઉપાડી લીધું.

" આશાભરિયો ચેતન કાળ અનાદિ જો,
ભમ્યો ધરમને હીન થયો પરમાદી જો;
ન જાણી મેં સુખની કરણી જોગની જો.

સ્ત્રી બોલી.

" જોગી તો જંગલમાં વાસો વસિયા જો,
વેશ્યાને મંદિરિયે ભોજન રસિયાં જો;
દીઠા એવા તમને સંજમ સાધતાં જો.

પુરુષે ઉત્તર આપ્યો.

“ સાધશું સંજમ ઈચ્છારોધ વિચારી જો,
કૂર્માપુત્ર થયા નાણી ઘરબારી જો;
પાણીમાંહી પંકજ કોરૂં જાણિયે જો.

સ્ત્રી પુરુષની યુક્તિને તોડવા મથવા લાગી.

“ જાણી એ તો સઘળી તુમારી વાત જો,
મેવામીઠા રસવંતા બહુ જાત જો !
અંબરભૂષણ નવનવલી ભાતે લાવતા જો.

પુરુષ:

“ લાવતા તો તું દેતી આદરમાન જો !
કાયા જાણું સંધ્યારંગ સમાન જો !
ઢાલીને શી કરવી એવી પ્રીતડી જો !

સ્ત્રીએ પુરુષને મહાત કરે તેવા સ્વરથી કહેવા માંડ્યું.

“ પ્રીતલડી કરતા ને રંગભર સેજ જો !
રમતા ને દેખાડંતા ઘણું હેત જો !
રિસાણી મનાવી મુજને સાંભરે જો !

પુરુષ:

“ સાંભરે તો મુનિવર મનડું વાળે જો,
ઢાંકયો અગ્નિ ઉઘાડ્યો પરજાળે જો;
સંજમમાંહી એ છે દૂષણ મોટકું જો,

સ્ત્રી:

“મોટકું આવ્યું'તું રાજા નંદનું તેડું જો.
જાતાં ન વહે કાંઇ તમારું મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો,

સાંભળનાર નગરજનો સ્તબ્ધ થઇ ગયાં. ખરેખર, અજબ ભાવવાહી આ ગીતસંવાદ હતો. અને એથી ય વિશેષ ભાવવાહી ગાનારની સ્વરશક્તિ હતી. રાજમાર્ગ પર લોકોની ઠઠ જામવા લાગી. બારીઓ ઝરૂખાઓ બધાં ભરાઈ ગયાં.

અરે, આઘે આઘેથી પણ નગરજનો દોડ્યાં આવતાં હતાં. પેલી કોણ વૃદ્ધ સ્ત્રી દોડી આવે છે? વૃદ્ધ છતાં ય દેહની કેટલી સપ્રમાણતા, સુડોલતા! લોકોએ ખસી એને માર્ગ કરી આપ્યો. પણ એ વૃદ્ધ સ્ત્રી તરફ કોને ધ્યાન હતું!

પુરુષ ગાતો હતો:

“મોકલ્યા તો મારગમાંહી મળિયા જો!
સંભૂતિ આચારજ જ્ઞાને બળિયા જો!
સંજમ દીધું સમકિત તેણે શીખવ્યું જો!

સ્ત્રી:

“શીખવ્યું તો કહી દેખાડો અમને જો,
ધરમ કરંતાં પુણ્ય વડેરું તુમને જો;

સ્ત્રી પુરુષ હવે સાથે ગાવા લાગ્યાં:

સમતાને ઘેર આવી વેશ્યા ઈમ વદે જો!
વદે મુનિવર શંકાને પરિહાર જો!
સમકિત મૂલે શ્રાવકનાં વ્રત બાર જો!
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઊચરે જો!

ઊચરે ત્યાં વીત્યું છે ચોમાસું જો !
આણા લેઇને આવ્યા ગુરુની પાસે જો;
શ્રુતનાણી કહેવાણા ચૌદપૂર્વી જો !
પૂર્વી થઇને તાર્યાં પ્રાણી થોક જો !
ઉજ્જવળ ધ્યાને તેહ ગયા દેવલોક જો !
ઋષભ કહે નીત તેને કરીએ વંદના જો !

સ્ત્રી–પુરુષે મસ્તક નમાવ્યું. તમામ શ્રોતાઓએ પણ મસ્તક નમા ગીત પૂરું થયું. પેલી સ્ત્રી એકદમ આગળ ધસી આવી અને ગા સ્ત્રીને ભેટી પડી.

" બેન, તમે કોણ છો ? શું તમે આર્ય સ્થૂલિભદ્ર વિષે કહો છો

" હા બેન ! "

" તેઓ સ્વર્ગવાસ પામ્યા ? " બોલતાં બોલતાં પેલી જાજર સ્ત્રી ધ્રૂસકે ધ્રૂસકે રોવા માંડી.

" બેન, આવા પરમ પુરુષોનું મૃત્યુ એ શોક નથી. ઉલ્લાસ છે. પણ મહાવીરનિર્વાણને દિવસે દિવાળી ઉજવે છે. બેન, શાન્ત થાઓ એ તો અમર બની ગયા. અમે એમનાં છેલ્લાં દર્શન કરીને જ આવ છીએ. તમારું નામ ? "

" હું જ હતભાગિણી કોશા ? "

" કોણ કોશાદેવી ? તમને અમારા આશીર્વાદ છે. "

" આર્ય સ્થૂલિભદ્રની ગાથા ગાનાર તમે કોણ છો ? સ્વર તો પ ચિત છે. "

" હું વરરુચિ, બેન. "

" હું ઉપકોશા. "

"કોણ વરરુચિ ને ઉપકોશા ?" કોશાને બંને સ્વજન સમાન લાગ્યાં. સ્થૂલિભદ્રના સ્વર્ગવાસના સમાચારથી મર્મછેદક દુઃખ થતું હતું. કોશા ઉપકોશાને વળગી પડી.

"કોશા, અમારાં પાપ ભારે છે. આર્ય સ્થૂલિભદ્રે તો ક્ષમા આપી છે, પણ કંઈ કર્મરાજા ક્ષમાને પિછાણે છે ? પાપનું પ્રાયશ્ચિત્ત કરવા એ અમર પુરુષની ગાથા ગાતાંગાતાં આ રસનાને પવિત્ર કરતાં ગામેગામ ફરીએ છીએ."

કોશા શાન્ત થઈ હતી. "પણ મુજ હતભાગિણીને એમના નામ સાથે સ્થાન ક્યાંથી ? પુષ્પની સાથે પાષાણ ક્યાંથી ?"

"કોશા, આર્ય સ્થૂલિભદ્રના જીવનમાં તારું સ્થાન છે. ઇતિહાસમાં તું અમર બની. સંસારનાં સ્ત્રી-પુરુષો તમારા બેના સૌભાગ્ય ને પ્રેમની ઈર્ષા કરશે. એમના જીવનના આ પ્રસંગનો બોધપાઠ અમારે બધે ફેલાવવો છે."

"હું ધન્ય બની ? વરરુચિ, મને એ સ્વરોમાં સાથ પૂરાવવા દેશો ? જીવનનું એટલું સુકૃત્ય કરવા દેશો ?"

"શા માટે નહિ ? એ કામવિજેતાની ગાથાઓ ગાવા માટે તારા સિવાય બીજા કયા સૂરો સમર્થ છે ? જે સૂરો રાજા-મહારાજાઓના નશીબમાં નહોતા, એ ભલે ઝૂંપડીએ ઝૂંપડીએ ગૂંજી રહે ! કામવિજેતા સ્થૂલિભદ્ર સહુના આદર્શ બને."

"કામવિજેતા સ્થૂલિભદ્રની જય !" માનવમેદની ગૂંજી ઊઠી.

આ ત્રણે જણાએ ગીત ફરી ઊપાડ્યું. પાટલીપુત્રને સ્વરોથી વીંધતાં એ ચાલ્યાં ગયાં. દૂર, દૂર, જ્યાં માનવજીવનમાં ચેતન, સંસ્કાર ને સંયમની ભાવના હતીઃ ત્યાં ત્યાં નવસૌરભ પમરાવવા !

દૂર દૂર ક્ષિતિજમાં ભળતી એ ત્રિપુટીને પાટલીપુત્રવાસીઓ નીરખી રહ્યાં.

